# તીર્થયાત્રા

## (ઉત્તર ભારતના પ્રમુખ તીર્થસ્થાનોનો પરિચય)



## - યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




E-Book

| | | |
|---|---|---|
| Title | : | Tirth Yatra |
| Language | : | Gujarati |
| Version | : | 2.0 |
| Pages | : | 153 |
| Created | : | April 12, 2008. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



**"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."**



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## પ્રસ્તાવના

ભારતની ભૂમિ, એક રીતે કહીએ તો, તીર્થોની ભૂમિ છે. એ ભૂમિમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ તથા પશ્ચિમમાં નાનામોટાં અનેક તીર્થો આવેલાં છે. એ તીર્થોની યાત્રા ખરેખર પ્રેરણાત્મક ને આનંદદાયક હોય છે. પ્રસ્તુત પુસ્તકમાં ઉત્તર ભારતનાં તીર્થોની યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે. એ યાત્રા જ્યારે પણ કરવામાં આવી ત્યારે અમારે માટે અતિશય આનંદદાયક થઇ પડેલી. એનું આ અક્ષરદેહે આલેખન એના પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને સહજ રીતે જ કરવામાં આવેલું છે. એ બીજાને પણ આનંદ આપશે તથા પ્રેરણા પ્રદાન કરશે એવી આશા અસ્થાને નથી.

પ્રસ્તુત પુસ્તક છેલ્લા કેટલાય સમયથી અપ્રાપ્ય જેવું હતું. એને માટે જિજ્ઞાસુ વાચકો તરફથી અવારનવાર માગણી થયા કરતી. એ માંગણીને લક્ષમાં લઇને એની પુનરાવૃત્તિ થઇ રહી છે. વાચકોને એથી લાભ મળશે. યાત્રાનું વર્ણન વાંચીને કોઇકનું મન તીર્થયાત્રા કરવા પ્રેરાશે તો પણ ઘણું.

- યોગેશ્વર



☼ ☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા

૧. હરિદ્વાર
૨. કનખલ
૩. હૃષીકેશ
૪. બદરીનાથ
૫. કેદારનાથ
૬. ગંગોત્રી
૭. ગોમુખ
૮. જમનોત્રી
૯. હેમકુંડ
૧૦. ચંદ્રવદનીદેવી
૧૧. દહેરાદૂન
૧૨. મસૂરી
૧૩. દિલ્હી
૧૪. મુચુકુંદ ગુફા
૧૫. આગ્રા
૧૬. શુકતાલ
૧૭. ગઢમુક્તેશ્વર
૧૮. વૃંદાવન-ગોકુળ
૧૯. વ્રજમંડળનો પરિચય
૨૦. મથુરા
૨૧. હસ્તિનાપુર
૨૨. શાકંભરી દેવી
૨૩. અનૂપશહર
૨૪. પૃથૂદક
૨૫. કૈથલ
૨૬. કુરુક્ષેત્ર
૨૭. અમૃતસર
૨૮. બેરસાહબ-હટસાહબ
૨૯. જ્વાલામુખી
૩૦. કાંગડા
૩૧. અચલેશ્વર, તરણ-તારણ, ચંબા
૩૨. રિબાલસર
૩૩. કુલ્લુ
૩૪. અમરનાથ
૩૫. વૈષ્ણવ દેવી
૩૬. નૂમુંડ
૩૭. અયોધ્યા
૩૮. પ્રયાગરાજ
૩૯. રામવન
૪૦. વિંધ્યાચલ
૪૧. કાશી
૪૨. સારનાથ
૪૩. ચિત્રકૂટ
૪૪. મહોબા-ખજૂરાહો
૪૫. કાન્યકુબ્જ-બિઠૂર
૪૬. સોરો (વારાહક્ષેત્ર)
૪૭. ગોલા ગોકર્ણનાથ
૪૮. ગોરખપુર
૪૯. ગયા
૫૦. નૈમિષારણ્ય
૫૧. કૈલાસ માનસરોવર

## ૧. હરિદ્વાર

અજાણ્યા યાત્રીઓ પહેલીવાર હરિદ્વાર આવે છે ત્યારે તેમની પ્રતિક્રિયા કેવી હોય છે ? હરિદ્વારની ધરતી પર પગ મૂકતાંવેંત, આધુનિક સંસારથી અલિપ્ત એવી કોઈ સ્વર્ગીય ભૂમિમાં પ્રવેશ કર્યાનો એમને સુખાનુભવ થાય છે. હરિદ્વારનું દર્શન કરીને એમને લાગે છે કે જાણે જુદી ને વધારે સારી દુનિયામાં આવી પહોંચ્યા. શિયાળાનો સવારનો સમય હોય તો હિમાલયના પર્વતીય પ્રદેશમાંથી પતિતપાવની ગંગાના સ્પર્શ સાથે આવતો ઠંડો પવન એમનો સત્કાર કરે છે; ઉનાળો હોય તો તાપને દૂર કરીને તાજગી ભરે છે; ને ચોમાસુ હોય તો તન-મનને પુલકિત કરે છે. હરિદ્વાર એટલે હિમાલયનું પ્રવેશદ્વાર. ત્યાં આવનાર અપરિચિત પ્રવાસીને હિમાલયના બરફવાળા ઊંચાઊંચા પર્વતોનું તથા ગંગાનું દર્શન કરવાની તત્પરતા હોય છે. ગંગાનું દર્શન કરવાની એની ઈચ્છા તો સંતોષાય છે, પરંતુ હિમાલયના બરફવાળા ઊંચા પર્વતોનું દર્શન એને નથી થતું. એવા પર્વતો તો હિમાલયના પાવન, તપઃપૂત પ્રદેશમાં ઘણે દૂર અને એ પણ ઊંચાઈવાળી જગ્યાઓએ પહોંચ્યા પછી જ જોવા મળે છે. હરિદ્વારમાં જેનું દર્શન થાય છે તે તો તદ્દન સાધારણ, નાની સરખી, ઝાડપાનથી છવાયેલી ડુંગરમાળા છે. છતાં પણ એને જોઈને પ્રત્યેક પ્રવાસીનું અંતર એક જાતના ઊંડા, અનેરા, અવર્ણનીય આનંદનો અનુભવ કરે છે. હિમાલયની દૈવી ભૂમિમાં આવવાની ને પતિતપાવની ગંગામાં સ્નાન કરવાની ઈચ્છા લગભગ પ્રત્યેક ધર્મપ્રેમી ભારતવાસીના દિલમાં પેદા થતી હોય છે. અહીં આવવાથી તે પૂરી થાય છે.

હરિદ્વારમાં ઊતરવા માટેની ધર્મશાળાઓ ઘણી છે. ગુજરાતી ભવન, રમા ભવન જેવી ગુજરાતી ધર્મશાળાઓ પણ છે. તે ઉપરાંત, મારવાડી ધર્મશાળા, ભાટિયા ભવન, ગીતા ભવન, જેવી બીજી ધર્મશાળાઓ પણ છે.

હરિદ્વારનું મુખ્ય સ્થાન 'હરકી પૈડી' છે. યાત્રીઓ મોટે ભાગે ગંગાસ્નાન કરવા માટે ત્યાં જ જતા હોય છે. ત્યાં ગંગા પર સુંદર પાકા ઘાટ બાંધેલા છે. ગંગાનું દૃશ્ય ત્યાં એટલું બધું આકર્ષક અને સુંદર છે કે વાત ન પૂછો. ગંગાનો પ્રવાહ ત્યાં ઘણો ધીમો છતાં વિશાળ છે. એના પર બાંધેલા પુલ પરથી પસાર થઈને સામે કિનારે જઈએ છીએ તો ગંગાના તટ પર હારબંધ ઊભેલા મોટાં મકાનો જોઈને આપણું અંતર નાચી ઊઠે છે. એ દૃશ્ય એકદમ અસાધારણ અને અત્યંત આનંદદાયક છે. હરકી પૈડીને 'ગંગાદ્વાર' પણ કહેવામાં આવે છે. ત્યાં એકઠા થયેલા ગંગામાં સ્નાન કરે છે. હરિકી પૈડી પરનું આખુંયે દૃશ્ય અદ્દભુત હોય છે. કોઈ ગંગામાં સ્નાન કરે છે, સંકલ્પ કરે છે, અંજલિ યા અર્ધ્ય ધરે છે, મંત્રોચ્ચાર કરે છે, તો કોઈ કિનારા પર બેસીને પાઠપૂજા, શ્રાદ્ધ કે બીજી કોઈ ધાર્મિક ક્રિયાઓ કરતા નજરે પડે છે. ત્યાં ભારતના જુદાજુદા પ્રાંતના, ભિન્ન ભાષા તથા વેશવાળા લોકો એક જ ધર્મભાવનાના આશ્રય નીચે એકઠા મળે છે. અંતરંગ સાંસ્કૃતિક એકતાનું ત્યાં દર્શન થાય છે.

ભાવિક સ્ત્રીપુરુષો વહેલી સવારથી જ ગંગાસ્નાન કરીને પાવન થવાના ઉદ્દેશથી હરિકી પૈડી આગળ એકઠા થાય છે; પરંતુ સાંજે તો એનો દેખાવ ઘણો અદ્દભુત અને આનંદદાયક બની જાય છે. ગંગાતટ પરના વિશાળ ઘાટ પર જુદા જુદા કથાકારો અથવા ઉપદેશકો કથા કરતા કે ઉપદેશ આપતા બેસી જાય છે, ને

દરેકને પોતપોતાના પ્રમાણમાં શ્રોતાઓ મળી રહે છે. સંધ્યા સમયે ઘાટ પર દર્શનાર્થીઓના ટોળેટોળાં એકઠા થાય છે. જાણે કે મોટો માનવમેળો ભરાયો હોય એવો દેખાવ ઉપસ્થિત થાય છે. સંધ્યા પણ પોતાના ગુલાબી રતૂમડાં રંગો સાથે ગંગામાં સ્નાન કરવા માટે ઊતરી પડે છે. એ વખતે હરિકી પૈડી પર થતી ગંગાજીની આરતી જીવનમાં જે એકવાર પણ જોઈ લે છે તે એથી મુગ્ધ થઈને એને અવારનવાર યાદ કર્યા જ કરે છે. હજારો લોકો એનો અનેરો આનંદ લૂંટતા ચારે તરફ ઊભા રહે છે. આરતી પછી ગંગાના પ્રશાંત તટ પર બેસીને ઋષિકુળ અથવા સંસ્કૃત વિદ્યાલયના બાળકો સુમધુર સ્વરે મંત્રોચ્ચાર તથા સ્તુતિ કરે છે. એ દૃશ્ય કાયમને માટે યાદગાર બની જાય છે. હરિકી પૈડી પર બિરલાએ બંધાવેલું ટાવર સુંદરતામાં વધારો કરે છે.

હરિદ્વારનું પ્રાચીન નામ 'માયાપુરી' છે. શાસ્ત્રોમાં એનો ઉલ્લેખ એ જ નામથી કરાયેલો જોવા મળે છે. સાત મોક્ષદાયિની પુરીઓમાં એની ગણના કરવામાં આવી છે, અને કુંભમેળા માટે પણ એની પુરાણકાળથી પસંદગી થઈ છે. હિમાલયના તપઃપૂત પવિત્ર પ્રદેશમાં આવવા માટે હરિદ્વાર આવવું જ પડે છે. વરસો પહેલાં ત્યાં ઘોર જંગલ હશે, અને એકાંતપ્રેમી, પરમાત્માપરાયણ, તપસ્વી પુરુષો નિવાસ કરતા હશે, પરંતુ વખતના વીતવાની સાથે આજે ત્યાં આધુનિક સુખસામગ્રીથી સજ્જ એક સ્વચ્છ સુંદર શહેર થયું છે. ત્યાં અસંખ્ય મઠો અને આશ્રમો છે. અને હજુ બીજા નવાનું નિર્માણ થતું જાય છે.

હરિદ્વારને હરદ્વાર, ગંગાદ્વાર તથા કુશાવર્ત પણ કહેવામાં આવે છે. દિલ્હીથી મોટર તથા ટ્રેન બંને દ્વારા ત્યાં જઈ શકાય છે. શ્રીમદ્ ભાગવતના રસિકોને ખબર હશે કે અજામિલે પાછલી અવસ્થામાં સર્વત્યાગ કરી, આત્મિક કલ્યાણની કામનાથી પ્રેરાઈને ત્યાં જ નિવાસ કરેલો ને તપ દ્વારા પરમશાંતિની પ્રાપ્તિ કરેલી. સપ્તર્ષિઓએ દેવર્ષિ નારદજીને તથા મૈત્રેયે વિદુરજીને ભાગવતની કથા એ જ સ્થાનમાં સંભળાવેલી. એ ઉપરાંત, અધ્યાત્મમાર્ગના અનેક આરાધકોએ અહીં રહીને શાંતિ ને સિદ્ધિ મેળવી હશે, એમનો વ્યવસ્થિત ઈતિહાસ કોણે લખ્યો છે ? કહે છે કે યોગી ભર્તુહરિએ અહીં જ તપસ્યા કરીને શાંતિ મેળવેલી. એમના 'વૈરાગ્યશતક' પરથી એમના કાશીવાસની તથા હિમાલયવાસની પુષ્ટિ મળે છે. એમણે લખ્યું છે :

गंगातरगंकणशीकरशीतलानि विद्याधराध्युषितचारुशीलातलानि ।
स्थानानि किं हिमवतः प्रलयं गतानि यत्सावमानपरपिण्डरता मनुष्याः ॥

"ગંગાના તરંગોના બિંદુઓ પડવાથી શીતળ થયેલાં, મોરથી સુશોભિત સુંદર પથ્થરના આસનવાળાં હિમાલયના સ્થાનોનો શું નાશ થયો છે કે માણસો અપમાનપૂર્વક બીજાના અન્નને આરોગવામાં આનંદે છે ?"

હરિકી પૈડીનાં જે પગથિયાં છે તે પગથિયાં તથા તેની પાસેનો કુંડ 'બ્રહ્મકુંડ' ભર્તુહરિના ભાઈ રાજા વિક્રમાદિત્યે બનાવેલો કહેવાય છે. એ કુંડમાં ગંગાની ધારા એક બાજુથી આવીને બીજી બાજુથી નીકળી જાય છે, તેથી કુંડનું પાણી સાફ રહે છે તથા કુંડમાં કમર સુધીનું પાણી જોવા મળે છે. એની આજુબાજુ વિષ્ણુચરણપાદુકા, મનસાદેવી, સાક્ષીશ્વર તથા ગંગાધર મહાદેવનાં મંદિરો અને રાજા માનસિંહની છત્રી છે.

બ્રહ્મકુંડ વિશે એક બીજી વાત પણ પંડાઓ તરફથી જાણવા મળે છે. ભગીરથે ગંગાને મૃત્યુલોકમાં આણી તે પછી શ્વેત રાજાએ એ જ સ્થળ પર રહીને બ્રહ્માની આરાધના કરી. બ્રહ્માએ પ્રસન્ન થઈને રાજાને વરદાન માગવા કહ્યું તો રાજાએ માગ્યું : "આ સ્થળ તમારા નામથી પ્રસિદ્ધ થાય, અહીં ભગવાન વિષ્ણુ તથા

શંકર નિવાસ કરે, તેમ જ અહીં બધા તીર્થોનો વાસ થાય." બ્રહ્માએ રાજાની માગણી મંજૂર રાખી, ત્યારથી એ કુંડ 'બ્રહ્મકુંડ'ના નામથી ઓળખાયો.

હરિદ્વારના બીજાં જોવા જેવાં સ્થળોમાં ગૌઘાટ, કુશાવર્તઘાટ, નીલધારા, ચંડીદેવી, ભીમગોડા, સપ્તસરોવર, બિલ્કવેશ્વર મહાદેવ તથા રામઘાટ મુખ્ય છે.

**રામઘાટ:** અહીં શ્રી મહાપ્રભુજીની બેઠક છે. ત્યાં વલ્લભ સંપ્રદાય અથવા પુષ્ટિમાર્ગનાં ઘણાં ભાવિક સ્ત્રીપુરુષો દર્શન કરવા આવે છે.

**બિલ્વકેશ્વર મહાદેવ:** હરિદ્વાર સ્ટેશનથી હરિકી પૈડી જતાં રસ્તામાં નદી પર જે પાકો પૂલ આવે છે ત્યાંથી ફંટાતા રસ્તે આગળ જતાં વિલ્વકેશ્વર મહાદેવ આવે છે. રેલ્વેના પાટાની પેલે પાર બિલ્વ નામે પર્વત પર મહાદેવનું એ મંદિર આવેલું છે. મંદિરની અંદર અને બહાર મહાદેવની બે મૂર્તિઓ જોવા મળે છે. એ સ્થળમાં પહેલાં એક મોટું બિલ્વવૃક્ષ હતું. મહાદેવની ડાબી બાજુએ ગુફામાં દેવીની મૂર્તિ છે. બંને મંદિરોની વચ્ચે શિવધારા નામની નાનકડી નદી છે. 'કેદારખંડ' અધ્યાય ૧૦૭માં એ સ્થળનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું છે: "એ પર્વત પરની કલ્યાણકારી શિવધારામાં સ્નાન કરનાર શિવસદૃશ બની જાય છે. ત્યાં બિલ્લવૃક્ષની નીચે શિવલિંગ છે. હે નારદ, એની દક્ષિણે અશ્વતર નામનો મહાનાગ રહે છે. એનું મસ્તક મણિવાળું છે. પાતાળગામી બિલ્વવૃક્ષની મદદથી એ પાતાળમાં આવજા કરે છે, અને કોઈવાર હરણ તો કોઈવાર મુનિનું રૂપ લઈને તીર્થોમાં સ્નાન કરે છે."

બિલ્વકેશ્વર મહાદેવનું એ નાનું, શાંત અને એકાંત સ્થળ ખરેખર દર્શનીયચ છે. એકાંતપ્રેમીઓની સાધના માટે એ અનુકૂળ છે.

**સપ્તસરોવર:** ભીમગોડાથી લગભગ એકાદ માઈલ દૂર છે. એને 'સપ્તધારા' પણ કહેવામાં આવે છે. એના વિશે એવી વાત પ્રચલિત છે કે જ્યારે ગંગાએ હિમાલયના ઉપરના પર્વતીય પ્રદેશમાંથી વહેતાંવહેતાં આવીને એ શાંત સ્થળમાં પ્રવેશ કર્યો ત્યારે સાત મહાન ઋષિઓ તપ કરતા હતા. એથી એને થયું કે કોઈ એક ઋષિના આશ્રમ આગળથી વહીશ તો બીજા ઋષિઓને અન્યાય થશે ને તેમને માઠું લાગશે, એટલે એણે બધા ઋષિઓની પર્ણકુટિ પાસેથી એકીસાથે વહેવાનો વિચાર કર્યો; અને એના પરિણામે એણે પોતાના પ્રવાહને સાત વિભાગોમાં વહેંચી દઈને સાતેય ઋષિઓના આશ્રમ પાસેથી એકીસાથે વહેવા માંડ્યું. ત્યારથી એ સ્થળ સપ્તસરોવરના નામથી પ્રસિદ્ધિ પામ્યું.

**ભીમગોડા:** હરિકી પૈડીથી હૃષીકેશ જતાં રસ્તા પર આવેલું છે. પંડાઓનું કહેવું છે કે એ સ્થાનમાં ભીમસેને તપશ્ચર્યા કરેલી. ત્યાં જે કુંડ છે તે પણ ભીમસેને તૈયાર કરેલો એમ કહેવાય છે. ગોડા એટલે ઘૂંટણ. ભીમસેનના ઘૂંટણના ટેકાથી એ કુંડ બની જવાથી તેને ભીમગોડા કહેવામાં આવે છે. ત્યાં એક નાનુંસરખું મંદિર પણ છે. લોકો ત્યાં દર્શન, પૂજન ને સ્નાન માટે મોટી સંખ્યામાં એકઠા થાય છે. દેશનાં કોઈક વિરલ સ્થળોમાં જોવા મળતું બ્રહ્માનું મંદિર પણ ત્યાં જોઈ શકાય છે.

હરિદ્વારમાં એક બાજુ દેખાતા નીલપર્વત પર યાત્રીને **ચંડીદેવી**ના મંદિરનું દર્શન થાય છે. એ મંદિરના દર્શન માટે કોઈકોઈ ભાવિક યાત્રીઓ એના લગભગ બે માઈલ જેટલા ચઢાણની, તેમ જ શાંત,

એકાંત જંગલમાર્ગની પરવા કર્યા વિના નીકળી પડે છે. કહે છે કે પહેલાં ત્યાં અત્યંત ઉચ્ચ કોટિના સમર્થ સંતપુરુષો, દેવીભક્તો કે યોગીઓ નિવાસ કરતા. એમના વિશે ભાતભાતની ને જાતજાતની વાતો સાંભળવા મળે છે. ચંડીદેવીના મંદિરનો એક માર્ગ ગૌરીશંકર મહાદેવના મંદિર પાસેથી અને બીજો માર્ગ કામરાજની કાલીના મંદિર પાસેથી પસાર થાય છે. એમાં કાલીના મંદિર પાસેનો માર્ગ જરા વધારે સહેલો છે. પહેલા માર્ગે ચંડીદેવીના મંદિરે જઈને ત્યાંથી બીજા માર્ગે નીચે ઊતરવાથી કેટલાંક મંદિરો જોવા મળે છે ને પર્વતની પ્રદક્ષિણા પૂરી થાય છે. પર્વતની બીજી તરફ કેળનું વન છે. તેમાં સિંહ, હાથી ને બીજાં જંગલી પ્રાણીઓ છે. ચંડીદેવીના મંદિરમાં રાતે કોઈ રહેતું નથી. પૂજારી તથા પંડાઓ સાંજ સુધીમાં નીચે ઊતરી જાય છે. એના કારણમાં એમ કહેવાય છે કે ત્યાં દેવીના દર્શન માટે રોજ રાતે સિંહ આવતો હોવાથી ત્યાં રહેવું જોખમભરેલું છે. છતાં નિર્ભય મનના, એકાંતપ્રેમી સાધનાપરાયણ પુરુષોને માટે એ સ્થાન આશીર્વાદરૂપ છે. એવા કોઈ સમર્થ સંત, મહાત્મા કે તપસ્વી એ સ્થાનમાં રહેતા હશે ત્યારે એની શોભા અનેરી હશે, એ સજીવ લાગતું હશે.

નીલપર્વત નીચે આવેલી, નહેરની પેલી પારની, ગંગાની ધારાને **નીલધારા** કહે છે. ભગવાન શંકરના નીલ નામના ગણે એ પર્વત પાસે શંકરને પ્રસન્ન કરવા માટે ઘોર તપ કરેલું, તેથી એ પર્વત નીલપર્વત તરીકે ઓળખાયો અને એની નીચેની ધારા નીલધારા કહેવાઈ, તથા એણે સ્થાપેલું શિવલિંગ નીલેશ્વરના નામથી પ્રખ્યાતિ પામ્યું. નીલધારા ગંગાની મૂળ ધારા છે. હરિદ્વારમાં ઘાટ પર જોવા મળતી ગંગાની ધારા તો મૂળ ગંગામાંથી નહેર બનાવીને આણેલી ધારા છે. નીલધારામાં કેટલાય યાત્રીઓ સ્નાન કરે છે તથા પર્વત પર આવેલા નીલેશ્વર મહાદેવનું દર્શન કરે છે.

**ગૌઘાટ:** હરિકી પૈડા અથવા બ્રહ્મકુંડની પાસે છે. ત્યાં સ્નાન કરવાથી ગૌહત્યા દૂર થાય છે. એનાથી થોડેક દૂર **કુશાવર્તઘાટ** છે. ત્યાં પિંડદાનનો ખાસ મહિમા મનાય છે. એના વિશે તથા કુશાવર્તઘાટના નામકરણ વિશે પંડાઓ એક પરંપરાગત કથા કહી બતાવે છે. કહે છે કે એ ઘાટ પાસે ભગવાન દત્તાત્રેયે દશ હજાર વરસ સુધી તપ કરેલું. એકવાર એ તપમાં સંલગ્ન હતા ત્યારે ઘાટ પર મૂકેલાં એમનાં વસ્ત્ર, કુશ, દંડ તથા કમંડલને ગંગા તાણી ગઈ. દત્તાત્રેયના તપનો પ્રભાવ એવો ભારે હતો કે એ બધી વસ્તુઓ ગંગાની ધારામાં વહેવાને બદલે, એમની આજુબાજુ ગોળગોળ ફરતાં ગંગાજળમાં ફરવા લાગી. એમની સમાધિદશા પૂરી થતાં એમણે એ જોયું તો ક્રોધે ભરાઈને એ ગંગાને શાપ આપવા માટે કે ભસ્મ કરવા માટે તૈયાર થયા. એ વખતે બ્રહ્મા તથા બીજા દેવતાઓએ આવીને એમની પ્રસન્નતા માટે સ્તુતિ કરી, ત્યારે દત્તાત્રેયે કહ્યું : "તમે આ સ્થળમાં નિવાસ કરો. ગંગાએ મારી કુશ જેવી વસ્તુઓને અહીં ચક્કર ચક્કર ફેરવી હોવાથી હવેથી આ સ્થળ 'કુશાવર્ત' કહેવાશે. આ સ્થળમાં પિતૃઓને પિંડદાન દેવાથી એમની મુક્તિ થશે ને એમનો પુનર્જન્મ નહિ થાય." ત્યારથી એ ઘાટ કુશાવર્તઘાટ કહેવાયો.

હરિદ્વારમાં સ્વામી શ્રદ્ધાનંદે સ્થાપેલી સંસ્થા કાંગડી ગુરૂકુળ તથા રામકૃષ્ણ મિશન સેવાશ્રમ પણ જોવાલાયક છે. હરિદ્વારના સ્ટેશનથી બહાર નીકળીને રસ્તા પર આગળ ચાલતાં જે ભગવાન શંકરની પ્રતિમા આવે છે તે અત્યંત આકર્ષક, સુંદર ને કાયમને માટે યાદ રહી જાય તેવી છે. એમના મસ્તક પરથી પડતું

ગંગાનું પવિત્ર પાણી આપણને મૂક રીતે સંકેત કરે છે કે જીવનને શાંતિમય ને કલ્યાણકારી બનાવવા માટે આપણા મનને એવી જ રીતે સ્વસ્થ અને શાંત રાખતાં શીખવું જોઈશે; અને તો જ જીવન અને જગત ઈશ્વરના મંગલમય, પાવન પ્રવેશદ્વાર જેવું બની શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. કનખલ

કનખલ હરિદ્વારની તદ્દન નજીકનું એક નાનુંસરખું ગામ છે. એક રીતે જોતાં એ હરિદ્વારનો જ વિસ્તાર ગણાય છે.

કનખલમાં પ્રવેશ કર્યા પછી એના નામ વિશે મેં ત્યાંના એક પ્રખ્યાત પંડિતને પ્રશ્ન કર્યો, તો એમણે ઉત્તર આપ્યો : પહેલાંના વખતમાં કોઈક ખલપુરુષે મોટાં મનાતાં કેટલાય તીર્થોની યાત્રા કરી તો પણ તેનું ખલપણું ના ગયું. છેવટે તે અહીં આવ્યો ત્યારે અહીંના સ્નાનથી ને પવિત્ર વાતાવરણથી તે ખલ મટીને સજ્જન થયો. તેથી આ અદ્દભુત સ્થાનનું નામ કનખલ પડ્યું. પંડિતની વાત સાચી હોય, કે બીજી કેટલીય વાતોના સંબંધમાં બને છે તેમ, કનખલ તીર્થનો મહિમા બતાવવા કે વધારવા માટે જોડી કાઢવામાં આવી હોય, તો પણ તેમાં જીવનોપયોગી સંદેશ તો સમાયેલો છે જ. બહારથી આવનાર ખલપુરુષ ત્યાંના સ્નાનથી, પાનથી કે વિશુદ્ધ વાતાવરણથી સજ્જન બની ગયો, તો પછી એ સ્થળમાં સદા માટે રહેનાર સ્ત્રીપુરુષો તો ખરેખર ઉત્તમ જીવન જીવનારાં, ખલ નહિ પણ સજ્જન હોવાં જોઈએ; એમણે તો પોતાનાં દૂષણ દૂર કરીને સદ્દગુણના ભૂષણથી ભૂષિત થવું જ જોઈએ, એ આપોઆપ ફલિત થાય છે. વળી, બહારથી આવતા બીજા યાત્રીઓએ પણ જીવનને ઉત્તરોત્તર ઉજ્જવળ બનાવવા તૈયાર થવું જોઈએ, એ વાત પણ સહેલાઈથી સમજી શકાય તેવી છે. ગમે તેમ પણ, આપણે તીર્થોના દર્શનથી જ કૃતાર્થ બનીને બેસી ના રહીએ, પરંતુ પુરાણા દોષવાળા જીવનનો ત્યાગ કરીને વધારે સારું, સેવામય, પવિત્ર, પ્રભુપરાયણ જીવન જીવવા તૈયાર થઈએ અથવા જીવનમાં ક્રાંતિ કરીએ એ આવશ્યક છે. તીર્થોની યાત્રા ત્યારે જ સફળ બને. એનો લાભ લઈને આપણે જીવનમાં જરૂરી સુધારો કરવો જોઈએ.

કનખલ જતી વખતે હરિદ્વારથી આગળ પસાર થતી ગંગાની નહેરની બાજુના માર્ગ પરથી પસાર થવું પડે છે. એ વખતે દૃશ્ય ઘણું રમણીય લાગે છે. મઠો અથવા આશ્રમો એ માર્ગ પર તથા કનખલમાં ઘણા છે. તેમાં સાધુઓને તથા ભક્તો કે જિજ્ઞાસુજનોને માટે રહેવાની વ્યવસ્થા છે.

કનખલમાં ખાસ આકર્ષણ દક્ષ પ્રજાપતિએ કરેલા યજ્ઞના સ્થાનનું છે. એ યજ્ઞની વાત ધર્મપ્રેમી સ્ત્રીપુરુષો સારી પેઠે જાણે છે : દક્ષ પ્રજાપતિએ કરેલા યજ્ઞમાં શંકર કે પાર્વતીને આમંત્રણ આપવામાં નહોતું આવ્યું. તેમ છતાં શંકરની ઈચ્છાની અવગણના કરીને, પાર્વતી પોતાના પિતા દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ભાગ લેવા માટે વિદાય થયાં. પાર્વતીએ યજ્ઞસ્થાનમાં આવીને જોયું તો ત્યાં બીજા બધા જ દેવતાઓનો ન્યાયોચિત ભાગ હતો, પરંતુ શંકરનો ભાગ ન હતો. એથી એમનું મન ઘણું દુઃખી થઈ ગયું. પરિણામે એમણે યોગાગ્નિ દ્વારા પોતાના શરીરને શાંત કર્યું. ભગવાન શંકરના ગણોએ કૈલાસ જઈને એમને એ કરુણ પ્રસંગની ખબર આપી. ભગવાન શંકરે પોતાના ગણોને તથા વીરભદ્રને આદેશ આપ્યો, એટલે એમણે દક્ષ પ્રજાપતિના યજ્ઞનો નાશ કર્યો. દક્ષ પ્રજાપતિનું મસ્તક કાપીને અગ્નિકુંડમાં નાખી દેવામાં આવ્યું. પાર્વતીના શરીરને પીઠ પર લઈને શંકર બધે ફરવા માંડ્યા. પાછળથી દેવતાઓએ સ્તુતિ કરવાથી શંકર ભગવાને પ્રસન્ન થઈને કહ્યું કે બકરાના શિરને દક્ષના ધડ સાથે જોડી દેવાથી દક્ષ જીવંત બનશે. આ બધું માયાને લીધે થયું હોવાથી આ ક્ષેત્ર 'માયાક્ષેત્ર' કહેવાશે. એના દર્શનથી માણસ બંધનમુક્ત બનશે.

એ પ્રાચીન સ્થાનના દર્શનથી યાત્રી આજે પણ પ્રેરણા મેળવે છે. એના અંતરમાં એ બધી કથાની સ્મૃતિ કરીને પેલી કવિતાપંક્તિ ગૂંજી ઊઠે છે કે -

“ગર્વ કિયો કોઈ નર હાર્યો સિયારામજીસે,

ગર્વ કિયો સોઈ નર હાર્યો.”

સાચું છે કે ઈશ્વર સાથે વિરોધ કરનાર, અહંકારનો આશ્રય લેનાર, તથા અનીતિ અને અધર્મમાં આનંદ માનનાર છેવટે હારે છે. એને દુઃખના ભાગી બનવું પડે છે. હિરણ્યકશિપુ, કંસ, રાવણ ને દક્ષ પ્રજાપતિ એના આદર્શ ઉદાહરણરૂપ છે. એ ઉદાહરણ યાદ રાખીને પોતાના જીવનને સુખી કરવા માટે માણસે ન્યાય, નીતિ, નમ્રતા ને નિર્મળતાના માર્ગે ચાલવાની દીક્ષા લેવાની છે. પ્રાચીન કથાની સ્મૃતિ તેમજ એની સાથે સંકળાયેલાં આવાં સ્થળોનું દર્શન એવા જીવનોપયોગી હેતુ માટે જ હોઈ શકે. ત્યારે જ સફળ બને.

કનખલમાં દક્ષ પ્રજાપતિની યાદ કરાવતું સ્થાન દક્ષેશ્વર મહાદેવ છે. યજ્ઞનું સ્થાન પહેલાં ઘણું સાધારણ હતું, પણ હવે તો એની સ્મૃતિમાં એક સુંદર વિશાળ મંદિરની રચના થઈ છે. એનું દર્શન ખાસ કરવા જેવું છે. એનાથી થોડેક દૂર, એ જ વિશાળ પ્રાંગણમાં હનુમાનજીની જે ભવ્ય પ્રતિમા છે તે પણ જોવા જેવી છે.

કનખલમાં સતીકુંડ પણ છે. તે દક્ષેશ્વર મહાદેવથી લગભગ અડધો માઈલ દૂર છે. પાર્વતીએ પોતાના શરીરનો ત્યાગ ત્યાં કરેલો તથા દક્ષ પ્રજાપતિએ તપ પણ ત્યાં જ કરેલું એમ કહેવાય છે.

કનખલમાં હવાપાણી ઘણાં સારાં ગણાય છે. તે ઉપરાંત, ત્યાંના વાતાવરણમાં પ્રમાણમાં સારી શાંતિ હોવાથી, કેટલાક સારા સાધનાપરાયણ સાધુપુરુષો તથા મુમુક્ષુઓ પણ ત્યાં વાસ કરે છે.

દક્ષ પ્રજાપતિના યજ્ઞસ્થાન પરના સુંદર મંદિર પાસે એવા જ એક સાદા વૈરાગી સાધુ બેઠા હતા. એમની મુખાકૃતિ પરની સાત્વિકતા જોઈને એમની પાસે જઈ થોડીવાર પછી પૂછ્યું : ‘તમે વૈરાગી સાધુ છો ?’

‘એ બધા અહંકાર અને ભાવમાંથી મુક્ત થઈને પ્રભુના પ્યારા થવાનું છે. ’ એમણે શાંતિથી કહ્યું : ‘ઈશ્વરના આશિક કે કૃપાપાત્ર બનવાનો જ મારો પ્રયાસ છે. ’

‘તમને ઈશ્વરનું દર્શન થયું છે ?’

‘ના. ઈશ્વરદર્શન કરવાનો મારો પ્રયાસ છે ખરો.’

એટલામાં કોઈ નવાગંતુકે આવીને કહ્યું :‘કોઈ ઉપદેશ આપો.’

‘ઉપદેશ બીજો શો આપું ?’ સાધુએ કહ્યું : ‘હજી તો હું પોતે જ ઉપદેશ લેવા અને ઉપદેશ અમલ કરવા ફરું છું. એટલું યાદ રાખજો કે આ સંસાર એક માયાપતિએ બનાવેલી માયાપુરી છે. એમાં જાગ્રત રહેશો તો તરી શકશો, પણ એ માયાપુરીના મોહથી ભરેલા વિષયો તથા પ્રલોભનોમાં ફસાઈને ભાન ભૂલશો તો ડૂબી જશો. એમાં મારે કશું નવું નથી કહેવાનું. મોટામોટા સંતો ને સર્વ શાસ્ત્રોએ એ ઉપદેશ આપેલો જ છે.’

‘ભગવાન શંકરનું દર્શન થઈ શકે ખરું ?’

‘શા માટે ના થાય ?’

‘શું કરવાથી થઈ શકે ?’

‘પાર્વતી બનવાથી. પવિત્ર ને પ્રખર પ્રેમથી બધું જ થઈ શકે છે. એવો પ્રેમ હોય તો શિવ કે શક્તિ ગમે તેના દર્શનનો લાભ મળી શકે.’

‘સંસારી માણસોથી શું સાધન થઈ શકે ?’

‘એનો ઉત્તર સંત કબીરે સારી રીતે આપ્યો છે :

કબીર કહે કમાલકુ, દો બાતેં સીખ લે :
કર સાહેબકી બંદગી, ભૂખેકુ કુછ દે.’

સમય વધારે ન હતો એટલે એટલાથી સંતોષ માની ઊભા થયા.

☼ ☼ ☼ ☼ ☼

## 3. હૃષીકેશ

હરિદ્વારથી હૃષીકેશ ટ્રેનમાં અથવા મોટરમાં બંને રીતે જઈ શકાય છે. હરિદ્વાર જનારા યાત્રીઓ હૃષીકેશની મુલાકાત જરૂર લે છે. હૃષીકેશ છે પણ એટલું બધું શાંત અને સુંદર કે એની મુલાકાત સૌને આનંદ આપે છે. હૃષીકેશમાં અને હરિદ્વારમાં થોડો નોંધપાત્ર ભેદ છે. હરિદ્વાર એક આધુનિક ઢબનું સુંદર શહેર છે, ત્યારે હૃષીકેશનું વાતાવરણ ગામડાં જેવું વધારે છે. છેલ્લાં થોડાંક વરસોથી હૃષીકેશમાં સારા એવા ફેરફારો થઈ રહ્યા છે, નહિ તો એનો દેખાવ તદ્દન ગામડાં જેવો હતો. ત્યાં ઘોર વન હતું, અને જંગલી જનાવરો તથા હાથીઓનાં ટોળેટોળાં ધોળે દિવસે બધે ફરતાં. પરંતુ ક્રમેક્રમે વનને ઠેકાણે વસતિ થવા માંડી. દેશના ભાગલા પછી એ વસતિમાં ઘણો વધારો થયો. આજે તો એ એક મોટું નગર બની ગયું છે. એનો વિસ્તાર અને વિકાસ પ્રત્યેક વરસે વધતો જાય છે.

હરિદ્વારથી હૃષીકેશ આવતાં રસ્તામાં ગંગાજી, કલકલ રવે વહી જતાં ઝરણાં તથા વનરાજીથી વીંટળાયેલી સુંદર પર્વતમાળા ને વૃક્ષોથી ભરેલા ઘોર જંગલનું દર્શન થાય છે. એ દર્શન એટલું બધું આનંદદાયક, આકર્ષક અને મંગલમય હોય છે કે વાત ન પૂછો. એ બધાં નયનાભિરામ દૃશ્યોની વચ્ચેથી પસાર થતી વખતે એમ લાગે છે કે આપણે આ મૃત્યુલોકના અત્યાર સુધીના વિસ્તારને મૂકીને જાણે કોઈ જુદા જ સ્વર્ગીય પ્રદેશમાં પ્રવાસ અથવા પ્રવેશ કરી રહ્યા છીએ. હરિદ્વારમાં જે પર્વતો માત્ર ડુંગર જેવા વામન અને સાધારણ દેખાતા તે જેમજેમ આગળ વધીએ છીએ તેમતેમ મોટા બનતા જાય છે. કુદરતી સૌન્દર્યમાં પણ વધારો થતો જાય છે, ને હૃષીકેશની ભૂમિમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે તો આપણને ખરેખર એમ જ થાય છે કે અત્યાર સુધી જોયેલા બીજા બધા જ પ્રદેશો કરતાં કોઈક અવનવી ને ઊંડી શાંતિવાળા તેમજ સુંદરતાવાળા કોઈ જુદા જ પ્રદેશને આપણે જોઈ રહ્યા છીએ. હવે તો હૃષીકેશના રસ્તાઓ મોટરો તેમ જ ટાંગાઓના અવાજને લીધે એટલા બધા શાંત નથી લાગતા અને કોઈવાર એમનો કોલાહલ કંટાળો આપે છે, છતાંય એ પ્રદેશની ધરતી અને એની હવામાં જે અસાધારણતા છે એ આપણા અંતરને સ્પર્શી જાય છે. પ્રાચીનકાળના પ્રાતઃસ્મરણીય ઋષિઓએ ત્યાં કરેલી તપશ્ચર્યાના જે પવિત્ર પરમાણુ ત્યાંના વાતાવરણમાં ફરી રહ્યા છે એ આપણને એકધારી અસર કરે છે, અંતરને અવનવો આહ્લાદ ધરે છે, ને પ્રાણમાં પ્રેરણા પૂરે છે.

હૃષીકેશના નામકરણ પાછળ એવી કથા છે કે રાક્ષસો ત્યાં રહેતા ઋષિઓને ત્રાસ આપતા હોવાથી ભગવાને એમની પ્રાર્થનાને લક્ષમાં લઈને રાક્ષસોનો નાશ કર્યો અને એ ભૂમિ ઋષિઓને અર્પણ કરી, એથી એનું નામ હૃષીકેશ પડ્યું. એનું પૌરાણિક નામ કુબ્જામ્રક પણ છે. જૂના જમાનાના તપસ્વી ઋષિમુનિઓ તો એટલા બધા મોટા પ્રમાણમાં આજે અહીં નથી રહેતા, પરંતુ એમની સ્મૃતિ કરાવનારા આઠસો થી નવસો સંતસાધુઓ અહીં વાસ કરે છે. એમની કુટિરો અને એમના આશ્રમો ગંગાતટ પર કોયલઘાટી, માયાકુંડ તથા સ્વર્ગાશ્રમમાં છે. ભારતના વિભિન્ન સંપ્રદાયો, પંથ કે માન્યતાઓના સાધુઓ અહીં જોવા મળે છે. એમની ભિક્ષાની સગવડ માટે સદાવ્રતો અથવા અન્નક્ષેત્રોની વ્યવસ્થા છે. જેમણે એકાંતમાં રહીને શેષ જીવન

જ્ઞાનોપાર્જન, તપ તેમજ શાંતિમાં ગાળવું હોય તેમને માટે અનુકૂળ વાતાવરણનો અહીં પાર નથી. એનો લાભ લેતાં કે એનો સદ્ઉપયોગ કરતાં આવડવું જોઈએ.

હરિદ્વાર તરફથી હૃષીકેશમાં પ્રવેશ કરીએ તો સૌથી પહેલાં કોયલઘાટી આવે છે. ત્યાં સાધુઓની કુટિરો છે. ત્યાંથી આગળ જતાં સિટીબોર્ડનું કાર્યાલય તથા બજાર છે. બજાર મોટું ને વિસ્તરેલું છે. હૃષીકેશમાં બદરી, કેદાર, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રાનો આરંભ થતો હોવાથી, યાત્રીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. ખાસ કરીને ઉનાળામાં ભીડનો પાર નથી હોતો. છતાં પણ ધર્મશાળાઓ અનેક હોવાથી આવતા-જતા મુસાફરોને કોઈ જાતની મુશ્કેલી નથી પડતી. બાબા કાલી કમલીવાલાની ધર્મશાળા, પંજાબ-સિંધ ક્ષેત્ર ધર્મશાળા, ભરત મંદિર, ખુરજાવાળાની, દિલ્હીવાળાની તથા મારવાડી ધર્મશાળા તથા દેવકીબાઈની ગુજરાતી ધર્મશાળા ખાસ ઉલ્લેખનીય છે.

**ત્રિવેણીઘાટ** : હૃષીકેશ આવનારા યાત્રીઓ ત્રિવેણીઘાટમાં સ્નાન કરવા કે છેવટે આચમન લેવા તો જવાના જ. ત્રિવેણીઘાટ પર કોઈ પાકો બાંધેલો ઘાટ નથી, પરંતુ ત્યાં વહેતી ગંગા ખૂબ જ વેગથી વહે છે ને વિશાળ લાગે છે. એક બાજુ લીલાછમ ઊંચા પર્વતો, એમની આગળથી વહી જતી ગંગા અને સામે ઝાડી ખૂબ જ રમણીય લાગે છે. યાત્રીઓ ત્યાં સ્નાન કરે છે. કોઈ કિનારા પરની રેતી કે પથ્થરની પંક્તિ પર બેસીને પૂજાપાઠ કરે છે, તો કોઈ જપધ્યાનના અનુષ્ઠાન દ્વારા વૃત્તિને ઈશ્વરમાં એકાગ્ર કરે છે. અંધ, અપંગ, અનાથ અને બીજા યાચકો તો બીજાં તીર્થોની જેમ અહીં પણ હારબંધ બેઠા હોય છે. કોઈકોઈ સાધુઓ અને યાચકો યાત્રીઓની આજુબાજુ ટોળે વળે છે અને એમની પાછળ પણ પડે છે. ભાવિક સ્ત્રીપુરુષો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે એમને સંતોષ આપે છે. એમને પુરી-શાક ને મીઠાઈ ખવડાવનારા તથા ગરમાગરમ ચા પીવડાવનારા અથવા રોકડ આપનારા પણ મળી રહે છે.

ત્રિવેણીઘાટ પરની ગંગાનું દૃશ્ય અત્યંત નયનાભિરામ લાગે છે. એ સ્થાનનો સંધ્યાસમય ખાસ જોવા જેવો હોય છે. સંધ્યાના સુંદર રંગો નદીમાં નહાવા માટે ઊતરી પડે છે, ત્યારે લોકોનાં ટોળેટોળાં ગંગાતટ પર ઊતરી પડે છે, અને ગંગાજીની આરતી થાય છે. એ દૃશ્ય દર્શનાર્થીને અદ્દભુત આનંદ આપે છે. એમાં પણ સામેના પર્વતની પાછળથી જ્યારે પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર બહાર નીકળે છે ને એનાં રશ્મિથી ગંગાનો પવિત્ર પ્રવાહ રૂપેરી બની જાય છે, ત્યારે તો એ જોઈને આપણું અંતર આનંદાનુભવ કરતાં ઊછળી પડે છે. ચિત્તની ચંચળતા એ વખતના અનેરા અદ્દભુત, શાંત વાતાવરણમાં મટી જાય છે. અંતર એક પ્રકારના અલૌકિક ભાવતરંગથી ભરાઈ જાય છે; અને યોગી ભર્તૃહરિનાં 'વૈરાગ્યશતક'નાં પેલાં વચનોનું સ્મરણ થાય છે :

शरच्चन्द्रज्योत्सनाधवलिततले क्वपि पुलिने
सुखासीनाः शान्तध्वनिषु रजनीषु द्युसरितः ।
भवाभोगोद्विग्नाः शिवशिवशिवेत्यार्त्तवचसा
कदा स्यामानन्दोद्गतबहुलबाष्पुप्लुतद्दशाः ॥

"શરદઋતુના ચંદ્રની ચાંદનીથી સફેદ થયેલા કિનારાવાળા કોઈક ગંગા નદીના પ્રશાંત પ્રદેશમાં નીરવ રાત્રિસમયે સુખપૂર્વક બેસીને, સંસારના વિષયભોગોમાંથી મનને ઉપરામ કરી, 'શિવ શિવ શિવ' એવા

આર્ત્ત પોકારો પાડતાં, અમારી આંખમાંથી આનંદનાં અસંખ્ય આંસુ વહી જતાં હોય એવો વખત અમારા જીવનમાં ક્યારે આવશે ?"

**માયાકુંડ** : ત્રિવેણીઘાટથી આગળ ચાલીએ એટલે ગંગાતટ પર જ્યાં નાનીમોટી, કાચી ને પાકી સાધુઓની કુટિરો છે તે બધો વિસ્તાર માયાકુંડ છે. વરસો પહેલાં એ વિસ્તારમાં ઘણાં પ્રતાપી સંતપુરુષો નિવાસ કરતા. ગુજરાતના સુપ્રસિદ્ધ સંત શ્રી સાગર મહારાજનાં શિષ્યા ઓમકારેશ્વરી દેવી પણ ત્યાં આવેલાં ને વરસો સુધી ઈશ્વરપરાયણ જીવન જીવ્યા પછી પોતાનું શરીર પણ એમણે ત્યાં જ છોડેલું. એ સાધ્વી સ્ત્રીની સાથે આવેલા ગુજરાતના એક સંન્યાસી સંતપુરુષ શ્રી આત્માનંદજી તથા એ સાધ્વીનાં એક પંજાબી શિષ્યા ભક્તિબા આજે પણ ત્યાં વાસ કરે છે. ઓમકારેશ્વરી દેવીનાં ભૂતકાળનાં સંસ્મરણો તેઓ કહી બતાવે છે, જે સાંભળીને ગુજરાતના આધ્યાત્મિક ગૌરવને વધારે ગૌરવાન્વિત કરનાર એ સાધ્વીને માટે આપણને માન થાય છે.

માયાકુંડથી આગળ જતાં વસુધારા આવે છે. ત્યાં ગંગાઘાટ પર ઊભા રહીને બોલવાથી સામેના પર્વત પર પડઘો પડે છે. માયાકુંડનો તથા વસુધારા તરફનો ગંગાપ્રવાહ ત્રિવેણીઘાટ પરનાં ગંગાપ્રવાહ કરતાં ઘણો ગંભીર અથવા શાંત છે. વસુધારાથી ગંગાતટ પર આગળ જતાં ચંદ્રેશ્વર ભગવાનનું પ્રાચીન, નાનું છતાં સુંદર મંદિર આવે છે. મંદિરની બાજુમાં ચંદ્રભાગા નદીનો પ્રવાહ છે. તેમાં ઉનાળામાં પાણી તદ્દન સુકાઈ જાય છે, જ્યારે ચોમાસાના દિવસોમાં તેમાં પૂર આવતાં તેને પાર કરવાનું પણ કઠિન થઈ પડે છે. આગળ જઈને એ નદી ગંગાજીમાં મળી જાય છે.

વસુધારાથી આગળ વધીએ એટલે સામે જ ઝાડી દેખાય છે. વૃક્ષોથી વીંટળાયેલા એ ગંગાતટવર્તી પ્રદેશમાં થોડીક છૂટીછવાયી કુટિરો છે, અને એમાં સાધુઓ વાસ કરે છે.

હૃષીકેશમાં દર્શનીય સ્થાનોમાં કાલી કમલીવાલા ક્ષેત્રનો ઉલ્લેખ ખાસ કરવા જેવો છે. કાલી કમલીવાલા શ્રી વિશુદ્ધાનંદે સ્થાપેલી એ સંસ્થા સાધુઓ ઉપરાંત દીનદુઃખી, અનાથ-અપંગ, વિધવાઓની સક્રિય સેવા કરી રહી છે. એના તરફથી ઔષધાલય, વાચનાલય, અન્નક્ષેત્ર અને ગૌશાળા ચાલે છે. એની બાજુમાં આવેલું પંજાબ-સિંધ ક્ષેત્ર પણ સાધુસેવામાં મહત્વનો ફાળો આપે છે. ચંદ્રભાગા પરના પૂલની પેલી બાજુનું નેપાલી ક્ષેત્ર પણ સાધુઓને સાંજની ભિક્ષા પૂરી પાડે છે. એ ઉપરાંત, સંતસાધુઓને માટે બીજાં અન્નક્ષેત્રો પણ ચાલે છે.

મંદિરોમાં ભરત મંદિર, પુષ્કર મંદિર, ગોપાલ મંદિર, રાધાકૃષ્ણનું મંદિર તથા માયાકુંડ પરનું મનોકામનાસિદ્ધ હનુમાનજીનું મંદિર મુખ્ય છે.

**સ્વર્ગાશ્રમ** : હૃષીકેશની યાત્રાએ આવનાર સ્વર્ગાશ્રમ અને લક્ષ્મણઝૂલાની મુલાકાત જરૂર લે છે. હૃષીકેશથી મોટર કે ટાંગા મારફત સ્વર્ગાશ્રમ જઈ શકાય છે. ત્યાં જતાં રસ્તામાં આવતી ગંગાતટ પરની 'મુનિકી રેતી' નામની જગ્યા પાસે સ્વામી શિવાનંદનો આશ્રમ છે. અત્યારે એના અધ્યક્ષ સ્વામી ચિદાનંદ છે. આશ્રમ પોતાની આગવી રીતે લોકસેવાની પ્રવૃત્તિ કરે છે. એની બાજુનું ગંગાનું દૃશ્ય ઘણું મનોહર લાગે છે. ઊંચાઊંચા પર્વતો પણ આંખ અને અંતરને આનંદ આપે છે. નાવમાં બેસીને સામે કિનારે જતાં ગીતાભવન, પરમાર્થ નિકેતન, મહેશ યોગીનો આશ્રમ તથા કાલી કમલીવાલાની સંસ્થાની શાખા આવે છે. એ સ્થળો ખાસ

જોવા જેવાં છે. ગીતાભવન અને પરમાર્થનિકેતનમાં સંત્સંગીઓને માટે રહેવાની વ્યવસ્થા છે. ચૈત્રી પૂર્ણિમાથી ગુરુપૂર્ણિમા સુધીના ત્રણ મહિના દરમિયાન સત્સંગનું ખાસ આયોજન થતું હોવાથી, લોકો મોટી સંખ્યામાં લાભ લે છે.

સ્વર્ગાશ્રમમાં કાલી કમલીવાલાની સંસ્થા તરફથી બાંધેલી સાધુઓ માટેની કુટિરો પણ ગંગાતટ પર તથા અંદરના ભાગમાં જોઈ શકાય છે. સ્વર્ગાશ્રમ એના નામ પ્રમાણે જ સ્વર્ગસુખ તથા સ્વર્ગીય શાંતિનો અનુભવ કરાવનારો આશ્રમપ્રદેશ છે.

**લક્ષ્મણઝૂલા** : લક્ષ્મણઝૂલા સ્વર્ગાશ્રમની પાછળના ભાગની પગદંડી પરથી પણ જઈ શકાય છે. અને શિવાનંદ આશ્રમથી આગળ ટાંગા દ્વારા કે ચાલીને પણ પહોંચી શકાય છે. ટાંગામાં જનારાએ પણ થોડું તો ચાલવું જ પડે છે. ટાંગા પરનો પાકો પૂલ છે. પહેલાં તે પૂલ દોરડાંનો હતો, એટલે યાત્રીઓને ગંગા પાર કરવાની ભારે મુસીબત પડતી. બાબા કાલી કમલીવાલાની આજ્ઞાથી સ્વર્ગસ્થ શેઠ સૂરજમલ ઝુનઝુનવાલાએ આજનો મજબૂત પાકો પૂલ બનાવી દીધો, ત્યારથી મુસાફરોને રાહત મળી છે. પૂલ નીચેની ગંગા ઊંડા વિચારમાં પડી હોય કે ધ્યાનમાં ડૂબી હોય તેવી દેખાય છે.

કહે છે કે પ્રાચીનકાળમાં એક ઋષિ ત્યાંના ગંગાતટ પર તપ કરતા. ગંગાનો તોફાની વેગવાન પ્રવાહ એમને ધ્યાનાદિ માટે વિક્ષેપરૂપ લાગતો. એમણે ગંગાને શાંત થઈ જવાની સૂચના કરી અને ગંગાએ એ સૂચનાનો અમલ કર્યો, એથી ઋષિનું કામ સહેલું બન્યું. ત્યારથી છેક આજ લગી ગંગાનો એ પ્રવાહ ઋષિવચનની મર્યાદાને માન આપતો હોય અને એનો મહિમા કહી બતાવતો હોય તેમ શાંત રહે છે. પરંતુ એટલી જગ્યાને પસાર કરીને આગળ વધતાં એ ફરી પાછો વેગવાન બની જાય છે અને ભારે અવાજ કરે છે.

પૂલ પર ઊભા રહીને જુઓ તો એક બાજુ પર્વત પર બદરીનાથનો પગરસ્તો દેખાય છે અને બીજી બાજુ પર્વતની કમરે પટ્ટો પહેરાવ્યો હોય તેવો બદરીનાથનો મોટરમાર્ગ જોવા મળે છે. આખુંયે દૃશ્ય અત્યંત અદ્‌ભુત અથવા અવર્ણનીય લાગે છે, અને કેવળ અનુભવનો વિષય બની રહે છે. ત્યાં કોઈ જાતનો કોલાહલ નથી, ભય નથી, ભેદ નથી, નિરાનંદ નથી; છે ફક્ત અસીમ આનંદ, સનાતન શાંતિ અને સંપૂર્ણ સુખાસ્વાદ. એ અનેરા દર્શનાનુભવથી મન એકદમ એકાગ્ર બની જાય છે. લક્ષ્મણઝૂલાથી સ્વર્ગાશ્રમ જતા રસ્તા પર એક બાજુ આવતું ટિહરીની રાણીનું મંદિર પણ ખાસ જોવા જેવું છે.

હિમાલયના આ પ્રદેશનું મહત્વ અત્યાર સુધી કેવળ ધાર્મિક દૃષ્ટિ પૂરતું જ મનાતું, પરંતુ હવે પરિસ્થિતિ પલટાઈ છે. હૃષીકેશથી હરિદ્વાર જતા રસ્તા પર દવાઓ બનાવવાનું એક મોટું કારખાનું થયું છે. પર્વતની ગરીબ જનતાને માટે એ પ્રવૃત્તિ ખરેખર આશીર્વાદરૂપ છે. ઉત્તરાખંડની ભૂમિમાં ઔદ્યોગિક અને બીજાં કેન્દ્રો શરૂ થાય, ને ત્યાંની પ્રજાના જીવનને ઉપર ઉઠાવવાના પ્રયાસો કરવામાં આવે એ આવકારદાયક છે.

**નીલકંઠ** : હૃષીકેશમાં સ્વર્ગાશ્રમની બાજુમાં એક બીજું સુંદર સ્થળ છે નીલકંઠ. ત્યાં જવાનો રસ્તો સ્વર્ગાશ્રમથી આગળ વધે છે. પર્વતમાં પાંચેક માઈલ ચાલીએ એટલે ત્યાં પહોંચી જવાય છે. ત્યાં કાલી કમલીવાલા ક્ષેત્ર છે. યાત્રીઓએ અથવા કુદરતી સૌન્દર્યના અનુરાગીઓએ એ સ્થળ અવશ્ય જોવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. બદરીનાથ

બદરીનાથનું નામકરણ કોણે કર્યું હશે ? કોના કલ્પનાપ્રધાન ફળદ્રુપ મસ્તકમાંથી એ સુંદર નામ પ્રગટ થઈને મૂર્તિમંત બન્યું હશે ? વરસો પહેલાંની એ વાતનું રહસ્ય આજે કોણ સમજી શકે એમ છે ? વરસો પછી આજે તો આપણે તેની કલ્પના જ કરવાની રહે છે. સંસ્કૃતમાં 'બદરી' શબ્દનો અર્થ બોર થાય છે. ત્યારે શું બદરિકાશ્રમની આજની ભૂમિમાં પ્રાચીનકાળમાં બોર મળતાં હતાં ? અને બોરના વિશાળ વનની વચ્ચે વસાવેલા ભગવાનને એટલા માટે જ 'બદરીનાથ' કહીને બોલાવવામાં આવ્યા ? આજે તો ત્યાં બોર જેવું કશું જ નથી. કોઈ છોડ કે ઝાડ જેવું પણ, લગભગ અગિયાર હજાર ફૂટની ઊંચાઈ પર આવેલા એ હિમાચ્છાદિત પર્વતીય પ્રદેશમાં થતું નથી. છતાં વરસો પહેલાં ત્યાં બોરનું વન હોય એ બનવાજોગ છે. પ્રકૃતિમાં ક્રમેક્રમે પરિવર્તન થયા કરે છે, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ બને છે; એટલા માટે કશું અસંભવ નથી.

એક બીજી વાત પણ સ્ફુરે છે. બદરિકાશ્રમની ઉપર લગભગ બે માઈલ જતાં મહર્ષિ વ્યાસનો આશ્રમ આવે છે. ત્યાં સરસ્વતી નદી પણ છે. કહે છે કે આ સ્થાનમાં વરસો સુધી વાસ કરીને મહર્ષિ વ્યાસે કેટલાંક શાસ્ત્રોની રચના કરેલી. એવી જ રીતે એ વખતે બદરિકાશ્રમની આજની ભૂમિમાં બદરિકા નામની કોઈ તપસ્વિની કે સ્ત્રીઋષિ રહેતી હોય, લોકો એને અત્યંત આદર અને શ્રદ્ધાથી જોતા હોય, અને તે ભૂમિમાં એનો આશ્રમ હોય માટે એ ભૂમિને બદરિકાશ્રમ કહેવામાં આવી હોય, એ પણ બનવાજોગ છે. તે ભૂમિમાં નિર્મિત થયેલા મંદિરને બદરીનાથના મંદિર તરીકે ઓળખવામાં આવ્યું હોય એ સહેજે સમજી શકાય તેમ છે.

હજુ સુધી બદરીનાથના નામકરણની આ કલ્પના આપણા કોઈ વિદ્વાનને સ્ફુરી નથી એ એક હકીકત હોવા છતાં, આ કલ્પના વધારે વજનદાર છે એમ મારું માનવું છે. બદરિકા નામની કોઈ સ્ત્રીઋષિનો ઉલ્લેખ આપણાં શાસ્ત્રોમાં નથી આવતો એ સાચું છે, છતાં એટલા પરથી જ એવી કોઈ સ્ત્રીઋષિ નહિ હોય એવું નહિ કહી શકાય. કારણ કે ભારતના બધા જ પુરુષઋષિઓ કે સ્ત્રીઋષિઓને શાસ્ત્રોમાં તો જેમની આજુબાજુ કોઈ ક્રાંતિકારી લોકકથાઓ હતી તથા ઈતિહાસ અથવા શાસ્ત્રરચનાનો યશ રહેલો હતો એવાં થોડાંને જ પ્રસિદ્ધિ આપવાની પરિપાટી હતી.

બદરીનાથના મંદિરની રચના બહુ જૂની અથવા ઈસ્વીસન પહેલાંની છે. કેટલાક માને છે કે એ મંદિર બૌદ્ધોએ રચેલું છે. એ માન્યતાની પુષ્ટિમાં તેવા લોકો એક વાત તરફ ખાસ અંગુલિનિર્દેશ કરે છે કે બદરીનાથના મંદિરમાં જે મૂર્તિ છે તે બૌદ્ધ મંદિરોની મૂર્તિને મળતી છે. એ મૂર્તિ કાળા પથ્થરની ને પદ્માસનસ્થ છે. પરંતુ એમનું ધ્યાન એક મહત્વની વાત તરફ નથી જતું કે મંદિરમાં ગરુડ ભગવાનની પ્રતિમા પણ છે, જે બૌદ્ધ મંદિરો માટે તદ્દન નવી વસ્તુ છે. એટલે બદરીનાથનું મંદિર બૌદ્ધ મંદિર છે એ વાત સાચી નથી ઠરતી. પદ્માસનસ્થ મૂર્તિ તો ભગવાન નારાયણની છે. તે યોગની મુદ્રામાં છે એટલું જ. બદરીનાથની ભૂમિ પર ભક્તોને ભગવાનની એવી મૂર્તિ વધારે પ્રેરણાત્મક લાગી હશે.

કહે છે કે બૌદ્ધ સાધુઓએ આ મૂર્તિને બદરીનાથમાં આવેલા તપ્તકુંડમાં નાખી દીધી હતી. આદ્ય શંકરાચાર્યે તેને એમાંથી કાઢી તેની પુનઃસ્થાપના કરી. પોતાની સાથે આવેલા કેરલ દેશના કોઈ નામ્બુદ્રી બ્રાહ્મણને તેમણે મંદિરની પૂજા કરવા રાખ્યો, ત્યારથી પૂજા એ બ્રાહ્મણના ઉત્તરાધિકારીના જ હાથમાં છે.

પહેલાં ટિહરી-ગઢવાલ રાજ્યના રાજા તરફથી એ મંદિરનો વહીવટ થતો. હવે તો એ રાજ્યનું વિલીનીકરણ થયું છે, એટલે ઉત્તરપ્રદેશે એક બદરીનાથ મંદિર કમિટી નીમી છે, તે એનો વહીવટ કરે છે. અતિશય ઠંડી તથા હિમવર્ષાને લીધે મંદિર લગભગ છ મહિના તદ્દન બંધ રહે છે. તે દરમ્યાન અઢાર માઈલ નીચે આવેલા જ્યોતિર્મઠ કે જોશીમઠમાં પૂજા થાય છે. મેની પંદરમીની આસપાસ બદરીનાથનું મંદિર ઉઘડે છે, ને દિવાળી પછી બરફ પડવાથી બંધ થાય છે. દર વરસે ૭૦,000 થી ૮૦,000 યાત્રીઓ એના દર્શને આવે છે.

બદરીનાથનું મંદિર અત્યંત નાનું છે. જેમણે રામેશ્વર, જગન્નાથપુરી ને મીનાક્ષીનાં મંદિર જોયાં હશે, તેમને તેમાં કાંઈ જ વિશેષતા નહિ લાગે. બદરીનાથને એ દૃષ્ટિએ જોવાનું પણ નથી. બદરીનાથની પાછળ ઘણી દૃષ્ટિ છે. એ દૃષ્ટિ આપણે કેળવી હોય તો બદરીનાથ આપણને આનંદ આપશે.

પહેલી દૃષ્ટિ સુંદરતાની છે. કુદરતી સૌન્દર્યનો બદરીનાથમાં પાર નથી. હિમાચ્છાદિત સફેદ દૂધ જેવાં પર્વતશિખરો પોતાનાં મસ્તક વિશાળ વ્યોમને અડાડીને ઊભાં રહ્યાં છે. નર ને નારાયણ બંને પર્વતો અને નીલકંઠ જેવાં એમના સફેદ શિખરો કોઈને પણ કામણ કરવાની શક્તિ ધરાવે છે. મંદિરની નીચે અલકનંદાના તટ પર ઊકળતા ગરમ પાણીના પાંચ કુંડ કુદરતની અલૌકિકતાનો ખ્યાલ આપતા ઊભા રહ્યા છે. એમાં સ્નાન કરવાથી પરિશ્રમ દૂર થાય છે. એકબાજુ આંગળી અડાડીએ તો આંગળી કળી પડે એવી ઠંડી બરફ જેવી અલકનંદા, ને બીજી બાજુ વરાળ નીકળતા કુંડને જોઈને હૃદય મુગ્ધ બની જાય છે.

બીજી દૃષ્ટિ ઈતિહાસની છે. બદરીનાથની આગળ પંદર માઈલ દૂર સત્યપંથ અથવા સ્વર્ગારોહણ છે. પાંડવો એ ભૂમિના પ્રવાસી થઈને એમાં સમાઈ ગયા હતા. એક યુધિષ્ઠિર બચ્યા હતા. ભારત ને તિબેટની હદ, આ માર્ગે માણા નામે ગામ છે ત્યાંથી પાસે છે. બદરીનાથ આવતાં રસ્તામાં આવતા પાંડુકેશ્વરથી અઢી માઈલની પગદંડી પરથી હેમકુંડ જવાય છે. તે સ્થાનથી પણ તિબેટ હદ પાસે છે. એ રીતે વિચારવાથી બદરીનાથની સંરક્ષણાત્મક અગત્ય સમજાશે.

ત્રીજી દૃષ્ટિ સાહિત્યની છે. બ્રહ્મસૂત્ર, ભાગવત ને ગીતા જેવા અમર ગ્રંથોના રચયિતા વ્યાસ અહીં રહ્યા હતા એમ કહેવાય છે. કાલિદાસના 'મેઘદૂત'ની અલકાપુરી નગરી પણ આ પ્રદેશમાં જ હતી. અલકનંદા નદીના નામ પરથી એનું નામ અલકાપુરી પડેલું. કાલિદાસની કલ્પનાની આંખ આ પ્રદેશમાં ફરી વળેલી અને એના 'મેઘદૂત'નો સંદેશવાહક મેઘ રામગિરિ આશ્રમમાં રહેતા યક્ષની પાસેથી વિદાય લઈને, કવિની કલ્પનાના વ્યોમમાં વિહાર કરતો કરતો અહીં સુધી આવી પહોંચેલો. અહીં આવેલી અલકાપુરીની યક્ષનગરીમાં એ યક્ષની વિરહી પ્રિયતમા રહેતી હતી.

ચોથી દૃષ્ટિ સાધનાની છે. જો તમને જીવનની શુદ્ધિ ને એને લગતી ધ્યાનાદિની સાધનામાં રસ હોય, તો આવો, આ દૈવી ભૂમિ તમારે માટે આશીર્વાદરૂપ થશે. અહીં અવકાશમાં આજુબાજુ જે અનેક અલૌકિક પરમાણુ ફર્યા કરે છે તે તમને મદદરૂપ થશે. નેત્રો મીંચતા જ અહીં સ્થિરતા થશે, શાંતિ મળશે અને અવનવા અનુભવ થશે. વરસોનું કામ અહીં થોડા દિવસો રહેવાથી પૂરું થશે.

પાંચમી દૃષ્ટિ દેશની જનતા સાથે સંપર્ક સાધવાની છે. હૃષીકેશથી બદરીનાથ સુધીનો લગભગ ૨૫૦ માઈલનો આ પર્વતીય પ્રદેશ નાનાંમોટાં અનેક શહેરો ને ગામડાંથી છવાયેલો છે. એ હજુ પછાત અથવા અણવિકસિત છે. કેળવણી ને રોજીનાં સાધનો ત્યાં પર્યાપ્ત માત્રામાં નથી. એમની ભાષા જુદી ને પ્રશ્નો જુદા

છે. દેશના એક દૂરના છેડે વસેલી એ પ્રજા ગરીબ છતાં ભારે મહેનતુ, ભલા દિલની, વીર ને નિષ્કપટ છે. એ ભારે અછતમાં જીવી રહી છે. એ પ્રદેશની સ્ત્રીઓ હજુ અશિક્ષિત જેવી છે. તેમણે ભારે શ્રમ કરવો પડે છે. પુરુષ ખેતરમાં હળ પેરવીને બેસી રહે છે. તે પછી નિંદવા, કાપવા કે લણવાના બધાં કામ સ્ત્રી જ કરે છે; પુરુષ તો હુકો પીને ફર્યા કરે છે. કેટલીક સ્ત્રીઓ તો દૂર દૂર જંગલમાં ઘાસ કાપવા ને લાકડાં લેવા પણ જતી હોય છે. સામાજિક રીતે પણ એ પછાત છે. એમના દિલમાં ડોકિયું કરીએ, એમને સમજીએ, તો એમને માટે કંઈક કરી પણ શકીએ. સેવકોને માટે અહીં સારું ક્ષેત્ર છે.

આવી બધી દૃષ્ટિ લઈને બદરીનાથની યાત્રા કરો તો અત્યંત આનંદ આવશે, ને યાત્રા ફળી શકશે.

દિલ્હીથી હરિદ્વાર, ને હરિદ્વારથી રેલ્વે કે મોટર માર્ગે હૃષીકેશ આવ્યા પછી, બદરીનાથનો યાત્રામાર્ગ ચાલુ થાય છે. પર્વતોને કોરીને, ગંગાના એક કિનારે બદરીનાથ જવાનો પગરસ્તો કરેલો છે, તો બીજી બીજુ મોટરનો રસ્તો છે. ઊંચી-નીચી હજારો પર્વતમાળા પરથી પસાર થતી મોટરો ને પગે ચાલતી યાત્રામંડળીઓ ક્રમેક્રમે આગળ વધે છે. જોશીમઠ સુધી મોટર હતી, પછી ફક્ત અઢાર માઈલ પગે ચાલવાનું રહેતું; પરંતુ હવે તો છેક બદરીનાથ સુધી મોટરમાર્ગ બની ગયો છે. મોટરની મુસાફરીમાં પગે ચાલવા જેવો આનંદ ના આવે, છતાં મોટા ભાગના માણસો મોટર જ પસંદ કરે છે. આખે રસ્તે બે-બે ત્રણ-ત્રણ માઈલે નાની-મોટી ધર્મશાળાઓ આવે છે. ત્યાં દુકાનો હોય છે. તેમાંથી જરૂરી ખાદ્ય સામગ્રી ને રસોઈ બનાવવાનાં મફત વાસણો મળે છે. જે ચાલી ના શકે તેમને માટે ઘોડા, દંડી ને કંડીની વ્યવસ્થા થાય છે. સામાન માટે મજૂરો મળે છે. હૃષીકેશ ને જોશીમઠ બંને ઠેકાણે મજૂરોની વ્યવસ્થા છે.

કુદરતી સૌન્દર્યનું પાન કરતો યાત્રી એક માઈલ જેટલે દૂર રહી જાય છે ત્યારે, પર્વતની ટોચ પરના માર્ગ પરથી એને એક માઈલ દૂર, નીચે વિસ્તરેલી બદરીનાથની નાનકડી નગરીનું દર્શન થાય છે. હૃદયમાં ઉલ્લાસ છવાય છે. કોઈ કોઈ બોલી ઊઠે છે, "બદરી વિશાલ લાલકી જય ! ગંગે માતકી જય !" ત્યારે સૌ યાત્રી એમાં સૂર પુરાવે છે.

હૃષીકેશથી બદરીનાથ ૧૬૮ માઈલના અંતરે છે. હવે તો મોટા ભાગના યાત્રીઓ મોટરમાં જ આગળ વધે છે. લક્ષ્મણઝૂલાથી ગંગાના કિનારેકિનારે એક માર્ગ બદરીનાથની પદયાત્રા કરનારા પ્રવાસીઓને માટે પર્વતીય પ્રદેશમાં આગળ વધે છે, અને મોટરનો બીજો માર્ગ શિવાનંદ આશ્રમની વચ્ચે થઈને, લક્ષ્મણઝૂલાની પાછળથી, ગંગાના તટપ્રદેશ પરથી પસાર થાય છે. મોટરમાર્ગ તથા પદયાત્રાનો માર્ગ ચઢાણઉતરાણવાળો હોવા છતાં ઘણો રમ્ય લાગે છે. રસ્તામાં દેવપ્રયાગનું સુંદર તીર્થસ્થાન આવે છે.

**દેવપ્રયાગ :** દેવપ્રયાગનું સ્થળ પ્રાકૃતિક સૌન્દર્યથી ભરેલું છે. ત્યાં અલકનંદા તથા ભાગીરથીનો સંગમ થાય છે. પર્વતની ખીણમાં, નદીના કિનારા પર, થોડેક ઉપર ગામ વસેલું છે. સંગમને લીધે એની શોભા વધી જાય છે. બદરીનાથના પંડાઓ મોટે ભાગે ત્યાં રહે છે. સંગમના સ્થળ પાસે બંને નદીઓ પરસ્પર આલિંગન આપતી એક થાય છે. ત્યાંથી આગળ જતાં તે ગંગાના નામથી ઓળખાય છે. અલકનંદા સ્થિતપ્રજ્ઞ યોગિની જેવી થોડીક ગંભીર અને શાંત બની જાય છે, પરંતુ ભાગીરથી મત્ત બનીને પોતાની બહેનને મળવા મુક્ત હૈયે ઊછળવા માંડે છે. એમના પવિત્ર સંગમમાં યાત્રીઓ સ્નાન કરે છે. સંગમના પાણીનો વેગ એટલો

બધો પ્રબળ છે કે યાત્રીઓ ખૂબ જ સંભાળીને કિનારે જ સ્નાન કરે છે. કિનારા પર સાંકળની વ્યવસ્થા છે. યાત્રીઓ તેને પકડીને ડૂબકી મારે છે. સંગમ પર પિંડદાન કરવાની પણ પ્રથા છે.

દેવપ્રયાગની આજુબાજુ ગુદ્ધાચલ, નરસિંહાચલ અને દશરથાચલ નામના ત્રણ પર્વતો છે. સંગમથી થોડેક દૂર રઘુનાથજીનું પ્રાચીન મંદિર છે. ત્યાં જવા માટે પગથિયાં ચઢવાં પડે છે. મંદિરની પાછળની નાની ગુફામાં કોઈવાર કોઈ એકાંતપ્રેમી સંતપુરુષો આવીને નિવાસ કરે છે.

**શ્રીનગર :** દેવપ્રયાગથી આગળ જતાં શ્રીનગર આવે છે. શ્રીનગર સપાટ મેદાની પ્રદેશમાં વિસ્તરેલું છે. ત્યાં કાલી કમલીવાલાની સુંદર, વિશાળ ધર્મશાલા છે. ઉપરાંત, સત્યનારાયણ ભગવાન ને હનુમાનજીનું મંદિર છે. એ સ્થળને 'શ્રીક્ષેત્ર' કહેવામાં આવે છે. એ પ્રાચીન ગઢવાલની રાજધાનીનું નગર હતું, એવું પણ માનવામાં આવે છે. સત્યયુગમાં કોલાસુરના ત્રાસથી દુઃખી રાજા સત્યસંઘે આ સ્થળમાં ભગવતીની આરાધના કરેલી. ભગવતીએ પ્રસન્ન થઈને એને વરદાન આપેલું. તેથી એ રાજા એ અસુરનો નાશ કરવા સમર્થ બનેલો. અહીંથી એકાદ માઈલ દૂર જે કમલેશ્વર મહાદેવનું મંદિર છે તેના સંબંધમાં પુષ્પદંતના પ્રખ્યાત 'શિવમહિમ્નસ્તોત્ર'ના પેલા શ્લોકમાં વર્ણવેલી કથા જેવી જ કથા પ્રચલિત છે કે, ભગવાન રામે એ સ્થળમાં હજાર કમળથી શંકર ભગવાનની પૂજા કરી ત્યારે એમની પ્રેમભક્તિની પરીક્ષા કરવા શંકરે એક કમળ છુપાવી દીધું, તે વખતે રામે એ કમળને બદલે પોતાની આંખ અર્પણ કરી; તેથી શંકર ભગવાન પ્રસન્ન થયા.

શ્રીનગરનું બજાર સારું છે.

શ્રીનગરથી આગળ જતાં રુદ્રપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાગ, ચમોલી, જોશીમઠ અને વિષ્ણુપ્રયાગ આવે છે. રુદ્રપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાગ ને વિષ્ણુપ્રયાગમાં બે નદીઓનો સંગમ થતો હોવાથી દૃશ્ય ઘણું સુંદર લાગે છે.

**જોશીમઠ:** જોશીમઠ ઊંચાઈ પર વસેલું સુંદર સ્થાન છે. ભારતની ચાર વિભિન્ન દિશાઓમાં શ્રી આદ્ય શંકરાચાર્યે જે ચાર જુદાજુદા મઠની સ્થાપના કરેલી તેમાંનો એક મઠ જોશીમઠમાં છે. તે જ્યોતિર્મઠ પણ કહેવાય છે. બદરીનાથમાં અતિશય ઠંડી તથા બરફને લીધે મંદિરની પૂજા છ મહિના સુધી બંધ રહે છે ત્યારે પૂજા અહીં જ કરવામાં આવે છે. ત્યાં સૈનિકોની છાવણી પણ છે. ત્યાં જ્યોતીશ્વર મહાદેવ તથા ભગવાન વિષ્ણુનાં મંદિર છે. નૃસિંહ ભગવાનના મંદિરમાં શાલિગ્રામ-શિલામાં ભગવાન નૃસિંહની સુંદર મૂર્તિ છે. એનો એક હાથ ખૂબ જ નાજુક છે. પૂજા કરતી વખતે, તે મૂર્તિથી અલગ થઈ જશે એવું લાગે છે. પંડાઓ કહે છે કે ભવિષ્યમાં જ્યારે એ હાથ છૂટો પડી જશે ત્યારે વિષ્ણુપ્રયાગથી આગળના નર અને નારાયણ પર્વતો એક થઈ જશે ને બદરીનાથનો રસ્તો બંધ થશે. પછી બદરીનાથ નહિ જઈ શકાય. એટલે તેને બદલે લોકો ભવિષ્યબદરીના દર્શને જશે. જોશીમઠથી નીતિઘાટ થઈને કૈલાસ જતા રસ્તા પર જોશીમઠથી છ માઈલ પર તપોવન છે. ત્યાંથી ત્રણ માઈલ પર જે વિષ્ણુ મંદિર છે તે જ ભવિષ્યબદરી છે એવું કહેવામાં આવે છે. મંદિરની પાસે ઝાડની નીચેની શિલામાં બારીકાઈથી જોવાથી ભગવાનની અડધી આકૃતિ દેખાય છે. તે આકૃતિ સંપૂર્ણ બનતાં ભવિષ્યમાં ત્યાં યાત્રા શરૂ થશે. પંડાઓ તરફથી એવું સ્પષ્ટીકરણ કરવામાં આવતું હોવા છતાં અત્યારે તો બદરીનાથની જાહોજલાલી વધતી જાય છે.

કેદારનાથ દર્શનનો લાભ લઈને ત્યાંથી બદરીનાથ તરફ આવતા યાત્રીઓના માર્ગમાં નાલાચટ્ટી પછી ઊખીમઠ આવે છે. ત્યાંથી આગળ વધતાં રસ્તામાં અઢાર માઈલ જતાં કાલીમઠ અને મદમહેશ્વર અથવા મધ્યમેશ્વર આવે છે. ત્યાંથી પાછું ઊખીમઠ આવવું પડે છે. એટલે કેટલાક યાત્રીઓ ત્યાં જતા નથી.

**કાલીમઠ:** કાલીમઠનું સ્થાન જંગલ તથા હિમાચ્છાદિત પર્વતમાળાની વચ્ચે આવેલું છે. ત્યાં એક કુંડ છે. તે બંને નવરાત્રી દરમિયાન ખોલવામાં આવે છે. તે સિવાય તેને પથ્થરથી ઢાંકી દેવામાં આવે છે. ત્યાં મહાકાલી, મહાલક્ષ્મી ને મહાસરસ્વતીનાં મંદિર છે. તેને સિદ્ધપીઠ માનવામાં આવે છે. રક્તબીજના નાશ માટે દેવોએ કરેલી પ્રાર્થનાથી પ્રસન્ન થઈને મહાકાલીએ એમને અહીં દર્શન આપેલું એમ પણ કહેવાય છે.

**તુંગનાથ :** તુંગનાથ લગભગ ૭,000 ફૂટ ઊંચું, સુંદર અને શીતળ સ્થાન છે. ત્યાં પર્વત પર મોટું મંદિર છે અને પાતાળગંગા નામની એકદમ ઠંડી જલધારા છે. ત્યાં પહોંચવા માટે ઘણું ચઢાણ ચડવું પડે છે; છતાં ઉત્સાહી સ્ત્રીપુરુષો ત્યાં આનંદપૂર્વક પહોંચી જાય છે. ત્યાંથી ચોતરફ ઊંચીઊંચી સુંદર પર્વતમાળાનું દર્શન થાય છે. પૂર્વ તરફ નંદાદેવી ને દ્રોણાચલ પર્વતનાં શિખરો, ઉત્તર તરફ ગંગોત્રી, જમનોત્રી, કેદાર ને બદરીનાથનાં શિખરો, અને દક્ષિણ તરફ ચંદ્રવદની તેમ જ સુરખંડા દેવીનાં શિખરોનું દર્શન થાય છે. જે યાત્રી તુંગનાથ પર ચઢવા ના ઈચ્છે તે ચોપતાથી સીધા ભુલકનાચટ્ટી(દોઢ માઈલ) તથા ભીમડ્યાર(એક માઈલ) થઈને જંગલપટ્ટી પહોંચીને આગળ વધી શકે છે. આગળ જતાં ચમોલી આવે છે, જ્યાં હૃષીકેશથી સીધી બદરીનાથ જતી સડક મળી જાય છે. ત્યાંથી મોટર મારફત કે પગરસ્તે આગળ વધી શકાય છે.

**પાંડુકેશ્વર :** એ પર્વતમાં વસેલું, નાનું છતાં સુંદર ગામ છે. ત્યાં પાંડુકેશ્વરનું મંદિર છે. તેની મૂર્તિ મહારાજા પાંડુએ સ્થાપેલી કહેવાય છે. રાજા પાંડુએ રાણી કુંતી ને માદ્રી સાથે આ સ્થળમાં તપશ્ચર્યા કરેલી, ને પાંડવોનો જન્મ પણ અહીં જ થયેલો એમ કહેવાય છે. અહીં કાલી કમલીવાલાની ધર્મશાળા છે, અને નાનું છતાં સુંદર બજાર છે. બદરીનાથ જતા યાત્રીઓ એ સ્થાનમાં રોકાઈને જ આગળ વધવાનું પસંદ કરે છે.

**હનુમાનચટ્ટી :** પાંડુકેશ્વરથી પાંચથી સાડા-પાંચ માઈલ દૂર આવેલું હનુમાનચટ્ટીનું સ્થળ જરા ઊંચાઈ પર ને પુષ્કળ ઝાડપાનથી વીંટળાયેલું છે. ત્યાં પણ ધર્મશાળા ને હનુમાનજીનું મંદિર છે. ત્યાંથી બદરીનાથ લગભગ સાડા-ચાર માઈલ છે. રસ્તામાં મોટે ભાગે ચઢાણ આવે છે. એ ચઢાણ યાત્રીની કપરી કસોટી કરનારું થઈ પડે છે. છતાં બદરીનાથનું દર્શન કરવાના ઉમંગમાં યાત્રી એ ચઢાણ હિંમતથી ને શાંતિપૂર્વક પૂરું કરે છે. યાત્રા દરમિયાન એક બાજુ પર્વતની વચ્ચેથી વહી જતી, ઉછાળા મારતી અલકનંદા અને બીજી બાજુ પર્વતમાં કોરી કાઢેલો માર્ગ એ બંને અત્યંત આકર્ષક અને આનંદદાયક લાગે છે.

બદરીનાથની મૂર્તિ ધ્યાનસ્થ અને ચતુર્ભુજ છે. પરંપરાગત કથા પ્રમાણે, દેવતાઓએ એ મૂર્તિને નારદકુંડમાંથી બહાર કાઢીને સ્થાપિત કરેલી. એ પછી એ મંદિર પર બૌદ્ધોનું પ્રાબલ્ય થયું. મૂર્તિને એમણે બુદ્ધની મૂર્તિ માનીને પૂજવાનું ચાલુ રાખ્યું. આદ્ય શંકરાચાર્યના વખતમાં એ લોકો તિબેટમાં જતા રહ્યા. એ વખતે મૂર્તિને એમણે અલકનંદામાં નાખી દીધી. શંકરાચાર્યે એને અલકનંદામાંથી બહાર કાઢીને વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. કહેવાય છે કે એ પછી કેટલાય વખતે મંદિરના પૂજારીએ દર્શનાર્થીઓની કમી તથા ભોજનનું કષ્ટ હોવાથી, એ મૂર્તિને તપ્તકુંડમાં નાખી દીધી. એ પછી એને રામાનુજ સંપ્રદાયના કોઈક આચાર્યે ફરી સ્થાપી. બદરીનાથ મંદિરની મૂર્તિનો ઈતિહાસ આવો અનોખો છે.

નર-નારાયણ પર્વતોનાં બરફથી ચમકતાં શિખરો, નાનું છતાં સુંદર મંદિર, નિર્મળ અલકનંદા, અને એના સામે કિનારે સાધુસંતોના રહેવા માટેની કાલીકમલીવાલાની સંસ્થાની કુટિરો, એ સર્વ બદરીનાથની શોભામાં વધારો કરે છે. ત્યાં પોસ્ટઑફિસ ને દવાખાનું પણ છે. બજારમાં ભાતભાતની વસ્તુઓ મળે છે. મંદિરની તથા કાલી કમલીવાલા ક્ષેત્ર તથા પંજાબ-સિંધ ક્ષેત્રમાંથી ભિક્ષા મળે છે.

**તપ્તકુંડ:** અહીં વહેતી અલકનંદાનું પાણી એટલું બધું ઠંડુ છે કે વાત ન પૂછો. એટલે ઈશ્વરે ભક્તોને માટે પહેલેથી જ કુંડની વ્યવસ્થા કરી રાખી છે. અલકનંદાના કિનારા પર જ ઊકળતા ગરમ પાણીના કુંડ છે. યાત્રીઓ એમાં હોંશેહોંશે સ્નાન કરે છે.

તપ્તકુંડની નીચે પાંચ શિલાઓ છે : ગરુડશિલા, નારદશિલા, માર્કંડેયશિલા, નરસિંહશિલા અને વારાહીશિલા.

**બ્રહ્મકપાલ:** તપ્તકુંડના ઉપરના રસ્તા પર થોડેક આગળ ચાલીને અલકનંદા નદી તરફ જઈએ એટલે બ્રહ્મકપાલ તીર્થ આવે છે. ત્યાં પિંડદાન કરવાની પ્રથા છે. એ તીર્થથી દૃષ્ટિપાત કરતાં બદરીનાથની ભૂમિ ખૂબ રમણીય લાગે છે. એના નીચે બ્રહ્મકુંડ છે. ત્યાં બ્રહ્માએ તપ કરેલું એમ કહેવાય છે.

**માતામૂર્તિ** : માતામૂર્તિ તીર્થ બદરીનાથથી લગભગ ત્રણ માઈલ દૂર છે. ત્યાં નર-નારાયણની માતામૂર્તિ દેવીનું નાનુંસરખું મંદિર છે. એ સ્થળમાં ભાદરવા સુદ બારસને દિવસે મેળો ભરાય છે.

**ચરણપાદુકા** : મંદિરના પાછળના ભાગમાં પર્વત પર જરા ઉપર ચઢીએ તો ચરણપાદુકા નામે સુંદર સ્થાન આવે છે. ત્યાં લીલુંછમ ઘાસ છે, રંગબેરંગી ફૂલો છે અને સુંદર ઝરણાં છે. ત્યાંથી નળ દ્વારા મંદિરમાં પાણી લાવવામાં આવે છે. ચરણપાદુકાથી ઉપરના ભાગે ઉર્વશીકુંડ છે.

**કેશવપ્રયાગ** : બદરીનાથથી આગળ જતાં માણા ગામની પાસે અલકનંદામાં સરસ્વતીની ધારા મળે છે. એ સંગમસ્થાનને કેશવપ્રયાગ કહેવામાં આવે છે. ત્યાં સરસ્વતીના કિનારા પર શમ્યાપ્રાસ તીર્થ છે. મહર્ષિ વ્યાસનો આશ્રમ એ જ સ્થાનમાં હતો એમ કહેવાય છે. ત્યાં રહીને એમણે અઢાર પુરાણોના રચના કરેલી. માણા ગામમાં વ્યાસગુફા પણ જોવા મળે છે. વ્યાસગુફાના પર્વતશિખર પર મુચુકુંદ ગુફા છે. ભગવાન શ્રીકૃષ્ણના આદેશ અનુસાર રાજા મુચુકુંદે ત્યાં તપ કરેલું. એ તરફથી સરસ્વતીના તટપ્રદેશ પરથી જતો માર્ગ થુલિંગ મઠ થઈને કૈલાસ માનસરોવર જાય છે. માણા ગામ આ બાજુની ભારતીય સીમાનું છેલ્લું ગામ છે.

**વસુધારા** : માણા ગામથી આગળ વધીએ એટલે વસુધારા નામે સુંદર સ્થાન આવે છે. ત્યાં હિમાચ્છાદિત પર્વત પરથી પાણીની ધારા પડે છે. ત્યાં નાની ધર્મશાળા પણ છે. ઘણા પ્રકૃતિપ્રેમીઓ ત્યાં સુધી આવે છે.

**સત્પથ** : માતામૂર્તિથી ચારેક માઈલ દૂર લક્ષ્મીવન છે. ત્યાં ભોજપત્રનાં વૃક્ષોનું વન છે. લક્ષ્મીધારા નામે ઝરણું પણ ત્યાં વહે છે. આગળનો રસ્તો ઘણો વિકટ છે. નારાયણ પર્વત સુધી એ દીવાલ જેવો દેખાય છે. એના પરથી પાણીની અનેક ધારાઓ ઢળ્યા કરે છે. એ રસ્તે આગળ જતાં ચક્રતીર્થ આવે છે. ત્યાંથી ત્રણ-ચાર માઈલ આગળ જતાં સ્વર્ગારોહણ કે સત્પથ આવે છે. એથી થોડેક ઉપર પવિત્ર પાણીથી ભરેલું સુંદર શીતળ સરોવર છે.

સત્પથની આગળનો રસ્તો ભારે વિકટ છે. પર્વતની ધાર પરથી ઉપર ચઢવું પડે છે. આગળ જતાં નીચે ગોળ કુંડ દેખાય છે. તેને સોમતીર્થ કહે છે. તેમાં મોટે ભાગે પાણી નથી હોતું. ત્યાં ચંદ્રમાએ તપ કરેલું એમ કહેવાય છે.

સત્પથની યાત્રા મોટે ભાગે ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં થાય છે. ઉનાળામાં પર્વત પરથી બરફના ટુકડાઓ પડે છે, જ્યારે વરસાદમાં પથ્થર પડવાથી માર્ગ જોખમકારક બને છે. ઉપરાંત, સાત દિવસ માટેની ખાવાની સામગ્રી, તંબુ, પાથરણું ને સારા ભોમિયાની પણ એ યાત્રામાં જરૂર પડે છે. કહે છે કે પાંડવો સત્પથ અથવા સ્વર્ગારોહણના આ હિમાચ્છાદિત પર્વતમાં ક્રમેક્રમે શાંત થઈ ગયા હતા. ફક્ત યુધિષ્ઠિર બાકી રહ્યા હતા. તે અહીં થઈને સ્વર્ગમાં ગયા હતા.

**મહાત્મા બચ્ચીદાસજી :** બદરીનાથમાં અમે પ્રથમવારની યાત્રા દરમિયાન ત્રણેક દિવસ રોકાયા. એ વખતે અમને ત્યાં રહેતા બાબા બચ્ચીદાસની મુલાકાતનો લાભ મળ્યો. અલકનંદા અને ઋષિગંગાના સંગમ પાસેની નાનીસરખી કુટિરમાં બાબા રહેતા હતા. સૌથી પહેલાં એ દેવપ્રયાગમાં રહેતા અને સંતપુરુષોની સેવા કરતા. એકવાર દેવપ્રયાગમાં એક બંગાલી મહાત્માની પધરામણી થઈ. એમણે બચ્ચીદાસજીને કોઈ સાધનાની વિધિ બતાવી, એકાદ માસ કેવળ ચા ઉપર રાખ્યા, અને તપ માટે બદરીનાથ જઈને રહેવાની આજ્ઞા કરી. પછી તો એ બદરીનાથમાં કાયમને માટે રહી ગયા. કહે છે કે સાધના કરતાં કરતાં એ ઘણી ઊંચી અવસ્થા પર પહોંચી ગયેલા. બદરીનાથના ઠંડા પ્રદેશમાં રહીને વરસો સુધી સાધના કરવામાં ખૂબ જ સંયમ ને સહનશક્તિની જરૂર રહે છે. અમને એમને માટે માન પેદા થયું. બચ્ચીદાસજીની પહેલાં બદરીનાથમાં સિદ્ધ બાબા સુંદરનાથજી રહેતા. વરસો સુધી એ બદરીનાથમાં તદ્દન નગ્નાવસ્થામાં રહ્યા. મંદિરની સામે, અલકનંદાની પેલી પાર, એક વિશાળ શિલા પર હંમેશ બધી ઋતુઓમાં અર્ધપદ્માસન વાળીને એ બેસી રહેતા. એકવાર એ અચાનક અદૃશ્ય થઈ ગયા. જે સ્થળે એ બેસતા ત્યાં એક નાનુંશું વૃક્ષ થઈ ગયું છે. બદરીનાથવાસી સંતોમાં બચ્ચીદાસજી અને વસુધારાની ગુફામાં રહેનારા એ સંત મુખ્ય હતા.

બદરીનાથના મંદિરના વિશુદ્ધ વાતાવરણનો પ્રભાવ મન પર ઘણો સારો પડે છે. આકાશને અડવાની હરીફાઈ કરતા ઊભેલા, બરફથી છવાયેલા સુંદર પર્વતોને જોયા જ કરીએ એવું થયા કરે છે. એમાં પણ ચાંદની રાતમાં ગંગા, પર્વત ને મેદાન પર ચંદ્રમાનાં ચારુ કિરણો ફરી વળ્યા હોય ત્યારે તો અમૃતની વૃષ્ટિ થતી હોય એવો ભાસ થાય છે. એવા અલૌકિક વાતાવણમાં મન સહેલાઈથી શાંત ને સ્થિર થાય છે, પરમાત્મા તરફ વહેવા માંડે છે. શાસ્ત્રોએ ને મહાપુરુષોએ એવા શાંત, સુંદર ને એકાંત વાતાવરણમાં રહીને સાધના કરવાની જે સૂચના કરી છે તેનો મર્મ એ વખતે સહેલાઈથી સમજાઈ જાય છે. સંસારની નશ્વરતા ને પરિવર્તનશીલતાનું ચિત્ર આંખ આગળ આવીને હાજર થાય છે કે, જીવન પરમાત્માની પ્રાપ્તિ માટે છે; આપણે અસત્યમાંથી સત્ય, અંધકારમાંથી જ્ઞાન, અલ્પતામાંથી પૂર્ણતા અને મૃત્યુમાંથી અમૃતત્વમાં પહોંચી જવું જોઈએ; વિષયરસને છોડીને ઈશ્વરપ્રેમનો રસાસ્વાદ લેવો જોઈએ. એ દિવ્ય વાતાવરણમાં ગત જીવન યાદ આવે છે અને નૂતન જીવનની રૂપરેખા તૈયાર કરવાનું મન થાય છે. હૃદય પ્રભુની પ્રેમગંગામાં સ્નાન કરીને પ્રાર્થનાની પેલા પ્રખ્યાત પંક્તિમાં પોકારી ઊઠે છે :

"અસત્યો માંહેથી પ્રભુ, પરમ સત્યે તું લઈ જા;

ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ, લઈ જા;
તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા."

બદરીનાથના શાંતિમય વાતાવરણમાં વિવેકી પુરુષોને એવી રીતે પ્રેરણાનો લાભ મળી રહે છે; પરંતુ ત્યાં ઠંડી તથા ખાનપાનની અગવડને લીધે લાંબો વખત રહેવાનું મુશ્કેલ છે. યાત્રી વધુમાં વધુ ત્રણ દિવસ રહે છે.

*

## બદરીનાથના સંબંધમાં પૌરાણિક કથા

પુરાણોમાં બીજાં તીર્થોની જેમ બદરીનાથનો ઉલ્લેખ પણ કરેલો છે. એમાં કહેવાયેલી બદરીનાથની કથા આ પ્રમાણે છે : બ્રહ્માના પુત્ર દક્ષની સોળ પુત્રીઓ હતી. એ સોળ પુત્રીઓમાંથી તેરનું લગ્ન ધર્મરાજ સાથે કરવામાં આવેલું. એ છોકરીઓમાંથી એકનું નામ શ્રીમૂર્તિ કે માતામૂર્તિ હતું. એના બે પુત્રો : એક નર અને બીજો નારાયણ. એ બંને ભાઈઓમાં પરસ્પર પુષ્કળ પ્રેમ હતો. એ હંમેશા સાથે જ રહેતા. નર નાના હતા ને નારાયણ મોટા. બંનેને માતા પર ખૂબ જ પ્રેમ હતો. તેઓ માતાની ખૂબ સેવા કરતા. પ્રસન્ન થઈને એક દિવસ માતાએ કહ્યું, 'તમારી બંનેની સેવાથી પ્રસન્ન છું. માગવું હોય તે માગો. મનોવાંછિત વસ્તુ અર્પણ કરીશ.'

નર ને નારાયણના વિચારો ઉત્તમ હતા. એ કહેવા માંડ્યા : 'અમારી ઈચ્છા વનમાં જઈને તપશ્ચર્યા કરવાની છે. એ જ વરદાન આપો કે અમે વનમાં જઈને તપશ્ચર્યા પ્રવૃત્ત થઈએ.'

માતાને થયું કે તપ કરવાનું વરદાન આપવાથી બંને પુત્રોથી છુટા પડવું પડશે. પણ શું થાય ? પોતે વચન આપી ચૂકેલી, એટલે કોઈ ઉપાય નહોતો. એણે વરદાન આપી દીધું.

માતાનો આશીર્વાદ લઈને બંને ભાઈઓ હિમાલયમાં ગયા. એ પવિત્ર પ્રદેશમાં એક સ્થળે બદરી અથવા બોરનું વન જોઈને ત્યાં જ રહેવા લાગ્યા. ત્યાં ગંગા હતી, ઝરણાં હતાં, કંદમૂળ ને ફળફૂલ હતાં, બરફ હતો. બંને ભાઈઓએ એ પ્રદેશમાં તીવ્ર તપ કરવા માંડ્યું. એ તપથી સ્વર્ગના સ્વામી ઈન્દ્રને ભય લાગ્યો. એને થયું કે મારું ઈન્દ્રાસન જતું રહેશે કે શું ? એણે બંનેના તપમાં ભંગ પાડવા મેનકા જેવી અપ્સરાઓને આદેશ આપ્યો. એ અપ્સરાઓએ ઘણોય પરિશ્રમ કર્યો, પરંતુ તપમાં ભંગ ના પાડી શકી. એવી રીતે વરસો વીતી ગયાં, ત્યારે એક દિવસ નારાયણે આંખ ઉઘાડીને અપ્સરાઓને જોઈ. અપ્સરાઓ ડરી ગઈ. નારાયણે એમને આશ્વાસન આપી કહ્યું, 'તમે અહીં રહી શકો છો એથી તમને કોઈ નુકશાન નહિ થાય.'

એ પછી એમણે અનેક અપ્સરાઓનો આવિર્ભાવ કર્યો. એમને દેખીને સ્વર્ગની અપ્સરાઓ લજાઈ ગઈ. નારાયણ ઋષિએ પેદા કરેલી અપ્સરાઓમાં ઉર્વશી પણ હતી. નારાયણે ઉર્વશીનું સ્વર્ગની અપ્સરાઓને અર્પણ કરતાં કહ્યું : 'ઈન્દ્રને મારા તરફથી આ ભેટ આપજો.'

અપ્સરાઓ ઉર્વશીને લઈને ઈન્દ્રની પાસે આવી ત્યારે એને જોઈને ઈન્દ્ર મુગ્ધ થઈ ગયો. એને થયું કે આવા અદ્દભુત રત્નને પેદા કરનાર અને એનાથી પ્રભાવિત ના થનાર નારાયણ ઋષિ કોઈ સામાન્ય માનવ નથી, પરંતુ ઈશ્વરના અવતાર છે. એમને ચલિત કરવાનો વિચાર કરવા બદલ એને અફસોસ થયો.

બંને ઋષિઓ કલિયુગ સુધી એ જ ભૂમિમાં તપ કરતા રહ્યા. કલિયુગનો સમય પાસે આવતાં નારાયણ તથા નર, કૃષ્ણ અને અર્જુનના રૂપે પ્રકટ થયા. ઋષિઓએ પ્રાર્થના કરી : 'તમે બદરીવનમાં વાસ કરો અને એક જ રૂપે અવતાર લો.' ભગવાને કહ્યું : 'હવે કલિયુગ આવી રહ્યો છે. એમાં મારું સાક્ષાત્ દર્શન થવું અસંભવ છે. કલિકાળનાં કલ્મિષ દૂર કરવા નારદકુંડમાંથી મારી મૂર્તિનો ઉદ્ધાર કરી, અહીં એક મંદિર બનાવીને એમાં એની સ્થાપના કરો.'

ઋષિમુનિઓએ આજ્ઞાનું પાલન કર્યું. દ્વાપરયુગમાં મૂર્તિને કુંડમાંથી બહાર કાઢી, દેવોના મુખ્ય શિલ્પકાર વિશ્વકર્મા પાસે મંદિર બંધાવી, એમાં એની પ્રતિષ્ઠા કરી. દેવર્ષિ નારદે એની પૂજા કરવા માંડી.

બુદ્ધાવતાર વખતે બૌદ્ધોએ એ પ્રતિમાને બુદ્ધની પ્રતિમા માનીને એની પૂજા કરી. પરંતુ પ્રચલિત લોકકથા પ્રમાણે, ઈ.સ.ના આઠમા સૈકામાં આદ્ય શંકરાચાર્યે બૌદ્ધોને પરાજિત કરી નસાડી મૂક્યા ત્યારે નાસતી વખતે બૌદ્ધો મૂર્તિને નારદકુંડમાં નાખી ગયા, એટલે શંકરાચાર્યે ત્યાંથી એને બહાર કાઢીને મંદિરમાં પ્રસ્થાપિત કરી.

આજે બદરીનાથના મંદિરમાં નરનારાયણ ભગવાનની મૂર્તિનું દર્શન થઈ શકે છે. બદરીનાથમાં ઉર્વશીકુંડ તથા માતામૂર્તિની જગાઓ પણ આવેલી છે.

હવે તો, છેલ્લા સમાચાર પ્રમાણે, હૃષીકેશથી ઠેઠ બદરીનાથ સુધી મોટરમાં જઈ શકાય છે. જે યાત્રીઓ પગપાળા જવા માગતા હોય તેમને માટે તો પદયાત્રાનો રસ્તો પણ આજે પહેલાંની પેઠે જ ખુલ્લો છે.

*

## બદરીનાથની ભૂમિમાં શંકરમઠ

બદરીનાથની પુણ્યભૂમિના દર્શને નીકળેલા યાત્રીને જોશીમઠમાં શંકરાચાર્યે સ્થાપેલા મઠના દર્શનનો લહાવો સહેજે મળી રહે છે. ભારતના ચારે ખૂણામાં ફરીને શ્રી આદ્ય શંકરાચાર્યે ચાર મઠની સ્થાપના કરી, તેમાં ઉત્તરના મઠ માટે જોશીમઠની પસંદગી કરેલી. જોશીમઠમાં સ્થપાયેલા એ મઠમાં શંકરાચાર્યે થોડોક વખત વાસ કરેલો એમ કહેવાય છે. જોશીમઠથી એ સ્થાન અડધો માઈલ દૂર છે. એને જ્યોતેશ્વર અથવા સિદ્ધનાથના નામથી પણ ઓળખવામાં આવે છે. ઊંચાઈ પર હોવાને લીધે એ ઘણું જ રમણીય લાગે છે. ત્યાં શંકરાચાર્યની ગાદી છે.

મઠની બાજુમાં જે અત્યંત પ્રાચીન વૃક્ષ છે તેની નીચે શંકરાચાર્યને જગદંબાના દર્શનનો લાભ મળેલો. એની બાજુમાં જગદંબાનું મંદિર આજે પણ એ વાતની સ્મૃતિ કરાવે છે.

જોશીમઠની ભૂમિનું પ્રાકૃતિક સૌન્દર્ય અનુપમ છે. ચારે બાજુ યુગયુગથી સમાધિ ધારીને ઊભેલી લીલીછમ ઉત્તુંગ પર્વતમાળા, પર્વતો પર છવાયેલાં ભાતભાતનાં ને જાતજાતનાં સુંદર વૃક્ષો, એમાંથી મંજુલ સ્વરે બોલીને આનંદ આપતાં પંખીઓ, અને કલકલ રવે વહી જતાં ઝરણાંઓ યાત્રીને મુગ્ધ કરે છે. અહીં સફરજન જેવાં ફળો ને ફૂલો સારા પ્રમાણમાં થાય છે.

જોશીમઠના સંબંધમાં સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી રાહુલ સાંકૃત્યાયને લખ્યું છે : "જોશીમઠનો ઉલ્લેખ નવમી-દશમી શતાબ્દીના કલ્યૂરી શિલાલેખોમાં 'જોશિકા' નામથી કરાયેલો છે. બદરીનાથના ચોપડાઓમાં

એનું નામ 'જોશી' છે. ત્યાંના પ્રાચીન નિવાસીઓ જોશિયાલ કહેવાય છે. કહેવામાં આવે છે કે જોશિકા કલ્યૂરીઅનોની રાજધાની હતી. કલ્યૂરી રાજ્ય એક વખત આખા કુમાઊં-ગઢવાલ સુધી જ નહીં, પરંતુ સીમલા સુધી ફેલાયેલું હતું."

એ જોશિકા, જોશીમઠ કે જ્યોતિર્મઠનો મહિમા રાજકીય રીતે નહિ, પરંતુ ધાર્મિક રીતે આખા ભારતમાં ફેલાયેલો છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ એનું સ્થાન અજોડ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. કેદારનાથ

હિમાલયના ઉત્તરાખંડનાં મુખ્ય ચાર ધામ મનાય છે : બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી. એમાંય બદરીનાથ અને કેદારનાથનાં બે તીર્થધામ તો બહુ જ પ્રસિદ્ધ ને મહત્વનાં મનાય છે. યાત્રી એમના દર્શનની ઈચ્છા અવશ્ય રાખે છે. જીવનમાં વધારે નહિ તો એકવાર તો એ પવિત્ર તીર્થસ્થાનની મુલાકાત લેવાની ભાવના પ્રત્યેક ભારતવાસીના દિલમાં હોય છે જ. કેદારનાથ દ્વાદશ જ્યોતિર્લિંગોમાંનું એક ગણાય છે. એ દૃષ્ટિએ પણ એનો મહિમા વધારે હોવાથી ભાવિક ધર્મપ્રેમી જનતાનું મન એના તરફ ખાસ ખેંચાયા કરે છે. કહે છે કે સત્યયુગમાં કેદારનાથમાં ઉપમન્યુએ ભગવાન શંકરની આરાધના કરેલી. દ્વાપરયુગમાં પાંડવોએ પણ ત્યાં રહીને તપશ્ચર્યા કરેલી. ત્યાં ભગવાન શંકરનો નિત્ય વાસ મનાતો હોઈને ભક્તો એવી ભાવનાથી એનું દર્શન કરે છે.

બદરીનાથ તથા કેદારનાથ બંનેની યાત્રા કરવા માગતા યાત્રીઓ પહેલાં કેદારનાથ જાય છે, ને પછી બદરીનાથની યાત્રા શરૂ કરે છે. એ બંને યાત્રામાં હવે તો લાંબે લગી મોટરની વ્યવસ્થા થયેલી હોઈ, પગે ચાલવાનું અંતર ઓછું રહે છે. તોપણ જે પગે ચાલીને પ્રવાસ ના કરી શકે તેમને બેસવા માટે ઘોડા, દંડી તથા કંડીનાં સાધન મળી રહે છે. ઉત્તરાખંડનાં ચારે ધામની યાત્રા માટે મે-જૂનનો સમય વધારે અનુકૂળ છે; કારણ કે પાછળથી વરસાદ શરૂ થતાં તકલીફ પડે છે, તેથી મોટરો વચ્ચેવચ્ચે થોડા દિવસો માટે અટકી પણ પડે છે.

કેદારનાથનો માર્ગ બદરીનાથના રસ્તા પર આવેલા રુદ્રપ્રયાગથી ફંટાય છે. રુદ્રપ્રયાગથી એક માર્ગ સીધો બદરીનાથ જાય છે, ને બીજો કેદારનાથની દિશામાં આગળ વધે છે. હૃષીકેશથી રુદ્રપ્રયાગ સુધી, ને ત્યાંથી કેદારનાથના ગૌરીકુંડ સુધી મોટરો જાય છે.

**રુદ્રપ્રયાગ :** રુદ્રપ્રયાગમાં અલકનંદા અને મંદાકિનીનો સંગમ થાય છે. શહેર પર્વતની ખીણમાં વસેલું છે. ત્યાં પોસ્ટઑફિસ, દવાખાનું, ધર્મશાળા, હાઈસ્કૂલ, સંસ્કૃત કન્યાપાઠશાળા તેમજ ડાકબંગલો છે. અલકનંદા પરનો પૂલ પાર કરીને મંદાકિનીને કિનારે કિનારે જતા માર્ગે કેદારનાથના યાત્રીઓ આગળ વધે છે.

**અગસ્ત્યમુનિ :** અગસ્ત્યમુનિ સુંદર પર્વતીય સ્થાન છે. ત્યાં ખેતીને અનુકૂળ સારી જમીન પણ છે. કહે છે કે ત્યાં પ્રાચીનકાળમાં અગસ્ત્ય મુનિએ નિવાસ કરીને કઠોર તપશ્ચર્યા કરેલી. એમની અને એમણે કરેલી તપશ્ચર્યાની સ્મૃતિરૂપે એ સ્થાનનું નામ અગસ્ત્યમુનિ પડ્યું છે. ત્યાં એમનું મંદિર છે અને એ મંદિરની સામે ધર્મશાળા પણ છે. અગસ્ત્યમુનિમાં પોસ્ટઑફિસ, ઈન્ટરમિડિયેટ કૉલેજ, ડાકબંગલો, દવાખાનું તથા પોલીસચોકી પણ છે. જુદીજુદી દુકાનોએ ભોજન પણ મળી શકે છે.

**કુંડ :** કેદારનાથના માર્ગમાં અગસ્ત્યમુનિથી આગળ વધતી મોટર કુંડ જઈને અટકે છે. ત્યાં સામાન ઊંચકનારા મજૂરો મળે છે. દંડી, કંડી ને ઘોડાની વ્યવસ્થા પણ થઈ શકે છે.

મજૂરો મોટે ભાગે નેપાલી હોય છે. યાત્રાના છ માસ જેટલા સમય દરમિયાન મજૂરી કરવા માટે તેઓ નેપાલથી ગઢવાલ પ્રદેશમાં આવતા હોય છે. તેમના મજૂરીના દર મોટે ભાગે બાંધેલા હોય છે. ઘોડાવાળા તથા મજૂરો મોટે ભાગે એક માઈલનો રૂપિયો લે છે. ઘોડા પર્વતીય માર્ગ પર એમના માલિકની

દોરવણી પ્રમાણે સંભાળીને ચાલે છે, તેમ છતાં એમના પર બેસનારે ખાસ ધ્યાન રાખવું પડે છે. દંડી આરામખુરશી જેવી બેઠકવાળી હોય છે, અને એને બે આગળથી ને બે પાછળથી એમ ચાર માણસો ઊંચકે છે. એનું ભાડું પણ વધારે બેસે છે. કંડી ઉપાડનાર માણસને ખાસ કરીને ચઢાણ-ઉતરાણવાળા પર્વતીય માર્ગમાં ઘણો પરિશ્રમ પડે છે. તે હાંફી જાય છે, પરસેવાથી રેબઝેબ થઈ જાય છે. એ જોઈને આપણું દિલ હાલી ઊઠે છે. જે ચાલી શકે તેમને માટે તો બદરી-કેદાર જેવી યાત્રા પગે ચાલીને કરવાનો આનંદ અને લાભ ખાસ લેવા જેવો છે. તેથી સ્વાસ્થ્યલાભ પણ સહેલાઈથી મળે છે. કેટલાય યાત્રીઓ આનંદપૂર્વક પદયાત્રા કરે છે.

પગે ચાલનારા યાત્રીઓએ ધર્મશાળા કે ચટ્ટી પરથી વહેલી સવારે નીકળી જવું જોઈએ. રસ્તામાં આવતી બીજી ચટ્ટી પર ચા કે દૂધ પી શકાય છે. સવારે શક્તિ પ્રમાણે જેટલું બને તેટલું વધારે ચાલીને રસ્તામાં આવતી ચટ્ટીમાં મુકામ કરવો જોઈએ. ચટ્ટીમાં સ્નાનાદિ કરી, ત્યાંની દુકાનમાંથી સીધું-સામાન લઈને ભોજન બનાવી, જમીને થોડો આરામ કરવો. રોજ તાજી બનાવેલી રસોઈ જમવાથી શરીર સારું રહે છે. ચટ્ટીમાં જે દુકાનેથી સીધું-સામાન ખરીદવામાં આવે છે ત્યાંથી રસોઈ બનાવવાનાં વાસણો મફત મળે છે. ઉતારા માટે પણ કશું લેવાતું નથી. બપોર પછી હંમેશાં થોડું ચાલવાનું અને સાંજ પડતાં પહેલાં ચટ્ટીમાં જગ્યા લઈને વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જવાનું ધ્યાન રાખવું જોઈએ. કેટલાક યાત્રીઓ અંધારું થતાં સુધી ચાલ્યા જ કરે છે. પરિણામે ચટ્ટી કે ધર્મશાળામાં મુકામ કરવા જાય છે ત્યારે ચટ્ટી યાત્રાઓથી ભરાઈ ગઈ હોય છે, એટલે ઈચ્છાનુસાર સારો ઉતારો મળતો નથી. બદરી, કેદાર, ગંગોત્રી તથા જમનોત્રીની યાત્રા કરનારે આ વાત ખાસ લક્ષમાં રાખવી જોઈએ.

**ગુપ્તકાશી :** કુંડથી આગળ ચાલતાં ગુપ્તકાશી આવે છે. એ સ્થાન મંદાકિનીના તટ પર વસેલું છે. એનું કુદરતી સૌન્દર્ય અનેરું છે. પર્વતીય પ્રદેશમાંથી આવતી, આગળ વધતી, ને શિલાઓ પર ઊછળતી મંદાકિની કેદારનાથના દર્શનના આનંદને પ્રકટ કરતી હોય એવી ઉલ્લાસમયી લાગે છે. ગુપ્તકાશીની ભૂમિ લીલીછમ અને સુંદર છે. પર્વતો પણ વૃક્ષોની પંક્તિથી ભરેલા છે. ગામમાં મોટું બજાર, પોસ્ટઑફિસ, તાર-ટેલિફોનઘર, આયુર્વેદિક ઔષધાલય, વિશ્રામઘર ને કેટલીય ધર્મશાળાઓ છે. હાઈસ્કૂલ તથા સંસ્કૃત પાઠશાળા પણ છે. પૂર્વકાળમાં ઋષિઓએ ભગવાન શંકરની કૃપાપ્રાપ્તિ માટે આ સ્થળમાં તપ કરેલું એમ કહેવાય છે. રાજા બલિના પુત્ર બાણાસુરની રાજધાની શોણિતપુર આ સ્થળની પાસે હતી એવી એક પરંપરાગત માન્યતા છે. મંદાકિનીની સામી પાર ઊખીમઠ નામે સ્થાનમાં બાણાસુરની પુત્રી ઉષા રહેતી. એની સખી અનિરુદ્ધને દ્વારિકાથી ત્યાં લાવેલી. બાણાસુરની રાજધાની ગયા પટણાના મધ્યમાં બિહાર પ્રાંતમાં બરાબર પર્વત પર હતી. શિયાળામાં કેદારનાથનું મંદિર બંધ થાય છે ત્યારે કેદારનાથની પૂજા ગુપ્તકાશીમાં કરવામાં આવતી હોવાથી ગુપ્તકાશીની મહત્તા વધારે છે. ત્યાં યાત્રીને કેદારનાથના પંડાઓનો મેળાપ થાય છે.

ગુપ્તકાશીમાં ચંદ્રશેખર મહાદેવનું અને અર્ધનારીશ્વરનું એમ બે સુંદર મંદિરો છે. ત્યાં એક કુંડ પણ છે. એમાં ગંગા-જમના નામની બે ધારા પડે છે. કેટલાય યાત્રીઓ એ કુંડને પવિત્ર માનીને એમાં સ્નાન કરે છે.

**નાલાચટ્ટી** : ગુપ્તકાશીથી દોઢેક માઈલ દૂર નાલાચટ્ટી છે. ત્યાંથી ઊખીમઠ જઈ શકાય છે. કેદારનાથથી પાછા આવીને બદરીનાથ જનારા યાત્રીઓ એ માર્ગે ઊખીમઠ થઈને આગળ વધે છે.

**રામપુર** : ગુપ્તકાશીથી કેદારનાથ જતા મૈખંડા સ્થાનમાં મહિષમર્દિની દેવીનું મંદિર છે. આગળ વધતાં રામપુર આવે છે. ત્યાં કાલી કમલીવાલાની ધર્મશાળા છે. ત્યાંથી કેદારનાથ સીધા જવાને બદલે મોટા ભાગના યાત્રીઓ ત્રિયુગીનારાયણના દર્શન માટે જાય છે. રસ્તામાં ત્રણેક માઈલનું ચઢાણ આવે છે. રસ્તામાં શાકંભરી દેવી અથવા મનસાદેવીનું મંદિર છે. ત્યાંના પૂજારી યાત્રી પાસેથી દેવીને માટે કપડાંની ભેટ માગે છે.

**ત્રિયુગીનારાયણ** : ત્રિયુગીનારાયણચટ્ટી પ્રાચીન સ્થાન છે. ત્યાં શિવપાર્વતીનું લગ્ન થયેલું એમ કહેવાય છે. એની સ્મૃતિમાં અખંડ અગ્નિજ્વાળા સળગે છે. યાત્રીઓ એમાં લાકડાં નાખે છે. શિવપાર્વતીનું લગ્ન ભગવાન નારાયણની સાક્ષીમાં થયેલું. એની સ્મૃતિ કરાવતી, હવનકુંડની સામે ભગવાનની મૂર્તિ જોવા મળે છે. મંદિરમાં ભગવાન નારાયણ ભૂદેવી ને લક્ષ્મીદેવી સાથે વિરાજે છે. ત્યાં ગંગાની એક ધારા સરસ્વતી પણ છે. તેના ચાર કુંડ છે. બ્રહ્મકુંડમાં આચમન, રુદ્રકુંડમાં સ્નાન, વિષ્ણુકુંડમાં માર્જન અને સરસ્વતીકુંડમાં તર્પણ કરવામાં આવે છે.

**સોમદ્વારા** : સોમદ્વારા અથવા સોમપ્રયાગ ત્રિયુગીનારાયણથી ત્રણ માઈલ છે. ત્યાં મંદાકિની ને સોમ નદીનો સંગમ થાય છે. સંગમનું દૃશ્ય ઘણું સુંદર છે. ત્યાંથી પૂલ પાર કરીને ગૌરીકુંડ થઈને કેદારનાથ પહોંચવા આગળ વધાય છે. આ સ્થળથી શરૂ થતું ચઢાણ કાચાપોચા યાત્રીની કસોટી કરનારું છે.

**ગૌરીકુંડ** : ગૌરીકુંડમાં કાલી કમલીવાલાની ધર્મશાળા ને ગૌરીનું મંદિર તો છે જ, પરંતુ એના નામ પરથી સૂચિત થાય છે તેમ, કુંડ પણ છે. એક કુંડ ગરમ પાણીનો ને બીજો ઠંડા પાણીનો છે. કહે છે કે પાર્વતીએ એ કુંડમાં સૌથી પ્રથમ સ્નાન કરેલું. ગૌરીકુંડમાં સ્નાન કરીને યાત્રી પોતાની રહીસહી અશુદ્ધિને દૂર કરે છે, અને ભગવાન શંકરના દર્શન માટે શ્રદ્ધાભક્તિપૂર્વક આગળ વધે છે.

**કેદારનાથ** : ગૌરીકુંડથી રામવાડા થઈને કેદારનાથની પુણ્યમયી ભૂમિમાં પ્રવેશ કરતી વખતે અંતર એક પ્રકારના ઉત્કટ, અવર્ણનીય આનંદનો અનુભવ કરે છે. ભાવિક સ્ત્રીપુરુષ 'કેદારનાથ ભગવાન કી જય', 'શંકર ભગવાન કી જય'ના બુલંદ પોકારો પાડતાં આગળ વધે છે. કેદારનાથના પ્રદેશના લીલાછમ ઘાસવાળા પર્વતો ઘણા રમણીય લાગે છે, આંખ અને અંતરને આનંદ આપે છે. રસ્તામાં પર્વતો પરથી મોટામોટા ધોધ પડતા દેખાય છે. ગુલાબના ફોરમવંતા ફૂલો જોવા મળે છે. બીજાં પણ અનેક રંગબેરંગી ફૂલોનું દર્શન થાય છે. કેદારનાથના બરફથી ઢંકાયેલા પર્વતોનું દર્શન માર્ગમાં થોડેક દૂરથી થાય છે ત્યારે પ્રવાસનો બધો પરિશ્રમ સફળ થયેલો લાગે છે. એમાંય જ્યારે એ હિમાચ્છાદિત શિખરો પર સૂર્યકિરણો અથવા ચાંદની ફરી વળે છે ત્યારે તો એમની શોભા અત્યંત અદ્દભુત બની જાય છે. એ શોભાનું સાંગોપાંગ વર્ણન વાણી નથી કરી શકતી. સંધ્યાસમયે એ પર્વતશિખરો સોનેરી બની જાય છે. સંધ્યા પછી મંદિરમાં આરતી થાય છે.

પંડાઓનું વર્ચસ્વ અહીં સારા પ્રમાણમાં છે. એમને સારી દક્ષિણાની આશા મળતાં પોતાના યજમાનોને એ મંદિરના અંદરના ભાગમાં દર્શન માટે લઈ જાય છે. બાકી એ સિવાયના બીજા યાત્રીઓ

બહાર ઊભા રહીને જ ભગવાનની ઝાંખી કરી લે છે. મંદિરમાં કોઈ વિશેષ મૂર્તિ નથી, પરંતુ મોટો, ત્રિકોણ પર્વતખંડ છે. એની જ પ્રદક્ષિણા ને પૂજા કરવામાં આવે છે. મંદિરમાં બીજી બાજુ ઉષા, અનિરુદ્ધ, શ્રીકૃષ્ણ, પાંડવ તથા શિવપાર્વતીની મૂર્તિઓ છે. મંદિરની બાજુમાં કેટલાંક કુંડ પણ છે. મંદિર ખૂબ પ્રાચીન ને નાનું છે. એનો જીર્ણોધ્ધાર શંકરાચાર્યે કરાવેલો એમ કહેવાય છે. શંકરાચાર્યે જીવનના છેલ્લા દિવસોમાં અહીં વાસ કરીને, પહેલેથી સૂચના આપીને, પોતાના શરીરનો અહીં જ ત્યાગ કરેલો. ભગવાન શંકર પોતે જ કેદારનાથની પુણ્યભૂમિમાંથી માનવજાતિના મંગલને માટે શંકરાચાર્યરૂપે જાણે કે પ્રકટ થયા ને પોતાનું જીવનકાર્ય પૂરું કરીને કેદારનાથની પુણ્યભૂમિમાં પાછા આવીને પોતાના મૂળ સ્વરૂપમાં મળી ગયા.

કેદારનાથમાં ઠંડીનો પાર નથી. એમાંયે બરફના પર્વતોમાંથી આવતી ત્યાંની મંદાકિનીમાં સ્નાન કરવું યાત્રીઓને કપરું લાગે છે. મોટા ભાગના યાત્રીઓ નદીના તટ પર લાકડાં સળગાવીને, સ્નાન કરીને, તાપવા બેસે છે. ઠંડીને લીધે જ લોકો ત્યાં બે દિવસથી વધારે નથી રહેતા. ત્યાં કાલી કમલીવાલાની ધર્મશાળામાં ઊતરવાની વ્યવસ્થા છે.

કેદારનાથની આજુબાજુના પર્વતીય પ્રદેશમાં બ્રહ્મકમળ પુષ્કળ થાય છે. પ્રકૃતિ જાણે ભગવાનની પૂજા માટે એ કમળપુષ્પોને પેદા કરે છે. મજૂરો પર્વતો પરથી કંડી ભરીભરીને બ્રહ્મકમળો લાવે છે. મંદિરમાં એ ચઢાવવામાં આવે છે. પૂજારી પૂજા કરનારને એનો પ્રસાદ આપે છે.

કેદારનાથના દર્શનથી અમને ઘણો આનંદ થયો. બે હાથ જોડીને અમે ભગવાન શંકરની પ્રાર્થના કરી. એ વખતે શંકરાચાર્યે કરેલી શિવસ્તુતિના થોડાક શ્લોકો મુખમાંથી જ નહિ, અંતરમાંથી સરી પડ્યા :

पशूनां पतिं पापनाशं परेशं गजेन्द्रस्य कृतिं वसानं वरेण्यम् ।
जटाजूटमध्ये स्फुरद् गांगवारिं महादेवमेकं स्मरामि स्मरारिम् ॥

"જે સંપૂર્ણ જીવરૂપ અજ્ઞાની પશુઓના પતિ કે પાલક છે, પાપોના નાશ કરનારા પરમાત્મા છે, હાથીના ચર્મને ધારણ કરનારા છે, સર્વશ્રેષ્ઠ છે, જેમના જટાજૂટમાં ગંગાજળ શોભી રહ્યું છે, જે કામદેવના શત્રુ છે તે એક અને અદ્વિતીય ભગવાન શંકરનું હું સ્મરણ કરું છું."

महेशं सुरेशं सुरारार्त्तिनाशं विभुं विश्वनाथं विभूत्यंगभूषम् ।
विरूपाक्षमिन्द्वर्कवह्नित्रिनेत्रं सदानन्दमीडे प्रभुं पच्जवक्त्रम् ॥

"જે મહાન ઈશ્વર છે. દેવોના સ્વામી છે, દેવોનાં દુઃખને દૂર કરનાર છે, જે વિશ્વના સ્વામી ને વિભુ છે, જેમના શરીર પર ભસ્મ છે, જે વિરૂપાક્ષ અને સૂર્ય ચંદ્ર ને અગ્નિની એમ ત્રણ (વિષમ) આંખવાળા છે, અને જેમનાં પાંચ મુખ છે તે સદા આનંદસ્વરૂપ વિશ્વનાથની હું સ્તુતિ કરું છું."

शिवाकान्त शम्भो शशाडंकार्धमौले महेशान शूलिन् जटाजूटधारिन् ।
त्वमेक जगद्व्यापको विश्वरूप प्रसीद प्रसीद प्रभो पूर्णरूप ॥

"હે પાર્વતીપતિ, હે શંભુ, હે મસ્તકમાં અર્ધચંદ્ર ધારણ કરનારા, હે મહેશાન, શૂલને તથા જટાજૂટને ધારણ કરનારા, હે વિશ્વરૂપ, હે પૂર્ણ પરમાત્મા ! તમે જ એક જગદ્‌વ્યાપી છો. હે પ્રભુ ! તમે મારા પર પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ."

*

## રુદ્રપ્રયાગથી કેદારનાથનો માર્ગ

૪૮ માઈલનો યાત્રામાર્ગ

| સમુદ્ર સપાટીથી ઊંચાઈ (ફૂટ) | સ્થાન | સાધન | અંતર (માઈલ) (આગળના સ્થાનથી) |
|---|---|---|---|
| ૨.૦૦૦ | રુદ્રપ્રયાગ | મોટર | - |
| ૩,૦૦૦ | અગસ્તમુનિ | મોટર | ૧૧.૫ |
| ૩,૦૦૦ | કુંડચટ્ટી | મોટર | ૧૦ |
| ૪,૯૫૦ | ગુપ્તકાશી | પૈદલ, ઘોડા, દંડી, કંડી | ૨ |
| | નાલાચટ્ટી | " " " " | ૧.૫ |
| | નારાયણકોટી | " " " " | ૨ |
| | બ્યોંગ ભલ્લા | " " " " | ૧.૫ |
| ૫, ૨૫૦ | ફાટાચટ્ટી | " " " " | ૨ |
| | રામપુરચટ્ટી | " " " " | ૩ |
| | ત્રિયુગીનારાયણચટ્ટી | " " " " | ૪.૭૫ |
| | સોમદ્વારા | " " " " | ૩.૨૫ |
| ૬,૫૦૦ | ગૌરીકુંડ | " " " " | ૩ |
| | રામવાડા | " " " " | ૪ |
| | જંગલચટ્ટી | " " " " | ૧ |
| | ગરુડચટ્ટી | " " " " | ૧ |
| ૧૧,૭૫૩ | કેદારનાથ | " " " " | ૧ |

[રામપુરચટ્ટીથી ત્રિયુગીનારાયણચટ્ટી જવાના અને ત્યાંથી કેદારનાથ જવા માટેના માર્ગ પર પાછા આવવાના ૬ માઈલ બાદ કરવાથી ૪૮ માઈલની યાત્રા થાય છે.]

☼ ☼ ☼ ☼ ☼

## ૬. ગંગોત્રી

ગંગોત્રીનું સ્મરણ કરતાંવેંત ગંગાનું સ્મરણ થયા વિના નથી રહેતું. ગંગોત્રી ગંગાનું ઉદ્દભવસ્થાન મનાય છે, પરંતુ ખરું જોતાં એ ઉદ્દભવસ્થાન તો ગંગોત્રીથી થોડુંક દૂર છે. ગંગોત્રીમાં તો ગંગાના પ્રથમ વારના વિશાળ, પુનિત પ્રવાહનું દર્શન થાય છે. એ પ્રવાહ ખૂબ જ આકર્ષક અને અદ્દભુત છે. કહે છે કે ભગીરથે પોતાના પૂર્વજો અથવા રાજા સાગરના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર આણી. એને પરિણામે એમનો ઉદ્ધાર તો થયો જ, પરંતુ પૃથ્વીના અસંખ્ય જીવોને કૃપા મળી.

ગંગોત્રીનું સ્થાન ઘણું સુંદર છે. જમનોત્રીમાં જેમ જમાનજીનું મંદિર છે તેમ ગંગોત્રીમાં ગંગાનું નાનકડું મંદિર છે. પર્વતો પર બરફ છવાયેલો હોવાથી સ્થાન રમણીય તો લાગે જ છે, પરંતુ ઠંડી પણ સારા પ્રમાણમાં પડે છે. એવી ઠંડીમાં પણ યાત્રીઓ ગંગામાં સ્નાન કરે છે. જમનોત્રીમાં કુદરતે ગરમ પાણીના કુંડ કર્યાં છે, તેથી યાત્રીઓને ઘણી રાહત રહે છે. પરંતુ આવું કુદરતી સૌભાગ્ય ગંગાત્રીને નથી મળ્યું. એટલે ત્યાંના ઠંડા વાતાવરણમાં મોટે ભાગે તાપ નીકળ્યા પછી જ સ્નાન કરવું પડે છે. ગંગોત્રીમાં મકાનો સારા પ્રમાણમાં છે. ગંગાના સામેના તટપ્રદેશ પર સાધુસંતોને રહેવાની કુટિરો છે. સાધુસંતોને માટે અન્નક્ષેત્રની વ્યવસ્થા તથા ધર્મશાળા પણ છે.

એ પ્રદેશમાં ચીલ તથા દેવદારના વૃક્ષો વધારે છે. એથી એની રમણીયતામાં વધારો થાય છે. એ સુંદર સ્થળની ઊંચાઈ સમુદ્રની સપાટીથી દશ હજાર ફૂટ જેટલી છે. ત્યાંના ગંગાજીના મુખ્ય મંદિરમાં શંકરાચાર્યે સ્થાપેલી ગંગાની મૂર્તિ છે, તથા રાજા ભગીરથ, યમુના, સરસ્વતી ને શંકરાચાર્યની મૂર્તિઓ પણ જોવા મળે છે. ગંગાજીની મૂર્તિ સોનાની છે. ગંગોત્રીમાં ભગીરથ શિલા છે. તેના પર રાજા ભગીરથે તપ કર્યું હતું એમ કહેવાય છે.

શિયાળામાં ખૂબ બરફ પડતો હોવાથી, મંદિરની મૂર્તિઓને મુખબા ગામથી એકાદ માઈલ દૂર માર્કંડેય ક્ષેત્રમાં લાવવામાં આવે છે. શિયાળામાં મૂર્તિઓની પૂજા ત્યાં જ કરવામાં આવે છે.

ગંગોત્રીમાં ગંગાના સામે કિનારે કેટલાય દર્શનીય તપસ્વી મહાત્માપુરુષો વાસ કરે છે. તેમાં મહાત્મા કૃષ્ણાશ્રય મુખ્ય છે. અમે એમના દર્શનના લાભ લીધો. એ મૌન રાખે છે. તથા નગ્ન રહે છે. એ એકાંત, શાંત સ્થાનમાં રહીને એમણે વરસો સુધી તપ કર્યું છે. એ વખતે ત્યાં સ્વામી પ્રજ્ઞાનાથ પણ વાસ કરતા. ઉત્તરકાશીથી તેઓ ત્યાં રહેવા આવેલા. તેઓ ઉચ્ચકોટિના જ્ઞાની પુરુષ હતા.

ગંગોત્રીથી ગૌમુખ જતાં લગભગ દોઢેક માઈલ પર ભાગીરથીના તટ પરની એક ગુફામાં એક વયોવૃદ્ધ મહાત્મા રહેતા હતા. તેઓ હાથમાં માળા લઈને આખો વખત ‘જગદીશ જગદીશ’ના જપ કરતા. સાંજ પડતા સુધીમાં પોતાની પાસે આવતાં દર્શનાર્થીઓને અત્યંત આગ્રહ કરીને ફળાહાર આપતા, ને છેવટે પોતે જમતા.

**માર્ગ :** ગંગોત્રીનો જવાનો માર્ગ હૃષીકેશથી આગળ વધે છે. હૃષીકેશથી નરેન્દ્રનગર ને ટિહરી થઈને મોટર દ્વારા ઉત્તરકાશી જઈ શકાય છે. હવે તો ઉત્તરકાશીથી આગળનો મોટર-રસ્તો તૈયાર થઈ ગયો છે. આથી યાત્રીઓને વધારે સગવડ મળશે.

હૃષીકેશના સામેના પર્વત પર જે વસતિ દેખાય છે તે નરેન્દ્રનગરની છે. પહેલાંના ટિહરીગઢવાલ સ્ટેટની રાજધાની અહીં હતી. હૃષીકેશથી તે દસ માઈલ દૂર છે. ત્યાંથી મોટર-રસ્તે આગળ જતાં ટિહરી આવે છે. હૃષીકેશથી એનું અંતર લગભગ એકાવન માઈલ છે. ટિહરી પર્વતની વચ્ચે મેદાનમાં વિસ્તરેલું મોટું શહેર છે. ત્યાં ગંગા ને ભીલંગનાનો સંગમ થાય છે. ત્યાંથી બે માઈલ જેટલે દૂર સીમલાસુ નામે સ્થાન છે. ત્યાં સ્વામી રામતીર્થ જીવનના છેલ્લા દિવસોમાં રહેલાં. એમનું શરીર પણ ત્યાંથી જ ગંગામાં પ્રવાહિત થઈને શાંત થઈ ગયેલું.

ટિહરીથી આગળ જતાં ધરાસૂ આવે છે. ત્યાંથી એક રસ્તો પદયાત્રાનો જમનોત્રી જાય છે, ને બીજો રસ્તો મોટર માર્ગે ઉત્તરકાશી જાય છે.

**ઉત્તરકાશી:** ઉત્તરકાશી ગંગોત્રીમાર્ગનું મુખ્ય તીર્થ છે. તે પર્વતોની વચ્ચે સપાટ પ્રદેશમાં વસેલું છે. સાધુસંતોની વસતિ ત્યાં વધારે છે. એમને માટે અન્નક્ષેત્ર છે. ઊતરવા માટે બિરલાની ધર્મશાળા સરસ છે. ત્યાંના સુંદર પ્રદેશમાં એક બાજુ ભાગીરથી અને વરણા, તો બીજી બાજુ ભાગીરથી અને અસિ નદીનો સંગમ થાય છે. ભાગવતમાં જેમની વિસ્તૃત કથા કહેવામાં આવે છે તે જ્ઞાની, યોગી જડભરતની સમાધિ પણ આ સ્થળમાં જોવા મળે છે. એની પાસે બ્રહ્મકુંડ છે.

વિશ્વનાથજીનું મંદિર ઉત્તરકાશીનું મુખ્ય મંદિર છે. એ ઉપરાંત ત્યાં એકાદશ રુદ્રમંદિર તથા ગોપેશ્વર, કોટેશ્વર, દત્તાત્રેય, ભૈરવ ને લક્ષેશ્વરના મંદિર પણ છે. સંત મહાત્માઓને માટે દંડીવાડા, કોટેશ્વર તથા કૈલાસ આશ્રમ જેવાં રહેવાના સ્થાનો છે. પંજાબ-સિંધ ક્ષેત્ર તથા કાલી કમલીવાલા ક્ષેત્ર એમને માટે ભિક્ષાનો પ્રબંધ કરે છે. જેમને પોતાનું જીવન શાંતિ, સાધના અથવા એકાંતવાસમાં પસાર કરવું હોય તેમને માટે ત્યાંનું વાતાવરણ અનુકૂળ છે.

ઉત્તરકાશીથી ગંગોત્રીનો આગળનો માર્ગ આ પ્રમાણે છે:

ઉત્તરકાશીથી ક્રમશ: અસિસંગમ ૩ માઈલ, મનેરી ૭ માઈલ, મલ્લાચટ્ટી ૭ માઈલ, ભટવાડી ર માઈલ, ગંગનાની ૯ માઈલ, લોહારીનાગ ૪ માઈલ, સુખ્ખી પ માઈલ, ઝાલા ૩ માઈલ, હરસિલ ર માઈલ, અણિયા પુલ અડધો માઈલ, ધરાલી ર માઈલ.

ધરાલીથી એક રસ્તો મેલંઘાટી થઈને કૈલાસ માનસરોવર જાય છે. એ રસ્તો અઘરો છે. ધરાલીમાં ભાગીરથી તથા દૂધગંગાનો સંગમ થાય છે. ત્યાં શંકરનું મંદિર છે. એની સામે રાજા ભગીરથના તપનો પ્રદેશ શ્રીકંઠ પર્વત છે. ગંગાની સામી બાજુએ મુખબા મઠ છે. એ ગામમાં ગંગોત્રીના પંડાઓ શિયાળામાં રહેતા હોય છે. ત્યાંમથી એક માઈલ દૂર માર્કંડેય સ્થાન છે. શિયાળામાં ત્યાં ગંગાજીની મૂર્તિની પૂજા કરવામાં આવે છે.

ધરાલી થી ક્રમશઃ જાંગલા ૪ માઇલ ને જાડગંગાસંગમ ૧.૭૫ માઈલ છે. ત્યાં સંગમ પર જહ્નુ ઋષિનો આશ્રમ હતો એવું કહેવાય છે. ત્યાંથી ભૈરવઘાટી .૭૫ માઈલ છે. અને ત્યાંથી ગંગોત્રી ૬.૫૦ માઈલ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. ગોમુખ

ગંગોત્રીથી લગભગ ૧૯ થી ૨૦ માઈલનો આગળનો પ્રવાસ કરીએ એટલે ગંગાનું ઊગમસ્થાન ગૌમુખ આવે છે. જેણે પણ એ પ્રવાસ કર્યો છે તેને એની કઠિનતાનો કપરો અનુભવ થાય છે. પર્વતની વચ્ચેથી ઘોર જંગલમાં થઈને પસાર થતો એ પ્રવાસપથ ખરેખર વિકટ છે. રસ્તામાં કેટલેય ઠેકાણે ઝરણાં પાર કરવા પડે છે. જંગલી જનાવર પણ જોવા મળે છે. પર્વતો પણ કેટલેય ઠેકાણે કાચા છે. છતાં એ પ્રદેશના અસાધારણ સૌન્દર્યથી અંજાઈને કેટલાય સાહસવીરો, સૌન્દર્યરસિકો ને સાધુઓ ગંગોત્રીથી આગળ વધે છે. અને ગૌમુખના દર્શનથી ધન્ય બને છે. માર્ગની મુશ્કેલીઓને એ નજીવી ગણે છે. હિમાચ્છાદિત પ્રદેશનો પ્રવાસ એમને અદ્‌ભુત આનંદ આપે છે.

ગંગોત્રીથી આગળ કોઈ ધર્મશાળા નથી આવતી, કે નથી કોઈ ગામ પણ મળતું; એટલે વચ્ચેના મુકામ માટે તંબુની વ્યવસ્થા કરી લેવી પડે છે. ખાવાપીવાની જરૂરી સામગ્રી, બરફ પર ચાલવાના જોડા અને લાકડી પણ સાથે રાખવાં પડે છે. સારા માર્ગદર્શકની પણ જરૂર પડે છે.

ગંગોત્રીથી ગૌમુખ જતાં રસ્તામાં દસેક માઈલ જઈએ એટલે એક નાનો સરખો સંગમ આવે છે. ત્યાં દેવગાડ નામની નદી ભાગીરથીમાં મળે છે. ત્યાંથી સાડા-ચાર માઈલ દૂર ચીડના વૃક્ષોનું વન ચીડોવાસ છે. પ્રવાસીઓ ત્યાં રાતે આરામ કરે છે, અને સવારે વહેલા ઊઠીને ત્યાંથી ચાલીને ગૌમુખ પહોંચે છે.

ગૌમુખનું દર્શન અત્યંત અદ્‌ભુત છે. ત્યાં વહેતી ગંગાની ધારા જોઈને અંતર આનંદી ઊઠે છે. તે ધારા ગ્લેશિયરની નીચેથી નીકળે છે.પાણી ખૂબ જ ઠંડુ હોય છે, ત્યાં ભાવિકો સ્નાન કર્યા વિના નથી રહેતા. કેદારની જેમ ત્યાં પણ લાકડાં સળગાવીને શ્રદ્ધાળુ લોકો સ્નાન કરે છે. સૂર્યોદય પછી બરફથી ભરેલા પર્વતો પરથી બરફના ટુકડા પડવા શરૂ થતાં હોવાથી, પ્રવાસીઓ તે પહેલાં જ પાછા વળી જાય છે. ત્રણેક દિવસનો એ પ્રવાસ જીવનભર યાદગાર બની જાય છે.

સ્વામી તપોવનજી દર વરસે ગૌમુખ જતા ને તેમની સાથે ઉત્તરકાશીથી કેટલાક બીજા લોકો પણ નીકળતાં. યાત્રામાં આજે પણ ઉત્તરકાશી કે ગંગોત્રીથી કેટલાક સંતપુરુષો જોડાય છે. એમનામાંના કોઈનો સંગ મળી જાય તો યાત્રા સફળ થાય અને ઉત્સવમય બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. જમનોત્રી

હિમાલયમાં ઉત્તરાખંડમાં વખણાતા, લોકપ્રિય થયેલા ચાર પ્રસિદ્ધ ધામોમાં જમનોત્રીનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. એના આકર્ષણથી પ્રેરાઈને પ્રત્યેક વરસે કેટલાય યાત્રીઓ દર્શનાર્થે આવે છે. ચારેધામની યાત્રામાં જમનોત્રીની યાત્રા સૌથી વિકટ છે. પહેલાં તો એ યાત્રા પગે ચાલીને કરવી પડતી. રસ્તામાં ચઢાણ-ઉતરાણ વધારે આવતાં. એ ઉપરાંત, ધર્મશાળા કે ચટ્ટીઓ પણ લાંબે અંતરે આવતી. રસ્તામાં ભોજન માટેની સામગ્રી બરાબર મળતી નહિ, એથી પણ યાત્રીઓને ઘણી મુશ્કેલી પડતી. પરંતુ હવે વખતના વીતવા સાથે મોટર વ્યવહાર ચાલુ થવાથી એ યાત્રા પ્રમાણમાં ઓછી કષ્ટસાધ્ય બની છે. જોકે જમનોત્રીના માર્ગમાં ઠેઠ સુધી મોટર નથી જતી, તેમ છતાં, થોડેક સુધી પણ મોટરનો લાભ મળવાથી એટલી રાહત રહે છે. મોટરનો વ્યવહાર થોડેક સુધી ચાલુ હોવા છતાં, કેટલાક લોકો પગે ચાલીને યાત્રા કરવાનું પસંદ કરે છે. કેટલાક લોકો પર્વતના માર્ગમાં ઊલટી થતી હોવાથી કે ચક્કર આવતાં હોવાથી પગે ચાલવાનું વધારે પસંદ કરે છે. જેઓ મોટરમાં જાય છે તેમને પણ ઠેઠ સુધી મોટર નહિ હોવાથી છેવટના અમુક માઈલ તો પગે ચાલવાનું રહે જ છે.

**માર્ગ :** જમનોત્રી તથા ગંગોત્રીનો યાત્રામાર્ગ હૃષીકેશથી જ આગળ વધે છે. હૃષીકેશમાં બદરીનાથના મોટર-સ્ટેન્ડથી થોડે દૂર ટિહરી તરફની મોટરોનું એક બીજુ સ્ટેન્ડ છે. ત્યાંથી ઉત્તરકાશી જતી મોટરમાં બેસીને નરેન્દ્રનગર, ટિહરી થઈને આગળ વધી ધરાસૂ ઊતરવું પડે છે. ધરાસૂથી જમનોત્રીનો પગરસ્તો શરૂ થાય છે.

એ વિગત આ પ્રમાણે છે :

ધરાસૂથી ક્રમશઃ કલ્યાણચટ્ટી ૪ માઈલ, બરમખાલા ૫ માઈલ, સિલક્યારા ૫ માઈલ છે. ત્યાં કાલી કમલીવાલાની ધર્મશાળા છે. ત્યાથી ક્રમશઃ રાડી ૫ માઈલ અને ગંગાણી ૨ માઈલ છે.

ગંગાણી ઘણું સુંદર સ્થળ છે. ત્યાં યમનાકિનારે એક કુંડ છે, જે ગંગાનયન કહેવાય છે. પર્વતની સોડમાંથી વહેતા આસમાની રંગના યમુનાના પ્રવાહનું દર્શન ત્યાં ઘણી સારી રીતે થાય છે. જમનોત્રીની યાત્રી પૂરી કરીને આ સ્થળમાં પાછા આવીને ગંગોત્રી જવા માટે ઉત્તરકાશી તરફ આગળ વધવું પડે છે. ગંગાણીથી ઉત્તરકાશી અઢાર માઈલ છે. પરંતુ ગંગાણીથી નવ માઈલ દૂરના સિંગોઠ ગામમાં ધરાસૂ-ઉત્તરકાશીનો મોટરમાર્ગ મળી જતો હોવાથી, ત્યાંથી મોટર માર્ગમાં ઉત્તરકાશી તરફ જઈ શકાય છે. ગંગાણીમાં પહેલીવાર જમનોત્રીના પ્રદેશમાંથી આવતી જમનાની ઝાંખી થાય છે. ત્યાં કાલી કમલીવાલાની ધર્મશાળા છે.

ગંગાણીથી યમુનાચટ્ટી ૭ માઈલ છે. ત્યાં પણ કાલી કમલીવાલાની ધર્મશાળા છે. ત્યાંથી ક્રમશઃ કુન્સાલાચટ્ટી ૪ માઈલ અને હનુમાનચટ્ટી ૫ માઈલ છે. એ બંને ઠેકાણે પણ કાલી કમલીવાલાની ધર્મશાળા પણ છે. ત્યાંથી ખરસાલી ૪ માઈલ છે, જ્યાં જમનોત્રીના પંડા રહે છે. ત્યાંથી ભારે ઠંડી શરૂ થાય છે. રસ્તામાં ઝેરી માખીથી પણ સંભાળવું પડે છે. એ કરડે તો લોહી નીકળી પગ ફૂલી જાય છે. એ રસ્તે 'બિચ્છુબુટ્ટી' પણ મળે છે. એને ભૂલેચુકે અડવાથી હાથમાં વીંછી કરડવા જેવી ભારે વેદના થાય છે.

ખરસાલીથી જમનોત્રી ૪ માઈલ છે. જમનોત્રીનું સ્થાન ઘણું જ રમણીય છે. એ દશ હજાર ફૂટ ઊંચું હોવાથી ઠંડી પણ એટલી જ છે. રસ્તામાં ક્યાંક ક્યાંક બરફ પરથી ચાલવું પડે છે. ત્યાં ગંગોત્રીની પેઠે ગામ નથી, પણ રહેવા માટે ધર્મશાળા છે. બરફના ચકચકતા ધોળા દૂધ જેવા પર્વતોને નિહાળીને પ્રવાસનો બધો થાક ઊતરી જાય છે. એ દૃશ્ય ઘણું અસાધારણ અને અદ્દભુત છે. સામે જ હિમાચ્છાદિત પર્વતમાંથી જમનાનો નાનકડો પાતળો જળપ્રવાહ આપણી આંખ આગળથી પ્રગટ થઈને વહેવા માંડે છે. એ જ પ્રવાહ જેમ જેમ આગળ જાય છે. તેમ તેમ અવનવો આકાર ધારણ કરીને વિશાળ બનતો જાય છે.

જમનાનું જળ અહીં ઘણું ઠંડુ છે પરંતુ પર્વતીય પ્રદેશની લીલા કે રહસ્યમયતા તો જુઓ ! જમનાની તદ્દન પાસે જ ઊકળતા ગરમ પાણીના કુંડ છે. રસોઈ બનાવવા માટે ત્યાં લાકડાં સળગાવવાની જરૂર નથી પડતી. યાત્રીઓ કુંડમાં ચોખા અને બટાટા બાંધેલું કપડું રાખી મૂકે છે, તેથી તે બફાઈ જાય છે. કેટલાય લોકો યાત્રીની સ્મૃતિમાં એ પ્રસાદ ઘેર પણ લઈ જાય છે. કુંડનું પાણી એટલું બધું ગરમ છે કે એમાં હાથ રાખે તો ફોલ્લાં પડી જાય છે. બાજુની જમનાનું પાણી કાલિન્દગિરિ પરનો બરફ ઓગળવાથી ધારા રૂપે પડ્યા કરે છે. તેથી જમનાને કાલિંદનંદિની કે કાલિંદી કહે છે. ત્યાંની ભીષણ ઠંડીને લીધે ઝરણાઓમાં અવારનવાર બરફ જામી જાય છે.

જમનોત્રીમાં સપાટભૂમિનો અભાવ છે. ત્યાં એક બાજુ જમનાજીનું મંદિર છે. પંડાઓ કહે છે કે એ સ્થળમાં પ્રાચીનકાળમાં અસિતમુનિનો આશ્રમ હતો. તેઓ રોજ ગંગાસ્નાન કરવા જતાં. ઘડપણને લીધે તેમને માટે પર્વતનો કઠિન માર્ગ પાર કરીને એટલે દૂર જવાનું અશક્ય બની ગયું, ત્યારે ગંગાજીએ એમના આશ્રમ પાસે પોતાનો નાનોશો પ્રવાહ પ્રગટ કરી દીધો. એ પ્રવાહ આજે પણ છે. હિમાલયમાં દંડપ્રદેશને લીધે ગંગા ને જમનાની ધારાઓ એક થતી અટકી ગઈ છે.

આવા અસાધારણ ઠંડા સ્થાનમાં લાંબા વખત લગી તો કોઈક વિરક્ત કે તપસ્વી યોગી પુરુષ જ વાસ કરી શકે. અમે એ સુંદર સ્થાનની યાત્રા કરી ત્યારે ત્યાંની નાનકડી ગુફામાં એક મૌનવ્રતધારી વૈરાગી સંત રહેતા હતા. તેમનું મુખ તેજસ્વી હતું, શરીરે ભસ્મ ને માથા પર જટાનો મુગટ હતો. તે સાધકાવસ્થામાં હતા છતાં તેમની વૈરાગ્યવૃત્તિ અને સહનશક્તિ સારી હતી. યાત્રીઓની ઉપરાછાપરી અવરજવરને લીધે એમની સાધનામાં તથા એમના એકાંતમાં ભંગ પડતો, એટલે એ કોઈ બીજે સ્થળે જવાનું વિચારી રહ્યા હતા. એ સારું પણ હતું, કેમ કે, ઉત્કટ વૈરાગ્યવાળા અધિકારી સાધકે લોકસંપર્કથી ને લોકાના લોકાહલથી બને તેટલા દૂર રહેતા શીખવું જોઈએ. બહિર્મુખ બનવાને બદલે જેટલા પણ અંતર્મુખ થઈ શકાય એટલું સારૂં. તો જ નિશ્ચિતતાપૂર્વક સાધના કરી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. હેમકુંડ

હિમાલયમાં ઉત્તરાખંડની પુણ્યભૂમિમાં કેવાં કેવાં સુંદર સ્થાનો છે ! યાત્રાના ચિરપરિચિત, સર્વસુલભ પથ પરથી પસાર થતા પ્રવાસીને જુદાં જુદાં તીર્થો ને સુંદર સ્થાનોના દર્શનનું સૌભાગ્ય સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થતું હોય છે, પરંતુ યાત્રાના સુમાહિતગાર માર્ગથી થોડેક દૂર, અંદરના પ્રદેશમાં પણ એવા થોડાક સ્થાનો જોવા મળે છે, જે એમની સાથે સંકળાયલા ચિરસ્મરણીય ઈતિહાસથી, એમના અસાધારણ સૌન્દર્યથી તથા એમની અવર્ણનીય ઊંડી શાંતિથી આપણને મુગ્ધ કરે છે, ને ઉલ્લાસ ધરે છે. એમાંના કોઈકોઈ વિશેષ સ્થાનનો પરિચય કરાવી આપણી સુષુપ્ત રસવૃત્તિને જાગ્રત કરવા ને એની મુલાકાત લેવા પ્રેરિત કરવા માટે આપણે ખાસ કરીને પરદેશી પ્રવાસીઓને ધન્યવાદ આપવા ઘટે છે. એમની સૌન્દર્યરસિક ગુણગ્રાહી દૃષ્ટિએ કેટલાંક અજ્ઞાત અથવા અલ્પજ્ઞાત સ્થળો પર પ્રકાશ પાડ્યો છે. હેમકુંડનું સ્થળ પણ એમાંનું એક છે. એ સ્થળ છે તો પ્રાચીન, અને ધર્મપ્રેમી તથા સૌન્દર્યરસિક જનતા પણ અવારનવાર અહીં આવતી રહી છે; પરંતુ પરદેશી પ્રવાસીઓએ એને વિશેષ ખ્યાતિમાં આણ્યું. એમણે એના પર સચિત્ર લેખો લખ્યા ત્યારથી આપણા પ્રકૃતિપ્રેમી શિક્ષિતવર્ગનું ધ્યાન તેના તરફ વધારે પ્રમાણમાં ખેંચાયું. પરદેશી પ્રવાસીઓ ત્યાં ઊગતાં અસંખ્ય અનેકરંગી ફૂલોથી મુગ્ધ થઈને એને 'વેલી ઑફ ફલાવર્સ' અર્થાત્ ફૂલોની ઘાટી કે ખીણ કહેવા લાગ્યા. કુદરતની કળા પર એ વારી ગયા. એમના વિસ્તૃત વર્ણનોએ બીજાને ઉત્સાહ આપ્યો અને પ્રવાસની પ્રેરણા પૂરી પાડી. તોપણ, એટલું તો કહેવું જ જોઈએ કે એ હેમકુંડ અથવા પુષ્પોની ખીણના સ્થાનથી જ નહિ, પરંતુ નામથી પણ હજુ અનેક લોકો અજ્ઞાત છે. એમને માટે આ વર્ણન ઉપયોગી થઈ પડશે એવી આશા છે. આપણે ત્યાં ધાર્મિક દૃષ્ટિએ કે કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ, ગમે તે રીતે પણ, પ્રવાસ કરવાની વૃત્તિ વધતી જાય છે એ અત્યંત આનંદદાયક અને આવકારદાયક વસ્તુ છે. એ વૃત્તિ સરવાળે લાભકારક છે.

હેમકુંડ જવા માટે બદરીનાથના પ્રસિદ્ધ તીર્થધામના માર્ગનો આધાર લેવો પડે છે. બદરીનાથના માર્ગમાં આવેલાં પાંડુકેશ્વરથી પાછા આવતા હેમકુંડ અગિયાર માઈલ છે. પાંડુકેશ્વરથી ચાર માઈલ આગળ ચાલી, ગંગાના સામે કિનારે જઈને સાત માઈલ વધારે ચાલવું પડે છે. માર્ગ અઘરો છે, છતાં પુષ્પોના દર્શન માટે લોકો મોટી સંખ્યામાં એ માર્ગે આગળ વધે છે. હેમકુંડમાં નાનું ગુરુદ્વારા છે. શીખ ધર્મમાં માનતી પ્રજા એ સ્થાનને મહત્વનું માને છે ને યાત્રાધામ ગણે છે, કારણ કે 'વિચિત્રનાટક' નામના પોતાના પુસ્તકમાં એ સ્થાનનો નિર્દેશ કરતાં મહાન શીખગુરુ ગોવિંદસિંહે લખ્યું છે કે, 'પૂર્વજન્મમાં મેં સપ્તશૃંગ પર્વત પર હેમકુંડમાં તપશ્ચર્યા કરીને કાલિકા તથા મહાકાલની આરાધના કરેલી.'

પ્રાચીનકાળમાં લક્ષ્મણજીએ પણ એ એકાંત સ્થળમાં તપશ્ચર્યા કરેલી. ત્યાં તેમની સ્મૃતિમાં તેમનું તથા દેવીનું નાનું મંદિર છે.

હેમકુંડ, લોકપાલ કે ફૂલોની ઘાટીમાં પ્રવેશ કરતાં પહેલાં, એ પ્રદેશ સૈનિકનિરીક્ષણ નીચે હોવાથી, સરકારી રજા લેવી પડે છે. જોશીમઠમાં સબડિવિઝનલ ઑફિસરની ઑફિસ છે. ત્યાંથી એ પ્રદેશના પ્રવેશ માટેનું ફૉર્મ મળે છે. તે ફૉર્મ એ ઑફિસરની સામે ભરીને એમની રજા માંગવી પડે છે.

બદરીનાથના માર્ગમાં જોશીમઠથી સાત માઈલ આગળ ગોવિંદઘાટ નામે જગ્યા છે. ત્યાં અલકનંદાના જમણા તટ પર શીખોનું ગુરુદ્વારા તથા ધર્મશાળા છે. એની પહેલાંની સૈનિક ચોકીમાં યાત્રીઓએ પોતાના રજાપત્રો રજૂ કરવા પડે છે. ગોવિંદઘાટથી આગળ જતાં અલકનંદાના પૂલની પેલી તરફ પાકો રસ્તો છે. એ રસ્તે લગભગ સાત માઈલ જતાં ઘગરિયા નામે ગામ આવે છે. ત્યાં પણ શીખોનું ગુરુદ્વારા અને ધર્મશાળા છે. ત્યાં પૉસ્ટઑફિસ તથા ડાકબંગ્લાની વ્યવસ્થા પણ છે. ઉપરાંત, નાની બે દુકાનોમાંથી રસોઈ બનાવવાની જરૂરી સામગ્રી મળી રહે છે. પરંતુ તેના ભાવ ઘણા વધારે હોવાથી જરૂરી સામગ્રી જોશીમઠથી લેવાનું વધારે સારું છે. ઘોડાવાળા ઘોડા માટેના દાણા જોશીમઠથી જ લઈ લે છે. ઘગરિયા ગામ પહોંચતા પહેલાં દોઢેક માઈલના માર્ગમાં બદામ, અખરોટ અને ભોજપત્રના અસંખ્ય વૃક્ષો જોવામાં આવે છે. ઘગરિયા ગામની ઊંચાઈ સમુદ્રસપાટીથી લગભગ દશ હજાર ફૂટ હોવાથી ત્યાં શ્રાવણ-ભાદરવામાં જનારને ઠંડીનો અનુભવ સારા પ્રમાણમાં થાય છે. ત્યાંના ગુરુદ્વારામાં રહેનાર ગ્રંથી પ્રવાસીઓને બધી રીતે આરામ મળે તેનું પૂરેપૂરું ધ્યાન રાખે છે. પ્રવાસીઓને જરૂર હોય તો ઠંડીથી રક્ષણ કરવા માટે દરેકને ચાર કામળા, બંને વખત ગરમ ચા, તેમ જ ભોજન માટે રોટલી, દાળ ને બટાટાનું શાક આપે છે. પર્વતીય પ્રદેશમાં આટલે દૂર, આવા ઠંડા અને નાના સરખા સ્થળમાં મળતી આવી સગવડ પ્રવાસીઓને માટે ખરેખર આશીર્વાદરૂપ થઈ પડે છે.

ગુરુદ્વારાથી આગળ ચાલીએ એટલે નાની પહાડી નદી આવે છે. એને પાર કરીએ એટલે બે પાકા માર્ગ મળે છે. એમાંનો ઉત્તર તરફ જતો એક માર્ગ ફૂલોની ઘાટી તરફ જાય છે, અને બીજો માર્ગ દક્ષિણ તરફ જઈને હેમકુંડ અથવા લોકપાલ પહોંચાડે છે. એ માર્ગ ગુરુદ્વારથી લગભગ ચાર-પાંચ માઈલ જેટલો લાંબો છે. અડધો રસ્તો પસાર કર્યા પછી બરફથી જામેલી નદી પાર કરવી પડે છે. ભાદરવો મહિનો ચાલતો હોવાથી અમને બરફનું આવું દર્શન સુલભ થઈ શક્યું. ઉનાળાના દિવસોની યાત્રા દરમિયાન એવું બરફનું અસાધારણ દર્શન શક્ય નથી બનતું.

હેમકુંડ સમુદ્રસપાટીથી આશરે બાર હજાર ફૂટ ઊંચે છે. ત્યાં જે સુંદર સરોવર છે તેનો વિસ્તાર ત્રણ માઈલનો મનાય છે. એ સરોવરની સામે બરફથી ઢંકાયેલા હિમાલયના પર્વત શિખરોનું દર્શન થાય છે. કુદરત આખી એ શાંત, સુંદર અને અસાધારણ દૃશ્ય જોવામાં જાણે કે લીન બની ગઈ છે. પોતાની સમસ્ત પ્રકારની ચંચળતાનો ત્યાગ કરીને બેઠેલી કોઈક સમાધિસિદ્ધ યોગિની જેવી એ પોતે તો પ્રશાંતિનો અનુભવ કરી જ રહી છે, પરંતુ સાથે સાથે એ આપણને પણ પરમ આહ્લાદકતા આપી રહી છે. ત્યાં આજુબાજુના પર્વતીય પ્રદેશમાં અનેક જાતનાં રંગબેરંગી ફૂલો દેખાય છે. વૃક્ષોને બદલે સમસ્ત પ્રકૃતિ જાણે ફૂલોથી સજ્જ બની હોય, અથવા એણે ફૂલોની વિશાળ ચાદર ઓઢી હોય એવો દેખાવ આપણી સામે ઉપસ્થિત થાય છે. આગળ તેર હજાર ફૂટની ઊંચાઈ પર બ્રહ્મકમળ દેખાય છે. એની સુગંધ ખૂબ જ તીવ્ર હોય છે.

હેમકુંડ અથવા લોકપાલમાં ગુરુ ગોવિંદસિંહનું ગુરુદ્વારાના રૂપમાં કરાયેલું નાનું સરખું સ્મારક છે. ત્યાં પર્વદિવસે પીળો ઝંડો ફરકાવવામાં આવે છે. યાત્રીના રહેવા માટે ધર્મશાળા છે. સ્વાધ્યાય તથા સાધના માટે એ સ્થાન ઘણું અનુકૂળ છે. મન ત્યાં સહેલાઈથી શાંત થઈ શકે છે.

**ફૂલોની ઘાટી :** હેમકુંડ જોયા પછી કેટલાય યાત્રીઓ ફૂલોની ઘાટી જોવાનું પસંદ કરે છે. ઘગરિયા ગામની ગુરુદ્વારાની આગળની નાની પહાડી નદીને પાર કરીને ઉત્તર તરફના માર્ગે આગળ વધવાથી ફૂલોની

ઘાટી પાસે પહોંચી શકાય છે. ત્યાંથી ફૂલોની ઘાટી ત્રણેક માઈલ દૂર છે. એની ઊંચાઈ સમુદ્રતટથી બાર હજાર ફૂટ છે. ત્યાં જવાનો માર્ગ પાકો તથા ઘોડા સહેલાઈથી ચઢી શકે તેવો છે.

ફૂલોની એ ઘાટી ભ્યૂંડારઘાટીમાં આવેલી છે. સૌથી પહેલાં એ સુંદર સ્થાનનો પરિચય હિમાલયના કામત શિખરને સર કરનાર સાહસવીર શ્રી ફ્રેન્ક એસ. સ્મિથે ઈ.સ. ૧૯૩૧માં આપેલો. ત્યાંના રસમય દૃશ્યો ને ફૂલોને નિહાળીને આશ્ચર્યચકિત ને મુગ્ધ થતાં એણે કહ્યું કે, 'એનું સૌન્દર્ય સંસારભરમાં સર્વશ્રેષ્ઠ છે.' એથી આકર્ષાઈને એ ઈ.સ. ૧૯૩૭માં એ સુંદર સ્થાનમાં ચાર મહિના રહેવા તથા શાંતિ મેળવવા આવ્યો. એણે એ સમય દરમિયાન બસો પચાસ જાતનાં ફૂલ તેમજ ફૂલનાં બીજ એકઠાં કરીને પોતાના દેશના બગીચા માટે મોકલી આપ્યાં. 'ફૂલોની ઘાટી' નામની એક પુસ્તિકા પણ તૈયાર કરી. એમાં એણે લખ્યું છે : "હિમાલય પ્રદેશમાં જ નહિ, પરંતુ દુનિયાના કોઈ પ્રદેશમાં આવું સૌન્દર્ય નથી દેખાતું. અહીં એક જ સ્થળમાં બરફથી છવાયેલા ઊંચા પર્વતશિખરો, ધોધ, થીજી ગયેલાં બરફની નદીઓ, ઝરણાં, મેદાનો, જંગલો, બરફના વિસ્તારો, અને રંગબેરંગી ફૂલોનું દર્શન થાય છે. સંતપ્ત હૃદયને શીતળતા અને શાંતિ આપનારું આથી ઉત્તમ બીજું કોઈ સ્થાન મેં અત્યાર સુધીમાં જોયું નથી."

એ પરદેશી પ્રવાસી ને પ્રકૃતિપ્રેમીની વિદાય પછી બે વરસ બાદ ઇંગ્લેન્ડથી લેડી લેજ નામની એક સ્ત્રી આવી. એણે એ સુંદર સ્થળમાં બે વરસ જેટલો લાંબો સમય રહીને ચારસો પ્રકારનાં ફૂલ ને બીજ લંડનના ક્યૂ ગાર્ડનમાં મોકલી આપ્યાં. એ પ્રકૃતિપ્રેમી સન્નારીએ ત્યાંના સુંદર શાંત વાતાવરણથી પ્રભાવિત થઈને પોતાનું શેષ જીવન ત્યાં જ ગાળવાનો સંકલ્પ કર્યો. એ ત્યાં રહી પણ ખરી. પ્રકૃતિ સાથે એણે પોતાના આત્માને એક કરી દીધો. પરંતુ એના જીવનનો અંત કરુણ રીતે આવ્યો. ફૂલની ઘાટીના એના એ અત્યંત પ્રિય સ્થાનમાં જ એણે છેલ્લો શ્વાસ લીધો. એક દિવસ ફૂલ તોડતી વખતે એનો પગ પર્વત પરથી એવો તો લપસ્યો કે નીચે આવેલા ફૂલોના મેદાનમાં ફૂલોની સુંવાળી શય્યા પર સદાને માટે એ પોઢી ગઈ. પ્રકૃતિએ જાણે કે એવી રીતે એની સામે બળવો પોકાર્યો; અથવા બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે, એના પ્રકૃતિપ્રેમી પ્રાણને પ્રકૃતિએ પ્રસન્ન થઈને પોતાની અંદર સમાવી દીધો. બકરાંઘેટા ચરાવનારા પહાડી લોકોએ એ કરુણ ઘટના જોઈને દુ:ખ અનુભવ્યું. એમણે જ પાછળથી સંવેદના અને સહાનુભૂતિથી પ્રેરાઈને એ ભૂમિ પર થોડેક દૂર એક પથ્થર પાસે એ સૌન્દર્યપ્રેમી સન્નારીની સમાધિ તૈયાર કરી. ફૂલની ઘાટીનું અવલોકન કરવા જનારા પ્રવાસીઓ એ સમાધિ આજે પણ જુએ છે અને એ સન્નારીને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

ફૂલોની ઘાટીના નિરીક્ષણ માટે ઑગસ્ટ મહિનો સૌથી ઉત્તમ મનાય છે. એ વખતે બરફ તથા વરસાદની એટલી તકલીફ નથી રહેતી, અને ઘાટી વિવિધરંગી ફૂલોથી છવાયેલી હોય છે. પ્રવાસીના સત્કાર અને પ્રવાસી પ્રત્યેના પ્રેમદર્શન માટે પ્રકૃતિએ જાણે પુષ્પોના પાથરણા ના પાથર્યા હોય ! એ સ્થળમાં વરસતી વખતે વાદળ પણ વિચાર કરે છે કે કોમળ કુસુમો પર મારું વેગથી વરસવાનું કઠોર આઘાત સમું થઈ પડશે, એટલે વરસાદના દિવસોમાં પણ અત્યંત મંદ ગતિએ વરસે છે. સૌન્દર્યનું નિરીક્ષણ કરતું અને એથી પ્રમત્ત બનતું એ ધીમે સ્વરે વરસતું રહે છે. મે થી ઑગસ્ટ સુધીના ચાર મહિનામાં નવા નવા ફૂલ ખીલતા રહે છે. એમને ખીલવા માટે કોઈ બાહ્ય ખાતરની જરૂર નથી પડતી. પ્રકૃતિ પોતે જ એમને માટે

જરૂરી ખાતરની તૈયારી કરે છે. જુના ફૂલ ધરતીમાં ભળી જઈને ખાતરનો હેતુ સારતા રહે છે. ફૂલોની ઘાટી જોઈને કુદરતની અદ્દભુત કળા અથવા ઈશ્વરની અજબ લીલાનો ખ્યાલ આવે છે ને હૃદય ભાવવિભોર તથા ગદ્દગદ્દ બની જાય છે.

ફૂલોની ઘાટીના માર્ગમાં પર્વતોને અડીને ધૌલી ગંગા વહે છે. તે પણ પ્રવાસી સાથે જાણે ફૂલોનું દર્શન કરવા આવે છે. તે ઉપરાંત, કેટલાય ધોધ દેખાય છે. શિલાઓ પર પાણીના ઉછાળા મારતાં અને આગળ વધતાં તરંગો અત્યંત ચિત્તાકર્ષક લાગે છે. ફૂલોની ઘાટીમાં પ્રવેશતાં ને ફૂલોના એ પાર વિનાના પ્રદર્શનને જોતાંવેંત જ અંતર આનંદથી ઉભરાઈને ઊછળવા માંડે છે. ઘાટીની આજુબાજુ ઊંચાઊંચા ગગનચુંબી પર્વતો છે. એમાંના કોઈક હિમાચ્છાદિત, કોઈક નીલ રંગના, તો કોઈક કાળા રંગના દેખાય છે. એ પર્વતની બધી ખીણો અને વિશાળ સપાટ જમીનમાં ફૂલો સિવાયની ખાલી જગ્યા ક્યાંય પણ નથી દેખાતી. જમીન પર ચાલતી વખતે પણ ફૂલો વિના બીજું કશું જ નથી આવતું. ચારેકોર ફૂલોનું જ સામ્રાજ્ય છે. એમની વચ્ચે ક્યાંક ક્યાંક પથ્થરો પડ્યાં છે. એમની ઉપર બેસીને ચારે તરફ ફેલાયેલા એ પર્વતીય પરિવારનું અવલોકન કરતા આનંદ થાય છે. એમાંના એકાદ પથ્થર પર ઈશ્વરસ્મરણ, ધ્યાન કે પ્રાર્થનામાં બેસવાથી પણ મન બહારના વિષયોનું વિસ્મરણ કરીને સહેલાઈથી એકાગ્ર અને શાંત થાય છે. પ્રકૃતિના ભંડારથી ભરેલા એ પરમ શાંત, સુંદર પ્રદેશમાં જરૂરી તૈયારી કરીને તંબુ નાખીને જુલાઈ, ઑગસ્ટ કે સપ્ટેમ્બર મહિનામાં આત્મવિકાસની સાધના માટે રહેવાનું હોય તો ઘણો મોટો લાભ થાય એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. ચંદ્રવદની દેવી

હિમાલયની ઉત્તરાખંડની ભૂમિમાં કેટલાંક એવાં સુંદર તીર્થસ્થાનો છે, જે યાત્રામાર્ગથી અલગ અથવા એક બાજુએ હોવાથી બહુ પ્રસિદ્ધ નથી. બહારના યાત્રીઓને એમની ખાસ માહિતી નથી હોતી, છતાં આજુબાજુની જનતા એમને ખૂબ જ સારી રીતે જાણે છે અને એમના પ્રત્યે આદર ધરાવે છે. ચંદ્રવદની દેવીનું સ્થાન એવાં તીર્થસ્થાનોમાંનું એક છે. ગઢવાલમાં અને ખાસ કરીને દેવપ્રયાગ તેમજ ટિહરીની આજુબાજુની જનતામાં એની ખૂબ જ પ્રસિદ્ધિ છે. એ બાજુના અસંખ્ય લોકો એનું દર્શન કરવા અવારનવાર આવે છે.

**જવાનો રસ્તો :** દેવપ્રયાગથી કીર્તિનગરના મોટરમાર્ગે થોડુંક આગળ ચાલ્યા પછી ચંદ્રવદની જવા માટેનો માર્ગ પર્વતમાં ફંટાય છે. દેવપ્રયાગથી લગભગ દસેક માઈલનો માર્ગ પગપાળા જ કાપવો પડે છે. દેવપ્રયાગથી ઘોડાની વ્યવસ્થા અથવા કંડીની સગવડ થઈ શકે છે. રસ્તામાં ત્રણેક પર્વતીય ગામ આવે છે. છેલ્લું ગામ ચંદ્રવદનીથી અડધા માઈલ જેટલું નીચે છે. ચંદ્રવદની દેવીના સ્થાનમાં પાણીની કોઈ વ્યવસ્થા નહી હોવાથી જરૂરી પાણી એ ગામના ઝરણેથી જ લઈ જવું પડે છે.

એ ગામથી દેવીના સ્થળ પર જવાનું ચઢાણ પૂરું કરીને ઉપર પહોંચો એટલે દેવીનું નાનું મંદિર, પૂજારી માટે રહેવાનું મકાન અને ધર્મશાળા જોવા મળે છે. મંદિરમાં મૂર્તિ નથી, પરંતુ યંત્ર છે. એ સ્થાન આશરે સાત હજાર ફૂટ ઊંચે હોવાથી ઠંડુ રહે છે. ત્યાંથી દૃષ્ટિપાત કરતા આજુબાજુનું દૃશ્ય ઘણું અદ્દભુત અને આકર્ષક લાગે છે. આકાશને અડવા માગતી ઊંચી ઊંચી લીલીછમ પર્વતમાળા, ઘોર જંગલને બીજી બાજુ ધરતીનું દર્શન થાય છે. આસપાસના ભયંકર જંગલમાં જંગલી જનાવરો વાસ કરે છે. કોઈક વાર કોઈ જનાવર દેવીના દર્શન માટે પણ આવી પહોંચે છે. એ સ્થાનમાં શિયાળામાં જવાથી બરફનું દર્શન કરવાની તક સહેજે મળી રહે છે. અમે એકવાર આખો માગશર મહિનો એ સ્થળમાં રહ્યા હતા ત્યારે અવારનવાર બરફ પડ્યા કરતો.

દેવીના એ સ્થળમાં વરસની બંને નવરાત્રી દરમિયાન મેળો ભરાય છે. એ વખતે ત્યાં ઘણાં લોકો ભેગા થાય છે. પર્વતીય પ્રજા પોતાનો પચરંગી પોશાક પહેરીને ત્યાં આવી પહોંચે છે. એ પ્રજાના ગીતો ને નૃત્ય એકદમ અનોખા હોય છે.

એ સ્થાનમાં એ વખતે એક બીજું ક્રુર, કરુણ, કમનસીબ દૃશ્ય જોવા મળે છે. દેવીને પ્રસન્ન કરવાના ઉદ્દેશથી ત્યાં કેટલાય બકરાંનું અને પાડાઓનું બલિદાન દેવામાં આવે છે. એ પ્રથા વરસોથી ચાલી આવે છે. પરિણામે નીચેનું જંગલ એમના હાડકાં તથા શિંગડાથી ભરાઈ ગયું છે. ને ભયંકર દુર્ગંધ મારે છે. નિર્દોષ પ્રાણીઓની કતલની એવી કથા દેશમાં જ્યાં પણ ચાલતી હોય ત્યાંથી એનો અંત આવવો જોઈએ. એવી પ્રથા કોઈને માટે પણ કલ્યાણકારક નથી થઈ શકવાની. દેવી કે દેવતાની પ્રસન્નતા તો તેથી પ્રાપ્ત નથી જ થવાની. તે તો પ્રાપ્ત થશે કેવળ મનની નિર્મળતાથી, પવિત્ર પ્રેમથી ને એકનિષ્ઠ ભક્તિ સાથેના સત્કર્મપરાયણ જીવનથી. એ હકીકત જેટલી પણ વહેલી સમજી લેવાય તેટલી લાભદાયક છે.

દેવપ્રયાગ જનારા યાત્રીઓએ ચંદ્રવદની દેવીના એ શાંત, એકાંત, આહ્લાદક અને સુંદર સ્થાનની મુલાકાત જરૂર લેવા જેવી છે.

## ૧૧. દહેરાદૂનનાં દર્શનીય સ્થળો

કેટલાંક મોટાં પંકાયલાં સ્ત્રીપુરુષોએ દહેરાદૂનને ભારતનું સૌથી સુંદર શહેર કહી બતાવ્યું છે. એમના વિધાન પ્રમાણે તેને સૌથી સુંદર શહેર કહેવું ઉચિત છે કે કેમ એ વાત કોરે રાખીએ, તોપણ, તે એક સુંદર શહેર છે એ તો સાચું જ છે. સુંદર શહેર એ દૃષ્ટિએ નહિ કે તેની બાંધણી કે ગટરની યોજના સુંદર છે, પરંતુ એ દૃષ્ટિએ કે તે અત્યંત આકર્ષક અને આહ્લાદક, આજુબાજુના કુદરતી સૌન્દર્યથી સંપન્ન છે. તેને અડીને ઊભી હોય તેવી એની લીલીછમ પર્વતમાળા તેને વધારે સુંદર બનાવે છે. તેની સાથે જો શહેરની બાંધણીની ને બીજી સુંદરતા ભળી હોત તો તે એક આદર્શ અથવા સુંદરતમ શહેર બની શકત એમાં સંદેહ નથી. તેમ છતાં કેટલીક જોવા જેવી જગ્યાઓ એવી છે જે તેની શોભામાં વધારો કરે છે. એટલું જ નહિ, પણ ભારતના શહેરોમાં તેને આગળ પડતો દરજ્જો ધરે છે. એવાં દર્શનીય સ્થળોનો ઊડતો ઉલ્લેખ કરીએ તો એ અસ્થાને નહિ લેખાય.

**ટપકેશ્વર :** સૌથી પહેલાં તો આપણે ટપકેશ્વરની મુલાકાત લઈએ. ટપકેશ્વર નદીના તટ પર આવેલું એક સુંદર સ્થળ છે. ત્યાં શંકરનું મંદિર છે. મંદિર અંધારી વિશાળ પ્રાકૃતિક ગુફામાં આવેલું છે. એકબાજુ શંકર ભગવાનનું લિંગ છે અને એના પર ગુફાની ઉપરના ભાગમાંથી કુદરતી રીતે જ પાણી ટપકે છે, એટલા માટે જ એ સ્થળ ટપકેશ્વર તરીકે વિખ્યાત થયું હશે.

ટપકેશ્વરનું સ્થળ અત્યંત આકર્ષક છે. એ શાંત, સુંદર સ્થળની રચનાને કેટલા વરસો થયા હશે એ તો કોણ જાણે, પરંતુ સ્થળ ઘણું જ પ્રાચીન તથા એકાંતવાસ અને સાધના માટે અનુકૂળ છે. નદીના કિનારા પર પર્વતમાં નાનીનાની ગુફાઓ છે. તેમાં કોઈ કોઈવાર કોઈ તપસ્વીઓ રહે છે પણ ખરા. જો કે હવે તપસ્વીઓની સંખ્યા ઓછી થતી જાય છે અને એકાંતમાં રહેનારા યોગીપુરુષો પણ ઘટતા જાય છે; તોપણ કોઈક વાર કોઈ વિરલ સંત કે સાધક ત્યાં પહોંચી જાય છે, અને એના શાંત, સુંદર વાતાવરણથી પ્રભાવિત થઈ એ આહ્લાદક ભૂમિમાં વસે છે.

ટપકેશ્વરની બહાર, તદ્દન પાસે, એના પ્રવેશદ્વાર આગળ વાલ્મીકિનો આશ્રમ છે એ વાત પણ ખાસ નોંધવા જેવી છે.

ત્યારે શું વાલ્મીકિ મુનિ અહીં રહેતા હશે ? ઋષિમુનિઓ પોતાના જીવનકાળ દરમિયાન એક ઠેકાણે સ્થાયી રહેવાને બદલે અથવા સ્થાયી રહેવા ઉપરાંત, લોકહિતાર્થે કે સાધનાત્મક પ્રવૃત્તિ માટે વિવિધ પ્રદેશોમાં વિચરણ કરતા અને નિવાસ કરતા. એવી રીતે મહામુનિ વાલ્મીકિ પણ કોઈ એક સ્થળે આશ્રમ બાંધીને રહેવા છતાં, આ સુંદર, શાંત, એકાંત સ્થળથી પ્રભાવિત થઈને થોડોક વખત ત્યાં રહ્યા હોય એ બનવા જોગ છે; અથવા એમ પણ હોય કે જનતાને આકર્ષવા માટે તીર્થસ્થળો કે પવિત્ર સ્થળોની સાથે મહાપુરુષોના નામ અને કામને સાંકળી લેવાની પ્રથા આપણે ત્યાં પ્રચલિત છે, એનો પ્રતિધ્વનિ આવી રીતે અહીં પણ પડી રહ્યો હોય. ગમે તેમ, પણ વાલ્મીકિ મુનિનું સ્થાન અહીં છે ખરું, અને એ ખૂબ જ સુંદર છે, એમાં શંકા નથી. આવા સરસ સ્થળમાં થોડો વખત રહીને કોઈ વિવેક ને વૈરાગ્યથી વિભૂષિત સાધક

તપશ્ચર્યા કરે, તો સહેલાઈથી શાંતિ મેળવી લે એ સાચું છે. સ્થાન એટલું બધું હૃદયંગમ છે કે જોતાંવેંત જ આંખ અને અંતરને તે આનંદ આપે છે.

**ફોરેસ્ટ ઈન્સ્ટિટ્યૂટ** : બીજું દર્શનીય સ્થાન ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ છે. લાકડાના સંશોધનની એ વિશાળ સંસ્થા બારીકાઈથી નિરીક્ષણ કરવા જેવી છે. ભારતને માટે એ સંસ્થા ગૌરવ લેવા જેવી છે. ત્યાંનું મ્યુઝિયમ ખાસ જોવા જેવું છે.

**સહસ્ત્રધારા** : દેહરાદૂન જનારા મુસાફરો સહસ્ત્રધારાનું દર્શન ના કરે તે બને જ કેમ ? જે એનાથી અનભિજ્ઞ હોય તે એની મુલાકાત ના લે એ સમજી શકાય એવું છે; પરંતુ જેને એ સુંદર સ્થાનની માહિતી હશે તે તો એની મુલાકાત લેશે જ અને એનાથી તે સંતુષ્ટ પણ થશે. પર્વતની વચ્ચે વસેલા એ સુંદર સ્થળને સહસ્ત્રધારા શા માટે કહેવામાં આવે છે ? ત્યાં જોતાંવેંત જ એ જિજ્ઞાસાનો જવાબ સહેજે મળી રહે છે. પર્વતની ઉપરથી એક ઠેકાણે કુદરતી રીતે જ પાણીની નાની નાની સેંકડો ધારાઓ પડ્યા કરે છે. જાણે કે કોઈ પ્રાકૃતિક અનંત ધારાવાળો ફુવારો ફૂટી નીકળ્યો હોય એવું એ દૃશ્ય દર્શનાર્થીને મુગ્ધ બનાવી દે છે.

પરંતુ માણસો કાંઈ કુદરતી સૌન્દર્યથી મુગ્ધ બનીને એની પ્રશસ્તિ કરતા બેસી થોડા જ રહે છે ! કુદરતી સૌન્દર્યથી સુશોભિત આવાં સ્થળોને સુંદર અને સ્વચ્છ રાખવાની કોશિશ કરવાને બદલે એ એને બગાડે છે પણ ખરા. આવા જાહેર પ્રવાસસ્થળોને સ્વચ્છ તથા સુંદર રાખવાના મહાત્મ્યને જાણે કે એ સમજતાં જ નથી. એ જાતની તાલીમ જ એમને નથી મળી. માટે તો એ ત્યાં ગંદકી કરે છે. સહસ્ત્રધારાનું સ્થળ પણ એમાં અપવાદરૂપ નથી. કુદરતી સૌન્દર્યની સાથે સંવાદ સાધે એવી રીતે માનવે ત્યાં સ્વચ્છતાની સૃષ્ટિનું સર્જન કર્યું હોત તો એ સ્થળ અધિક આકર્ષક અથવા આહ્લાદક થઈ પડત એમાં શંકા નથી. લાગતાવળગતા સૌ કોઈ પ્રયત્નશીલ થઈ એ સ્થળને સર્વોત્તમ બનાવે એ ઈચ્છવા યોગ્ય છે.

**ગુચ્છુપાની** : સહસ્ત્રધારા જેવું જ એક બીજું રમણીય સ્થળ ગુચ્છુપાનીનું છે. ગુચ્છુપાની પણ પર્વતમાળાની વચ્ચે જ આવેલું છે. ત્યાં એક નાનકડી નદી છે. તે ઉપરાંત, પાણીની જોશબંધ વહેનારી જે નહેર છે તે ઊંડા પર્વતીય પ્રદેશમાં વહેનારી ગંગા તથા યમુનાની યાદ આપે છે. ચાંદની રાતના રમણીય વાતાવરણમાં એ સ્થાનની શોભા કેટલી બધી અલૌકિક બની જતી હશે, તથા ત્યાં કેટલી બધી અનેરી અસીમ શાંતિ છવાતી હશે તેની કલ્પના એની મુલાકાત લેનારો પ્રવાસી સહેજે કરી શકશે.

**તપોવન** : તપોવનનું સ્થાન એના નામ પ્રમાણે તપોવનની જ સ્મૃતિ કરાવનારું એકાંત સ્થાન છે, પરંતુ એટલું બધું આકર્ષક નથી. તોપણ, દેહરાદૂનના દર્શનીય સ્થાનોમાં એનો સમાવેશ થઈ જાય છે.

**રાયપુર** : રાયપુરમાં માતા આનંદમયીનો નાનોસરખો આશ્રમ છે. એ પણ જોવા જેવો છે. આશ્રમની પાછળનો ખીણનો ભાગ અત્યંત હૃદયંગમ છે. એમાં પણ આશ્રમમાં માતા આનંદમયીને રહેવા માટેનો ખંડ છે તે પણ ઘણો સુંદર છે. થોડેક દૂર એક બીજી ટેકરી પર માતા આનંદમયીના પતિની સમાધિ છે, જે નાનકડી છતાં આહ્લાદક છે.

**કિશનપુર** : કિશનપુરમાં પણ માતા આનંદમયીનો આશ્રમ છે. તે ઉપરાંત, ત્યાં બાજુમાં રામકૃષ્ણ મિશનની શાખા છે. રાજપુરમાં બીજા બે આશ્રમો-શહેનશાહ આશ્રમ અને રામતીર્થ આશ્રમ-છે. એ આશ્રમો પણ પોતાની રીતે સેવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે.

**લક્ષ્મણસિદ્ધ :** દેહરાદૂનની મુલાકાત લેનાર માણસ લક્ષ્મણસિદ્ધની મુલાકાત લેશે તો એને અવશ્ય આનંદ થશે. લક્ષ્મણસિદ્ધ એક મહાસમર્થ ઈશ્વરી કૃપાપાત્ર સિદ્ધપુરુષ હતા આજે તો એમની સમાધિના શાંતસ્થળનું જ દર્શન થાય છે, પરંતુ એ સિદ્ધપુરુષ જ્યારે એકાંત સ્થાનમાં નિવાસ કરતા હશે ત્યારે એ સ્થાન કેટલું બધું સજીવ લાગતું હશે અને એ સ્થાનની શોભા પણ કેટલી બધી વિલક્ષણ લાગતી હશે ? જેની આજુબાજુ ઘોર જંગલ વિના બીજું કશું જ નથી એવા દહેરાદૂનથી હૃષીકેશના માર્ગ પરથી અંદરના ભાગમાં આવેલા એ સ્થાનમાં જ્યારે લક્ષ્મણસિદ્ધનો વાસ હશે ત્યારે કોઈક ભાગ્યશાળી આત્માઓ એમના દર્શને પણ આવતા હશે અને એમની દ્વારા જુદીજુદી રીતે લાભ ઉઠાવતાં હશે. એ વખતના દૃશ્યો એ સ્થાનને જોતાંવેંત, આપણાં અંતરની આંખ આગળ ઊભા રહે છે. કટ્ટર સાધનાપરાયણ, ઈશ્વરનિષ્ઠ, એકાંતપ્રિય વ્યક્તિ વિના બીજું કોઈ તો એવા સ્થાનમાં રહી જ ના શકે.

લક્ષ્મણસિદ્ધનું સ્થાન તપશ્ચર્યાને માટે અનુકૂળ છે, લોકોમાં એવી માન્યતા છે કે, ગોળની ભેલી લઈને એ સ્થાનમાં જવાથી ને પ્રાર્થના કરાવાથી લક્ષ્મણસિદ્ધની કૃપાથી મનોકામના પૂરી થાય છે. એવા વિશ્વાસથી પ્રેરાઈને ઘણા લોકો ગોળની ભેલી સાથે એ સ્થાનની મુલાકાત લે છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૧૨. સૌંદર્યધામ મસૂરી

શિયાળામાં અતિશય ઠંડીને લીધે રસ્તા તથા મકાનો પર બરફના ઢગલા જામી જાય છે, ઠંડીને લીધે સ્કૂલોમાં ચાર મહિનાનું વેકેશન પડે છે; ઉનાળામાં ગરમીનું નામનિશાન નથી હોતું, ને દિવસે ને રાતે આકાશનો વૈભવ સંપૂર્ણપણે ખીલી ઊઠે છે; ચોમાસાના દિવસોમાં રસ્તા પરથી ચાલતી વખતે ધુમ્મસના ગોટેગોટા આપણી આજુબાજુ ફરી વળે છે; મકાનમાં બેઠા હોઈએ ત્યારે પણ ધુમ્મસ બારીબારણામાંથી અંદર આવીને આપણને વીંટળાઈ વળે છે. વરસાદી વાદળ આપણી થોડેક જ ઉપર રહીને આપણી સાથે વાતો કરતા હોય એવું લાગે છે. એ ભૂમિમાં કવિ અને લેખક લેખનની નવી નવી પ્રેરણા માટે આવે છે; ચિત્રકાર અવનવા કુદરતી સૌન્દર્યોને સાકાર કરતા ચિત્રો દોરવા સુંદર એકાંત સ્થાનમાં પલાંઠી મારે છે; ચિંતક વધારે ચિંતનશીલ બને છે; અને કોઈ અસાધારણ સંસ્કારસંપન્ન આધ્યાત્મિક વિકાસમાં રસ લેનાર આત્મા અંતરંગ શાંતિનો સ્વાદ લેવા માટે, આત્માનુભવની અભીપ્સાથી પોતાના દિલની દુનિયામાં ડૂબકી મારીને, પરમાત્માની પરમ મૌક્તિકની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે. મસૂરીની શાંત અને સુંદર ભૂમિ પર પગ મૂકતાવેંત જ લાગે છે કે આ તે સ્વર્ગ છે કે શું ! મૃત્યુલોકની મર્યાદાને ઓળંગીને સ્વર્ગલોક જેવા કોઈક વિશેષ શાંત અને સુખદ લોકમાં પ્રવેશવાનો આસ્વાદ આપનારી મસૂરીની ભૂમિ ખરેખર આનંદદાયક છે. પ્રવાસીઓએ એને 'પર્વતોની રાણી' કહી છે. જો તમે પર્વતીય જીવન કે વાતાવરણથી એકદમ અજાણ હો અને ચોમાસામાં મસૂરી આવો તો ધુમ્મસના ગોટેગોટા જોઈને ગભરાઈ જાઓ ને પાછા જવા તૈયાર પણ થાઓ. પરંતુ એકાદ-બે દિવસ અહીંના વાતાવરણનો આનંદ લો, પછી તો એવાં ટેવાઈ જાઓ કે અહીંથી જવાનું મન જ ના થાય.

આમ તો હિમાલયનો આખોય પ્રદેશ પવિત્ર છે, રમણીય છે, નયનાભિરામ છે, અને આધ્યાત્મિક ઉન્નતિ તથા આત્મિક શાંતિના અનુભવ માટે ઉપયોગી મનાય છે. એની ગોદમાં વહેતી પતિતપાવની ગંગાને લીધે એની મહત્તા વધારે ગણાય છે. ઉપરાંત, આશ્રય લઈને તપસ્વીઓએ કરેલા તીવ્ર તપનો પ્રભાવ પણ ત્યાં દેખાય આવે છે. આત્મિક શાંતિની, આત્મસાક્ષાત્કારની કે મુક્તિની આકાંક્ષાથી પ્રેરાઈને પુરાતનકાળથી તે આજ લગી અસંખ્ય આરાધકોએ અહીં પલાઠી મારીને આરાધના કરી છે. એ આરાધનાના પવિત્ર પરમાણુ એના વાતાવરણમાં કાયમ છે, અને સંતપ્ત અંતરને આજે પણ શાંતિ આપે છે. અલૌકિક આધ્યાત્મિક પરમાણુને લીધે હિમાલયની ભૂમિ આજે પણ અનેરી લાગે છે. ઊંચા પર્વતીય સ્થાનોની શાંતિ ને સુંદરતા તો અસાધારણ જ હોય છે.

મસૂરી સમુદ્ર સપાટીથી લગભગ ૬,૫૦૦ થી ૭,૦૦૦ ફૂટની ઊંચાઈ પર વસેલું એવું જ એક શાંત, સ્વચ્છ અને સુંદર સ્થળ છે. અંગ્રેજોએ એને વિકસાવેલું. એનો ઈતિહાસ બહુ જુનો નથી. આજથી લગભગ દોઢસો વરસ પહેલાં કર્નલ મલિંગારે મલિંગાર હોટલ બંધાવી ત્યારથી એનો વિસ્તાર વધતો ગયો છે. એક વખત એવો પણ હતો કે અંગ્રેજોની અવરજવર ત્યાં વધારે હતી. એ અંગ્રેજોને માટે રહેવા કે હવાખાવાની જ જગ્યા ગણાતી. રાજામહારાજા, ગવર્નર અને મોટામોટા ગોરા અમલદારો જ ત્યાં રહેવા આવતા. સાધારણ ભારતીયથી ત્યાં ભાગ્યે જ રહી શકાતું. પરંતુ કાળચક્રના ફરવાની સાથે બધું ફર્યું. બહારની સ્થિતિમાં

પરિવર્તન થયું. દેશને આઝાદી મળી, અને પછી તો સામાન્યમાં સામાન્ય માણસને માટે પણ મસૂરીની મુલાકાત લેવાનું શક્ય બન્યું. આજે તો સૌ કોઈને એની સૌન્દર્યશ્રી મુક્ત મને આમંત્રી રહી છે.

મસૂરીની લગભગ પચીસ હજાર જેટલી વસતિ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. એમાં થોડાક અંગ્રેજ છે, અને મોટાભાગના લોકો પંજાબી, ગઢવાલી અને ઉત્તરપ્રદેશના છે, તો થોડાક તિબ્બતવાસીઓને પણ ત્યાં વસાવવામાં આવ્યા છે. દર વરસે ૮૦,૦૦૦થી ૯૦,૦૦૦ લોકો આ સુંદર પર્વતીય સ્થાનની મુલાકાતે આવે છે. દુકાનો મોટે ભાગે પંજાબી અને ઉત્તરપ્રદેશના લોકોના હાથમાં છે, અને ગઢવાલી લોકો બીજા નાનામોટા કામો કરતા હોય છે. મસૂરીમાં હાથરીક્ષાનું ચલણ છે. ગઢવાલી લોકો જ એ ચલાવતા હોય છે. મજૂરો પણ મોટે ભાગે નેપાળી ને ગઢવાલી છે.

મસૂરીમાં શ્રીમંતો જ રહેતા હશે એવો ખ્યાલ જો કોઈ સેવતું હોય તો એ ભ્રમ છે. આજે તો દેશમાં કોઈ સ્થળ સંપૂર્ણ શ્રીમંતોનું કે કોઈ સ્થળ એકલા ગરીબોનું નથી રહ્યું. દેશમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ જ્યાં જઈએ ત્યાં અમીરી અને ગરીબીનું સંમિશ્રણ દેખાશે. એકબાજુ ઉત્તમ આધુનિક સુખસગવડવાળા ભવનો, તો બીજી બાજુ ગરીબોના ઝૂપડાં જોવા મળશે. એકબાજુ સમૃદ્ધિ અને લક્ષ્મીનો, જીવનની જરૂરિયાતોનો અને એમની પૂર્તિના સાધનોનો પાર નથી, તો બીજી બાજુ એમનો એકદમ અભાવ છે, કાળજાને કંપાવનારી કંગાલિયત છે. મસૂરી પણ એમાં અપવાદરૂપે તો નથી જ. અહીં પણ આલિશાન ઈમારતોમાં વસતા ધનિકો છે, તો એ જ ઈમારતોની પાછળ ટૂંટિયું વાળીને પડી રહેનારા દુઃખી પણ છે. ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રો પહેરીને પેટનો ખાડો પૂરનાર શ્રમજીવીઓ પણ અહીં વસે છે. મસૂરી કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ તો આમ સ્વર્ગ સમું લાગે છે, પરંતુ એ સ્વર્ગસુખ તો જેની પાસે લક્ષ્મી છે તેને માટે છે. દીનદુઃખીને માટે સ્વર્ગના એ આનંદનો અનુભવ એટલો સહજ નથી બનતો. થિયોસોફીકલ સોસાયટી તરફથી અઠવાડિયે એકવાર પ્રવચનો ચાલે છે, આર્યસમાજ તરફથી દૈનિક સત્સંગ થાય છે અને ગાંધીનિવાસ સોસાયટીમાં પણ નિયમિત પ્રવચનો ચાલતા હોય છે. લોકો એ બધાનો લાભ પણ લેતા હોય છે.

મસૂરીના મોટર-સ્ટેન્ડ બે છે : મસાનિક લૉજ અથવા પિકચર પેલેસ અને લાયબ્રેરી બજાર. બંને સ્ટેન્ડની વચ્ચે દોઢેક માઈલનું અંતર છે. દહેરાદૂન સ્ટેશનની બહારથી બંને સ્ટેન્ડ માટેની અલગ અલગ મોટરો મળે છે. બંનેમાંથી કોઈ પણ સ્ટેન્ડ પરથી પ્રવાસી ધારેલા સ્થાને જઈ શકે છે. દિલ્હીથી દહેરાદૂન ટ્રેન અગર મોટર દ્વારા જઈ શકાય છે. ટ્રેનમાર્ગે દહેરાદૂન છેલ્લું સ્ટેશન છે. રસ્તામાં હરિદ્વાર આવે છે. હરિદ્વાર છોડ્યા પછી ટ્રેન ગીચ જંગલ અને પર્વતીય માર્ગમાં થઈને આગળ વધે છે. દહેરાદૂનથી મસૂરીનો મોટરમાર્ગ રસ્તામાં આવતા કિશનપુર અને રાજપુર થઈને આગળ વધે છે, ત્યારે કુદરતી સૌન્દર્ય અને એકાંત, ઉત્તુંગ, લીલીછમ પર્વતમાળા જોઈને અંતર આનંદી ઊઠે છે. રાજપુરથી ચઢાણ શરૂ થાય છે. મસૂરીમાં રહેવા માટે હોટલો તથા સ્વતંત્ર મકાનની સગવડ છે. પર્વત પર આવેલા મસૂરીના માર્ગ પરથી નીચે ખીણમાં દહેરાદૂન દેખાય છે, ને ગંગાજમના જેવી નાનીમોટી સાતેક નદીઓના સરસ પ્રવાહોનું દર્શન થાય છે. રાત્રિનું દૃશ્ય એકદમ અસાધારણ અને અનોખું હોય છે. વરસાદ વરસતો ના હોય અને આકાશ વાદળ ને ધુમ્મસથી છવાયલું ના હોય તો દૂર પર્વતની ખીણમાં દહેરાદૂનની બત્તીઓ દેખાય છે, તથા હરિદ્વાર, રુડકી અને

સહરાનપુરની ઝાંખી થાય છે. ઉપરના તારામંડળની હરીફાઈ કરતા હજારો દીવા એકસાથે પ્રકાશી ઊઠે છે. એ દૃશ્ય પ્રત્યેક સૌન્દર્યપ્રેમીને મુગ્ધ કરે છે.

મસૂરીના રસ્તા પાકા છે. શહેરમાં સઘળે વીજળી, નળ અને ગટરની વ્યવસ્થા છે. શહેર એટલું બધું સ્વચ્છ છે કે વાત નહિ. મસૂરી દહેરાદૂન દ્વારા દિલ્હી સાથે સંકળાયેલું છે, અને બીજી બાજુથી સીમલા, કાશ્મીર અને ટિહરી ગઢવાલ સાથે પણ સંબંધ ધરાવે છે. જમનોત્રી-ગંગોત્રીની યાત્રા કરનારા લોકો પહેલાના વખતમાં અહીં થઈને આગળ વધતાં.

મસૂરીમાં જોવા જેવા મહત્વના સ્થળોમાં ગન હીલ, કેમલ બેક રોડ, લાલ ટીમ્બા, કંપની બાગ, ભટ્ટા ફૉલ, કેમ્પ્ટી ફૉલ, પિકચર પ્રદર્શન અને મંદિરો છે. ગન હીલ ખૂબ ઊંચાઈ પર છે. ત્યાંથી મસૂરીનું ફરતું દૃશ્ય દેખાય છે. એ દૃશ્ય ઘણું અદ્દભુત લાગે છે. ત્યાં મ્યુનિસિપાલિટીએ તૈયાર કરેલું તળાવ છે. ઉપરથી એને બંધ કરવામાં આવ્યું છે. કેમલ બેક રોડ મસૂરીનો એકાંત, સુંદર, દેવદાર અને ચીડ જેવા વૃક્ષોથી વીંટળાયેલો લાંબો રસ્તો છે. એ રસ્તાની ઉપરના પર્વત પર ઊંટની પીઠના આકારનો પથ્થર હોવાથી એનું નામ કેમલ બેક રોડ પડ્યું છે. એ રસ્તા પરથી પસાર થતાં કેટલાંક છૂટાછવાયા મકાનો પણ જોવા મળે છે. કંપની બાગ મ્યુનિસિપાલિટીનો બગીચો છે. ભટ્ટા ફૉલ અને કેમ્પ્ટી ફૉલ જુદી જુદી દિશાઓમાં આવેલા બે ધોધ છે. પિકચર પ્રદર્શન હેકમન હોટલથી થોડેક આગળ રીંકની નીચે છે. તેમાં હાથે દોરેલાં દેશનેતાઓ અને દેવતાઓનાં ચિત્તાકર્ષક ચિત્રો છે. કલા પ્રત્યે જેને પ્રેમ હોય એને એ ચિત્રો ખૂબ જ ગમી જશે અને તેઓ આનંદ પામશે.

મસૂરીમાં આર્યસમાજનું કેન્દ્ર, સનાતન ધર્મનાં બે મંદિરો અને શીખોનું ગુરુદ્વારા છે. ખ્રિસ્તી મંદિરો તો અનેક છે. પાદરીઓની સ્કૂલો તથા હોસ્પિટલો પણ છે. દેશી સ્કૂલો છે ખરી, પરંતુ બાળકોને માટે રહેવાની ને ભણવાની બંને પ્રકારની સગવડોવાળી સ્કૂલ એકપણ નથી, જે મસૂરીની મોટી કમનસીબી છે. પહેલાનાં વખતમાં દેશ ગુલામ હતો ત્યારે અંગ્રેજોની અથવા પાદરીની સ્કૂલોને માટે આ પ્રદેશમાં અવકાશ વધારે હતો. એમને માટે સગવડો પણ વધારે હતી. એ સગવડોનો લાભ એમણે પૂરતા પ્રમાણમાં લઈ લીધો છે. પરંતુ હવે તો પરિસ્થિતિ પલટાઈ છે. પર્વતીય પ્રદેશમાં સ્કૂલો, દવાખાના તથા બીજી જાતની પ્રવૃત્તિ દ્વારા પાદરીઓ વરસોથી કામ કરી રહ્યા છે. તેના પરથી બોધપાઠ લેવાનો સમય પાકી ગયો છે. આપણા કાર્યકરોએ તથા શ્રીમંત લોકોએ એમને પગલે ચાલીને એવા પ્રદેશની જનતાની સેવા કરવા આગળ આવવું જોઈએ. આપણી પાસે ધન છે. બુદ્ધિ છે, આવડત છે, યોજના કરવાની શક્તિ છે, સર્વકાઈ છે. તેમાં જો સંપ, સહકાર અને સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ ભળે તો એવા લોકહિતના કામ સહેલાઈથી શક્ય બને.

પર્વતમાંથી આવતાં લોકોને આપણે પૂછીએ કે ‘ક્યાં જઈ આવ્યાં ?’ તો તેમનો ઉત્તર મળે છે કે ‘હવા ખાવા.’ એ ઉત્તરમાં ઘણું તથ્ય રહેલું છે. પર્વતોની હવા પવિત્ર હોય છે. એમાંયે મસૂરીમાં દેવદાર ને ચીડના જે અસંખ્ય વૃક્ષો છે તેની હવા આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી છે. એ હવા નવી તાજગી ને નવું જીવન આપે છે, કેટલાય દર્દોને દૂર કરે છે. બીજી ભાષામાં કહીએ તો, તે દવાનું કામ કરે છે. એવી હવા ના ખાવી હોય તો પણ, એ આપણી અંદર દાખલ થાય છે અને આશીર્વાદરૂપ ઠરે છે.

સાધનાની દૃષ્ટિએ પણ આ પ્રદેશનું મૂલ્ય ઘણું છે. જેમને લેખનમાં, ચિંતનમનનમાં, ધ્યાન જેવી સાધનામાં કે શાંતિની અનુભૂતિમાં રસ હોય તેમને પણ આ સ્થળ ખૂબ ખૂબ મદદરૂપ થઈ પડશે. અહીં સર્વત્ર

પ્રસરેલી ઊંડી શાંતિમાં સાધકનું મન સંસારના વિષયોમાંથી ઉપરામ બનીને ઓછા પ્રયાસે સહેલાઈથી ડૂબી જાય છે, લીન થાય છે, અને વિકારરહિત બને છે. સાધના માટેનું અનુકૂળ વાતાવરણ અહીં તૈયાર છે. ચિત્રકાર, કવિ, લેખક, કથાકાર, ભક્ત કે યોગી સૌને માટેની પ્રેરક સામગ્રી અહીં પૂરતા પ્રમાણમાં પથરાયેલી પડી છે. સફર, સ્વાસ્થ્યલાભ ને સાધના ત્રણે દૃષ્ટિએ મસૂરી લાભકારક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. દિલ્હી

દિલ્હી ભારતનું પાટનગર તો ગણાય છે જ, પરંતુ એને તીર્થસ્થાન પણ ગણી શકાય ખરું ? એવો પ્રશ્ન કોઈને થવાનો સંભવ છે.

ઉત્તરમાં કહેવાનું કે દિલ્હી ભારતની રાજધાનીનું શહેર છે, સાથેસાથે તીર્થસ્થાન પણ બની ગયું છે. દેશપરદેશના પાર વિનાના પ્રવાસીઓ, નેતાઓ અને રાજપુરુષો ત્યાં આવે છે અને એક એવા સ્થળ આગળ એકઠા થાય છે જે દેખાવે તો તદ્દન સાદું, શાંત અને એકાંત છે, પરંતુ ભારે મહત્વનું ને પ્રેરણાદાયક છે. ત્યાં આવીને એ અંજલિ આપે છે, પુષ્પો કે પુષ્પમાળાઓ ચઢાવે છે, ને શક્તિ મેળવે છે. એ સ્થળને લીધે કેવળ રાજકીય પ્રવૃત્તિથી ધમધમતું દિલ્હી શહેર મહત્વના રાજકીય મથક ઉપરાંત એક અગત્યનું યાત્રાસ્થળ બની ગયું છે. ખાસ નોંધવા જેવી હકીકત તો એ છે કે એ કેવળ ભારતવાસીઓનું કે ભારતના અમુક વિશેષ ધર્મસંપ્રદાયમાં માનનારા ને રસ લેનારા કે શ્રદ્ધા રાખનારા લોકોનું જ તીર્થ નથી બન્યું; ભારતની બહારના બીજા ધર્મસંપ્રદાય કે વાદમાં માનનારા માનવો પણ એને એટલી જ શ્રદ્ધાથી જુએ છે, ને એની મુલાકાત લેવામાં ગૌરવ અનુભવે છે. એ એક આંતરરાષ્ટ્રીય યાત્રાસ્થાન બની ગયું છે. એ સ્થળ છે 'રાજઘાટ'-મહાત્મા ગાંધીજીનું સમાધિસ્થાન. એ પ્રતાપી મહાપુરુષે દેશનું સુકાન સંભાળી દેશની આઝાદી માટે ભરચક કોશિશ કરીને સફળતા મેળવી તથા અસાધારણ રીતે પોતાનું શરીર છોડ્યું. એ મહાપુરુષની સમાધિનું સ્થાન દેશના અને દેશની બહારના અસંખ્ય સ્ત્રીપુરુષોને માટે આધુનિક યાત્રાસ્થાન બની ગયું છે.

**ગાંધીજીની સમાધિ** : મહાત્મા ગાંધીજીના જીવન અને સિદ્ધાંત પ્રમાણે સ્થાન ઘણું સાદું છે. ત્યાં સમાધિસ્થાન પર એ મહાપુરુષના છેલ્લા શબ્દો 'હે રામ' લખવામાં આવ્યા છે. તેના પર પુષ્પો ચઢાવવામાં આવે છે. આજુબાજુ લીલીછમ વિશાળ ભૂમિનો વિસ્તાર છે. સ્થાન હજુ વિકસી રહ્યું છે. ત્યાંથી થોડેક દૂર શાંતિવનમાં એ મહાપુરુષના માનસપુત્ર જેવા જવાહરલાલ નહેરુની સમાધિ છે. એ જોડીએ ભારતની સુખસમૃદ્ધિ અને સ્વતંત્રતા માટે જેમ જીવતાં સાથે રહીને કામ કર્યું તેમ સમાધિમાં પણ એમણે સાથે રહેવાનું જ પસંદ કર્યું છે એવી છાપ પડે છે. રાજઘાટની એ જગ્યાએ દિલ્હીનું આંતરરાષ્ટ્રીય મહત્વ ને ગૌરવ વધાર્યું છે.

**બીજાં સ્થળો** : દિલ્હીની જોવા જેવી બીજી જગ્યાઓમાં લાલ કિલ્લો, રાષ્ટ્રપતિ ભવન, પાર્લામેન્ટ હાઉસ, બિરલા મંદિર, કુતુબમિનાર વગેરે છે. જમના નદીના તટ પર વસેલું શહેર કુદરતી સુંદરતાની દૃષ્ટિએ રમણીય લાગવા છતાં, અંદરથી એના કેટલાય વિસ્તારો અને ખાસ કરીને જૂના વિસ્તારો સાંકડા અને ગંદા છે.

**બિરલા મંદિર** : બીજાં નાનાંમોટાં મંદિરો દિલ્હીમાં કેટલાંય છે, પરંતુ બિરલા મંદિર ખાસ જોવા જેવું છે. એને લક્ષ્મીનારાયણ મંદિર પણ કહેવામાં આવે છે. મંદિર ઘણું જ મોટું છે. એમાં શંકર ભગવાનની, વિષ્ણુ ભગવાનની તથા દેવીની પ્રતિમાઓ છે. ઠેકઠેકાણે શાસ્ત્રોનાં તથા મહાપુરુષોનાં ઉપદેશવચનો લખેલાં છે. એક તરફ બુદ્ધ ભગવાનનું મંદિર છે. સ્થાન ઘણું વિશાળ, સ્વચ્છ અને શાંતિમય છે. દરવાજામાં પ્રવેશ કરતાં જ જમણી બાજુએ ધર્મશાળા છે. ત્યાં રહેવાની તથા જમવાની વ્યવસ્થા છે. કેટલાય લોકો એનો લાભ લે છે.

**કુતુબમિનાર :** કુતુબમિનારનું સ્થળ પણ જોવા જેવું છે. એના બનાવનાર વિષે બે મત છે. કોઈ કહે છે કે એ મહારાજ પૃથ્વીરાજે પોતાની પુત્રી રોજ જમનાદર્શન કરી શકે તે માટે બનાવેલો, તો કોઈ કહે છે કે એ કુતુબુદ્દીને બનાવેલો. બાજુમાં વિશાળ મંદિરના અવશેષ છે. પાંડવોના કિલ્લાના અવશેષ પણ ત્યાં જ છે એવું માનવામાં આવે છે. પાંડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થ એ જ ભૂમિ પર હતી એવું કહેવાય છે, તે પણ જોવા જેવું છે. મંદિર નાનું છતાં સુંદર અને ઐતિહાસિક મહત્વ ધરાવનારું છે. કહે છે કે મહારાજા પૃથ્વીરાજે એનો જીર્ણોદ્ધાર કરાવેલો. પૃથ્વીરાજ મહામાયાને પોતાની ઉપાસ્યદેવી માનતો ને પૂજતો. મંદિરમાં મૂર્તિને બદલે યોનિપીઠ છે. કોઈવાર એ શક્તિઉપાસકોનું એકાંત આરાધનાસ્થાન હશે એવું લાગે છે.

દિલ્હીના જૂના કિલ્લાની યમુનાતટની દીવાલ પાસે ઝાડીમાં ઘણું જૂનું નાનકડું ભૈરવ મંદિર છે. કહે છે કે મહાભારતના યુદ્ધ પહેલાં એની મૂર્તિને ભીમસેને કાશીથી આણેલી અને યુધિષ્ઠિરે એની સ્થાપના કરેલી.

દિલ્હીની ધરતી પર અનેક સામ્રાજ્યોનો ઉદય અને અસ્ત થયો છે. ત્યાં કેટલીયવાર આક્રમણ થયાં છે ને યુદ્ધો ખેલાયા છે. એ ભૂમિ ચિરશાંતિની ભૂમિ નથી લાગતી. છેલ્લે છેલ્લે વરસોના એકછત્ર શાસન પછી બ્રિટિશ સામ્રાજ્યે પણ ત્યાંથી સમેટાઈ જવું પડ્યું. 'નામ તેનો નાશ'નો પ્રતિધ્વનિ પાડતું એ પ્રાચીન શહેર કાળની કેટકેટલી કરાળ થપ્પડો ખાઈને ફરીફરી બેઠું થયું છે !

ત્યાં ઊતરવા માટે હોટલો તથા ધર્મશાળાઓ છે. તેમાં ગુજરાતી સમાજ ખાસ ઉલ્લેખનીય છે. ત્યાં રોજના નિશ્ચિત દરે રહેવા મળે છે.

**ગાંધીજીને ગોળી વાગ્યાની જગ્યા :** દિલ્હીની મુલાકાત લેવા આવનારાં સ્ત્રીપુરુષોએ એક બીજું ઐતિહાસિક અગત્ય ધરાવતું સ્થળ પણ જોવા જેવું છે. એ સ્થળ ઉપરઉપરથી જોતાં એટલું આકર્ષક અથવા દેખાવડું નથી લાગતું, તેમ છતાં એક પ્રકારનું ખાસ સૌન્દર્ય અને આકર્ષણ ધરાવે છે. એ મહાત્મા ગાંધીજીને જે જગ્યાએ ગોળી મારવામાં આવેલી એ સ્થળ છે.

આટલા બધા અગત્યના સ્થળની માહિતી પણ ઘણા ઓછા માણસોને હોવાથી એની મુલાકાત પણ બહુ ઓછા માણસો લેતા હોય છે. નવી દિલ્હીના ઔરંગઝેબ રોડની બાજુમાં ત્રીસ જાન્યુઆરી રોડ પરના બિરલા હાઉસની પાછળના ભાગમાં એ સ્થળ આવેલું છે. ત્યાં ગાંધીજી જ્યાં પ્રાર્થના કરવા બેસતા તે સ્થળ જોવા મળે છે. સામે લીલુંછમ ઘાસનું મેદાન છે. એના ફરતી વાડની પાછળના મકાનમાં ગાંધીજી નિવાસ કરતા ને મેદાનમાં રોજ પ્રાર્થના કરવા જતા. એ વખતે મકાનમાંથી મેદાનમાં આવવાનો ખુલ્લો રસ્તો હતો. આજની વાડ તો એ સ્થળને અલગ પાડી દેવા માટે પાછળથી તૈયાર કરવામાં આવી છે. સાંજે પ્રાર્થનામાં આવતી વખતે જે જગ્યાએ ગાંધીજી પર ગોળી છોડવામાં આવી અને જે જગ્યાએ ગાંધીજી 'હે રામ' કહીને ઢળી પડ્યા તે જગ્યાએ નાનું સરખું તદ્દન સાદું સ્મારક કરવામાં આવ્યું છે. ત્યાં એક બાજુ ઊભા કરાયેલા પથ્થર પર સંક્ષેપમાં છતાં ભારવાહી શબ્દોમાં લખવામાં આવ્યું છે :

"हे राम!" ५-१७ शाम, ३० जनवरी १९४८

પથ્થર પર નીચેના ભાગમાં અંજલિરૂપે થોડાંક પુષ્પો ચઢાવવામાં આવે છે. એ જોઈને એ મહાપુરુષની સ્મૃતિમાં આપણને પણ પ્રેમના બે-ચાર પુષ્પો ચઢાવવાનું મન થાય છે. આપણા મનની આંખ આગળ એ મહાપુરુષની જીવનલીલાનો એ છેલ્લો પ્રસંગ ઊભો થાય છે અને આપણું હૈયું રડી ઊઠે છે.

આંખમાંથી અંજલિ આપતાં અંતરનું એકાદ આંસુ પણ ટપકી પડે છે. કાળ સર્વભક્ષી હોઈને સૌનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે તે સાચું છે, પરંતુ સંપૂર્ણ સાચું નથી; કારણ કે સૌનો નાશ કરવાની શક્તિ ધરાવતો હોવા છતાં મહાપુરુષોએ પોતાના પ્રતાપી જીવન દ્વારા ફેલાવેલી સત્કર્મોની સુવાસનો નાશ એ નથી કરી શકતો. ગાંધીજીની સુવાસ પણ એવી જ સનાતન છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. મુચુકુંદતીર્થ

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ જેમ અસાધારણ હતો તેમ જન્મીને એમણે કરેલી લીલા પણ એટલી જ અનેરી, અદ્દભુત અને અસાધારણ હતી. ધર્મગ્રંથોએ વર્ણવેલો એમના જીવનનો એક પ્રસંગ ખાસ યાદ કરવા જેવો છે. મથુરા પર કાલયવન રાક્ષસે જ્યારે આક્રમણ કર્યું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને એનો નાશ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એક યુક્તિ કરી. એ કોઈ પણ જાતના શસ્ત્ર વગર નાસવા માંડ્યા અને નાસતા નાસતા એક ગુફામાં આવી પહોંચ્યા. એ ગુફામાં મુચુકુંદ રાજા દેવતાઓનું વરદાન પામીને સૂઈ રહેલા. ભગવાને એના શરીર પર પોતાનું ઉત્તરીય ઓઢાડી દીધું. કાલયવન જ્યારે ત્યાં આવ્યો ત્યારે મુચુકુંદને શ્રીકૃષ્ણ માનીને લાત મારી. આથી મુચુકુંદ જાગી ગયા. અંતે એમને મળેલા વરદાન પ્રમાણે એમની દૃષ્ટિ પડતાં જ કાલયવન ભસ્મીભૂત થઈ ગયો. પછી રાજા મુચુકુંદને દર્શન આપીને ભગવાને ઉત્તરાખંડમાં તપ કરવા જવાની સૂચના કરી. રાજાએ ગુફામાંથી બહાર નીકળીને યજ્ઞ કર્યો અને ઉત્તરાખંડનો માર્ગ લીધો. એ પવિત્ર યજ્ઞસ્થાન પર એક સરોવર જોવા મળે છે. એની આજુબાજુ જુદાંજુદાં દેવમંદિરો છે. ત્યાં નાનાં છોકરાના વાળ ઉતરાવવાની પ્રથા પણ છે.

મુચુકુંદતીર્થની એ જગ્યાએ જવા માટે ધૌલપુર જવું પડે છે. આગ્રાથી ધૌલપુર ટ્રેન દ્વારા જઈ શકાય છે. ધૌલપુર સ્ટેશનથી ત્રણેક માઈલ દૂર જઈએ એટલે પાકા રસ્તા પર મુચુકુંદ તીર્થ આવે છે. ત્યાં ગંધમાદન પર્વતની અંદર મુચુકુંદગુફાનું દર્શન થાય છે, અને એને જોઈને શ્રીકૃષ્ણના જીવનપ્રસંગનો એ ઈતિહાસ આંખ આગળ તાજો થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. આગ્રા-દયાલબાગ

દિલ્હી આવનારા યાત્રીઓ અનુકૂળતા પ્રમાણે આગ્રા જવાનું તો પસંદ કરવાના જ. જમના નદીના પ્રવાહને લીધે પાવન દેખાતું આગ્રા એટલું બધું રમણીય તો નથી જ, છતાં આખી દુનિયામાં પ્રસિદ્ધ છે. દુનિયાના ભિન્નભિન્ન ભાગોમાંથી સૌન્દર્યપ્રેમી સ્ત્રીપુરુષો અહીં ઊતરી પડે છે એનું મુખ્ય કારણ, એ સૌના આકર્ષણ અને આગમનનું ખાસ કેન્દ્ર, ત્યાંની પેલી પ્રસિદ્ધ ઈમારત તાજમહાલ છે. પ્રવાસીઓ એને જોઈને મંત્રમુગ્ધ બને છે. સંગેમરમરની એ વિશાળ ભવ્ય ઈમારત શિલ્પકળાની દુનિયામાં અજોડ મનાય છે. દર્શકો એની મુક્તકંઠે પ્રશંસા કરે છે. શાહજહાંએ મુમતાજની પાછળ બંધાવેલું એ સ્મારક સમસ્ત સંસારનું સરસ સૌન્દર્યસ્મારક બની રહ્યું છે. એને કોઈએ 'કરુણાની કવિતા' કહી છે, તો કોઈએ એને 'મધુરતાનું મહામંદિર' કે 'પ્રેમનું પ્રતીક' માન્યું છે.

બાજુમાં વહેતી જમના એને જોવામાં લીન બની લાગે છે. તાજમહાલ આમ તો સુંદર છે જ, પરંતુ ચાંદની રાતે વધારે સુંદર દેખાય છે. એમાંયે જ્યારે પૂનમનો પૂર્ણ ચંદ્ર ખીલ્યો હોય ત્યારે તો એની સુંદરતા ને સુમધુરતા અનેરી હાય છે. એટલા માટે પૂનમની રાતે ઘણા મુસાફરો ત્યાં ભેગા થાય છે.

તાજમહાલને તૈયાર કરવા પાછળ કેટલું બધું ધન વપરાયું હશે, કેટલા બધા મજૂરોએ વરસો સુધી એકસાથે કામ કર્યું હશે, ને કેટલા બધા શિલ્પીઓએ સંયુક્ત રીતે એની યોજના બનાવી હશે એની તો કેવલ કલ્પના જ કરવાની રહે છે.

**દયાલબાગ :** આગ્રાની પાસે જ દયાલબાગ સ્થાન છે. તે રાધાસ્વામી સંપ્રદાયનું કેન્દ્ર ગણાય છે. એ સંપ્રદાયમાં થઈ ગયેલા સદ્દગુરુ સાહેબજી મહારાજે એ સ્થાનમાં સારા એવા સુધારાવધારા કરેલા. એ સ્થાનને કેવળ આત્મિક સાધનાનું કેન્દ્ર રાખવાને બદલે ત્યાં સત્સંગીઓની એક વિશાળ, આધુનિક સાધનસજ્જ, સ્વાશ્રયી વસતિ કરવાના નિર્ણયના અમલમાં એમણે અત્યંત અગત્યનો ફાળો આપેલો. ભારતમાં યોગીઓની શોધમાં આવેલા પોલ બ્રન્ટને એમની મુલાકાત લઈને એમના તથા દયાલબાગના સંબંધમાં પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'સર્ચ ઈન સિક્રેટ ઈન્ડિયા'માં ઘણો સારો અભિપ્રાય આપ્યો છે.

રાધાસ્વામી મતના અનુયાયીઓ આ સ્થળમાં વધારે આવે છે. એમને અહીંથી પથપ્રદર્શન ને પ્રેરણા મળે છે. વખતના વીતવા સાથે એ મતમાં માનનારાઓમાં ફાંટા પડ્યા છે. એમનામાંનો એક વર્ગ કેવળ આત્મિક ઉન્નતિને જ મહત્વની માને છે અને બાહ્ય પ્રવૃત્તિઓ તરફ રસવૃત્તિ નથી રાખતો, જ્યારે બીજો વર્ગ બાહ્ય પ્રવૃત્તિઓમાં રસ લેવાની સાથે સાથે આત્મિક વિકાસને પણ આવકારે છે. એને લીધે દયાલબાગના એક કેન્દ્રને બદલે આજે ત્યાં બે કેન્દ્રો દેખાય છે. ભક્તો અથવા અનુયાયીઓ પોતપોતાની પસંદગી ને રુચિ પ્રમાણે એમનો લાભ લે છે.

રાધાસ્વામી સંપ્રદાય મુખ્યત્વે એકાંત શાંત સ્થાનમાં બેસીને, કાનનાં છિદ્રોને બંધ કરી, અંદરથી સંભળાતા શબ્દના શ્રવણ પર વધારે ધ્યાન આપવામાં માને છે. એવી સાધના કરવાથી ક્રમેક્રમે અભ્યાસ વધવાથી મન સ્થિર ને શાંત થાય છે. નાદ-અનુસંધાનની એ સાધના ભારે ઉપયોગી, આશીર્વાદરૂપ અને પ્રાચીન છે.

એ મતમાં માનનારી એક બીજી સંસ્થા પંજાબમાં કપુરથલાથી થોડેક દૂર બિયાસ નદીને કાંઠે છે. ત્યાં પણ ભક્તો, પ્રશંસકો અને અનુયાયીઓ માર્ગદર્શન માટે જતા હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. શુકતાલ

મહાત્મા શુકદેવનું નામ કોણે નથી સાંભળ્યું ? ભારતવર્ષના આધ્યાત્મિક ઈતિહાસમાં એમનું નામ અગ્રગણ્ય અને અમર છે. એ અમર તો છે, એમણે આપેલા શ્રીમદ્ ભાગવતના અલૌકિક ઉપદેશને લીધે. રસના ભંડાર જેવા એ અસાધારણ આસ્વાદ આપનારા મહાગ્રંથના રસેશ્વર છે સ્વનામધન્ય, જ્ઞાનશિરોમણિ, ભક્તોના શિરમુકુટ, મહાયોગી શ્રી શુકદેવ; અને એ રસના ભોક્તા રાજા પરીક્ષિત. હસ્તિનાપુરના રાજપાટનો ત્યાગ કરીને એક, બે કે ત્રણ નહિ, પરંતુ સાતસાત દિવસ સુધી એ પરમરસનું પરમતૃપ્તિપૂર્વક પાન કરનાર રાજા પરીક્ષિત પણ ભારતીય ઈતિહાસની એક મહાન વિભૂતિ હતા. જેવો અલૌકિક એમનો જન્મપ્રસંગ, એવું જ અનેરું અથવા અસાધારણ એમના અંતકાળનું કથાનક. એક પવિત્ર, પ્રજાપ્રેમી, પ્રાજ્ઞ ને પુણ્યશ્લોક સમ્રાટથી એક અતિશય ભારે ભૂલ થઈ ગઈ અને એ ભૂલના ભોગ એમણે બનવું પડ્યું. એ ભૂલનો ઈત્હાસ અજાણ્યો નથી.

એકાંત વનપ્રદેશના નૈસર્ગિક સૌન્દર્યથી આચ્છાદિત શમીક મુનિના આશ્રમમાં આવીને રાજાએ, પોતાની યથાયોગ્ય પરિચર્યા તો ના થઈ પરતું અવજ્ઞા થઈ એવી માન્યતાની અજ્ઞાનમૂલક અસર નીચે આવીને તથા કોઈ અણધાર્યા અદૃષ્ટ પ્રારબ્ધથી પ્રેરાઈને સમાધિપરાયણ મુનિના કંઠ ફરતો તરતનો મારેલો સાપ વીંટી દીધો અને સાપની હત્યા કરવાનો તથા એકાંતવાસી, વીતરાગ, પરમાત્માપરાયણ મહાપુરુષનું અપમાન કરવાનો દ્વિગુણિત અપરાધ કરીને એ લોકહિતૈષી, પાંડવકુળના એકમાત્ર વંશજ એવા સમ્રાટે વનની વિદાય લીધી. રાજાનું એ ઉતાવળિયું અયોગ્ય કામ ખરેખર વિઘાતક થઈ પડ્યું. મુનિના સુપુત્ર શૃંગીને એ વાતની જાણ થતાં એણે સત્વરે શાપ આપ્યો કે જે નરાધમે આવું નિંદનીય નીચ કર્મ કર્યું તેનું આજથી સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી મૃત્યુ થાઓ.

'વિષ પણ કેટલીકવાર અમૃતરૂપ થઈ જાય છે' એ કવિ કાલિદાસની ઉક્તિ પ્રમાણે, રાજા પરીક્ષિત માટે તો એ શાપ સાચોસાચ સુધાસભર અથવા આશીર્વાદરૂપ થઈ પડ્યો. મૃત્યુની અવશ્યંભાવિતા અને નિકટતા જાણીને, જીવનનું કલ્યાણ કરી લેવાની ઈચ્છાથી, એમણે જીવનમુક્ત મહાત્માપુરુષોની શરણાગતિ સ્વીકારવાનો સંકલ્પ કરીને ભગવતી ભાગીરથીના નિકટવર્તી તટપ્રદેશની મુલાકાત લીધી, અને એમના સદ્દભાગ્યે એમને શુકદેવ જેવા લોકવંદ્ય, લોકોત્તર, લોકહિતૈષી મહાપુરુષનો મેળાપ થયો. શુકદેવે એમને શ્રીમદ્ ભાગવતનો ઉપદેશ આપવાની તૈયારી કરી. તે વખતે શ્રોતાઓમાં મહર્ષિ વ્યાસ અને પરાશર પણ હતા. એ હકીકત પરથી શુકદેવની અસાધારણ યોગ્યતાની કલ્પના સહેજે થઈ શકે છે.

ગંગાના તપઃપૂત તટપ્રદેશ પર, ઋષિમુનિઓની સભામાં, અવધૂતશિરોમણિ શુકદેવે ભાગવતની પુણ્યમયી જ્ઞાનગંગા વહેતી કરી. એના પાનના પરિણામે પરીક્ષિતને મુક્તિ મળી, મૃત્યુભય ભાગી ગયો. પરમાત્માના શ્રીચરણોમાં પોતાના મનમધુપને સ્થિર કરીને એ કાયમને કાજે ક્લેશમુક્ત બની ગયા. એ ઘટના ઐતિહાસિક અને અમર બની ગઈ.

શુકદેવે પરીક્ષિતને જ્યાં ભાગવતનો ઉપદેશ આપ્યો છે એ પ્રાચીન અને પ્રખ્યાત સ્થાન શુકતાલની મેં જ્યારે મુલાકાત લીધી ત્યારે આખીયે ઘટના મારાં મનઃચક્ષુ આગળ હાજર થઈ અને અંતરમાં અનેરી

લાગણી પેદા થઈ. એ ધન્ય દિવસે મારી અંતરઆંખ અતીતમાં જઈ પહોંચી. જાણે કે શુકદેવ મારી સામે વિશાળ વટવૃક્ષની નીચે આસન પર બેઠા છે. કાળા દીર્ઘ કેશ, શરીર ધૂલિધૂસરિત ને ગૌરવર્ણ છે, કૌપીન છે. આંખ અલૌકિક, મુખ દેદીપ્યમાન અને શાંત છે. એમની સામે પરીક્ષિત બેઠા છે. ષોડશવર્ષીય શુકદેવ એ ભારતસમ્રાટને સંબોધી રહ્યા છે. આજુબાજુ બીજા કેટલાય મહાત્મા પુરુષોની પંક્તિ છે. પુણ્યસલિલા ભગવતી ભાગીરથી શુકદેવના ઉપદેશશ્રવણના આનંદની ઈચ્છાથી, ઘડી-બે-ઘડી માટે સ્વાભાવિક ચંચળતાનો ત્યાગ કરી, શાંત બની ગઈ છે. શુકતાલને નામે ઓળખાતું એ સ્થાન ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરથી લગભગ વીસેક માઈલના અંતર પર આવેલું છે. ત્યાં એક પ્રાચીન વિશાળ વટવૃક્ષ છે તથા હનુમાનજીનું અને ભગવાનનું મંદિર છે. વખતના વીતવાની સાથે ગંગાનો પ્રવાહ પલટાયો છે અને થોડોક દૂર ગયો છે, તોપણ એ સ્થાનનું આકર્ષણ એટલું જ અનેરું અને અવર્ણનીય છે. કોલાહલ-રહિત શાંતિના ઓવારા સમું એ સ્થાન દર્શનાર્થીને એક પ્રકારની ઊંડી શાંતિ અને અદ્દભુત આનંદ પૂરાં પાડે છે. દર્શનાર્થી મુજફ્ફરનગરથી નિયમિત દોડતી બસ દ્વારા ત્યાં પહોંચી શકે છે.

તદ્દન જંગલમાં વસેલા વેરાન જેવા એ સ્થાનને વિકસાવવામાં સંત કલ્યાણદેવના ઉત્સાહ તથા પુરુષાર્થે ભારે મહત્વનો ભાગ ભજવ્યો છે. શ્રીમંતો ને ભક્તો પાસેથી ધન સંચય કરીને એ સ્થાનમાં એમણે પ્રાણ પૂર્યો છે, એને આધુનિક બનાવ્યું છે, તેમજ એક સુંદર દર્શનીય સ્થાનમાં પરિવર્તિત કર્યું છે. એ ત્યાગી પુરુષનું નામ એ સ્થાનની સાથે સદાને માટે સંકળાયેલું રહેશે.

શુકતાલનું એ સ્થાન હજારો વરસોથી ઉપેક્ષણીય કે વિસ્મૃતિવશ દશામાં હતું એને બદલે, યુગોની તંદ્રામાંથી જાગીને છેલ્લાં થોડાંક વરસોમાં અવનવો આકાર લઈ રહ્યું છે એ પણ ઈશ્વરની ઈચ્છા અથવા સંતશિરોમણિ શુકદેવજીનો સંકેત જ છે ને ! એથી પ્રેરિત થઈને જ એ બધી પ્રવૃત્તિ થઈ રહી છે એવું દેખાઈ આવે છે. અલૌકિક કળામય કાળદેવતા સર્જન ને વિસર્જનના વિવિધ પાસા ફેંકીને ક્યારે શું કરવા માગે છે તે કોણ કહી શકે ? એની યથાર્થ કલ્પના પણ કોણ કરી શકે ? છતાં એ પુરાણપ્રસિદ્ધ તીર્થસ્થાનનો આજનો અવનવો આધુનિક આકાર આવકારદાયક છે. કેમ કે, પ્રજા કેવળ કારખાનાં કે ભૌતિક સંપત્તિથી જ સમૃદ્ધ ને શક્તિશાળી નથી બનતી, પરંતુ સંસ્કૃતિ તેમ જ સંસ્કારોના આધાર પર ટકે છે ને જીવે છે. પોતાની પ્રાચીન-અર્વાચીન સભ્યતાના મહત્વના મુદ્દાઓ કે સ્મૃતિચિહ્નો તરફ દુર્લક્ષ કરનારી તેમજ પોતાના સંસ્કારવારસાનું જાગૃતિપૂર્વક જતન ન કરનારી પ્રજા પ્રાણવાન નથી બની શકતી એ દૃષ્ટિએ વિચારતાં, સાંસ્કૃતિક સ્મૃતિચિહ્નોનું આવું સિંચન અભિનંદનીય જ છે એવું લાગ્યા વિના નથી રહેતું.

સ્થાન હજી વિકસી રહ્યું છે. વિકાસને માટે આજુબાજુ વિશાળ ભૂમિ છે, ત્યારે બે સૂચનો કરવાનું મન સહેજે થાય છે. એક તો શુકદેવનું મંદિર બનાવવાનું સૂચન છે. જે મહાપુરુષે પોતાના સુધાસભર ઉપદેશથી આ ભૂમિને સજીવ કરી છે એમનું એક અલગ, કેવળ એમનું જ મંદિર હોય એ આવશ્યક છે. બીજું, આજુબાજુની અનંત જમીનનો ઉપયોગ કરી, એક સુંદર આદર્શ ગુરુકુળ બનાવવાનું સૂચન છે. એથી એ સ્થાન વિશેષ સજીવ અને અમર બની શકશે. આ બંને સૂચનોનો અમલ જેટલો જલદી થાય એટલો લાભદાયક ઠરશે. આ અમર તીર્થસ્થાનને શાંત અને સુંદર શિક્ષણકેન્દ્રના રૂપમાં ફેરવી શકાય તેમ છે.

સદ્દભાગ્યે એને સંત શ્રી કલ્યાણદેવ જેવા ઉત્સાહી, અણિશુદ્ધ કાર્યકર મળ્યા છે. વિશાળ વટવૃક્ષની જેમ એ જરૂર ફાલશેફૂલશે. આધ્યાત્મિક પિપાસુઓને માટે તો એ સ્થાન આશીર્વાદરૂપ છે જ.

એનું નામ શુકતાલ કેમ પડ્યું હશે ? તાલ એટલે તો તળાવ એવો વિશાળ અર્થ લઈ શકાય. તો શું પ્રાચીનકાળમાં ત્યાં કોઈ તળાવ કે સરોવર હતું ? એવો કોઈ ઉલ્લેખ ભાગવતમાં તો નથી મળતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. ગઢમુક્તેશ્વર

દુર્વાસા મુનિ પ્રખર તપમાં લીન હતા ત્યારે એકવાર ભગવાન શંકરના મુખ્ય ચાર ગણોએ એમનો ઉપહાસ કર્યો. દુર્વાસાએ એમને પિશાચ બનવાનો શાપ આપ્યો. ગણોએ અપરાધની ક્ષમા માગી, ને મુક્તિનો ઉપાય પૂછ્યો તો મુનિએ કહ્યું કે કાળાંતરમાં ભ્રમણ કરતાં કરતાં હસ્તિનાપુરની પૂર્વે શિવવલ્લભપુર નામે ક્ષેત્રમાં જ્યારે તમે તપશ્ચર્યા કરશો તથા તમારા અપરાધની ક્ષમા માગશો ત્યારે શાપમુક્ત બની જશો.

એ ગણોએ નિરાહાર રહી ઘોર તપ કર્યું અને ભારેમાં ભારે કષ્ટ સહન કર્યું. ગંગાસ્નાન કરી ભગવાન શંકરની વિધિપૂર્વક ઉપાસના કરી. કારતક માસ દરમિયાન આ પવિત્ર ક્ષેત્રની પરિકમ્મા પણ કરી. એ સૌના સંયુક્ત પ્રભાવથી પિશાચયોનિમાંથી મુક્તિ મેળવીને એમણે જીવનના પરમ શ્રેયની પ્રાપ્તિ કરી.

### ઐતિહાસિક અગત્ય

પુરાણોમાં એ સુંદર શાંત સ્થાનનું મહાત્મ્ય દર્શાવતો એવો બીજો ઉલ્લેખ પણ મળી આવે છે. ભગવાન પરશુરામે લોકકલ્યાણની કામનાથી પ્રેરાઈને એ ક્ષેત્રની આજુબાજુનાં સ્થળોમાં તપશ્ચર્યા કરી હતી. મહાભારત કાળમાં એ સ્થાન એક સરસ વનસ્થલીના રૂપમાં અસ્તિત્વ ધરાવતું હતું, જેની બાજુમાં પાંડવોનું વિશાળ ઉદ્યાન 'પુષ્પાવતી' હતું. શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરુ નાનકદેવે પણ પોતાની ભારતવર્ષની યાત્રા દરમિયાન એ ક્ષેત્રમાં આવીને કેટલાક સમય સુધી વાસ કર્યો હતો. મરાઠાકાળમાં તો એ ક્ષેત્રને ભારે મહત્વનું માનવામાં આવતું હતું. એ હકીકતની પ્રતીતિ કરાવતો, મરાઠાકાળમાં બનાવાયેલો કિલ્લો જીર્ણશીર્ણ અવસ્થામાં આજે પણ ત્યાં સ્થિત છે. મોગલકાળમાં જે જુદાજુદા સૂફી સંતો થઈ ગયા તેમાંથી ગજ્બખ્શ નામે સૂફી સંતે એ સ્થાનને પોતાના એકાંતવાસ માટે પસંદ કરેલું એમ કહેવાય છે. ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌનો સંબંધ દિલ્હી સાથે કરાવવામાં ગઢમુક્તેશ્વરનો ફાળો ઘણો મોટો છે. પંજાબ તથા ઉત્તરપ્રદેશના પશ્ચિમી જિલ્લાઓની વચ્ચેનો વ્યાપારવિનિમય ગઢમુક્તેશ્વર પાસેના ગંગા પૂલની મદદથી બહુ મોટા પ્રમાણમાં થઈ શકે છે. મીરતથી મુરાદાબાદ ને બરેલી, બુલંદ શહેરથી મીરત, અને દિલ્હીથી લખનૌના સંબંધો પ્રસ્થાપિત કરવામાં એણે મહત્વનો ભાગ ભજવ્યો છે.

ગઢમુક્તેશ્વરમાં ગંગાનું દૃશ્ય કેટલું બધું વિશાળ લાગે છે ! તીર્થ છે એટલે નાનામોટાં મંદિરો તો ત્યાં હોવાના જ, પરંતુ ગંગાની આજુબાજુના વિશાળ પ્રદેશ પર નજર નાખો તો એવું જરૂર લાગે કે કુદરત એક મંગલમય, મધુર, મનહર મંદિર બનીને બેસી ગઈ છે. એની શોભા કેટલી અનેરી છે ! જેની પાસે આંખ હોય તે એનું દર્શન કરી શકે છે. એ સ્થાનમાં પહોંચતાવેંત સૌથી પહેલી દૃષ્ટિ તો ગંગાના પરમપવિત્ર વિશાળ પ્રવાહ પર પડે છે. ગંગા અહીં અત્યંત મોકળી બનીને વહેવાનું શરૂ કરે છે. ગંગાનો પુનિત પ્રવાહ જ્યાં પણ અને જેવા પણ સ્વરૂપમાં વહેતો હોય ત્યાં અને તેવા સ્વરૂપમાં આનંદ આપે છે. એની અસર એકદમ અસાધારણ હોય છે.

ગઢમુક્તેશ્વરમાં દર વરસે કારતર મહિનામાં નિયમિત મેળો ભરાય છે. લાખો યાત્રીઓ એકઠા થાય છે. ધર્મશાળાઓની સંખ્યા અહીં મોટી છે. સંતમહાત્માઓ પણ ઘણા મળી રહે છે. બ્રીજઘાટની પાસે ફળાહારી બાબા નામે એક મહાત્મા વરસોથી નાવમાં રહે છે. ગંગાકિનારે ગંગામાં રહેનારી નાવને ભક્તોએ ઠીકઠીક

સજાવી છે, ને ફળાહારી બાબા તેમાં ગંગા માતાની ગોદમાં શ્વાસ લે છે. વયોવૃદ્ધ દેખાતા બાબા ભારે સ્ફૂર્તિવાળા, સરળ, નિખાલસ, નમ્ર ને સાદા દેખાય છે. નિરંતર નામસ્મરણ અને તપશ્ચર્યામાં એ પોતાનો વખત વ્યતીત કરે છે. એમના ગુરુ શ્રી હરિહર બાબા પણ કાશીમાં ગંગાજળમાં નાવમાં જ નિવાસ કરતા. શ્રી રામચંદ્રજી પોતાના જીવનકાળ દરમિયાન અયોધ્યાથી નીકળીને જ્યાં જ્યાં ફર્યા કે રહ્યા હતા તે તે સ્થાનોની યાત્રા ફળાહારી બાબાએ પ્રેમપૂર્વક પૂરી કરી છે.

બહાર નીકળીને થોડેક આગળ ચાલીને ઘાટ પર જઈને જોયું તો ત્યાં પડેલી ખાટ પર કોઈ પરિવ્રાજક સંત શાંતિપૂર્વક બેઠા હતા. લાઠી, કમંડલ અને એકાદ વધારાના ઉપવસ્ત્ર સિવાય તેમની પાસે બીજું કશું જ ન હતું. એવા અપરિગ્રહી ત્યાગી પુરુષો પણ તીર્થોની યાત્રા કરતા કરતા કોઈ કોઈવાર અહીં આવી ચઢે છે. સ્થાનની સુંદરતા, શાંતિ અને કોલાહલરહિતતા જોઈને ઈચ્છાનુસાર થોડો વખત એ મુકામ પણ કરે છે. એવા સંતોને લીધે રમણીય તીર્થસ્થાનો વધારે રમણીય લાગે છે.

ગઢમુક્તેશ્વરના દર્શનનો લાભ લઈને અમે પાછા ફરવા માંડ્યાં ત્યારે સૂર્યાસ્તનો સમય હતો. સૂર્યનારાયણ હવે દૂર ક્ષિતિજમાં સરી જવાની તૈયારીમાં હતા. એ વખતનું દૃશ્ય કેટલું બધું રસમય હતું ! કિરણો સમેટાઈને સૂર્યમાં મળી જતાં હતાં. તેવી રીતે મનની વૃત્તિઓ, શાંત તથા વિષયોથી ઉપરામ બનીને, આત્મામાં લીન થવાની તૈયારી કરતી હતી. એમ થતું હતું કે અસીમ શાંતિથી છવાયેલા આ સ્થાનમાં ઘડી-બે-ઘડીને માટે આંખ મીંચી લઈએ, અંદરની દુનિયામાં પ્રવેશ કરીએ, અને અમૃતના ઘૂંટડા પીતાં તલ્લીન બનીએ.

ગઢમુક્તેશ્વરથી બિજનોર જતાં રસ્તામાં એક બીજું શાંત, સુંદર અને દર્શનીય તીર્થસ્થાન આવે છે. એ વિદુરકુટિ કહેવાય છે. બિજનોર શહેર ત્યાંથી છેક પાસે જ છે. વિદુરકુટિના સરસ ગંગાતટવર્તી સ્થળમાં મહાત્મા વિદુરે તપ કરેલું એવી કથા છે. એ કથાથી પરિચિત, શ્રદ્ધાળુ સ્ત્રીપુરુષો ત્યાં દર્શન કરવા તથા પ્રાતઃસ્મરણીય, પ્રાજ્ઞ, ‘વિદુરનીતિ’ના રચયિતા મહાત્મા વિદુરને અંજલિ આપવા એકઠાં થાય છે. ગંગાનો પ્રવાહ ત્યાં ઊંડો તેમ જ વિશાળ છે. બીજે કિનારે, સામે જ, હસ્તિનાપુરના અવશેષો દેખાય છે. વિદુરકુટિના એ ઐતિહાસિક, સાંસ્કૃતિક સ્મૃતિસ્થાનની મુલાકાતથી અમને સાચેસાચ આનંદ થયો. એ સ્થાનમાં ફરતી વખતે ભારતનો ભવ્ય મહાભારતકાળ યાદ આવ્યો.

મહાત્મા વિદુરની સ્મૃતિમાં ત્યાં એક પથ્થરની પ્રતિમા મૂકવામાં આવી છે. એનું ઉદ્દઘાટન રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ કરેલું. સદ્દભાગ્યે એ સ્થાનમાં વરસોથી વસતા એક બંગાળી સંત એને પુનર્જીવન આપવા તથા લોકોપયોગી બનાવવા બનતા બધા જ પ્રયત્નો કરી રહ્યા છે. એમણે ત્યાં ધર્મશાળા બાંધી છે. થોડેક દૂર ટેકરી પર વિદ્યાલયની પણ સ્થાપના કરી છે. પોતે સુશિક્ષિત હોઈ એ બધી પ્રવૃત્તિઓમાં ઘણો મહત્વનો ફાળો આપી રહ્યા છે. સંતપુરુષો, વિરક્તો તથા ત્યાગીઓ દેશમાં મોટી સંખ્યામાં છે. આવાં સ્થળોને વિકસાવવા તથા લોકોપયોગી બનાવવા તેમનામાંના થોડાક પણ જો પલાંઠી વાળીને બેસી જાય તો દેશની સૂરત બદલાઈ જાય ને ઘણો મોટો, મહામૂલ્યવાન લાભ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. વૃંદાવન અને ગોકુળ

વૃંદાવન તો ભગવાન શ્રીકૃષ્ણનું લીલાસ્થાન ગણાય છે. કહે છે કે, એના નામ પ્રમાણે, પહેલાં ત્યાં તુલસીનું વિશાળ વન હતું. એ ઉપરાંત, ભારે ગીચ જંગલ પણ હતું. શ્રીકૃષ્ણના વખતના વૃંદાવનમાં અને આજના વૃંદાવનમાં ઘણો ભેદ હોય એ સહેજે સમજી શકાય તેવું છે. બંનેની વચ્ચે કાળનું મોટું અંતર છે અને એ દરમિયાન કાળદેવતાના સહજ સ્વભાવ પ્રમાણે જળ અને સ્થળનાં ન જાણે કેટલાંય પરિવર્તનો થઈ ગયાં છે. તોપણ ભૂમિ તો એક જ છે. એમાં કોઈ ખાસ પરિવર્તન નથી થયું. શ્રીકૃષ્ણની ચરણરજથી પરમ પવિત્ર ને પુલકિત થયેલી આ ભૂમિ આજે પણ એટલી જ મહિમામયી લાગે છે. ઠેકઠેકાણે થતા 'રાધેશ્યામ'ના મધુર ગુંજારવથી એ ભૂમિ ગુંજી રહી છે.

વૃંદાવનમાં અમે રાતે પહોંચીને પંજાબી રામનગરી ધર્મશાળામાં મુકામ કર્યો. થોડોક વખત આરામ કર્યા પછી ત્યાંના પ્રસિદ્ધ મંદિર બાંકે બિહારીજીના દર્શન કરવા માટે ગયા. આ એ જ પ્રસિદ્ધ પુરાતન મંદિર છે, જેમાં આવીને તુલસીદાસજીએ એના શ્રીવિગ્રહને ઉદ્દેશીને કહેલું :

कहा कहूं छबी आजकी, भले बिराजो, नाथ !<br>
तुलसी मस्तक तब नमे, धनुष्यबाण लेऊ हाथ ॥

"આજની તમારી શોભા ઘણી સુંદર છે એમાં શંકા નથી, છતાં હે પ્રભુ ! મારું મસ્તક તો તમને ત્યારે જ નમી શકશે, જ્યારે ધનુષ્યબાણ ધારણ કરીને તમે શ્રીરામ બનશો."

સંતશિરોમણિ શ્રી તુલસીદાસે પ્રેમભક્તિપૂર્વક પ્રાર્થના કરી અને એમની પ્રાર્થનાને લક્ષમાં લઈને ઈશ્વરે મૂર્તિમાં ફેરફાર કર્યો. એ દેખીને દર્શનાર્થી સ્તબ્ધ બની ગયા. 'અપને ભક્ત કે કારણ શ્યામ ભયે રઘુનાથ.' ભગવાન શ્રીકૃષ્ણ મોરલી છોડી, ધનુષ્ય-બાણ ધારણ કરીને, સ્વેચ્છાથી શ્રીરામ બન્યા. કેટલો અસાધારણ ચમત્કાર ! તુલસીદાસની પ્રખર પ્રેમભક્તિને માટે એ મહાન પુરસ્કાર હતો. બાંકે બિહારીજીના દર્શન વખતે એ આખોય પ્રસંગ તાજો થાય છે. એ વાતને વીત્યે તો વરસો થઈ ગયાં છે; અને એ પછી હજારો ને લાખો લોકોએ મંદિરમાં પ્રવેશ કર્યો છે. બીજા અનેકના જીવનમાં પણ એક અથવા બીજી જાતના અવનવા અનુભવો અવશ્ય થયા હશે. નિષ્કપટ દિલમાં પ્રેમ અને વિશ્વાસ પેદા કરીને જે ઈશ્વરનું શરણ લે છે તે કોઈ ને કોઈ શાંતિદાયક સ્વાનુભવ જરૂર મેળવી લે છે. બાંકે બિહારીજીની મૂર્તિની ઘટના એ હકીકતને જાણે કે પુષ્ટિ આપી રહી છે.

અમે પણ અનુરાગભરી અંજલિ આપીને મંદિરમાંથી પાછાં ફર્યાં. સાચું કહીએ તો, જે દેખાય છે તે બધું જ સમસ્ત સંસાર એક વિશાળ મંદિરરૂપ છે. એમાં જે છે તે બધું જ દેવતારૂપ છે. પશુ, પક્ષી, વનસ્પતિ, પાણી, પર્વત, પવન, પૃથ્વી અને આકાશ, બધે જ શું એ પરમ ચૈતન્યનો આભાસ નથી મળતો ? બધે એ જ છે, અને બધું એનું મંગલ મંદિર છે. પરંતુ એવી અનુભૂતિ ભાગ્યે જ અને બહુ લાંબે વખતે થાય છે. કેટલાકને તો થતી પણ નથી. એટલે આરંભમાં મંદિરના સીમિત સંગ્રહસ્થાનમાં એનું દર્શન કરવું પડે છે. પરંતુ એ દર્શન છેવટનું નથી, અને એમાંથી આગળ વધવાનું છે એ વાત સૌએ સમજી લેવી જોઈએ. ત્યારે જ આગળ

પર સમસ્ત વિશ્વ અને પોતાનું શરીર, સઘળુંય મંદિરરૂપ દેખાશે અને દેવનું દર્શન અંદર અને બહાર, આજુબાજુ, બધે જ સુલભ બનશે.

ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનની આ પવિત્ર ભૂમિમાં વિચરણ કરતા હશે એ વાતને તો વરસો વહીં ગયાં છે. એ વખતે અહીંનું વાતાવરણ જુદું જ હશે. આજે તો એની સ્મૃતિ જ શેષ રહી છે. એમ છતાં એ સ્મૃતિથી આકર્ષાઈને કેટલાય સાધારણ અને અસાધારણ ભક્તો આ પવિત્ર ભૂમિમાં આવીને વસ્યા છે. આજે પણ કોઈ કોઈ ભક્તપુરુષો અને ભક્તિમતી સ્ત્રીઓ અહીં જોવા મળે છે. વૃંદાવનનું ધામ હંમેશને માટે પ્રેમભક્તિનું પ્રેરણાધામ મનાયું છે. મીરાંબાઈએ પોતાના જીવનનો બહુમૂલ્ય વખત અહીં વીતાવ્યો હતો. પોતાની પ્રખર ભક્તિથી એણે મોટામોટા વૈષ્ણવ આચાર્યોને પ્રસન્ન કરેલા. આચાર્યો મળવા આવતા અને માન આપતા તેથી એમના અનુયાયીઓમાં અસંતોષ જાગેલો અને ખળભળાટ પણ થયેલો. પરિણામે મીરાંએ વ્રજભૂમિનો ત્યાગ કરવો પડેલો, અને શેષ જીવન દ્વારિકામાં વીતાવેલું. વૃંદાવનમાં મીરાંની સંસ્મૃતિમાં નાનુંસરખું મંદિર છે. મંદિર તો વસતિમાં છે, એટલે એના પરથી મીરાંબાઈના મનોબળનો, ને એકાંતવાસનો, ઈશ્વરપ્રેમ તથા કષ્ટમય જીવનનો ખ્યાલ નહિ આવી શકે. એનો ખ્યાલ તો એ હકીકતને જાણવાથી આવશે કે વૃંદાવનની વર્તમાન વસતિ તો છેલ્લાં થોડાંક વરસોમાં જ થયેલી છે, ને મીરાંબાઈના વખતમાં તો, થોડાઘણાં દેવસ્થાનોને બાદ કરતાં, ત્યાં દિવસે પણ ભય લાગે તેવું ઘોર જંગલ હતું. એવાં એકાંત અરણ્યમાં વાસ કરીને એ અસાધારણ સાધ્વી સ્ત્રીએ 'મેરે તો ગિરિધર ગોપાલ'નો નાદ ગાજતો કરીને પોતાના મનને તીવ્ર તપમાં પરોવી દીધું હતું. એવી અસાધારણ સંસ્કારસંપન્ન સ્ત્રીને માટે આપણા દિલમાં ઊંડો આદરભાવ ઉત્પન્ન થાય છે. એવા આદરભાવથી પ્રેરાઈને જ મેં એના મંદિરની મુલાકાત લીધી.

શ્રીરંગજીના મંદિરની ખ્યાતિ અહીં ઘણી છે. જો તમે મંદિરપ્રિય હો તો વૃંદાવનમાં નાનાંમોટાં મળીને ૪,000 થી ૫,000 મંદિર છે. દિવસો સુધી દર્શન કર્યા કરો તોપણ અંત ના આવે. વિશેષ તો શ્રીરંગજીનું મંદિર મોટું હોવાથી એનું દર્શન સૌ કોઈ કરે છે. મંદિરની બહારના સુવર્ણસ્થંભ પર સાડા-બાર મણ સોનું વપરાયું હોવાની કથા મંદિરના પુરોહિતો કહી બતાવે છે. મંદિરના અસંખ્ય સ્થંભો પર રંગબેરંગી ચિત્તાકર્ષક સુંદર મૂર્તિઓ છે.

સેવાકુંજ તથા નિજવનની જગ્યાઓ પણ જોવા જેવી છે. નિજવન અને સેવાકુંજમાં વૃક્ષોની ડાળીઓ, વૃક્ષોનાં થડ, છોડ, લતા બધું જ નમેલું છે. નિજવનમાં તાનસેનના ગુરુ હરિદાસની સમાધિ છે. એ સંગીતવિદ્યામાં અત્યંત પ્રવીણ મનાતા. અકબરે પણ પ્રભાવિત થઈને એની મુલાકાત લીધેલી.

વૃંદાવનના બંશીવનમાં વરસો પછી શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીની મુલાકાત થઈ. હવે એમણે મૌનવ્રત છોડી દીધું છે અને ગૌસેવામાં મન પરોવ્યું છે.

વૃંદાવનમાં માગશર મહિનાની અમાસ હોવાથી યમુના નદીમાં સ્નાન કરવા તો ગયાં, પરંતુ નદીનું વાતાવરણ બહુ સારું ના લાગ્યું. માણસે નદીના પાણીને અને કિનારાને બગાડી નાખ્યાં છે. ત્યાં ગંદકી વિના કાંઈ જ નથી દેખાતું, એટલે સ્નાન કરવાનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. વૃંદાવન ગામ પણ ઘણું સાંકડું ને ગંદું છે.

રમણરેતી તરફનો વિસ્તાર સ્વચ્છ અને શાંત છે. મથુરા રોડનો વિભાગ પણ સારો છે. એ બાજુ રામકૃષ્ણ સેવાશ્રમ, આનંદમયી માતાનો તથા સ્વામી શરણાનંદજીનો આશ્રમ અને બીજા આશ્રમો છે. ભક્તિભાવથી ભરેલું હૃદય લઈને બેસનારને આજેય શાંતિનો અનુભવ થઈ શકે છે.

સ્વામી વિવેકાનંદે વિચાર્યું કે ત્યાગી, વિરક્ત કે સંન્યાસી પુરુષો પોતાનો સમસ્ત સમય ઈશ્વરસ્મરણમાં કે આત્મિક વિકાસ માટેની સાધનામાં નથી ગાળતા. એવી લગન, યોગ્યતા ને શક્તિ કોઈક વિરલ આત્માઓમાં જ જોવા મળે છે. તો પછી ભારતમાં જે ત્યાગી-વૈરાગી સંન્યાસીઓની વિશાળ સંખ્યા છે તેનું શું ? તેમને જો જરૂરી તાલીમ આપીએ, આદર્શ બનાવવાનો પ્રયત્ન કરીએ, ને સમાજસેવાના સર્વોપયોગી કામમાં લગાડીએ, તો તેમના પોતાના જીવનને તો જ્યોતિર્મય કરી જ શકાય, સાથેસાથે સમાજની પણ કાયાપલટ કરી શકાય. એ ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. એમના એ પવિત્ર સંકલ્પબીજમાંથી રામકૃષ્ણ મિશનની કેટલીય શાખાઓ ભારતમાં અને ભારત બહાર કામ કરી રહી છે. એના તરફથી સેવાશ્રમ પણ ચાલે છે. ત્યાં દર્દીઓની સ્નેહપૂર્વક સેવા થાય છે. વૃંદાવનમાં જે સેવાશ્રમ છે તે એ દૃષ્ટિએ અત્યંત ઉપયોગી છે. એની ભૂમિ ઘણી વિશાળ છે, અને એથીય વિશાળ છે એમાં કામ કરનારા સેવાવ્રતધારી ને માનવતાવાદી માનવોના અંતરાત્મા. એમનું દર્શન કરીને ખરેખર આનંદ થયો. ભારતની દીનતા અને વ્યાધિગ્રસ્તતાનો વિચાર કરતાં, એવા અનેક સેવાવ્રતધારી આત્માઓની અને સેવાસંસ્થાઓની અતિ આવશ્યકતા છે.

મથુરારોડ પર આગળ જતાં બિરલાએ બંધાવેલું શ્રીકૃષ્ણ મંદિર આવે છે. મંદિરની સીમામાંના ઊંચા સ્થંભ પર શ્રીમદ્ ભાગવતગીતાના સંપૂર્ણ શ્લોકો અંકિત કરવામાં આવ્યા છે. એ જોઈને આનંદ થયો. એમ પણ થયું કે એવી રીતે જ્યારે માનવના અંતરમાં અને જીવનવ્યવહારમાં ગીતાના સંદેશ અંકિત થશે ત્યારે મોટા ભાગની સમસ્યાઓનો અંત આવશે, ને સમાજ સુખી થશે. ભગવાન શ્રીકૃષ્ણનું જન્મસ્થાન મથુરા, પરંતુ શૈશવાવસ્થાનું ઉછેરસ્થાન ગોકુલ. મથુરામાં કંસના કારાગારમાં જન્મ્યા પછી વસુદેવ કૃષ્ણને મથુરાથી યમુના પાર કરીને નંદ અને યશોદાને ત્યાં ગોકુલ લઈ આવ્યા, અને ત્યાં એમનો ઉછેર થયો. ગોકુલના દર્શનથી એ અલૌકિક સુંદર ઘટનાનું સ્મરણ થાય છે.

ગોકુલ ગામ ઘણું નાનું છતાં એકંદરે સ્વચ્છ છે. યમુનાનો પ્રવાહ ખૂબ જ નયનમનોહર, નિર્મળ ને શાંત લાગે છે. નંદજીનું મંદિર નદીના પ્રશાંત તટપ્રદેશ પર જ બંધાયેલું છે. મંદિર મોટું કે આકર્ષક નથી, પરંતુ સમૃદ્ધ છે. એની વ્યવસ્થા ગોવાળિયાઓ જ કરે છે.

ગોકુલમાં જોવા જેવું બીજું સ્થળ રમણરેતી છે. વૃંદાવનની રમણરેતી જુદી છે ને ગોકુલની પણ જુદી છે. એ રમણરેતીમાં એક સાદો, નાનો, સંત આશ્રમ છે. એ આશ્રમની સ્થાપના શ્રીગોપાલદાસજીએ કરી છે. આશ્રમ ઘાસની ઝૂંપડીઓનો બનેલો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. વ્રજમંડળનો સંક્ષિપ્ત પરિચય

**મથુરા :** મથુરાનું પ્રાચીન નામ મધુરા અથવા મધુવન છે. શ્રીમદ્ ભાગવતના રસિકો સારી પેઠે જાણે છે કે સ્વાયંભુવ મનુના પૌત્ર તથા રાજા ઉત્તાનપાદના પુત્ર ધ્રુવે દેવર્ષિ નારદના ઉપદેશાનુસાર મધુવનમાં જઈને ઈશ્વરના દર્શન માટે તપશ્ચર્યા કરેલી. કઠોર તપશ્ચર્યાના પરિણામે ધ્રુવને ઈશ્વરદર્શનનો લાભ પણ ત્યાં જ મળેલો. એ વખતે મધુવન ઘોર વન હતું. પાછળથી ત્યાં મધુ નામના રાક્ષસે એક શહેર વસાવ્યું. એના પરથી મધુરા કે મધુપુરી નામ પડ્યું. શત્રુઘ્ને એ મધુ રાક્ષસનો નાશ કરી, એ ભૂમિ પર અધિકાર કરેલો. પાછળથી એ પ્રદેશ શૂરસેનવંશીય ક્ષત્રિયોના અધિકારમાં આવ્યો. શ્રીકૃષ્ણના પ્રાકટ્યને લીધે એનો મહિમા ઘણો વધી ગયો.

મથુરા તથા વૃંદાવનની આસપાસના પ્રદેશોનો વિસ્તાર ૮૪ કોશનો કહેવાય છે. તેને વ્રજમંડળ કહે છે. મથુરા એના મધ્યભાગમાં છે. ભાવિક વૈષ્ણવો દર વરસે ૮૪ કોશના વ્રજમંડળની યાત્રા કરે છે. એ યાત્રા ઘણી વ્યવસ્થિત અને આનંદદાયક હોય છે. વ્રજમંડળનાં બધાં મળીને બાર વન છે. તેમાં વૃંદાવનનો મહિમા સૌથી વધારે છે. તે સૌથી પવિત્ર ગણાય છે. બીજાં વન મધુવન, કુમુદવન, કામ્યવન, બહુલવન, ભદ્રવન, ખાદિરવન, શ્રીવન, મહાવન, લોહજંઘવન, બિલ્વવન તથા ભંડિરવન છે.

મથુરામાં પંડાઓને ત્યાં પણ રહી શકાય છે. ત્યાંના પંડાઓ યાત્રીની પાછળ સારી પેઠે પડે છે. યાત્રી જો સાવચેત ના હોય તો હેરાનગતિનો ભય વધારે રહે છે. ઊતરવા માટે ધર્મશાળાઓ પણ પૂરતા પ્રમાણમાં છે. તેમાં કરમસીદાસ મુંબઈવાળાની કારમહલ વિશ્રામઘાટની ધર્મશાળા, ગોકળદાસ તેજપાલની મારૂગલીની ધર્મશાળા. છત્તા બજારમાં દામોદરભવન, અસકુંડા બજારમાં દામોદરદાસ તાપીદાસની ધર્મશાળા, વિકટોરિયા પાર્કની શેઠ ધનશ્યામદાસ રૂપકિશોર ભાટિયાની, બંગાળીઘાટ પર બિહારીલાલની ને રાજા તિલોઈની, સ્વામીઘાટ પર હરમુખરાય દુલીચંદની, પૂલ પાસે આવાગઢના મહારાજાની ને વૃંદાવન દરવાજા પાસે માહેશ્વરી ધર્મશાળા ખાસ ઉલ્લેખનીય છે.

**વૃંદાવન :** વૃંદાવન મથુરાથી છ માઈલ છે. રેલ્વે રસ્તે એનું અંતર નવ માઈલ જેટલું છે. ત્યાં રહેવા માટે અનેક ધર્મશાળાઓ છે. સ્ટેશનની બાજુમાં જ મિરજાપુરવાળાની ધર્મશાળા છે. બીજી ધર્મશાળાઓ મંદિરોની પાસે પણ આવેલી છે. તેમાંથી ગમે તેમાં રહી શકાય.

વૃંદાવનના નામકરણ પાછળની એક પ્રાચીન નાનકડી કથા જાણવા જેવી છે. એ કથા 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં કહેવામાં આવી છે. સત્યયુગમાં મહારાજા કેદારની પુત્રી વૃંદાએ શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. એણે એ વનમાં લાંબો વખત અપ્રતિમ તપ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. એમણે દર્શન આપ્યું. ત્યારથી વૃંદાના તપની સ્મૃતિમાં એ વન વૃંદાવન તરીકે ઓળખાયું.

**દાઉજીનું મંદિર :** વૃંદાવન તથા મથુરાની આજુબાજુની ૮૪ કોશની વ્રજમંડળની ભૂમિમાં બીજાં જોવા જેવાં તીર્થો ઘણાં છે. ગોકુલથી સાતેક માઈલ દૂર બલદેવ ગામમાં દાઉજીનું પ્રસિદ્ધ મંદિર છે. તેના દર્શન માટે ઘણા લોકો જતા હોય છે. એ મંદિરની મૂર્તિ ચમત્કારિક ગણાય છે. કહે છે કે, ઔરંગઝેબ સેના સાથે એ મંદિરને તોડવા આવ્યો ત્યારે મંદિરના ગર્ભદ્વારમાંથી નીકળેલા ભમરાના ટોળેટોળાં એ સેના પર તૂટી પડ્યા.

એથી સૈનિકો નાસવા લાગ્યા. ઔરંગઝેબ પણ ગભરાઈ ગયો. આખરે મંદિરને તોડવાનો વિચાર પડતો મૂકી એ સેના સાથે રવાના થઈ ગયો.

**નંદગામ :** બીજું દર્શનીય તીર્થસ્થાન નંદગામ છે. મથુરાથી તે લગભગ ૨૮ માઈલ દૂર છે. ઉપરાંત, બરસાના ગામ પણ જોવા જેવું છે. તે મથુરાથી આશરે પાંત્રીસ માઈલ દૂર છે. એ બંને સ્થળોએ જવા માટે મોટર મળે છે. ગોવર્ધનથી પણ ત્યાં જવા માટે મોટર મળે છે. નંદગામમાં ટેકરી પર નંદજીનું મંદિર છે. નીચે પામરીકુંડ છે. ગામમાં નાની ધર્મશાળાઓ છે. તેમાં રહેવાની વ્યવસ્થા છે.

**બરસાના :** બરસાના રાધાની પિતૃભૂમિ છે. એ ગામ પર્વતની ટેકરી પર વસેલું છે. એ ટેકરીનું નામ બૃહત્સાનું કે બ્રહ્મસાનુ હોવાથી, ગામનું પ્રાચીન નામ પણ કદાચ એના પરથી બૃહત્સાનું, બ્રહ્મસાનુ કે વૃષભાનપુર હતું. એ ડુંગરનાં ચાર શિખરો પર અનુક્રમે મોરકુટિ, માનગઢ, વિલાસગઢ તથા દાનગઢ સ્થળો છે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણે રાધા સાથે જુદીજુદી લીલા કરી હોવાનું કહેવાય છે. બરસાનામાં બે ડુંગરોની વચ્ચે મુશ્કેલીથી પસાર થઈ શકાય એવી સાંકડી જગ્યા છે. ત્યાં રાધાના જન્મદિવસ ભાદરવા સુદ આઠમથી ચૌદશ સુધી દર વરસે મેળો ભરાય છે, અને ફાગણ સુદ આઠમ, નોમ ને દશમે હોળીનો ઉત્સવ થાય છે. પર્વત પર, આમ તો કેટલાંય મંદિરો છે, પરંતુ એમાં શ્રી લાડિલીજીનું મંદિર મુખ્ય છે. તેનું દૃશ્ય પર્વતની નીચેના ભાગમાંથી ઘણું નયનાભિરામ લાગે છે. પગથિયાં ચઢીને મંદિર તરફ જતાં રસ્તામાં રાધાના પિતાની સ્મૃતિ કરાવતું મહીભાનુજીનું મંદિર આવે છે. નીચે એક મંદિર રાધાજીનું તથા બીજું રાધાજીની મુખ્ય આઠ સખીઓનું છે. બીજામાં લલિતા, ચિત્રા, વિશાખા, ઈન્દુલેખા, ચંપકલતા, રંગદેવી, તુંદવિદ્યા તથા સુદેવીની મૂર્તિઓ છે.

બરસાનામાં તળાવ પણ જોવા મળે છે. ત્યાં જે ભાનોખર તળાવ છે તે રાધાજીનું બનાવેલું કહેવાય છે. એની બાજુમાં રાધાજીની માતા કીર્તિદાના નામ પરથી બનેલું કીર્તિકુંડ તળાવ છે. ઉપરાંત, મુક્તાકુંડ ને પ્રિયાકુંડ અથવા પીરીપોખર નામે બીજાં બે જળાશયો પણ છે.

**ગોવર્ધન :** ગોવર્ધન એક સુંદર સ્થળ છે. તે બરસાનાથી જઈએ તો ચૌદેક માઈલ ને મથુરાથી જઈએ તો સોળેક માઈલ દૂર છે. મથુરાથી બસ દ્વારા ત્યાં જઈ શકાય છે. ગોવર્ધન નાનોસરખો ડુંગર પણ છે અને ગામ પણ છે. લોકો એની પ્રદક્ષિણા કરે છે. કેટલાક ભાવિક લોકો તો દંડવત્ પ્રણામ કરતાં કરતાં પ્રદક્ષિણા કરે છે. ગોવર્ધનમાં માનસીગંગા સરોવર છે. તે ઉપરાંત, પ્રદક્ષિણાના માર્ગમાં બીજાં કેટલાંય સરોવરો ને કુંડ જોવા મળે છે. તેમાં રાધાકુંડ, કૃષ્ણકુંડ, ગોવિંદકુંડ અને કુસુમ સરોવર મુખ્ય છે. ગોવર્ધનમાં હરદેવજીનું મંદિર, ચક્રેશ્વર મહાદેવ, ચરણચિહ્ન, માનસીદેવી તથા વલ્લભાચાર્યજીની બેઠક જોવા લાયક છે.

**પરિકમ્મા :** વ્રજમંડળની પરિકમ્મા દર વરસે વર્ષાઋતુમાં કરવામાં આવે છે. તેમાં હજારો સ્ત્રીપુરુષો જોડાતાં હોય છે. આખે રસ્તે ભજનકીર્તન તથા સંત્સંગનું વાતાવરણ જોવા મળે છે. વલ્લભકુળના આચાર્યો દ્વારા થતી પરિકમ્મા દોઢેક મહિનામાં પૂરી થાય છે. રસ્તામાં જુદાંજુદાં તીર્થો ને ગામો આવે છે. તેનો લાભ લેતા યાત્રીઓ રાધાજીના જન્મસ્થાન રાવલ ગામમાં આવી પહોંચે છે, ને ત્યાંના રાધાઘાટ તથા લાડિલીજીના મંદિરનું દર્શન કરી, ત્યાંથી યમુના પાર કરી મથુરા આવે છે. કોઈ યાત્રી ગોકુલથી સીધા મથુરા આવી જાય છે, તો કોઈ રાવલ ગામથી લોહવન ને હંસગજ થઈને મથુરા આવે છે. એવી રીતે પરિકમ્મા પૂરી થાય છે.

ચોરાશી લાખ યોનિમાં ફરનારો જીવ પણ પોતે જ્યાંથી આ સંસારના પ્રવાસે નીકળ્યો છે તે મધુપુરી અથવા પરમાત્માના પરમ અમૃતમય પરમધામમાં-પોતાના મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપમાં જઈને ફરી સ્થિત ના થાય, ત્યાં સુધી આવાગમનની એની પીડાજનક પરિકમ્મા પૂરી નથી થતી. તેની પૂર્ણાહુતિ માટે પરમાત્માનો પ્રેમ જગાવીને પરમાત્મામય જીવન જીવતાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવો પડે છે. ચોરાશી કોશની સ્થૂળ પરિકમ્મામાંથી એવો સૂક્ષ્મ સંદેશ ઝીલતાં શીખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. શ્રીકૃષ્ણની જન્મભૂમિ : મથુરા

આપણે ત્યાં પેલા પ્રખ્યાત શ્લોકમાં મથુરાના માહાત્મ્યનું દિગ્દર્શન કરાવતાં કહેવામાં આવ્યું છે કે મથુરા નગરી મોક્ષ આપનારી છે.

अयोध्या मथुरा माया काशी काञ्ची अवन्तिका ।
पुरी द्वारामती चैव सप्तैता मोक्षदायिकाः ॥

એ શ્લોકમાં કહ્યા પ્રમાણે, મોક્ષ પ્રદાન કરનારી સાત નગરીઓમાં મથુરા ઉપરાંત અયોધ્યા, હરિદ્વાર, કાશી, કાંચી, ઉજ્જૈન તથા દ્વારિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોક્ષની પ્રાપ્તિની વાતને બાજુ પર રાખીએ, તોપણ, એ સુંદર સ્થળોની સાથે ભારતવર્ષનો સાંસ્કૃતિક ઈતિહાસ સંકળાયેલો હોવાથી ભારતની જનતા એમના અવલોકન માટે સ્વાભાવિક રીતે ઉત્સુક રહે છે અને એમના દર્શનથી આનંદ અનુભવે છે.

યમુનાતટ પર વસેલું મથુરા શહેર શ્રીકૃષ્ણની જન્મભૂમિ તરીકે યુગોથી એક પ્રકારના ઊંડા આકર્ષણનું કેન્દ્ર બનતું આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય કંસના કારાગારમાં થયેલું. એ સ્થાનને અમર રાખવા કે ચિરસ્થાયી પ્રેરણાદાયક સ્મૃતિચિહ્ન સમું બનાવવા પ્રજાએ આજ સુધી અનેકવાર પુરુષાર્થ કરી જોયો છે. એ પુરુષાર્થની ગાથા જાણવા જેવી છે. માનવ અને કૃતજ્ઞ માનવના આત્માએ એ ચિરસ્મરણીય સાંસ્કૃતિક સ્થાનને કેટકેટલીકવાર અંજલિ ધરી છે ! અને કેમ ના ધરે ? ભગવાન શ્રીકૃષ્ણ મથુરાની એ મોક્ષદાયિની નગરીમાં કેવળ પોતાના મોક્ષની ચિંતાથી નહોતા આવ્યા, બલકે એમના દિલમાં જીવમાત્રની હિતકામના અને ચિંતા હતી; સૌને અધર્મ, અન્યાય, અત્યાચાર તેમજ બંધનથી મુક્ત કરવાની તમન્ના હતી. એવા પુરુષો પૃથ્વી પર કાંઈ વારંવાર પેદા નથી થતા. એ તો કોઈ વિરલ ક્ષણે ક્વચિત જ જન્મે છે. એમનું જીવન અનેકને માટે અને અનંત કાળ લગી આશીર્વાદરૂપ ઠરે છે.

કંસના જેલખાનાને ‘કટરા કેશવદેવ’ કહેવામાં આવે છે. પંડિતોનું ને પુરાતત્વવિદોનું કહેવું છે કે એ સ્થાન પહેલાં મથુરાના મધ્યભાગમાં હતું અને એની પશ્ચિમ તથા ઉત્તરમાં જે વિશાળ ખંડેર અને અવશેષો દેખાય છે તે જૂના શહેરના અવશેષો છે. ‘કટરા કેશવદેવ’ શ્રીકૃષ્ણનું જન્મસ્થાન છે. એ સ્થાને જૂના વખતથી અવારનવાર મંદિરોની રચના થતી રહી છે એવું પુરાતત્વ-સંશોધકોએ સાબિત કર્યું છે, અને જમીનની અંદરના પુરાતન અવશેષોએ સિદ્ધ કર્યું છે. વખતના વીતવાની સાથે એ મંદિરો જમીનદોસ્ત થયાં, તો કેટલીકવાર પરદેશી વિધર્મી આક્રમકોએ એમનો નાશ કર્યો.

પહેલું મંદિર ઈ.સ. ૮૦ થી ૫૭ દરમિયાન કૃષ્ણના પૌત્ર વ્રજનાભે બંધાવેલું. કહે છે કે, મહાક્ષત્રપ શોડાના વખતમાં એ મંદિર વસુએ બાંધેલું. કૂવામાંથી મળી આવેલા પથ્થરના લખાણ પરથી એ હકીકત સાબિત થઈ છે. એ લખાણ સંસ્કૃત ભાષામાં બ્રાહ્મી લિપિમાં છે.

બીજું મંદિર ગુપ્તકાળમાં આશરે ઈ.સ. ૪૦૦માં બંધાયું. એ વખતે મથુરા સાહિત્ય, કળા અને સંસ્કૃતિનું મોટું કેન્દ્ર હતું. વિક્રમાદિત્ય કહેવાતા બીજા ચંદ્રગુપ્તે જે સુંદર મંદિર બાંધેલું તેને મહમદ ગઝનીએ ઈ.સ. ૧૦૧૭માં તોડી પાડ્યું. એ મંદિરનું વર્ણન ‘તારીખ યામની’ પુસ્તકમાં મહમદના મીર મુનશી અલ ઉતબીએ સંક્ષેપમાં આ પ્રમાણે કરેલું છે : "મહમદે ઉત્તમ કોટિના શિલ્પવાળું મકાન જોયું, જે માનવીની નહિ

પરંતુ કોઈ માનવોત્તર શક્તિની કૃતિ જેવું હતું. શહેરના મધ્યમાં મંદિરો કરતાં મોટું અને સુંદર એક મંગલમય મંદિર હતું. એની રૂપરેખા કોઈ ચતુર ચિત્રકારની પીંછી દ્વારા કે પ્રતાપી લેખકની કલમ દ્વારા પણ રજૂ ના કરી શકાય. સુલતાને પોતે એના વિશે લખ્યું કે, એના જેવું મંદિર બાંધવાની ઈચ્છા હોય તો દશ કરોડ સોનામહોર વગર બાંધી ના શકાય; બાંધવા માટે ઓછામાં ઓછાં બસો વરસો જોઈએ, અને એ પણ સારામાં સારા અનુભવી કારીગરો રોકવામાં આવે તો."

એકસો તેત્રીસ વરસ બાદ ઈ.સ. ૧૧૫૦માં મહારાજ વિજયપાલદેવના રાજ્યશાસન દરમિયાન જજ્જા નામના પુરુષ દ્વારા ત્રીજું મંદિર બંધાયું. કટરામાંથી મળી આવેલા પથ્થર પરના લેખ પરથી તે પુરવાર થાય છે. એમાં સંસ્કૃત કવિતાની ૨૯ પંક્તિઓ છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુએ ઈ.સ. ૧૫૧૫માં એ મંદિરની મુલાકાત લીધેલી. કૃષ્ણદાસ કવિરાજના 'ચરિત્રામૃત'માં એ મુલાકાતનું વર્ણન કરતાં લખેલું છે કે-

"મથુરા આશિયા કરિલા વિશ્રામતીર્થે સ્નાન,
જન્મસ્થાન કેશવ દેખિ કરિલા પ્રણામ;
પ્રેમાવેશ ગાયે ગાન સઘન હુંકાર,
પ્રભુ પ્રેમાવેશ દેખિ લોકે ચમત્કાર.
લોક હરિહરિ બોલે કોલાહલ હુઈલ,
કેશવ સેવક પ્રભુ કે માલા પહિનાઈલ;
ગોકુલ દેખિયા આઈયા મથુરા નગરે,
જન્મસ્થાન દેખિ રહે સેઈ વિપ્ર ઘરે."

એનો સાર સ્પષ્ટ છે : "મહાપ્રભુ મથુરા આવ્યા અને વિશ્રામઘાટ પર પવિત્ર યમુનામાં સ્નાન કર્યું. શ્રીકૃષ્ણના જન્મસ્થાનની જગ્યામાં કેશવ ભગવાનને જોઈને પ્રણામ કર્યા; પછી ભાવાવેશમાં આવીને નાચવા ને ગાવા માંડ્યા. લોકો એમના ભાવાવેશથી ચકિત થયા. લોકોએ સમૂહમાં 'હરિહરિ' બોલવા માંડ્યું, અને કેશવના પૂજારીઓએ એમને માળા પહેરાવી. એમણે ગોકુલની યાત્રા કરીને મથુરામાં પધરામણી કરી. જન્મસ્થાનનું દર્શન ફરી એકવાર કરીને એ જ બ્રાહ્મણને ઘેર મુકામ કર્યો."

સોળમી સદીના પ્રારંભમાં સિકંદર લોદીના રાજ્યકાળ દરમિયાન એ મંદિરનો પણ ધ્વંશ કરવામાં આવ્યો. એ પછી આશરે સવાસો વરસે, જહાંગીરના જમાનામાં, ઓરછાના રાજા વીરસિંહદેવ બુન્દેલાએ એ જ સ્થાન પર બીજું સુંદર મંદિર તૈયાર કર્યું. એ મંદિરની મુલાકાત લેનાર એક ફ્રેંચ પ્રવાસીએ લખ્યું છે : "જગન્નાથ અને બનારસનાં મંદિરો પછી સૌથી નોંધપાત્ર બીજું મંદિર મથુરામાં છે, જે સમસ્ત ભારતમાં આગળ પડતું છે. એ મંદિર નીચી જગ્યામાં હોવા છતાં એનાં શિખર એટલાં બધાં ઊંચા અને સુંદર છે કે દશથી બાર માઈલના અંતરથી પણ જોઈ શકાય છે. કોતરકામવાળા પથ્થરથી તથા વાંદરા જેવાં બીજાં પ્રાણીઓના શિલ્પથી ભરેલું એ મંદિર ખરેખર દર્શનીય છે. બે સીડીથી એની ઉપર જઈ શકાય છે. મંદિર પ્લેટફોર્મના ફક્ત અર્ધભાગમાં જ બાંધેલું છે. એની આજુબાજુ બહાર પથ્થરમાં કોરેલી પ્રાણીઓની મૂર્તિઓની પ્રતિમાઓવાળી દીવાલ છે અને ત્યાં દેવતાઓની જુદીજુદી મૂર્તિઓ છે."

એ મંદિર ૨૫૦ ફૂટ ઊંચું હતું અને રૂપિયા તેત્રીસ લાખના ખર્ચે તૈયાર થયેલું. ભારતમાં દીર્ઘકાળ રહેનાર ઈટાલિયન પ્રવાસી માનુએ લખ્યું છે કે, "કેશવદેવ મંદિરનું સુવર્ણ શિખર એટલું બધું ઊંચું હતું કે છત્રીસ માઈલ દૂર આગ્રા શહેરથી પણ જોઈ શકાય; જન્માષ્ટમીના દિવસે એના પર જે જ્યોતિ થતી તે આગ્રામાં રહેનારા બાદશાહને પણ દેખાતી." ઔરંગઝેબે એ મંદિરનો નાશ કરીને એની જ સામગ્રીમાંથી એના એક ભાગમાં મસ્જિદ બાંધી દીધી હતી. એ મસ્જિદ આજે પણ જોઈ શકાય છે.

પંડિત મદનમોહન માલવીયાજીએ એ સ્થળની દુઃખદ દશાથી દુઃખ અનુભવ્યું. એમણે એના પુનર્નિમાણની પ્રેરણા પૂરી પાડી. શ્રી જુગલકિશોર બિરલાની સૂચનાનુસાર ટ્રસ્ટ થયું. 'શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ'ની રચના થઈ. એ ટ્રસ્ટ એ સુંદર સાંસ્કૃતિક સ્થાનનો વિકાસ કરવાના પ્રયત્નો કરે છે. સર્જન અને વિસર્જનના એકસરખી રીતે ચાલતા કાળચક્રમાંથી પસાર થયા છતાં એ સ્થાનનો સર્વનાશ નથી થઈ શક્યો. એનો આત્મા મર્યો નથી પરંતુ અમર રહ્યો છે, અને પુનઃપુનઃ પ્રકટ થયો છે, એ શું સૂચવે છે ? એ જ કે, એ સ્થાન પર ઈશ્વરના આશીર્વાદ છે. ધર્મપરાયણ તથા ધર્માંધતા - બંનેનું દર્શન એ સુંદર સ્થાનને જોતાંવેંત કરી શકાય છે. ધર્મપરાયણ માનવે ગુણગ્રાહિતાથી પ્રેરાઈ, શ્રદ્ધાંજલિ આપવાની ઈચ્છાથી એને અવારનવાર તૈયાર કર્યું છે; તો ધર્માંધ, સંકુચિત દિલના માનવે એને જમીનદોસ્ત કરવામાં ગૌરવ ગણ્યું છે ! કાળદેવતાનું આ કેવું વિરોધાભાસી કરુણ નાટક છે !

શ્રીકૃષ્ણના મંદિર સાથે એ સ્થાનમાં કારાગારનો એક ખંડ પણ દર્શનીય છે. એ ખંડ નીચે ભોયરામાં છે. એનું દર્શન કરીને અમે મથુરાના પ્રસિદ્ધ શ્રી દ્વારકેશ મંદિરમાં ગયાં. ત્યાંથી વિશ્રામઘાટની મુલાકાત લીધી. સાંજની આરતી વખતે વિશ્રામઘાટ ઓર રંગ ધારણ કરે છે. ત્યાં યમુનાના પાણીમાં ફરનારા ઢગલાબંધ કાચબાઓ જોવા જેવા છે. ગંગાએ માછલીઓને આશ્રય આપ્યો છે, તો યમુનાએ કાચબાઓને.

પંડાઓએ કહ્યું કે, કંસને મારીને શ્રીકૃષ્ણે ત્યાં વિશ્રામ કર્યો, એથી એ ઘાટનું નામ વિશ્રામઘાટ પડ્યું. એ હકીકત સાચી હશે, પણ મને તો લાગ્યું કે, સંતપ્ત માનવને શાંતિ અને વિશ્રાંતિ આપવાની એની શક્તિ હોવાથી પણ એનું વિશ્રામઘાટ નામ સફળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. હસ્તિનાપુર

મહાભારતકાળમાં, પાંડવોની રાજધાની તરીકે વખણાયેલું હસ્તિનાપુર ઘણું વિશાળ હતું. મેરઠથી ૨૬ માઈલ દૂર ગંગાના તટ પર વસેલું પ્રસિદ્ધ તીર્થધામ ગઢમુક્તેશ્વર, હસ્તિનાપુરના એક વિભાગરૂપ હતું. એની જાહેજલાલી પણ એવી જ અનેરી હતી. પરંતુ આજે તો એની દશા તદ્દન જુદી છે. કવિ નર્મદે સુંદર અને સુસમૃદ્ધ સુરત શહેરની પ્રાચીન ભવ્યતાનું સ્મરણ કરીને જેમ ઉદ્દગાર કાઢેલા કે ‘સુરત, તું સોનાની મુરત’, તેમ હસ્તિનાપુરની અત્યારની અવદશા દેખીને, એની પ્રાચીન સમૃદ્ધિ કે સમુન્નતિનો વિચાર કરતાં, આપણું અંતર પણ કરુણામય બનીને બોલી ઊઠે છે કે, ‘હસ્તિનાપુર, ક્યાં ગયું તારું નૂર ?’ ખરેખર, હસ્તિનાપુરનું એ નૂર અથવા એના પ્રતાપનું પૂર આજે નથી રહ્યું. જે કાળદેવતા ઉત્થાન ને પતનના પાસા ફેરવ્યા કરે છે તે કાળદેવતાએ હસ્તિનાપુરને પણ નથી છોડ્યું. આ ભૂમિ પર પગ મૂકતાંવેંત આપણું કાળજુ કરુણાર્દ્ર બને છે અને આપણને જાણે કે મોટો બોધપાઠ મળે છે કે સંસાર પરિવર્તનશીલ છે, એમાં કશું જ સ્થાયી નથી; કાળ સૌનો કોળિયો કરે છે. એવો વિચાર આવતાં સંસારની મમતા અથવા આસક્તિ મોળી પડે છે.

હસ્તિનાપુર મેરઠથી લગભગ ૨૨ માઈલ દૂર છે. મેરઠથી ઉત્તરપ્રદેશનું પ્રખ્યાત શહેર ખતૌલી ૨૧ માઈલ દૂર છે. તે રેલ્વે સ્ટેશન છે. દિલ્હી કે મેરઠથી હરિદ્વારના મોટરમાર્ગમાં પણ વચ્ચે આવે છે. ત્યાંથી હસ્તિનાપુર જવાય છે. મેરઠથી નવાત સુધી પાકા માર્ગે જઈને ત્યાંથી કાચા રસ્તે પણ હસ્તિનાપુર જઈ શકાય છે.

હસ્તિનાપુર પહેલાં ગંગાકિનારે હતું. પણ હવે તો ત્યાંથી ગંગા કેટલાય માઈલ દૂર જતી રહી છે. હસ્તિનાપુરની દુર્દશાથી પોતાને થયેલું દુઃખ સહન ના થવાથી જાણે એણે દૂર રહેવાનું જ પસંદ કર્યું છે. આ સ્થળમાં ગંગાની જે જૂની ધારા છે તે ‘ખેડ’ અથવા ‘બૂઢી ગંગા’ના નામથી ઓળખાય છે. પ્રાચીન શહેર તથા સામ્રાજ્યનાં સોનેરી સ્વપ્નાં સંઘરીને એ સૂઈ રહી છે. ભૂમિ એની એ જ છે ને જળની ધારા પણ, ભલે જીર્ણ દશામાં હોય તો પણ, એની એ જ છે. એમાં કોઈ ફેર નથી પડ્યો. ભારતનાં ભૂતકાલીન સાંસ્કૃતિક ગૌરવ જેવાં આવાં કેટકેટલાં સ્થળો કાળની અસર નીચે આવીને લુપ્તપ્રાય કે જીર્ણ બની ગયાં હશે, એનો હિસાબ કોની પાસે છે ? કાળ અને એના નિયંતા ઈશ્વર સિવાય બીજા કોઈનીય પાસે નથી.

કારતકી પૂનમે આ સ્થળમાં મોટો મેળો ભરાય છે. જૈન ધર્માવલંબીને માટે પણ આ ક્ષેત્ર મહત્વનું મનાય છે. આદિ તીર્થંકર ઋષભદેવજીને રાજા શ્રેયાંસે અહીં શેરડીનો રસ આપેલો તેથી એને દાનતીર્થ કહે છે. શાન્તિનાથ, કુન્થુનાથ અને અર્હન્નાથ એ ત્રણે તીર્થંકરોના જન્મની તથા તપની ભૂમિ તરીકે પણ એની પ્રસિદ્ધિ છે. ત્યાં એમનાં ચરણચિહ્ન છે. જૈન મંદિર છે, ને ધર્મશાળા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. શાકંભરીદેવી

ભારતમાં ગુપ્ત અને પ્રકટ, પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ યાત્રાધામો કે તીર્થસ્થાનો કેટલા બધાં છે ! દેશ વિશાળ છે તેમ, એ તીર્થસ્થાનો પણ ઘણા વિશાળ ક્ષેત્રમાં છૂટીછવાયી રીતે ફેલાયેલાં છે. દેશનો પ્રવાસ કરનારને એમનો પરિચય થાય છે ત્યારે જ એમના વિશે કાંઈક ચોક્કસ માહિતી મળી શકે છે. ભારતના તીર્થપ્રેમીઓએ કેટલાંક સ્થાનોને તો નિતાંત એકાંતમાં, ઘોર અરણ્યમાં, પર્વતપ્રદેશમાં, અથવા સરિતાના શાંત અને સુંદર તટપ્રદેશમાં સ્થાપેલાં છે. એમાં શાકંભરી દેવીના સ્થાનનો પણ સમાવેશ સ્વાભાવિક રીતે જ થઈ જાય છે. એ સ્થાન ભારતના ઉત્તરપ્રદેશ સિવાયના બીજા ભાગોમાં એટલું પ્રસિદ્ધ નથી, છતાં એ સુંદર, રસમય તથા દર્શનીય છે. એ દૃષ્ટિએ તીર્થોના તથા કુદરતી સૌંદર્યના ઉપાસકે એનો પરિચય કરવા જેવો છે.

પર્વતોની ઊંચી લીલીછમ પંક્તિ હોય, એની સોડમાં થઈને નાનીસરખી સ્વૈરવિહાર કરનારી રમતિયાળ નદી વહેતી હોય, આજુબાજુ માઈલો સુધી વિસ્તરેલું ઘોર જંગલ હોય, ને એમાં પર્વતને અડીને ઊભેલું એક શાંત, સાદું ને સુંદર મંદિર હોય, તો એને નિહાળીને અંતર કેટલું બધું આનંદી ઊઠે ! શાકંભરી દેવીનું સ્થાન પોતાના દર્શનમાત્રથી જ એવા કુદરતી સૌંદર્યને લીધે અંતરને આનંદ આપે છે. ઉત્તર ભારતનાં તીર્થસ્થાનોમાં એનું મહત્વ સવિશેષ દર વરસે, ખાસ કરીને વરસમાં આવતા બંને નવરાત્રીના દિવસો દરમિયાન લાખો યાત્રીઓ અત્યંત આસ્થા, પ્રેમ ને ભક્તિભાવપૂર્વક એના દર્શને આવે છે, તેથી વધે છે.

ત્યાં જવા માટેનો માર્ગ ઉત્તરપ્રદેશના પ્રસિદ્ધ શહેર સહરાનપુરથી આગળ વધે છે. શાકંભરી જવા માટે ત્યાંથી દિવસમાં બે વાર મોટર મળે છે. બંનેની વચ્ચે આશરે પચાસેક માઈલનું અંતર છે. સહરાનપુરથી આગળ જતાં ભેટ નામનું નગર આવે છે. ત્યાંથી દહેરાદૂન જતા સીધા પાકા રસ્તા પર આગળ વધ્યા પછી કાચા માર્ગે વળવું પડે છે. એ માર્ગ ગીચ ઝાડી તથા વૃક્ષોથી વીંટળાયેલા જંગલમાંથી પસાર થાય છે, તથા પર્વતોની વચ્ચેથી ક્રમેક્રમે આગળ વધે છે ને ઉપર ચઢે છે એટલે ભારે ભયંકર લાગે છે. રસ્તામાં નાનાંસરખાં છૂટાછવાયાં ગામ પણ આવે છે. જંગલમાં હિંસક પ્રાણીઓ પણ રહેતાં હોય છે, તોપણ, શ્રદ્ધાભક્તિથી ભરેલો પ્રવાસી એની પરવા કર્યા વગર, ભારે ઉત્સાહપૂર્વક આગળ વધે છે. મોટર પણ, પ્રાચીન સંસ્કૃતિ પર અર્વાચીન સંસ્કૃતિનો વિજયધ્વનિ કરતી અને એનો ઉન્માદ ઠાલવતી ધીમી ગતિએ આગળ વધતી જાય છે. રસ્તામાં આપણને વિચાર થાય છે કે આપણા પૂર્વપુરુષોએ કેટલાંક તીર્થસ્થાનોને વસતિથી કેટલેય દૂર, કેવા એકાંત વાતાવરણમાં સ્થાપી દીધાં છે ! ત્યાં જવામાં ઓછેવત્તો પરિશ્રમ કરવો પડે છે, પ્રતિકૂળતાઓ વેઠવી પડે છે, કેટલીકવાર હિંમત પણ હારી જવાય છે; પરંતુ એ તપ છે, અને દેશના ભિન્નભિન્ન અજ્ઞાત પ્રદેશોનું અવલોકન કરવા માટે એટલું તપ આવશ્યક છે. અને તો જ, પ્રકૃતિ સાથે આત્મીયતા કેળવાય છે.

હરિદ્વાર તરફથી આવવા માગતા પ્રવાસીઓ હરિદ્વારથી ઊપડતી બસમાં બેસીને શાકંભરી દેવી આવી શકે છે. એ બસ પ્રવાસીઓને દેવીના દર્શનનો તથા પૂજનનો પૂરતો લાભ આપીને થોડા વખત પછી હરિદ્વાર જવા માટે પાછી ફરે છે. દહેરાદૂનથી આવનારા પ્રવાસીઓ પણ સીધા જ આવી શકે છે.

શાકંભરી દેવીના સ્થાનમાં પ્રવેશતાંવેંત જ એવું લાગે છે કે આપણે એવા તો ઘોર વનમાં પ્રવેશ કર્યો છે કે જેમાંથી ઈશ્વરની કૃપા હોય તો જ સહેલાઈથી બહાર નીકળી શકાય. આજુબાજુ વરસોથી મૂક રીતે ઊભી

રહેલી દેવીના ધ્યાનમાં અથવા દર્શનાનંદમાં ડૂબી હોય એવી પ્રશાંત પર્વતપંક્તિઓ દેખાય છે, ને વચ્ચે સરસ સરિતાપ્રવાહ. ગામ તો છે ખૂબ જ નાનું, મોટે ભાગે ત્યાં મંદિરના કર્મચારીઓનાં જ મકાનો છે. દેવીએ કેવા અલૌકિક સ્થળમાં રહેવાનું પસંદ કર્યું છે ! એ સ્થળનું નિરીક્ષણ કરતાંવેંત અંતરમાં ઊંડી શાંતિ પથરાઈ જાય છે.

ચાલો ત્યારે, મંદમંદ સ્વરે સરી જતી સરિતાનું આચમન કરીને, હાથ-મોં ધોઈને થોડાક સ્વસ્થ થઈને, તૃષાને તૃપ્ત કરીએ, ને પછી જે મંગલ કાર્યને માટે આટલે દૂર આવી પહોંચ્યાં છીએ એ શાકંભરી દેવીના દર્શનનું મંગલમય મહાકાર્ય સાધી લઈએ. દેવીનું નાનુંસરખું મંદિર જલપ્રવાહની સામી બાજુ, પર્વતની ગોદમાં થોડેક ઉપર દેખાય છે. ત્યાં પહોંચવા માટે પગથિયાં છે. આવો, એમના પર ચઢવા માંડીએ. મંદિરની બહાર પાંચ-છ દુકાનો છે. ત્યાંથી શ્રીફળ, કંકુ જેવી પૂજાની સામગ્રી આવશ્યક લાગે તો લઈ લઈએ. બહાર દૂધ તથા મીઠાઈની પણ દુકાનો છે.

મંદિરના નાનાસરખા છતાં સુંદર ઘુમ્મટ પર ધ્વજા ફરફરે છે. પવનની લલિત લહરીઓ સાથે ક્રીડા કરતી એ ધજા જાણે કે આપણું સ્વાગત કરે છે. દરવાજા પર મોટા ને સુંદર શબ્દોમાં લખ્યું છે :

**प्रसीद देवि जगतोऽखिलस्य ॥**

અને એની નીચે લખ્યું છે : 'શાકંભરી દેવીભવન.'

મંદિરની અંદર દેવીની પાંચ મૂર્તિઓ છે. તે પૈકી વચ્ચેની મૂર્તિ શાકંભરી દેવીની છે. મૂર્તિ જાણે આપણી સામે મીટ માંડીને ઊભી હોય એવું લાગે છે. એમ થાય છે કે જાણે એ હમણાં જ બોલી ઊઠશે. પૂજારીઓ ભક્તોની ભાવના પ્રમાણે વારાફરતી પૂજા કરે છે તથા મંત્રો અને શ્લોકો બોલે છે ત્યારે વાતાવરણ ખૂબ જ સજીવ અને અદ્દભુત લાગે છે.

લોકેષણા તથા વિત્તૈષણાથી રહિત, શાંત, વિરક્ત પ્રકૃતિના મહાત્માઓ આવાં સ્થળોમાં રહેવાનું પસંદ કરે છે. આવા મહાત્માઓના દર્શનની ઈચ્છા દર્શનાર્થીઓને થાય એ તદ્દન સ્વાભાવિક છે. દેવીનું દર્શન કરીને અમે નીચે ઊતર્યા ત્યારે જલપ્રવાહની પાસેની પાટ પર કોઈક મહાત્મા બેઠેલા. કેટલાક લોકોએ એમને પૂછ્યું : 'મહારાજજી, મીઠાઈ ખાઓગે ?'

'નહિ.' એમણે ઉત્તર આપ્યો.

'તો ફિર સાગપુરી ખાઓગે ?'

'મૈંને ખાના ખા લિયા હૈ.' મહાત્માએ શાંતિથી કહ્યું.

પરંતુ ભક્તો એમ પાછા પડે એવા ક્યાં હતા ? એ બોલ્યા : 'ફલ ખા લો. ફલ ખાને મેં તો કોઈ હર્જ નહિ.'

'મુઝે ફલ નહીં ખાના. મેરા પેટ ભરા હુઆ હૈ.'

'તો આખિર દૂધ પી લો.'

'દૂધ કી ઈચ્છા ભી નહીં હૈં.'

'તો કુછ રૂપયે લે લો.'

'મૈં પૈસા નહીં લેતા.'

હવે ભક્તોને માટે કોઈ વિકલ્પ બાકી ના રહ્યો. કાળી ભમ્મર જટા ને દાઢીવાળા, કદાવર કાયાના એ મહાત્મા ત્યાગી, સંયમી ને વિરક્ત હતા, એમાં સંદેહ ના રહ્યો.

જૂના વખતમાં, કહે છે કે, એ એકાંત તીર્થસ્થાનમાં શક્તિ સંપ્રદાયના એક વૈરાગી સિદ્ધપુરુષ વાસ કરતા હતા. તેઓ મંદિરની બહારના વનમાં એક વૃક્ષ નીચે પડી રહેતા અને કેવળ દૂધ પર નિર્વાહ કરતા. તેમની પાસે લગભગ રોજ રાતે એક વાઘ આવીને બેસી રહેતો. તેઓ એના શરીર પર હાથ ફેરવતા. એકવાર સહરાનપુરથી અંગ્રેજી રીતભાતવાળા એક દેશી અમલદાર એ સ્થાનના દર્શને આવ્યા. મહાત્માજીને મંદિરની સામે અસંખ્ય લોકોની વચ્ચે દિગંબર દશામાં બેઠેલા જોઈને એ અમલદારના ક્રોધનો પાર ના રહ્યો. એમણે તેમને સહરાનપુર લઈ જવા માટે મોટરમાં બેસાડ્યા, પરંતુ એમના આશ્ચર્યની વચ્ચે વારંવારના પ્રયાસો છતાં મોટર ચાલી જ નહિ. મહાત્માજીને બીજી મોટરમાં બેસાડ્યા, તો તે પણ ના ચાલી. લોકોના કહેવાથી અમલદારે એ મહાત્મા પુરુષને નીચે ઉતારીને એમની માફી માગી.

મહાત્માએ કહ્યું : 'સબ મહામાયા કી લીલા હૈ. વહ મુઝે સહરાનપુર તો ક્યા, કહીં ભીં લે જાના નહીં ચાહતી. યહાં હી રખના ચાહતી હૈ.'

અમલદાર તેના ભક્ત બન્યા.

સમયના પરિવર્તનની સાથે મહાત્માઓમાં પણ પરિવર્તન થયું છે, તેમ છતાં આવાં એકાંત શાંત સ્થળોમાં કોઈકવાર એમના વારસ જેવા તપસ્વી મહાત્માઓ મળી આવે છે ત્યારે પ્રવાસ સાર્થક લાગે છે.

શાકંભરી દેવીના મંદિરની સામે પર્વત પર ત્રણેક માઈલ દૂર શંકરનું મંદિર છે. જંગલમાં આવેલા એ સ્થાનના દર્શને કોઈકોઈ પ્રવાસીઓ જતા હોય છે. મોટા ભાગના પ્રવાસીઓ તો 'હાથીના પગલામાં બીજાં પગલાં સમાઈ ગયાં' માનીને દેવીના દર્શનનો જ લાભ લઈને પાછા ફરે છે. દેવીના મંદિરની પરિકમ્મા કરીને, બહાર પ્રાંગણમાં આવેલા હનુમાનજીને તથા ભૈરવને નમન કરીને તેઓ કૃતાર્થ બને છે.

શાકંભરી દેવીની એ યાત્રા એના નિતાંત એકાંત અને વિકટ માર્ગને લીધે વાંરવાર કરવાનું મન ના થાય, તો પણ ચિરસ્મરણીય જરૂર બને છે. એવા પણ અનેક લોકો છે, જેઓ એનો લાભ નિયમિત રીતે લેતા રહે છે.

શાકંભરી દેવી કેટલું વિચિત્ર નામ છે ! પરંતુ તેમાં વિચિત્ર જેવું કશું નથી. એની અંદર ઘણો ગૂઢાર્થ છે, ઊંડું રહસ્ય રહેલું છે. એ રહસ્ય જાણવા જેવું છે. મહાભારતના વનપર્વમાં ને પદ્મપુરાણમાં એનો નિર્દેશ કરેલો છે. એ દૃષ્ટિએ જોઈએ તો, શાકંભરી દેવીનું ધામ ઘણું પ્રાચીન છે. કહે છે કે, એ દેવીએ હજાર દિવ્ય વરસો સુધી પ્રત્યેક મહિનાના છેલ્લા દિવસે શાકનું ભોજન કરી તપ કરેલું. એ તપ દરમિયાન એકવાર એમના આશ્રમ પર કેટલાંક ઋષિમુનિઓ આવી પહોંચ્યા. દેવીને થયું, 'હું તો શાક સિવાય બીજી કોઈ ખાદ્ય વસ્તુ વાપરતી નથી તો પછી અચાનક આવેલા આદરણીય અતિથિઓનો સત્કાર કેવી રીતે કરું ? એમનો સત્કાર શાકથી જ કરું એ જ બરાબર છે.' એવું વિચારીને એમણે એમની આગળ શાક ધર્યું. ત્યારથી એમનું નામ શાકંભરી દેવી પડ્યું. એ દેવીના પવિત્ર ને સુંદર સ્થાનના મહિમાનું વિશેષ વર્ણન કરતાં કહેવામાં આવે છે કે, શાકંભરી દેવીના એ તીર્થસ્થાનમાં ત્રણ દિવસ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી, શાકાહાર પર રહીને જે ધ્યાનપૂર્વક દેવીની આરાધના કરે છે તેને દેવીની કૃપાથી બાર વરસ સુધીના શાકાહારનું ફળ સહેલાઈથી

મળી રહે છે, ને તેની પર દેવીની કૃપા થાય છે. એવા શાંત સુંદર સ્થળમાં શાકાહાર કરીને થોડોક વખત પણ વાસ કરવાથી મન નિર્મળ થાય છે, વૃત્તિ સ્થિર થાય છે, અને પરમ શાંતિ તથા પરમાનંદનો અનુભવ મળે છે. સાધકોને આવા સ્થળમાં રહેવાથી સાધનાની સિદ્ધિમાં મદદ મળે છે.

શ્રી આદ્ય શંકરાચાર્ય પણ ભારતનાં કેટલાં બધાં તીર્થોમાં ફર્યા છે ! દેશમાં જ્યારે અવરજવરનાં આધુનિક સાધનોનો અભાવ હતો ત્યારે, એક ખૂણેથી બીજે ખૂણે ફરીને એમણે ધર્મપ્રચારનું મંગલમય મહાકાર્ય તો કર્યું જ, પરંતુ સાથેસાથે મંદિરો કે દેવસ્થાનોના જીર્ણોદ્ધારનું કાર્ય પણ કર્યું છે. શાકંભરી દેવીના આ સુંદર સ્થાનની મુલાકાત પણ એમણે લીધી લાગે છે; કારણ કે અહીં ભીમા, ભ્રામરી ને શતાક્ષી એ ત્રણ દેવીઓની મૂર્તિઓ એમણે સ્થાપી છે એવી વાત પ્રચલિત છે.

મંદિરની આજુબાજુ સુંદર લીલીછમ પર્વતમાળા હોવાથી, આખુંય સ્થાન અત્યંત આકર્ષક લાગે છે. પર્વત એને અજબ ઉઠાવ આપે છે. પર્વતોને લીધે યાત્રાસ્થાનોની શોભામાં અને યાત્રાસ્થાનોને લીધે પર્વતોની મહત્તામાં વધારો થાય છે. મંદિરમાં મુસાફરોને રહેવા માટેની વ્યવસ્થા છે. દેવીની મૂર્તિ સ્વયંભૂ કહેવાય છે. મંદિરમાં ગણપતિ ને હનુમાનજીની મૂર્તિઓ પણ છે.

**જવાનો માર્ગ :** ઉત્તર પ્રદેશના પ્રસિદ્ધ શહેર સહરાનપુરથી શાકંભરી દેવી જવા માટે મોટરની વ્યવસ્થા છે. દેવીના સ્થાન પર પહોંચતાં પહેલાં એકાદ માઈલ પર ભૂદેરવ(ભૈરવ)નું નાનું મંદિર આવે છે. તે દેવીના ચોકીદાર મનાય છે. સહરાનપુરથી શાકંભરી લગભગ ૨૬ માઈલ દૂર છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. અનૂપશહર અને બીજાં તીર્થો

ગંગાના તટપ્રદેશની પ્રદક્ષિણા કે પરિક્રમા કરીએ તો જુદાંજુદાં અનેક સ્થળો જોવા મળે છે. એમાં કેટલાંક મોટાં તો કેટલાંક નાનાં, કેટલાંક પ્રસિદ્ધ તો કેટલાંક અપ્રસિદ્ધ છે. બધાં સ્થાનોનો નિર્દેશ કરવા કરતાં એ પૈકીનાં ખાસ મહત્વનાં સ્થાનો પર દૃષ્ટિપાત કરી લઈએ.

**અનૂપશહર :** ગંગાના તટવર્તી સુંદર સ્થળો પૈકીનું ગંગાકિનારે વસેલું અથવા વિસ્તરેલું આ શહેર ઘણું રમણીય છે. શહેરમાં નર્વદેશ્વર મહાદેવનું મંદિર, ગિરધારીજીનું મંદિર, ચામુંડા દેવીનું મંદિર, વિહારીજીનું મંદિર અને હનુમાનજીનું પ્રાચીન મંદિર ખાસ દર્શનીય છે. એ ઉપરાંત, ગંગાતટ પરના ભિન્નભિન્ન સંતસાધુઓના આશ્રમો પણ જોવા જેવા છે. જેમ સાધુઓ શાંતિપૂર્વક રહેવા માટે હૃષીકેશ તથા હરિદ્વારને પસંદ કરે છે, તેમ અનૂપશહેરને પણ એકાંતવાસ તથા શાંતિલાભને માટે સારું માને છે. ત્યાં ગંગાનો લાભ મળવાની સાથેસાથે, હરિદ્વાર ને હૃષીકેશના પ્રમાણમાં ઠંડી ઓછી હોવાથી, કેટલાક સાધુઓ ત્યાં રહેવાનું વધુ પસંદ કરે છે.

અનૂપશહરથી ગંગા પાર કરીને સામી બાજુએ જઈએ તો ગવાં નામનો રસ્તો મળે છે. એ ગામથી આગળ એકાદ માઈલ દૂર ઉત્તર ભારતના પ્રખ્યાત મહાત્મા હરિબાબાનો બાંધ આવે છે. ત્યાં રામભવન, કીર્તનભવન ને સત્સંગભવન છે. એના અવલોકન માટે ઘણા લોકો આવે છે.

અનૂપશહરમાં રહેવા માટેની ધર્મશાળાઓ સારી સંખ્યામાં છે. ખુરજા રોડ અને મેરઠ વચ્ચેના બુલંદશહરના રેલ્વે સ્ટેશનથી અનૂપશહર જવા માટે બસ મળે છે.

**અહાર :** અનૂપશહરથી લગભગ સાત માઈલ ઉત્તરે અહાર નામે એક નાનું શહેર છે. રાજા પરીક્ષિતનું તક્ષક નાગના કરડવાથી મૃત્યુ થયા પછી, એનું વેર વાળવાના ઉદ્દેશથી, પરીક્ષિતના પુત્ર જનમેજયે જે સર્પયજ્ઞ કરેલો તે આ જ સ્થળમાં કરેલો એમ કહેવાય છે. ત્યાં ભૈરવ, ગણેશ, કંચન માતા, હનુમાનજી ને અંબિકેશ્વરના મંદિર છે. શિવરાત્રીએ તથા ગંગાદશેરાને દિવસે ત્યાં મેળો ભરાય છે. શહેરથી બે માઈલ દૂર અવંતિકા દેવીનું મંદિર છે. ત્યાં શિવમંદિર તથા ધર્મશાળા પણ છે.

**કર્ણવાસ :** કર્ણવાસ અનૂપશહરથી દક્ષિણે આઠેક માઈલ દૂર છે. અલીગઢ-બરેલી લાઈનના રાજઘાટ નરૌરા સ્ટેશને ઊતરીને જઈ શકાય છે.

કર્ણવાસનું નામ સાંભળીને કર્ણની સ્મૃતિ થાય એ તદ્દન સ્વાભાવિક છે. એ પ્રાચીન તીર્થ કર્ણના નામ સાથે ખરેખર સંબંધ ધરાવે છે. કહે છે કે કુંતી દ્વારા ગંગાના પ્રવાહમાં વહેતી કરાયલી પેટી એની અંદરના બાળક કર્ણ સાથે આ જ સ્થળેથી બહાર કઢાયેલી. કર્ણે ત્યાં વાસ કર્યો તેમજ તપશ્ચર્યા કરી, તેથી એ સ્થળ 'કર્ણવાસ' કહેવાયું. ત્યાં એક કર્ણશિલા છે. તેના પર બેસીને કર્ણ દાન આપતો, એમ કહેવાય છે.

કર્ણવાસ પ્રાચીનકાળમાં ભૃગુક્ષેત્ર કહેવાતું. ભૃગુઋષિનું એ નિવાસસ્થાન હતું. ત્યાં કલ્યાણી દેવી નામે મંદિર છે. દેવીએ શુંભનિશુંભ જેવા રાક્ષસોનો સંહાર કરીને એ સ્થળમાં આરામ કરેલો, એવી દંતકથા છે. કર્ણવાસની બાજુના બુધૌહી સ્થાનમાં ભગવાન બુદ્ધે તપ કરેલું. આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પણ એ સ્થળમાં રહીને સાધના કરેલી.

આ સ્થળમાં વરસમાં બંને નવરાત્રી દરમિયાન મેળો ભરાય છે. યાત્રીઓના ઊતરવા માટે ત્યાં કેટલીય ધર્મશાળાઓ છે. ગંગાતટવર્તી એ સ્થળ ઘણું પ્રખ્યાત અને સુંદર હોવાથી ત્યાં સંતસાધુઓ મોટી સંખ્યામાં વાસ કરે છે. પહેલેથી જ એ સંતમહાત્માઓનું પ્રિય નિવાસસ્થાન તથા સાધનાધામ રહ્યું છે. સંતપ્રેમી ભાવિક પુરુષો તરફથી અહીં અન્નક્ષેત્રોની વ્યવસ્થા છે, તેથી તેમને તૈયાર ભોજન મળી રહે છે. સાચા સંતસાધુઓને બીજું શું જોઈએ ? એમને ભિક્ષા મળે, ગંગાનો શાંત તટ મળે, અને સાધના કરવાની સગવડ મળે, પછી શું ? એની સાથે વિવેક, વૈરાગ્ય તથા સાધના કરવાની ઉત્કટ વૃત્તિ ભળે, તો તે સર્વ કોઈનું કલ્યાણ કરે. શંકરાચાર્યે કહ્યું જ છે કે-

गंगातटतरूमूलनिवासः शय्याभूतलमजिनं वासः ।
सर्वपरिग्रहभोगत्यागः कस्य सुखं न करोति विरागः ॥

"ગંગાતટ પરના વૃક્ષ નીચે રહેવાનું હોય, જમીન પર પથારી હોય, એકાંતવાસ હોય, અને સંગ્રહનો તથા વિષયભોગનો ત્યાગ હોય, તો એવો વૈરાગ્ય કોને સુખદાયક ના થાય ?"

**વિહારઘાટ** : કર્ણવાસથી ત્રણ માઈલ દૂર રાજઘાટ અને ત્યાંથી એક માઈલ દૂર વિહારઘાટ છે. રાજા નળના દાનના સ્થળ તરીકે એની ખ્યાતિ હોવાથી એને નળક્ષેત્ર પણ કહેવામાં આવે છે. એ સ્થળમાં પણ ગંગાતટ પર સંતસાધુઓના આશ્રમો છે. જુદીજુદી ધર્મશાળાઓ તથા વાનપ્રસ્થાશ્રમો પણ છે. ગાયત્રીદેવીનું તથા વિહારીજીનું મંદિર પણ જોવા જેવાં છે.

**શિવરાજપુર** : ઉત્તર રેલ્વેની મુગલસરાય-દિલ્હી લાઈન પરના બિંદકી રોડ સ્ટેશનથી ચારેક માઈલ દૂર છે. ત્યાં ગંગેશ્વર, સિદ્ધેશ્વર, પંચવટેશ્વર તથા ગિરિધર ગોપાલજીનું તથા બીજાં મંદિર છે. ગિરિધર ગોપાલજીના મંદિરના સંબંધમાં કહેવાય છે કે, મેવાડનો ત્યાગ કરીને મીરાંબાઈ અહીં થઈને આગળ જતાં હતાં, ત્યારે આરામ કર્યા પછી એમણે ગિરિધર ગોપાલને ઉપાડવાનો પ્રયાસ કર્યો પરંતુ એ ઉપાડી શક્યાં જ નહિ. પરિણામે ગોપાલજીની ઈચ્છા આગળ જવાની નથી એવું સમજીને લોકોએ એમનું મંદિર બનાવી દીધું.

**બક્સર** : શિવરાજપુરથી ત્રણેક માઈલ દૂર છે. ભગવાન શ્રીકૃષ્ણે જેનો નાશ કરેલો તે બકાસુરનું એ નિવાસસ્થાન ગણાય છે. ત્યાં બકાસુરે સ્થાપેલું મહેશ્વરનાથનું મંદિર છે. ઉપરાંત, ચંડિકા દેવીનું મંદિર પણ છે. ચંડીપાઠ વાંચનારા સારી પેઠે જાણે છે કે, સુરથ રાજાએ અને સમાધિ વૈશ્યે દેવીને પ્રસન્ન કરવા માટે તીવ્ર તપ કરેલું, તેના ફળરૂપે તેમના પર દેવીની કૃપા થયેલી પણ ખરી. એમના તપની ભૂમિ એ જ હતી, એવું કેટલાક લોકોનું માનવું છે. વાગીશ્વર ભગવાનનું પ્રાચીન મંદિર પણ અહીં છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. પૃથૂદક

પૃથૂદકના નામથી પરિચિત સ્ત્રીપુરુષો બહુ ઓછાં છે. તેમ છતાં ભારતમાં તેની સારી પ્રસિદ્ધિ છે અને તે એક મોટું તીર્થ મનાય છે. દિલ્હીથી અમૃતસર તરફ જતી ગાડીમાં આવતા થાનેસર શહેરથી તે સ્થાન લગભગ ૬-૬.૫૦ ગાઉ દૂર છે. લોકો એને મોટે ભાગે પહેવાના નામથી ઓળખે છે. પૃથૂકદ તો એનું અસલ નામ છે; અને વળી, એ નામમાં જે વ્યંજના અથવા ગૂઢાર્થ છે તે પેહેવા નામમાં નથી. પૃથૂદક એ નામ કાને પડતાંવેંત જ લાગે છે કે એ સ્થાનને રાજા પૃથુના નામ સાથે કશોક સંબંધ હશે. માહિતી મેળવતાં આપણી એ લાગણી સાચી ઠરે છે.

મહારાજા વેનના પુત્ર પૃથુના નામ પરથી જ આ તીર્થસ્થાનનું નામ પૃથૂદક પડ્યું છે. પૃથૂ અને ઉદક મળીને પૃથૂદક (અર્થાત્ પૃથુનું સરોવર) થાય છે. પાછળથી તે નામ જનતાની જીભે ચઢીને પેહેવા કે પેહ્વા થઈ ગયું. કહે છે કે, મહારાજા પૃથુએ પોતાના પિતા વેનની અંત્યેષ્ટિ ક્રિયા આ જ સ્થળમાં કરેલી. એને લીધે આ સ્થળ સાથે એમનું નામ જોડાઈ ગયું. વખતના વીતવાની સાથે એણે વધારે મહિમા ધારણ કર્યો. ભાદરવા મહિનાના શ્રાદ્ધપક્ષમાં એ સ્થળમાં મોટો મેળો ભરાય છે. પ્રાચીનકાળની કથાનુસાર, મહર્ષિ વિશ્વામિત્ર આ જ સ્થળે રાજર્ષિ વિશ્વામિત્ર મટીને બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર થયા હતા.

આ તીર્થની મહત્તા વિશે મહાભારત તથા પદ્મપુરાણ જેવા ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે, "કુરુક્ષેત્ર તો પુણ્યશાળી છે જ, પરંતુ કુરુક્ષેત્ર કરતાં વધારે પુણ્યશાળી સરસ્વતી છે; સરસ્વતી કરતાં પણ એના તટ પરનાં તીર્થ વધારે પવિત્ર છે, અને એ બધાં તીર્થો કરતાં પૃથૂદક વધુ પવિત્ર છે. પૃથૂદક કરતાં વિશેષ પવિત્ર તીર્થ બીજું કોઈ જ નથી. સ્ત્રીપુરુષો દ્વારા જાણમાં અથવા અજાણમાં કરેલાં બધાં પાપ ત્યાંના સ્નાનમાત્રથી દૂર થાય છે; અને અશ્વમેધ યજ્ઞના ફળની તથા સ્વર્ગની પ્રાપ્તિ થાય છે."

આ રહ્યા એ ભાવાર્થના શ્લોક :

पुण्यमाहुः कुरुक्षेत्रं कुरुक्षेत्रात्सरस्वती ।
सरस्वत्याश्चैव तीर्थानि तीर्थेभ्यश्च पृथूदकम् ।
पृथूदकात्पुण्यतमं नान्यतीर्थं नरोत्तम ॥
अज्ञानाज्ज्ञानतो वापि स्त्रिया वा पुरुषेण वा ।
यत्किञ्चिदशुभं कर्म कृतं मानुषबुद्धिना ॥
तत्सर्वं नश्ये तत्र स्नानमात्रस्य भारत ।
अश्वमेघफलं चापि लभते स्वर्गमेव च ॥

આ શ્લોક કોઈને કદાચ અતિશયોક્તિ જેવા લાગે, તોપણ એમની દ્વારા એક વાત તો અવશ્ય ફલિત થાય છે અને એની સાથે સૌ કોઈ સમંત થશે કે, એ શ્લોકોના રચનારને મન એ તીર્થનો મહિમા ઘણો મોટો છે. જોકે લગભગ પ્રત્યેક તીર્થનો મહિમા એવો જ મોટો માનવામાં આવે છે એ સાચું છે, છતાં એ પણ એટલું જ સાચું છે કે, તીર્થયાત્રા ને તીર્થવાસનો લાભ જીવનની સંશુદ્ધિ અથવા જીવનની ઉત્તરોત્તર સુધારણા માટેના એક અગત્યના શક્તિશાળી સાધન તરીકે લેવામાં આવે તો એ મહિમા તદ્દન સાચો ઠરે છે, અને એમાં અતિશયોક્તિ જેવું જરા પણ નથી લાગતું.

પૃથૂદકનાં દર્શનીય સ્થળો આ પ્રમાણે ગણાવી શકાય :

**પૃથ્વીશ્વર મહાદેવ :** મહારાજા પૃથુએ સૌથી પહેલાં એ મંદિર બંધાવેલું. શંકરના એ મંદિરનો મુસ્લિમ શાસનમાં નાશ કરવામાં આવેલો. મરાઠાકાળમાં તેનું ફરી નિર્માણ થયું, અને મહારાજા રણજીતસિંહે એનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

**સરસ્વતી દેવી :** સરસ્વતી નદીના ઘાટ પર બનેલું સરસ્વતી દેવીનું નાનુંસરખું મંદિર છે. એ પણ મરાઠાકાળમાં બનાવાયેલું કહેવાય છે. મંદિરના દ્વાર પર ચિત્રકામવાળો દરવાજો છે.

**સ્વામી કાર્તિક :** એ મંદિર ઘણું પ્રાચીન છે તથા પૃથ્વીશ્વર મહાદેવના મંદિરની પાસે છે.

**ચતુર્મુખ મહાદેવ :** બાબા શ્રવણનાથના સ્થાનમાં આવેલું એ શિવમંદિર વિશાળ તથા પ્રાચીન છે. એનું ચાર મુખવાળું શિવલિંગ ખાસ જોવા જોવું છે. બાજુમાં હનુમાનજીની અષ્ટધાતુની સુંદર પ્રતિમા છે.

**પૃથૂદક :** એ સ્થળ સરસ્વતી નદીના તટ પર છે. રાજા પૃથુએ ત્યાં તપ કરેલું, એથી એનું નામ પૃથૂદક પડ્યું.

**બ્રહ્મયોનિ :** એ સ્થળ પૃથૂદકની સાથે જ જોડાયેલું છે. કહે છે કે, એ સ્થળે તપ કરીને મહર્ષિ વિશ્વામિત્ર, દેવાપિ, સિંધુ અને અગ્નિએ મુક્તિ મેળવેલી. વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ પણ ત્યાં જ થયેલા એવી કથા છે.

**અવકીર્થતીર્થ :** પૃથ્વીશ્વર મહાદેવ પાસેના એ સ્થળમાં યજ્ઞોપવીત સંસ્કાર કરાવવામાં આવે છે. એ તીર્થ બ્રહ્માએ બનાવેલું કહેવાય છે, તેથી યાત્રીઓ ત્યાં સ્નાન કરી, બ્રહ્માની પૂજા કરે છે. પ્રાચીનકાળમાં ઋષિ બકદાલ્ભ્યે ત્યાં સાધના કરેલી ને યજ્ઞનું અનુષ્ઠાન કરેલું.

**યયાતિતીર્થ :** સરસ્વતીના પવિત્ર તટ પરના એ સ્થળે રાજા યયાતિએ યજ્ઞ કરેલા તથા રાજાની ઈચ્છાનુસાર સરસ્વતી નદીએ દૂધ, ઘી તેમ જ મધ વહાવેલું. એને લીધે ત્યાંના ઘાટ દુગ્ધસ્ત્રવા ને મધુસ્ત્રવા નામથી ઓળખાય છે. નદીના બંને તટ પર ઘાટ બાંધેલા છે, ત્યાં પિંડદાન કરાય છે અને ચૈત્ર વદી ચૌદસે મેળો ભરાય છે.

**રામતીર્થ :** રામતીર્થ પરશુરામની સ્મૃતિ કરાવે છે. પરશુરામે ત્યાં યજ્ઞ કરેલા એમ કહેવાય છે. ત્યાં પરશુરામની, એમના પિતા જમદગ્નિની તથા એમના માતા રેણુકાની પૂજા થાય છે.

**વિશ્વામિત્રતીર્થ :** આ સ્થળે વિશ્વામિત્ર મુનિનો આશ્રમ હતો.

**વશિષ્ઠ પ્રાચી :** એ સ્થળમાં મુનિ વશિષ્ઠનો આશ્રમ હતો. એ સ્થળ હાલ તદ્દન જીર્ણ દશામાં છે. ત્યાં શંકર ભગવાનનાં ત્રણ મંદિર પણ વેરાન જેવાં પડી રહ્યાં છે. ઘાટની દશા પણ ખરાબ છે. ત્યાં બે મંદિરોની વચ્ચે જે નાની ગુફા છે તે વશિષ્ઠગુફા કહેવાય છે.

**ફલ્ગુનીતીર્થ અથવા સોમતીર્થ :** કહે છે કે, પ્રાચીનકાળમાં ત્યાં ફળનું વિશાળ વન હતું. ત્યાં ફરલ નામે ગામ તથા એક સરોવર છે. સોમવતી અમાસે અને શ્રાદ્ધપક્ષમાં ત્યાં મેળો ભરાય છે. એની બાજુમાં પાણીશ્વર, સૂર્યતીર્થ ને શુક્રતીર્થ છે. યાત્રીઓ એમનું પણ દર્શન કરે છે. જૂના જમાનામાં દૃષદ્વતી નદી આ જ સ્થળે વહેતી હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. કૈથલ

કૈથલ કુરુક્ષેત્રથી લગભગ ૨૬ માઈલ ઉત્તર-પશ્ચિમમાં આવેલું છે. કુરુક્ષેત્રથી નરવાના જતી લાઈનનું એ સ્ટેશન છે. એ કરનાલ જિલ્લામાં ગણાય છે. એ સ્થાનમાં કરનાલથી મોટર દ્વારા જઈ શકાય છે.

કૈથલ શહેર ઘણું પ્રાચીન છે. પુરાણોમાં એનો ઉલ્લેખ કપિસ્થલ નામથી કરવામાં આવ્યો છે. કપિસ્થલ એટલે વાનરોનું સ્થાન. એને મહાવીર હનુમાનજીની ભૂમિ પણ કહેવામાં આવે છે. દુર્યોધને પાંડવોનો ન્યાયોચિત રાજ્યાધિકાર પચાવી પાડેલો ત્યારે તેને સમજાવવા, ને બની શકે તો, સંભવિત મહાયુદ્ધને અટકાવવા પાંડવોએ ભગવાન શ્રીકૃષ્ણને દૂત તરીકે મોકલેલા, તે વખતે પાંડવો માટે ભગવાને જે પાંચ ગામોની નિષ્ફળ માંગણી કરેલી તેમાં, કહે છે કે, કપિસ્થલનો સમાવેશ કરવામાં આવેલો.

**ચંડીસ્થાન :** અહીં ચંડીદેવીનું મંદિર છે.

**કેદારતીર્થ :** એને 'વૃદ્ધકેદાર' તીર્થ પણ કહેવામાં આવે છે. એ શહેરની બાજુમાં એક વિશાળ સરોવર આવેલું છે. ત્યાં સાત શિવાલય છે.

**નવગ્રહકુંડ :** આ કુંડમાં સ્નાન કરીને નવગ્રહોનું વિધિપૂર્વક પૂજન કરી, ગ્રહોની શાંતિ કરવાની પ્રથા ચાલી આવે છે.

**કુલોત્તારણતીર્થ :** કૈથલથી ત્રણ માઈલ દૂર ઉત્તરમાં છે. ત્યાં જે ગામ છે તે પણ કુલોત્તારણ કહેવાય છે. એ સરોવરને પાકા ઘાટ બાંધેલા છે.

**સૂરજકુંડ અથવા સકરતીર્થ :** એ સ્થાનમાં સરોવર ને મંદિર છે. એ સ્થાન, કૈથલથી ત્રણેક માઈલ દૂર શેરગઢ ગામમાં છે. કાર્તિકસ્વામીનો જન્મ ત્યાં થયેલો કહેવાય છે. એટલે યાત્રીઓ ત્યાં સ્નાન કરી, ભગવાન શંકરની ને કાર્તિકસ્વામીની પૂજા કરી, અંજલિ ધરે છે.

**ધનજન્મ :** કૈથલથી બે માઈલ દૂર દૂધખેડી નામે ગામમાં આવેલું આ તીર્થસ્થાન નારદજીના જીવન સાથે સંકળાયેલું છે. એ સ્થળમાં નારદજીને વિષ્ણુ ભગવાનના દર્શનનો લાભ મળવાથી એમનું જીવન ધન્ય બનેલું. એને લીધે એ સ્થળ ધનજન્મના નામથી ઓળખાય છે.

**આપગા :** કૈથલથી બે માઈલ દૂરના ગાધડી ગામમાં સરોવર છે. જૂની જમાનામાં કુરુક્ષેત્રની સાત પવિત્ર નદીઓમાંની એક નદી આપગા ત્યાં થઈને વહેતી હતી. ત્યાં શ્રાવણ વદી ચૌદસને દિવસે મેળો ભરાય છે.

**સપ્તર્ષિકુંડ :** એ સ્થળે બ્રહ્મા તથા સપ્તર્ષિએ યજ્ઞ કરેલા. એથી એને બ્રહ્મડબર કહે છે. આ જગ્યા કૈથલથી દોઢેક માઈલ દૂર આવેલા શિલખેડી ગામમાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. કુરુક્ષેત્ર

ગીતાના પહેલા અધ્યાયના પહેલા જ શ્લોકમાં કુરુક્ષેત્રનો ટૂંકો પરિચય વાચકને પ્રાપ્ત થાય છે. ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે : "હે સંજય, તીર્થભૂમિ કુરુક્ષેત્રમાં મારા પુત્રો તથા પાંડવો લડવાની ઈચ્છાથી એકઠા થયા હતા, તેમણે શું કર્યું ?"

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय ॥

આ શ્લોકમાં જેમ કુરુક્ષેત્રનો એક પરંપરાગત પ્રાચીન તીર્થધામ તરીકે ઉલ્લેખ છે તેમ, એના ઐતિહાસિક મહત્વનો પણ નિર્દેશ કર્યો છે. એ શ્લોક વાંચતાં કે સાંભળતાવેંત જ દૃષ્ટિપટ આગળ રથમાં બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનું ચિત્ર ખડું થાય છે. કૌરવો અને પાંડવોની, યુદ્ધ માટે તૈયાર થઈને ઊભેલી સેનાઓની વચ્ચે ધનુર્ધારી અર્જુનનો રથ ભગવાને એના પોતાના કહેવાથી ઊભો રાખ્યો. અર્જુને બંને સેના પર નજર નાખી, અને એનું મન યુદ્ધ વિશે ઉપરામ બની ગયું. ત્યાં ભેગા થયેલા મિત્રો, સ્વજનો તથા પૂજ્યજનોને જોઈને, લાગણીવશ બનીને, એણે યુદ્ધ નહિ કરવાનો વિચાર રજૂ કરીને, ગાંડીવ મૂકી દીધું, ને રથમાં બેસી ગયો.

અર્જુન તો હતોત્સાહ બની ગયો, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એમ હતોત્સાહ બને તેવા ક્યાં હતા ? અર્જુનને કર્તવ્યાભિમુખ કરવા માટે, એના એકાએક ઉત્પન્ન થયેલા મોહને ખંખેરી નાખવાના ઉદ્દેશથી, ભગવાને જ્ઞાનની પતિતપાવની ગંગા વહેતી કરી. એ ગીતાબોધને પરિણામે અર્જુનનો મોહ મટી ગયો. કુરુક્ષેત્ર નામ સાંભળતાં અને એની ભૂમિ પર પગ મૂકતાં એ આખોય ઈતિહાસ આપણી આંખ આગળ તાજો થાય છે, અને વીતી ગયેલા કાળની નાનીમોટી કેટલીય કડીઓ, એક પછી એક, તાદૃશ્ય થાય છે. કુરુક્ષેત્ર અત્યંત પ્રાચીન તીર્થસ્થાન છે એ સાચું, પરંતુ ભારતવર્ષની મોટા ભાગની જનતા તો એને 'ગીતાના અલૌકિક અક્ષરામૃતની અવતારભૂમિ' તરીકે જ ઓળખે છે; અને એની મહત્તા એને મન એ દૃષ્ટિએ જ વધારે છે. વરસોથી એવી રીતે સંદેશાવાહક ભગવાન શ્રીકૃષ્ણની સાથે કુરુક્ષેત્ર નામ સંકળાયેલું હોવાથી એના મહિમા ને ગૌરવમાં તથા એની લોકપ્રિયતામાં વધારો થયો છે. અર્જુનની પેઠે કર્તવ્યવિમુખ થયેલા, મોહગ્રસ્ત માનવોને મોહમાંથી મુક્તિ આપી, નવો પ્રકાશ પૂરો પાડી, ફરી કર્તવ્યપરાયણ બનવાની શક્તિ એ ધરાવે છે અને એને માટેનો સંદેશ પૂરો પાડે છે. કુરુક્ષેત્રની યાત્રાની સફળતા, એ સંદેશને ઝીલીને જીવનમાં નવું બળ પેદા કરવામાં અને પોતાની કાયાપલટ કરવામાં રહેલી છે, એનું સ્મરણ આ તીર્થધામમાં પ્રવેશ કરતી વખતે થયા વિના નથી રહેતું.

દિલ્હીથી અમૃતસર જતી રેલ્વેમાં રસ્તામાં કુરુક્ષેત્ર સ્ટેશન આવે છે. સ્ટેશન એકંદરે નાનું છે, પરંતુ બહુ મહત્વનું છે. સૂર્યગ્રહણના અવસર પર કુરુક્ષેત્રમાં લોકોનાં ટોળેટોળાં ઊમટી પડે છે, તે વખતે કુરુક્ષેત્રની રોનક ફરી જાય છે. કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ વેળાના સ્નાનનો ને સત્કર્મનો મહિમા મોટો મનાતો હોવાથી, એ વિશેષ અવસર પર ત્યાં મોટો મેળો ભરાય છે. ધર્મપ્રેમી લોકો એ વખતે ત્યાં હજારોની સંખ્યામાં ઊમટી પડીને સ્નાનપાન, પાઠપૂજા, દેવદર્શન, દાન તથા મંત્રાનુષ્ઠાન કરે છે. સૂર્યગ્રહણના ખાસ સ્નાન માટે

આજુબાજુના વિસ્તારના લોકો તો આવે જ છે, પરંતુ દૂરદૂરના પ્રદેશની પ્રજા પણ આવી પહોંચે છે. સોમવતી અમાસના સ્નાન માટે પણ લોકો ઘણી મોટી સંખ્યામાં આવતા હોય છે.

**જ્યોતિસર** : ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જ્યાં ગીતાનો ઉપદેશ આપેલો એ સ્થળનું દર્શન કરીને પ્રત્યેક પ્રવાસીને આનંદ થાય છે. એ સ્થળ આજના કુરુક્ષેત્ર સ્ટેશનથી લગભગ પાંચ માઈલ દૂર પેહેવા જતા પાકા રસ્તા પર આવેલું છે. સરસ્વતી નદીના તટ પર આવેલું એ સ્થળ જૂના વખતથી જ્યોતિસર નામે ઓળખાય છે. તે સ્વાભાવિક રીતે જ ઘણું મંગલ મનાય છે. થાનેસર શહેરથી એ સ્થળ ત્રણેક માઈલ દૂર છે. ત્યાં, ભગવાન શ્રીકૃષ્ણના સદુપદેશનો સનાતન સાક્ષી બનીને સરસ્વતી નદીનો એ પ્રાચીન નિર્મળ પ્રવાહ વહી રહ્યો છે. બાકી તો, ત્યાં એક પ્રાચીન સરોવર છે અને પાસે કેટલાંક જૂનાં વડનાં વૃક્ષો છે. એમાંનો એક વડ 'અક્ષય વટવૃક્ષ' કહેવાય છે. બાજુમાં એક શિવમંદિર તૂટીફૂટી અવસ્થામાં જોઈ શકાય છે. કાશ્મીરના મહારાજા તરફથી એની પાસે લગભગ દોઢસો વરસ પહેલાં, એક શિવમંદિરની રચના કરવામાં આવેલી, તથા બીજું મંદિર લગભગ ૬૦ વરસ પહેલાં બનાવાયેલું. ઈ.સ. ૧૯૨૪માં દરભંગાના મહારાજાએ અક્ષયવટની આજુબાજુ પાકો ચોતરો બનાવી, ભગવાન શ્રીકૃષ્ણના નાનકડા મંદિરની સ્થાપના કરી. એવી રીતે, વિધર્મીઓનાં અવારનવારનાં આક્રમણોનો ભોગ બનેલા એ ઐતિહાસિક સ્મૃતિસ્થાનને સાચવી રાખવાના પ્રયાસો ધર્મનિષ્ઠ તથા સંસ્કૃતિપ્રેમી પુરુષો તરફથી આજ સુધી કરાતા રહ્યા છે. ભારતનું એ સૌભાગ્ય છે કે એની સંસ્કૃતિમાં રસ લેનારા અને એનાં સ્મારકો કરવામાં ગૌરવ ગણનારા પ્રતાપી પુરુષો એને ખોળે પાકતા રહે છે. કુરુક્ષેત્ર સ્ટેશનથી જ્યોતિસરના એ સુંદર સ્થળમાં જવા માટે રીક્ષા, ટાંગા તથા બસની વ્યવસ્થા છે.

કુરુક્ષેત્ર 'બ્રહ્માની ઉત્તરવેદી' નામથી પહેલાં પ્રખ્યાત હતું. યજુર્વેદમાં એનું વર્ણન જોવા મળે છે. કૌરવપાંડવોના પૂર્વજ મહારાજ કુરુના નામ પરથી એ કુરુક્ષેત્ર તરીકે ઓળખાયું. મહારાજા કુરુના કાળમાં એ અધ્યાત્મવિદ્યાનું મહાન કેન્દ્ર હતું અને એને એવું બનાવવામાં મહારાજા કુરુનો બહુ મોટો યોગ હતો એમ કહેવાય છે. 'વામનપુરાણ'ના બાવીસમાં અધ્યાયમાં એવો ઉલ્લેખ છે કે, મહારાજા કુરુએ પવિત્ર સરસ્વતી નદીના તટ પર આવેલા એ સ્થાનમાં અધ્યાત્મવિદ્યા તથા સદાચારયુક્ત ધર્મની ખેતી કરવાનો નિર્ણય કર્યો. એ પોતાના સુવર્ણરથમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા. લાંબે વખતે ભગવાન વિષ્ણુએ પ્રસન્ન થઈ એમને વરદાન માંગવા કહ્યું તો એમણે કહ્યું : 'પ્રભુ, મેં જેટલી ભૂમિનો વિકાસ કર્યો છે તે બધી ભૂમિ પુણ્યક્ષેત્ર કે ધર્મક્ષેત્ર બનીને મારા નામે વિખ્યાત થાય; ભગવાન શંકર અહીં બધા દેવતાઓ સાથે વાસ કરે; અને આ સ્થળમાં કરેલું સ્નાન, ઉપવાસ, તપવ્રત, યજ્ઞ-બધું જ ધર્માચરણ અક્ષય બની જાય; આ સ્થળમાં જે માણસનું મૃત્યુ થાય તે પોતાના પુણ્યપાપના પ્રભાવથી મુક્ત થઈને સ્વર્ગની પ્રાપ્તિ કરે.' ભગવાને એમની માંગણી મંજૂર રાખી. ત્યારથી એ ક્ષેત્ર કુરુક્ષેત્રના નામે જાણીતું થયું. ભૃગુઋષિએ ત્યાં યજ્ઞોની વ્યવસ્થા કરી હોવાથી એને ભૃગુક્ષેત્ર પણ કહેવાય છે.

કુરુક્ષેત્રના પાવન પ્રદેશમાં પ્રાતઃસ્મરણીય વૈદિક ઋષિવરોએ વેદની રુચાઓનું જયગાન કર્યું, તથા મહર્ષિ વિશ્વામિત્ર અને વશિષ્ઠે તપ દ્વારા દૈવી જ્ઞાનની પ્રાપ્તિ કરી. પાંચમા વેદ તરીકે ઓળખાતા મહાભારતના ગ્રંથની રચના પણ મહર્ષિ વ્યાસે આજ પુણ્યક્ષેત્રમાં કરી હતી એવું કહેવાય છે. કુરુક્ષેત્રમાં પુણ્યસલીલા સરસ્વતી નદીના તટપ્રદેશ પર ઋષિમુનિઓના એકાંત શાંત આશ્રમો હતા. એમાં રહીને અસંખ્ય

વિદ્યાર્થીઓ ધર્મ, તત્વજ્ઞાન, સંસ્કૃતિ તથા બીજા વિષયોનું શિક્ષણ મેળવતા. મહાભારતના યુદ્ધના કાળથી માંડીને સમ્રાટ હર્ષના કાળ સુધી એ પ્રદેશ બધી રીતે સમુન્નતિના શિખર પર પહોંચેલો હતો. બૌદ્ધોના સમયમાં પણ એ પ્રદેશ સાંસ્કૃતિક દૃષ્ટિએ સર્વોત્તમ હતો. ઈ.સ. પૂર્વે ૩૨૬ થી માંડી ઈ.સ. ૪૮૦ સુધી, પહેલાં એના પર મૌર્ય રાજાઓનું આસન રહ્યું અને પછીથી ગુપ્ત રાજાઓનું. રાજા હર્ષના રાજદરબારને શોભાવનાર મહાકવિ બાણભટ્ટે પોતાના પ્રખ્યાત પુસ્તક 'હર્ષચરિત'માં લખ્યું છે કે, 'થાનેસર સરસ્વતી નદીના તટ પર વસેલું છે, ને ધર્મ, સંસ્કૃતિ તથા વેપારનું મોટું કેન્દ્ર છે.' ઈ.સ. ૬૨૯ થી ૬૪૫ સુધી ભારતમાં વાસ કરનાર અને કેટલાંક વરસો સુધી રાજા હર્ષના અતિથિ તરીકે રહેનાર ચીની યાત્રી હ્યુ-એન-સંગે પણ લખ્યું છે કે, 'ધાર્મિક પરંપરા તથા પ્રગતિને લીધે થાનેસર ઉત્તર ભારતમાં સર્વોત્તમ સ્થાનની પ્રાપ્તિ કરી ચૂક્યું છે. એ હકીકતનો સ્વીકાર કર્યા વિના રહેવાય તેમ નથી.'

કુરુક્ષેત્રનો પ્રદેશ પરંપરાગત રીતે એવો ઉત્તમ છે. આજે એની અવસ્થા જરા જુદી છે. તેમ છતાં ત્યાં શિક્ષણ કેન્દ્રો ખોલવાની ને નિરાશ્રિતોને વસાવવાની પ્રવૃત્તિ ચાલે છે. એ ભૂમિને સંસ્કૃતિ તથા શિક્ષણના સુંદર કેન્દ્રમાં ફેરવવાની અને જનસેવાની પ્રવૃત્તિઓથી ધમધમતી કરવાની જરૂર છે. કોઈપણ સ્થળની ભૂતકાળની ગાથા ગમે તેટલી ભવ્ય કે મહિમાવંતી હોય, તોપણ, કેવળ એના જ આધાર પર એ સુખી, સમૃદ્ધ અને મહાન ના બની શકે. એ ભવ્યતાને, મહિમાને ટકાવી રાખવા એને વર્તમાનકાળને અનુરૂપ પ્રગતિશીલ પગલાં ભરવા જોઈએ. તો જ તે કાળની કૂચમાં પોતાનું સ્થાન ટકાવી કે સુરક્ષિત રાખી શકે. એ દૃષ્ટિએ જોતાં ત્યાં કુરુક્ષેત્ર યુનિવર્સિટી સ્થપાય છે એ આવકારદાયક છે. એ યુનિવર્સિટી ઘણાં મોટા વિસ્તારમાં પથરાયેલી છે.

'વામનપુરાણ'માં મળતા વર્ણન પ્રમાણે, કુરુક્ષેત્રમાં સાત નદીઓ તથા સાત વનોનો સમાવેશ થતો હતો. સાત નદીઓ સરસ્વતી, વૈતરણી, આપગા, મધુસ્ત્રવા, કૌશિકી, દૃષુદ્રતી, તથા હરણ્યવતી. આજે તો ચોમાસામાં ફક્ત સરસ્વતી નદી કોઈક ઠેકાણે (થાનેસર, જ્યોતિસર, પેહેવા જેવા સ્થળોમાં) વહેતી દેખાય છે. બીજી બધી જ નદીઓ લુપ્ત થઈ ગઈ છે. સાતવનના નામ આ પ્રમાણે છે : કામ્યકવન, અદિતિવન, વ્યાસવન, ફલકીવન, સૂર્યવન, મધુવન અને શીતવન. એ વન પણ હવે તો નથી રહ્યા. એમની જગ્યાએ ખેતરો તથા ગામડાઓ થઈ ગયા છે. કાળદેવતા પોતાનું કામ કર્યે જાય છે. એને લીધે જળને ઠેકાણે સ્થળ ને સ્થળને ઠેકાણે જળ થતું રહે છે. આ સંસારમાં કશું પણ સ્થાયી ક્યાં છે ? મોટા-મોટાં સામ્રાજ્યો માટીમાં ભળી ગયા છે, તો પછી નાનાનાનાં વન તથા નગરોનો શો હિસાબ ? એવો વિચાર કરતા સમજુ માણસને વૈરાગ્ય થયા વિના નથી રહેતો. એ વનની જગ્યાએ થયેલા અને આજે જોવા મળતાં ગામો પરથી એમની સ્મૃતિ તાજી થાય છે. કામ્યક વનની જગ્યામાં કમોસિ નામે ગામ છે, જે જ્યોતિસરથી ત્રણેક માઈલ દૂર છે. અદિતિવનની જગ્યામાં અમીન ગામ છે, જે કુરુક્ષેત્ર સ્ટેશનથી પાંચેક માઈલ દૂર છે. વ્યાસવન પર વારસા ગામ છે. ફલકીવનના સ્થાનમાં ફરલ ગામ તથા ફલ્વુતીર્થ છે, જે પેહેવા સ્ટેશનની પાસે છે. સૂર્યવનના સ્થળમાં સંજુમા ગામ તથા સૂર્યકુંડતીર્થ છે. મધુવનના સ્થળમાં મોહિના ગામ છે, જ્યારે શીતવનના સ્થળમાં શિવન ગામ છે.

**દર્શનીય સ્થળો:** કુરુક્ષેત્રના જોવા જેવા સ્થળોમાં એક બ્રહ્મસર છે. બ્રહ્મસરને જ કુરુક્ષેત્ર કહેવામાં આવે છે. તે કુરુક્ષેત્ર સ્ટેશનથી એકાદ માઈલના અંતર પર છે. એક જમાનામાં બ્રહ્મસર વિશાળ સરોવર હતું. આજે

બ્રહ્મસર અથવા કુરુક્ષેત્ર સરોવર ઘણું પવિત્ર મનાય છે. તેમાં બે દ્વીપ છે. તેમાં મંદિરો અને બીજાં કેટલાંક સ્થાનો છે. ભગવાન વિષ્ણુનું પ્રાચીન મંદિર ખાસ ઉલ્લેખનીય છે. ચંદ્રકૂપનું પવિત્ર તીર્થસ્થાન પણ જોવા જેવું છે. સરોવર-તટ પર પ્રાચીન મંદિર, મઠ ને ધર્મશાળાઓ છે. કાલી કમલીવાલાની ધર્મશાળામાં તેમજ શ્રવણનાથની હવેલીમાં યાત્રીઓ તથા સાધુસંતોને ઊતરવાની વ્યવસ્થા છે. એ બાજુ ગૌડીય મઠ તથા ગીતાભવન પણ છે. ત્યાં શીખોનું ગુરુદ્વારા પણ છે. ગુરુ નાનકદેવ તથા બીજા કેટલાક શીખ ગુરુઓએ કુરુક્ષેત્રની તીર્થભૂમિની મુલાકાત લીધેલી. ગુરુ નાનકદેવની સ્મૃતિમાં સરોવરના કિનારા પર એક ગુરુદ્વારાની રચના કરવામાં આવી છે. સરોવરની બાજુમાં બિરલા તરફથી એક ગીતામંદિરની રચના થઈ છે.

સંનિહિત નામે બીજું સરોવર છે, જે ઘણું નાનું છે. એની ત્રણ બાજુએ ઘાટ બાંધેલા છે. એની પાસે લક્ષ્મીનારાયણનું પ્રાચીન મંદિર છે. સૂર્યગ્રહણના અવસર પર યાત્રીઓ એ સરોવર આગળ મોટી સંખ્યામાં એકઠા થાય છે. ત્યાં શ્રાદ્ધાદિ કરવાની પ્રથા પણ ચાલી આવે છે. ત્યાં જન્માષ્ટમી, વામનદ્વાદશી તથા દશેરાના દિવસો દરમિયાન મેળો ભરાય છે.

થાનેસર શહેરની તદ્દન પાસે થાનેસર નામે તીર્થ છે. ત્યાં નાનું સરખું સરોવર છે, જેના કિનારા પર ભગવાન સ્થાણ્વીશ્વરનું મંદિર છે. કહે છે કે, મહાભારતના યુદ્ધમાં વિજયી થવાની કામનાથી પ્રેરાઈને પાંડવોએ ત્યાં શકર ભગવાનની પૂજા કરીને એમની પાસેથી આશીર્વાદ મેળવેલા.

કુરુક્ષેત્ર સરોવરથી ત્રણેક માઈલ દૂર બાણગંગા નામે એક બીજું સ્થળ છે. પંડાઓ એના સંબંધી એવી કથા કહે છે કે, ભીષ્મ પિતામહ એ જ સ્થળમાં બાણશય્યા પર સૂતેલા. એ વખતે એમને તરસ લાગી એટલે અર્જુને બાણ મારીને જમીનમાંથી પ્રકટાવેલી પાણીની ધારા સીધી એમના મુખમાં જ મોકલી આપી. અત્યારે ત્યાં એ સુંદર સરોવર તથા નાનુંસરખું મંદિર છે. એ સ્થળ જોઈને ભીષ્મની યાદ તાજી થાય છે.

થાનેસર તીર્થથી થોડેક દૂર ભદ્રકાલી માતાનું પ્રાચીન મંદિર છે. તે જોવા જેવું છે. કહેવાય છે કે, પાંડવોએ વિજયી થવા માટે ત્યાં દેવીની આરાધના કરેલી.

ભગવાન વિષ્ણુની નાભિમાંથી પેદા થયેલા કમળમાંથી બ્રહ્માની ઉત્પતિ થયેલી એ કથા તો જાણીતી છે. એ ઉત્પત્તિસ્થાન થાનેસર શહેરની નજીક છે. તેને નાભિકમલતીર્થ કહેવામાં આવે છે. ત્યાં પણ સરોવર તથા વિષ્ણુ ભગવાનનું ને બ્રહ્માનું નાનકડું મંદિર છે.

ભીષ્મ પિતામહ જ્યાં શય્યા પર સૂતેલા તે સ્થાન પણ પંડાઓ બતાવે છે. એ સ્થાન થાનેસરથી લગભગ દોઢ માઈલ દૂર આવેલું છે, જેને ભીષ્મશય્યા કહે છે. ત્યાંના સરોવરમાં યાત્રીઓ સ્નાન કરે છે, ને બાજુમાં બેસીને ધર્મકર્મ પણ કરતા હોય છે.

સરસ્વતી નદીના તટ પર જ્યાં મહર્ષિ માર્કંડેય તથા દધીચિના આશ્રમો હતા ત્યાં હાલ મારકંડાતીર્થ તથા દધીચિતીર્થ છે. માંર્કંડેય મુનિ મહાન તપસ્વી હતા. તેમણે એ તીર્થસ્થાનમાં રહીને તપ કરેલું. મહર્ષિ દધીચિએ દધીચિતીર્થમાં વૃત્રાસુરને મારવા માટેનું વજ્ર બનાવવા સારુ પોતાનું શરીર દેવોને અર્પણ કરેલું.

મહાભારતના યુદ્ધ દરમિયાન, યુદ્ધના મેદાનમાંથી ભાગી જઈને દુર્યોધન એક સરોવરમાં સંતાઈ ગયેલો એવી કથા મહાભારતમાં આવે છે. પાંડવોએ એને ત્યાંથી બહાર કાઢેલો. એ જગ્યાએ મુનિ પરાશરનો આશ્રમ પણ હતો. એ સ્થાન કરનાલથી કૈથલ જતી સડકથી આશરે છ માઈલ દૂર છે. ત્યાં એક મોટું સરોવર

છે. ફાગણ સુદ અગિયારસે ત્યાં મેળો ભરાય છે. થાનેસરથી દક્ષિણમાં ૨૦ થી ૨૬ માઈલ દૂર આવેલું એ સ્થાન દર્શનાર્થીઓને આજે પણ સંદેશ આપે છે કે, માણસ આકાશમાં જાય, પૃથ્વી પર ફરે, કે પાણીમાં છુપાવા મથે, તોપણ કાળ તેને નથી છોડતો. જ્યાં પણ હોય ત્યાંથી યોગ્ય કે નિશ્ચિત સમયે શોધી કાઢીને તે તેનો કોળિયો કરે જ છે. એ સ્થાનને પરાશ અથવા દ્વૈપાયન હ્રદ કહે છે.

એ ઉપરાંત, અભિમન્યુનું જ્યાં મૃત્યું થયેલું તે થાનેસરથી પાંચેક માઈલ દૂર આવેલું અમીન ગામ, તેની ઊંચી ટેકરી પાસેની ખાઈમાં જ્યાં કર્ણનું મૃત્યું થયેલું તે કર્ણવધનું સ્થાન, તથા અમીન ગામથી આશરે અડધો માઈલ દૂર જયદ્રથના નાશનું સ્થાન જયધર, અને એવાં કેટલાંક ઐતિહાસિક સ્થાનો પણ ત્યાં જોવા જેવાં છે. કુરુક્ષેત્રની યાત્રા એ રીતે ઘણી પ્રેરક, માહિતીપ્રચૂર, ઐતિહાસિક અને આનંદદાયક થઈ પડે છે. ભારતના ભવ્ય ભૂતકાળની સાથે સંબંધ ધરાવતું એ ક્ષેત્ર ખરેખર દર્શનીય છે. એ વાતનો સ્વીકાર કર્યા વિના નથી રહી શકાતું કે, યાત્રી ત્યાં ભક્તિભાવવશ થઈને જાય છે ખરો, પરંતુ સગવડના અભાવે વધારે નથી રહી શકતો. જમવા માટે ત્યાં સારા ભોજનાલયની વ્યવસ્થા પણ નથી દેખાતી, એટલે જેવું ખાવાનું મળે તેવું ચલાવી લઈને કે પછી ખાવાનું હાથે બનાવીને સંતોષ માનવો પડે છે. બિરલા મંદિરની ધર્મશાળામાં રહેવાની સગવડ ઘણી સારી હોવાથી ત્યાં ઊતરવાનું સારું છે. કુરુક્ષેત્રનો સ્ટેશન વિસ્તાર તથા થાનેસર ગામ તદ્દન સાધારણ હોવાથી યાત્રીઓનું આકર્ષણ કે મનોરંજન કરી શકે તેવાં નથી, પરંતુ જ્યોતિસરની જગ્યા સારી છે. એને ગીતાતીર્થ પણ કહે છે. ત્યાં સુંદર મોટું તળાવ કે સરોવર છે, પાકો ઘાટ છે, અને રથમાં બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની મૂર્તિ છે. થોડાક વખત પહેલાં નિજસ્વરૂપમાં વિલીન થઈ ચૂકેલા સ્વામી સત્યાનંદ સરસ્વતીએ એ સ્થાનને નવો આકાર આપવામાં તેમજ સુંદર બનાવવામાં ઘણો મોટો ફાળો આપેલો. એ સ્થાનથી થોડે દૂર નહેર હોવાથી એ વધારે રમણીય લાગે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. અમૃતસરનું અવલોકન

મુંબઈ અને અમદાવાદ જેવાં શહેરોની જેમ અમૃતસર પણ પંજાબનું એક મોટું વ્યાપારી કેન્દ્ર છે. અલબત્ત, મુંબઈ અથવા અમદાવાદ જેટલું મોટું તો નહિ, પરંતુ એ બાજુના પ્રદેશના પ્રમાણમાં એ ઘણું મહત્વનું અને મોટું છે. ગરમ અને સુતરાઉ કાપડના તથા બીજા નાનામોટા ઉદ્યોગોના કેન્દ્ર તરીકે એની પ્રસિદ્ધિ ઘણી છે. ભારતની એ તરફની સરહદ પરનું એ છેલ્લું મોટું શહેર છે. દેશના સંરક્ષણની દૃષ્ટિએ એનું ઘણું મહત્વ છે; કારણ કે ત્યાંથી પંદરેક માઈલ દૂર ભારતની હદ પૂરી થાય છે. અમૃતસર એકંદરે ઠંડુ ગણાય છે. ખાસ કરીને શિયાળામાં ઠંડી વિશેષ હોય છે. દિલ્હીથી પોષ મહિનામાં અમૃતસર આવવા નીકળ્યાં ત્યારે અમને કહેવામાં આવેલું કે, અમૃતસરની ઠંડીની આગળ દિલ્હીની ઠંડી કાંઈ જ વિસાતમાં નથી. એટલે અમૃતસર પહોંચ્યા પછી અમે ઠંડીનો વધારે અનુભવ કર્યો ત્યારે અમે કશું આશ્ચર્ય ના અનુભવ્યું. કેમ કે, એ માટે અમારી માનસિક તૈયારી હતી જ.

**દરબાર સાહબ :** અમૃતસરનાં જોવા જેવાં પ્રખ્યાત સ્થળોમાં સૌથી પહેલું સ્થળ શીખોનું સુવર્ણમંદિર 'દરબાર સાહબ' છે. એ મંદિરની અમે મુલાકાત લીધી તેના બીજા દિવસે ગુરુ ગોવિંદસિંહની જન્મજયંતી હતી. દર્શનાર્થીઓની ભીડ માતી ન હતી. એમની શ્રદ્ધાભક્તિનો પરિચય પામી શકાતો હતો. ભારતવર્ષના કોઈ પણ મંદિર કે તીર્થસ્થાનમાં જાઓ, શ્રદ્ધાભક્તિના નાનામોટા મનૂનાઓ તો જોવા મળવાના જ. મંદિરોની રચનાએ તથા વિશાળતાએ નહિ, પરંતુ એ શ્રદ્ધાભક્તિએ જ મંદિરો સજીવ ને સમર્થ બનાવ્યાં છે. દેશની એકતાની અભિવૃદ્ધિ કરવામાં તેમજ એ એકતાને અવિભાજ્ય બનાવવામાં પણ મંદિરો તથા તીર્થોએ કાંઈ ઓછો ભાગ નથી ભજવ્યો. દેશની રાષ્ટ્રીય ને સાંસ્કૃતિક અસ્મિતાને અકબંધ રાખવામાં એમનો ફાળો મહત્વનો છે. એમણે દેશની મોટી સેવા કરી છે. એમની આગળ જાતિ, ધર્મ, વય કે વિદ્યાના ભેદ ગૌણ બન્યા છે. એમની આ રચનાત્મક બાજુને ખાસ લક્ષમાં લેવાની છે.

શીખોના ગુરુ રામદાસના વખતમાં રાજા રણજીતસિંહના શાસન દરમિયાન એ સુંદર મંદિરની સ્થાપના કરવામાં આવેલી. મંદિર વિશાળ પણ એટલું જ છે. એની આજુબાજુ જે સરસ સરોવર છે તેને લીધે એ વધારે સુંદર લાગે છે. અંદર 'ગુરુ ગ્રંથસાહબ'માંથી પાઠ થાય છે, ગીત ગવાય છે. ભાવિક લોકો એનો લાભ લે છે.

એ મંદિરની પ્રતિમૂર્તિ જેવું જ બીજું મંદિર કોઈ હિંદુ ધર્મપ્રેમી ધનિકે સુવર્ણમંદિરથી થોડે દૂર બાંધ્યું છે. તેને દુર્ગાના કહે છે. તે પણ જોવા જેવું છે. ત્યાં બીજા મંદિરોની સાથે દુર્ગાનું મંદિર તથા તળાવ છે.

સુવર્ણમંદિરમાં દીન, દુઃખી ને ક્ષુધાર્તજનો માટે ખાસ વ્યવસ્થા છે. ત્યાં મફત ભોજન આપવામાં આવે છે. એવી વ્યવસ્થા શીખોના લગભગ પ્રત્યેક ગુરુદ્વારામાં જોવા મળે છે. જેમને તેની આવશ્યકતા હોય છે તેઓ તેનો લાભ લેતા હોય છે. શીખ ગુરુઓએ શૂરવીરતાની સાથે શુદ્ધિ, સંયમ તથા સેવાભાવનો સંદેશ પણ પૂરો પાડ્યો છે. 'સેવાભાવ'ના એ લોકપયોગી સંદેશને ઝીલવાનો એવી રીતે ત્યાં પણ પ્રયત્ન થાય છે, એ જોઈને તુલસીદાસજીની પ્રસિદ્ધ પંક્તિઓ સહજપણે યાદ આવી જાય છે :

"તુલસી ઈસ સંસાર મેં કર લીજે દો કામ :

દેને કો ટુકડો ભલો, લેને કો હરિનામ."

દયાધર્મ અને ઈશ્વરનું ભક્તિપૂર્વકનું નિરંતર નામસ્મરણ : ધર્મના એ મુખ્ય હાર્દને એ સંતપુરુષે એવી રીતે સરળ અને લોકભોગ્ય ભાષામાં વહેતું કર્યું છે. ગુરુ નાનકદેવે પણ એ સર્વોપયોગી સંદેશ પૂરો પાડ્યો છે. જે કામ કરે તે જ ખાય એ વાત એમને ઝાઝી અસર નથી કરી શકી. સંસારમાં એવા માણસો પણ છે, જેઓ અપંગ હોવાથી કામ નથી કરી શકતા. બીજા એવા પણ છે, જેમને પ્રયત્ન કરવા છતાં કામ નથી મળતું. કોઈ કુદરતી કે બીજા કોઈ કોપનો ભોગ બન્યા છે, તેથી લાચાર ને નિરાધાર છે. એમને મદદ કરવી એ સમજુ માણસનો ધર્મ છે. એવી મદદ અનિવાર્ય ને ઉપયોગી છે. કેટલીકવાર માણસો વખાના માર્યા, નિરૂપાયે, જીવનને ટકાવી રાખવાનો આધાર લેતા હોય છે. એવા માણસો તરફ સહાનુભૂતિથી જોવાની દૃષ્ટિ કેળવવી જ જોઈએ. સંતોએ તો રામનામ લેવાને પણ કામ જ માન્યું છે, અને તેમણે જરૂર હોય તેમને ભોજન પૂરું પાડવાને કર્તવ્ય ગણ્યું છે.

શીખ ગુરુઓનો ઈતિહાસ ઘણો જ મૂલ્યવાન અને પ્રેરણાપ્રદ છે. પ્રજાને શક્તિશાળી, બહાદુર અને સેવાપરાયણ બનાવવામાં એમણે કીમતી ફાળો આપ્યો છે એ હકીકતની નોંધ લીધા વિના ચાલે તેમ નથી. સુવર્ણમંદિરમાં ફરતી વખતે એ આખોય ઈતિહાસ અમારી દૃષ્ટિ સામે તરવરવા લાગ્યો. એ પ્રતાપી ગુરુઓને અમે મનોમન પ્રણામ કર્યા.

**કંપની બાગ :** અમૃતસરના કંપની બાગની મુલાકાત જરૂર લેવા જેવી છે. એને જોઈને આશ્ચર્ય થયા વિના નથી રહેતું. એની વિશાળતાને લીધે કે બીજા ગમે તે કારણે કહો, પણ તેની માવજતનું ધ્યાન જોઈએ તેટલું નથી રખાતું એ હકીકત છે. તેમ છતાં એ આખોય બાગ પ્રવાસીઓ માટે રસપ્રદ ને આકર્ષણનું કેન્દ્ર તો બની જ રહે છે. બાગની અંદર ઠેકઠેકાણે કેટલાય ભાગોમાં પહોળા તથા લાંબા પાકા રસ્તા બાંધેલા છે એ એની વિશેષતા છે. એ રસ્તાઓ દ્વારા શહેરના વિભિન્ન ભાગોમાં પહોંચી શકાય છે.

**રામતીર્થની જગ્યા :** રામતીર્થ સ્થાન તદ્દન એકાંત છે. ત્યાં વિશેષ વસતિ કે ગામ નથી. વચ્ચે વિશાળ તળાવ છે અને એની આજુબાજુ છે ખૂબ જ નાનાં થોડાંક દેવસ્થાનો. કોઈ જાતનું વિશેષ કુદરતી સૌન્દર્ય પણ અહીં નથી દેખાતું. આજુબાજુની બધી જમીન પણ ઉજ્જડ જેવી છે. તુલસીકૃત રામાયણમાં વાલ્મીકિ મુનિની વાત આવે છે. અયોધ્યાકાંડમાં કરાયેલા ઉલ્લેખ પરથી જાણવા મળે છે કે, અયોધ્યાકાંડમાંથી વનવાસ માટે નીકળ્યા પછી રામ, લક્ષ્મણ અને સીતા ત્રણે મહર્ષિ વાલ્મીકિના આશ્રમે ગયાં હતાં. મહર્ષિએ જ તેમને તેમના નિવાસ્થાન તરીકે ચિત્રકૂટને પસંદ કરવાની સૂચના કરેલી. તે પછી શ્રી રામચંદ્રજી ચિત્રકૂટ ગયેલા. અયોધ્યાથી પ્રયાગરાજ તથા ચિત્રકૂટના માર્ગમાં જ વાલ્મીકિ મુનિનો આશ્રમ હતો એ સુવિદિત છે. લવ-કુશનો જન્મ પણ ત્યાં જ થયેલો. અહીંના રામતીર્થ સાથે એમના જન્મની કથા કેવી રીતે જોડાઈ ગઈ તે તો કથા કહેનારા જ કહી શકે.

**જલિયાંવાલા બાગ:** અમૃતસરનો જલિયાંવાલા બાગ એક ચિરસ્મરણીય સ્થળ છે. તેને રાષ્ટ્રીય સ્મારક તરીકે ઓળખવામાં આવ્યું છે. ઈ.સ. ૧૯૨૫માં રોલેટ ઍક્ટ પસાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો ત્યારે બ્રિટિશ સરકારે કરવા ધારેલા એ કાયદાની વિરુદ્ધમાં ભારતના ખૂણેખૂણેથી વિરોધનો વંટોળ ઊઠ્યો. અમૃતસર જેવું પંજાબનું પ્રમુખ સ્થળ પણ એમાંથી બાકાત કેવી રીતે રહી શકે ? અહીંના વિશાળ

જલિયાંવાલા બાગમાં વિશાળ સભાનું આયોજન થયું. તે વખતે એકઠી થયેલી શસ્ત્રવિહીન જનતા પર બ્રિટિશ અમલદાર જનરલ ડાયરની સૂચનાથી ગોળીઓની ઝડી વરસી. એમાં કેટલાય માણસો મૃત્યુ પામ્યા ને કેટલાય ઘાયલ થયા. એ ગોળીઓનાં નિશાન આજે પણ બાગની દીવાલ પર જોઈ શકાય છે. એ અમાનુષી કૃત્યના વિરોધમાં આખા દેશે એકીસ્વરે અવાજ ઊઠાવ્યો હતો.

જલિયાંવાલા બાગના પ્રવેશદ્વાર પાસે દીવાલ પર નોંધ કરી છે કે, આ માર્ગે થઈને જનરલ ડાયરે બાગમાં પ્રવેશ કરેલો; તો અંદરના એક લેખમાં એના ક્રૂર કૃત્યની કહાણી રજૂ કરવામાં આવી છે. એ ગોળીબાર કોઈ એક જાતિ પર નહિ, પરંતુ સ્ત્રી, બાળકો અને બધી જ જાતિના પ્રતિનિધિઓ પર કરવામાં આવેલો. દેશની એ વખતની એકતા અને આત્મબલિદાનની ભાવના કેટલી બધી પ્રબળ હતી તેનો ખ્યાલ તથા દેશની આઝાદીની લાંબી લડતમાં કેવી રીતે આફતો આવી અને કેવી કેવી કુરબાનીઓ કરવી પડી તેનો આછોપાતળો ચિતાર પણ તેના પરથી મળી રહે છે. રાષ્ટ્રભક્તિ, અંતરંગ એકતા, ને ત્યાગની ભાવના કોઈ પણ દેશની મુખ્ય શક્તિઓ છે. એ ત્રણે બાબતમાં આઝાદી પછી આજે આપણે ક્યાં ઊભા છીએ તેનો એ સ્થળે વિચાર કરતાં હૈયું હાલી ઊઠ્યું ને કાળજામાં કરુણા ફરી વળી.

☼ ☼ ☼ ☼ ☼



## ૨૮. બેરસાહબ અને હટસાહબ

"સુમિરન કર લે, રામ સુમિર લે, કૌન જાને કલ કી,
ખબર નહિ ઈસ જગ મેં પલ કી.
તારામંડળ, રવિ, ચંદ્રમા, સબ હી ચરાચર કી,
ચાર દિનોં કે ચમત્કાર મેં બિજલી આ ચમકી."

ભારતવર્ષની પવિત્ર ભૂમિમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના અલૌકિક ભાવોને વહેતા કરનાર મહાપુરુષ ગુરુ નાનકદેવ પોતાના જીવનકાળ દરમિયાન સુલતાનપુરમાં પણ રહ્યા હતા. બીજાં અનેક સ્થળોની જેમ એ સ્થળને પણ મહાપુરુષના પદરજથી પવિત્ર બનવાનું સૌભાગ્ય સાંપડેલું.

પંજાબમાં કપુરથલા શહેરથી સોળેક માઈલ દૂર સુલતાનપુર છે. એક વખત એની જાહોજલાલી ખૂબ હતી. આજે તો એનો મોટા ભાગનો વિસ્તાર તૂટીને ઉજ્જડ બન્યો છે. છતાં એના જૂના અવશેષો પરથી એની પ્રાચીન ભવ્યતાનું અનુમાન સહેલાઈથી કરી શકાય છે.

ગુરુ નાનકદેવની બહેન નાનકીનું લગ્ન સુલતાનપુર થયેલું. એટલે એ નિમિત્તે એમને એ શહેરમાં રહેવાનું થયેલું. એની સુખદ સ્મૃતિરૂપે એ શહેરમાં બે ઐતિહાસિક યાત્રાસ્થળો આજે પણ જોઈ શકાય છે. આસપાસના વિસ્તારમાંથી અસંખ્ય સ્ત્રીપુરુષો અહીં યાત્રાએ આવે છે. એક સ્થળ છે બેરસાહબ અને બીજું સ્થળ છે હટસાહબ. એ બંને સ્થળોનો પરિચય કરવા જેવો છે.

બેરસાહબની જગ્યા એના નામ-સૂચન પ્રમાણે બોરડીની જગ્યા છે. એ બોરડીની પાછળ ઈતિહાસ છે. કહે છે કે, નાનકદેવે નહેરના કિનારા પરની એ જગ્યાએ બેસીને દાતણ કરેલું અને દાતણની ચીર જમીનમાં રોપેલી. કાળે એ ઘટનાને અમર બનાવવા ધાર્યું હોય તેમ, એ સ્થળ પર પાછળથી એક બોરડી થઈ ગઈ. આજે એ બોરડી વરસોથી યાત્રાનું ધામ બની ગઈ છે. ત્યાં એક વિશાળ ગુરુદ્વારાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુરુદ્વારાની પાછળના ભાગમાં નાનકદેવ દાતણ કરવા બેસતા તે સ્થાન પણ છે. બેરસાહબના એ સુંદર સ્થળમાં દર અમાસે મેળો ભરાય છે.

ત્યાંથી થોડેક છેટે હટસાહબની જગ્યા છે. કહે છે કે સુલતાનપુરમાં નાનકદેવ સરકારી નોકરી કરવા રહેલા ત્યારે માલ જોખીને આપતી વખતે 'તેરા' શબ્દ આવ્યો તે વખતે, સૌ કાંઈ ઈશ્વરનું જ છે એવા ભાવમાં, 'હે પ્રભુ, તેરા તેરા' એવા ખ્યાલ સાથે માલ આપતા જ ગયા. હટસાહબ એ પ્રસંગની સ્મૃતિ કરાવનારું સ્થળ છે. ત્યાં એક બાજુએ નાનકદેવના વખતમાં વપરાતાં તોલમાપનાં સાધનો પણ સાચવી રાખ્યાં છે.

ઉપરાંત, શેરશાહે બંધાવેલી ધર્મશાળા પણ જોવા જેવી છે.

## ૨૯. જ્વાલામુખી

જે સ્થળનું વર્ણન અહીં કરી રહ્યો છું તે જ્વાલામુખીનું સ્થાન પંજાબમાં જ નહિ, દેશભરમાં પ્રખ્યાત છે. પરદેશી પ્રવાસીઓ પણ એના મહિમાથી આકર્ષાઈને એનું અવલોકન કરવા માટે અવારનવાર આવ્યા કરે છે. એ દૃષ્ટિએ જોતાં એની સુવાસ પરદેશ સુધી પહોંચી ગઈ છે. એ એક મોટું તીર્થસ્થાન ગણાય છે. વરસોથી મેં એના સંબંધી અનેક પ્રકારની કથાઓ સાંભળેલી ત્યારથી દિલ એના તરફ ખેંચાયલું તો ખરું જ. છેવટે એની મુલાકાત લેવાનો યોગ પણ આ વખતની અમારી પંજાબની યાત્રા દરમિયાન પ્રાપ્ત થયો.

કપુરથલામાં સનાતન ધર્મસભાના શાંત અને સુંદર સ્થળમાં રહેવાનો અવસર આવ્યો ત્યારે જ્વાળામુખીની યાત્રાનો માર્ગ સરળ થયો. જ્વાળામુખી કપુરથલાથી લગભગ ૯૦-૯૫ માઈલ દૂર છે. કપુરથલાથી જલંધર, જલંધરથી હોશિયારપુર અને ત્યાંથી મોટરમાર્ગે જ્વાલામુખી સ્થળે જઈ શકાય છે. હોશિયારપુરથી આગળનો માર્ગ જંગલ તથા પર્વતીય પ્રદેશમાંથી પસાર થાય છે. એને શિવાલિક હીલ્સ કહેવામાં આવે છે. સુંદર લીલાછમ ખેતરો અને પર્વતમાળા પરથી પસાર થતી વખતે અંતર અનેરા આનંદનો અનુભવ કરે છે. રસ્તામાં નાનાંનાનાં પર્વતીય ગામો પણ આવે છે. એવા જ એક ગામમાં ચિત્તપૂર્ણી દેવીનું મંદિર છે. એ મંદિરની પ્રસિદ્ધિ પણ ઘણી છે. નાના છોકરાઓના વાળ ઊતારવાની બાધા પૂરી કરવા ત્યાં કેટલાય લોકો ભેગા થાય છે. દેવીનું નામ જ ચિત્તપૂર્ણી છે, એટલે બધા પ્રકારની ચિંતા અને ઈચ્છાઓથી પ્રેરાઈને ચિત્તની સંતૃપ્તિ માટે લોકો એનું શરણ લે છે.

ચિત્તપૂર્ણી દેવીના સ્થળથી પર્વતીય પ્રદેશમાં થોડેક આગળ વધીએ છીએ એટલે સુંદર પર્વતમાળાની વચ્ચે ઊંચાઈ પર ગામ અને મંદિર આવે છે. એ જ સ્થળ જ્વાલામુખી છે. જ્વાલામુખી ગામ પણ છે અને મંદિર પણ છે. નાનાસરખા મંદિરમાં સુવર્ણના બે મોટા વાઘ છે. મંદિરનું સુવર્ણશિખર રાજા રણજિતસિંહે તૈયાર કરાવેલું એમ કહેવાય છે. મંદિરમાં એક બાજુ જમીનમાંથી નિરંતર નીકળતા પાણીનો કુંડ છે, જ્યારે બીજી બાજુ મંદિરની અંદરના ભાગમાં જ્વાળા-દર્શન થાય છે. જમીનની અંદરના ભાગમાંથી જ્વાળાઓ નીકળે છે અને ઉપરની ફરતી દીવાલ પર પણ ત્રણ ઠેકાણે જ્વાળાઓ દેખાય છે. જ્વાળાઓ નાની છતાં આકર્ષક અને સ્થિર છે. ઉપર ગોરખનાથની ગુફા જેવી જગ્યા છે. એમાં પણ એક બાજુ જ્વાળાનું દર્શન થાય છે.

મંદિરમાં જમણા હાથ તરફ એક બીજું સ્થલ છે. ત્યાં અકબર બાદશાહે દેવીના મહિમાથી મંત્રમુગ્ધ થઈને દેવીને અર્પણ કરેલું છત્ર છે. કહે છે કે, અકબરે મંદિરની કુદરતી રીતે જલતી જ્યોત પર પાણી નાખ્યું છતાં એ જ્યોત ના તો ઓલવાઈ કે ના જરા પણ મંદ પડી. એટલે અત્યંત પ્રભાવિત થઈને એણે પોતાના ઐશ્વર્યનું પ્રદર્શન કરવા દેવીને સોનાનું છત્ર ચઢાવ્યું. એને એમ હતું કે મારા જેવું કીમતી છત્ર બીજું કોણ ચઢાવે તેમ છે. પરંતુ એના ગર્વનું ખંડન કરવાની દેવીની ઈચ્છા હોય તેમ, એ આંખુંયે છત્ર સોનાનું મટી ગયું. એ અત્યંત ભારેખમ છત્ર કઈ ધાતુનું છે તેની સમજ નથી પડતી. ગર્વના પ્રતીક જેવું એ છત્ર આજે પણ ત્યાં પડી રહ્યું છે.

જ્વાલામુખીમાં મંદિરના માર્ગ પર જે સુંદર ધર્મશાળા છે તેની બહાર રસ્તા પર એક સંતપુરુષનો ભેટો થઈ ગયો. તેઓ યુવાન ને તેજસ્વી હતા. તેમણે જેવાં સફેદ વસ્ત્રો પહેરેલાં એવું જ નિર્મળ તેમનું અંતર હતું, એવી છાપ એમને જોતાંવેંત જ પડ્યા વિના ના રહી. અમારામાનાં એક પંજાબી ભાઈએ પૂછયું : 'બાબા, કહાં સે આ રહે હૈ ?'

બાબાએ સુમધુર સ્મિત કરીને કહ્યું : 'સારા સંસાર એક પરમાત્મા કે પાસ સે હી આતા હૈ. મૈં ઉસ મેં અપવાદરૂપ કૈસે હો સકતા હૂં ?'

'મૈં પૂછના ચાહતા થા કિ આપ પંજાબી હૈ, બંગાલી, યા બિહારી ?'

બાબા ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા : 'તુમ્હારે મન મેં ઐસે હી સંકુચિત પ્રશ્ન ક્યોં પેદા હોતે હૈં ? ઉન સે તુમ્હેં ક્યા લાભ હો સકેગા ? પંજાબી, બંગાલી યા બિહારી કી અપેક્ષા અપને કો ભારતીય માનના ઔર કહના હી અચ્છા હૈ. મૈ ઐસા હી માનતા હૂં.'

પંજાબી ભાઈની ધર્મપરાયણ પત્નીએ પૂછ્યું : 'બાબા, ક્યા ભગવતી દર્શન દેતી હૈં ?'

'અવશ્ય દેતી હૈં.' બાબાએ ઉત્તર આપ્યો : '.....લેકિન દર્શન કો ચાહતા હૈ કૌન ? દર્શન કે લિયે દિલ મેં સે રોના ચાહિયે. જૈસે બચ્ચા રોતા હૈ, ઉસી પ્રકાર રોને લગો તો માતા દૂર નહીં રહેગી. લોગ ધન કે લિયે રોતે હૈં, સંતાન કે લિયે રોતે હૈ, અપને રિશ્તેદાર કી મૃત્યુ પર રોતે હૈં, દુઃખ, મુસીબતેં ઔર ઘાટા પડને પર રોતે હૈં, ફિર દર્શન કૈસે હો સકેગા ?'

મને શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનાં વચન યાદ આવ્યાં. એમણે પણ પોતાના વાર્તાલાપમાં એવું જ કહ્યું છે ને !

અમારી સાથેના કપુરથલાની સનાતન ધર્મસભાના કાર્યકરે પૂછયું : 'સંસાર મેં ઈતની બુરાઈયાં બઢ રહી હૈં, ઉનકા ઈલાજ ક્યા ?'

'ઈલાજ ? તુમ્હારા કામ અપને અંદર કી બુરાઈકો મિટાને કા હૈ. ભીતર કી બુરાઈ કો મિટાને સે બાહર કી બુરાઈ કો મિટાને કા માર્ગ અપને આપ મિલ જાયેગા. કેવલ દોષદર્શન કરને સે કુછ ભી નહીં હોગા.'

'ઉસકા અર્થ ઐસા સમજના ચાહિયે કિ બાહર કી સેવા નિરર્થર હૈ !'

'મૈંને ઐસા નહીં કહા. અપની અપની બુદ્ધિ ઔર શક્તિ કે અનુસાર સમાજ કી બાહર કી સેવા કરને મેં દોષ નહીં હૈ, લેકિન બાહરી સેવા કે નશે મેં પડકર ભીતર કી વ્યક્તિગત સેવા કો નહીં ભૂલના ચાહિયે. મેરે કહેને કા તાત્પર્ય ઉતના હી હૈ.'

કોઈએ એક બીજો પ્રશ્ન પૂછી કાઢ્યો : 'ઈસ યુગ મેં જીવન કે શ્રેય કે લિયે કૌન સી સાધના કરની ચાહિયે ?'

બાબા બોલ્યા : 'સભી યુગોં મેં સાધના તો એક સી હી હૈ. મન કો જિતના, હો સકે ઉતના નિર્મલ કરના ઔર ઈશ્વર મેં મન લગાના. ઈશ્વર મેં મન લગાને સે શાંતિ મિલેગી; ઔર મન જિતના ભી નિર્મલ બનતા જાયેગા, ઉતના હી ઈશ્વર મેં અધિક સુભીતે સે લગ સકેગા. ઉસ કે સાથસાથ અપને કર્તવ્યોં કે અનુષ્ઠાન મેં ભી પ્રમાદ નહીં કરના ચાહિયે.'

સંતપુરુષોએ ઠીક કહ્યું છે કે, સાધુપુરુષો જ તીર્થને તીર્થરૂપ બનાવે છે. તીર્થોની યાત્રા એમના સત્સંગથી મંગલંય બની જાય છે.

જ્વાલામુખીનું બજાર સ્વચ્છ અને મોટું છે. ચારે બાજુની પર્વતમાળાએ એ પ્રદેશને ઘેરી લીધો છે. આગળ જતાં મંદિરોની આગવી શિલ્પકળા માટે પ્રખ્યાત કાંગડાનો પ્રદેશ શરૂ થાય છે. ધર્મશાળાના હીલ સ્ટેશને પહોંચવાનો રસ્તો પણ અહીં થઈને જ આગળ વધે છે. જ્વાલામુખીના મંદિરની નીચેનો ભાગ ગેસથી ભરેલો હોવાથી જ જ્વાળા સળગે છે અને એમાં ચમત્કારિક કે આશ્ચર્યજનક કશું જ નથી, એવું સ્પષ્ટીકરણ વાંરવાર કરવામાં આવ્યું હોવા છતાં, પ્રજાને માટે તો એનું આકર્ષણ આજે પણ એવું જ અસાધારણ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. કાંગડા

જ્વાલામુખીથી મોટરમાર્ગે પર્વતોમાં થઈને કાંગડા જવાય છે. જ્વાલામુખી જવાનો એક બીજો માર્ગ પણ છે. તે રસ્તો રેલ્વેનો છે. અમૃતસરથી પઠાણકોટ થઈને જતાં પઠાણકોટથી વૈજનાથ-પપરોલા જતી ટ્રેનમાં જ્વાલામુખી રોડ સ્ટેશન આવે છે. ત્યાંથી મોટર દ્વારા લગભગ ૧૩ માઈલ જતાં જ્વાલામુખી મંદિર આવે છે. કાંગડા પઠાણકોટથી લગભગ ૫૯ માઈલ દૂર છે. ત્યાંથી એક માઈલ દૂર કાંગડા મંદિર સ્ટેશન છે. ત્યાંથી કાંગડાનું મંદિર દોઢેક માઈલ દૂર છે, ને પગે ચાલીને જઈ શકાય છે. કાંગડા સ્ટેશનથી મંદિર જવા મોટરો મળી શકે છે. મંદિર પાસે રહેવાની ધર્મશાળા છે.

કાંગડાનું મંદિર સુંદર બાંધણી માટે વખણાય છે. ઘણા લોકો તેને જોવા આવે છે. ત્યાંના મહામાયાના મંદિરને વજ્રેશ્વરી કહેવામાં આવે છે. એનું બીજું નામ વિદ્યેશ્વરી પણ છે. એકાવન શક્તિપીઠોમાં એની ગણના છે. મંદિરમાં દેવીની સામે રજતપીઠ પર યંત્ર છે. ત્યાં વરસમાં બંને નવરાત્રીઓ દરમિયાન ઘણા લોકો ભેગા થાય છે ને મેળો ભરાય છે.

ધર્મશાળાનું હવાખાવાનું પ્રસિદ્ધ સ્થળ કાંગડાથી ૧૩ માઈલ જેટલું દૂર છે. ત્યાં કાંગડાથી મોટર દ્વારા એકાદ માઈલ દૂર ભાગસૂનાથ મહાદેવનું મંદિર છે. શિવરાત્રીને દિવસે ત્યાં મેળો ભરાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. અચલેશ્વર, તરણ-તારણ, ચંબા

**અચલેશ્વર** : અમૃતસરથી પઠાણકોટની લાઈનમાં બટાલા નામનું સ્ટેશન છે. ત્યાંથી ચારેક માઈલ દૂર અચલેશ્વર નામે સ્થાન છે. ત્યાંના મંદિરમાં શિવલિંગ છે તથા કાર્તિકસ્વામીની મૂર્તિ છે. બાજુમાં પાર્વતીની મૂર્તિ પણ જોવા મળે છે. મંદિરની બાજુમાં સુંદર, વિશાળ સરોવર છે. એની વચ્ચેના એક બીજા શિવાલય સુધી જવા તેમાં પૂલ બાંધેલો છે. સ્વામી કાર્તિકનું આવું મંદિર ઉત્તર ભારતમાં આના સિવાય બીજું નથી મળતું. એ સ્થાનમાં વસુઓ તથા સિદ્ધગણોએ યજ્ઞ કરેલો. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકદેવે પણ ત્યાં થોડોક કાળ રહીને સાધના કરેલી.

**તરણ-તારણ** : તરણ-તારણ અમૃતસરથી બારેક માઈલ દૂર, બિયાસ અને સતલજ નદીઓના સંગમસ્થળની બાજુમાં આવેલું તીર્થ છે. અમૃતસરથી ત્યાં સુધીનો રસ્તો પાકો છે. શીખ ધર્મના અનુયાયીઓ તે સ્થાનને ઘણું પવિત્ર માને છે.

ત્યાં એક વિશાળ સરોવરની વચ્ચે ગુરુદ્વારા છે. શીખ ધર્મના ગુરુ અર્જુનદેવે એની પ્રતિષ્ઠા કરેલી. વૈશાખી અમાવાસ્યાનો મેળો ભરાય છે, ત્યારે લોકો ત્યાં મોટી સંખ્યામાં એકઠા થાય છે.

**ચંબા** : ચંબા જવા માટે પઠાણકોટથી મોટર દ્વારા ડલહૌજી થઈને એ જ મોટરમાં આગળ વધવું પડે છે. ડલહૌજીથી વીસેક માઈલ દૂર રાવી નદીના કિનારે એ શહેર વસેલું છે. શહેરમાં જે મુખ્ય મંદિર છે તે લક્ષ્મીનારાયણનું પ્રાચીન મંદિર ખૂબ જ સુંદર છે. એમાં નારાયણ ભગવાનની આરસપહાણની સુંદર સફેદ મૂર્તિ છે. એ મંદિરની સાથે બીજાં છ કલાત્મક મંદિરો જોવા મળે છે. એમાં શ્રી ચક્રગુપ્તેશ્વર, રાધાકૃષ્ણ, ગૌરીશંકર, ત્ર્યંબકેશ્વર તથા લક્ષ્મીદામોદરની મૂર્તિઓ છે.

**ભરમૌર** : ચંબાથી ૩૮ માઈલ દૂરના આ સ્થાનમાં કેટલાંય પ્રાચીન મંદિરો છે. ત્યાં નવ નાથ તથા ચોરાસી સિદ્ધો આવેલા એમ કહેવાય છે.

**છત્રાઢી:** ભરમૌરથી ચંબાની દિશામાં ચૌદેક માઈલ દૂર આ સ્થાન છે. ત્યાં દેવીનું સુંદર મંદિર છે. એ આખુંયે મંદિર લાકડાનું બનાવેલું છે. મંદિરોની કળાની દૃષ્ટિએ જોતાં એ જુદું જ તરી આવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. રિબાલસર

રિબાલસરનું બીજું નામ રેવાસર પણ છે. એના નામ પરથી સૂચિત થાય છે તે પ્રમાણે, ત્યાં એક મોટું સરોવર છે. એની બાજુમાં માનીપાની નામે બૌદ્ધ મંદિર છે. એની બાજુમાં એક ધર્મશાળા તેમ જ લક્ષ્મીનારાયણ, શંકર ને મહર્ષિ લોમશનું મંદિર છે.

સરોવરમાં જમીનના સાત તરતા ટુકડા છે. તેમાંનાં વૃક્ષો પર મૂર્તિઓ છે. તે ટુકડાઓને કિનારે લાવીને યાત્રીઓને દર્શન કરાવવામાં આવે છે. સરોવરની એક બાજુએ ગુરુદ્વારા છે. ત્યાં ધાર્મિક શ્રદ્ધાનો જાણે કે ત્રિવેણીસંગમ થયો છે.

મહર્ષિ લોમશની તપોભૂમિ ઉપરાંત, એ ગુરુ ગોવિંદસિંહની પણ સાધનભૂમિ મનાય છે. એ સ્થાન જ્વાલામુખીથી ૫૫ માઈલ દૂર છે. મંડીથી તે ૧૫ માઈલ દૂર છે. મંડી શહેરથી ત્યાં જવા માટે સાધનો મળી શકે છે. ત્યાં રહેવા માટે ધર્મશાળાની વ્યવસ્થા છે.

☼ ☼ ☼ ☼ ☼

## 33. કુલ્લુ

અમૃતસરથી પઠાણકોટ થઈને યોગીન્દ્રનગર સુધી ટ્રેનમાં જઈને, ભૂમંતર સુધી મોટર દ્વારા જઈ શકાય છે. ત્યાંથી છ માઈલનો પાકો રસ્તો મોટર દ્વારા કાપતાં, બિયાસ નદીના તટ પર વસેલું કુલ્લુ શહેર આવે છે. પઠાણકોટથી તે ૧૭૫ માઈલ દૂર છે. પઠાણકોટથી ત્યાં જવા માટે મોટર પણ મળે છે, જે મંડી થઈને કુલ્લુ જાય છે. કુલ્લુમાં રામચંદ્રજીનું મંદિર, ધર્મશાલા, બજાર, પોસ્ટઑફિસ અને પોલીસચોકી છે.

કુલ્લુ શહેર સમુદ્રસપાટીથી ૪,૭૦૦ ફૂટ ઊંચું હોવાથી ઘણું રમણીય લાગે છે. હિમાચ્છાદિત પર્વતો એને આજુબાજુથી વીંટળાઈને એની શોભામાં વધારો કરે છે. વિજયાદશમી પર્વે ત્યાં દશ દિવસનો મેળો ભરાય છે ત્યારે આજુબાજુના પર્વતીય પ્રદેશની પ્રજા ઉમંગથી ભેગી થાય છે.

ઘણા લોકો ત્યાંના કુદરતી સૌન્દર્યથી આકર્ષાઈને ત્યાં હવા ખાવા જાય છે. કુલ્લુ ખીણનું છેલ્લું બસ-સ્ટેશન મનાલી છે. ત્યાંથી દોઢેક માઈલ દૂર વશિષ્ઠાશ્રમ છે. ત્યાં મહર્ષિ વશિષ્ઠની મૂર્તિ, શ્રીરામજી મંદિર અને ગરમ પાણીના ત્રણ કુંડ છે. ત્યાંનો પ્રદેશ મહર્ષિ ધૌમ્યનો તપસ્યા-પ્રદેશ ગણાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. અમરનાથ

કુદરતી સૌન્દર્યથી ભરેલી કાશ્મીરની ભૂમિમાં આવેલા સુપ્રસિદ્ધ સુંદર તીર્થધામ અમરનાથનું નામ કોણે નથી સાંભળ્યું ? દર વરસે કુદરતી સૌન્દર્યના હજારો રસિયાઓ એના દર્શને જાય છે. શ્રાવણ મહિનો ભગવાન શંકરની સેવાપૂજા માટે ખાસ કરીને મહત્વનો મનાતો હોવાથી, અમરનાથના સુંદર સ્થાનના દર્શન માટે લોકો મોટે ભાગે શ્રાવણ મહિનામાં જ પ્રસ્થાન કરે છે, અને શ્રાવણ સુદ પૂનમે ત્યાં પહોંચી જાય છે. દ્વાદશ જ્યોતિર્લિંગના પેલા ચિરપરિચિત શ્લોકમાં એની ગણના નહીં કરાયલી હોવા છતાં ભાવિક લોકોને મન તો એનો મહિમા જ્યોતિર્લિંગ કરતાં જરા પણ ઓછો નથી; અને એ મહિમાથી પ્રેરાઈને દેશના ચારે ખૂણાની જનતા એની યાત્રા માટે નીકળી પડે છે અને એના દર્શનથી કૃતાર્થતા અનુભવે છે.

કુદરતી સૌન્દર્યના રસિયાઓ કાશ્મીરની નિરાળી ભૂમિને ધરતી પરના જીવતાજાગતા સ્વર્ગ સાથે સરખાવે છે; એની પ્રશંસા કરતાં થાકતા નથી. કાશ્મીરની ભૂમિ પર પગ મૂકીએ છીએ ત્યારે એ ભૂમિની કુદરતી શાંતિ તથા સુંદરતા આપણા અંતરને સ્પર્શી જાય છે, ને મનને મુગ્ધ કરી દે છે. જેણે હિમાલયના કુદરતી સૌન્દર્યથી છવાયેલા બીજા પર્વતીય પ્રદેશની ઝાંખી કરી હશે તેને કાશ્મીરનો પ્રદેશ એટલું બધું કામણ નહિ કરે, પરંતુ પ્રથમવાર હિમાલયના પ્રવાસે આવનાર પ્રવાસી કાશ્મીરના એ પ્રાકૃતિક સૌન્દર્યથી ખરેખર અને ખૂબ જ પ્રભાવિત બનશે એમાં કોઈ શંકા નથી.

અમરનાથની યાત્રાએ નીકળેલો પ્રવાસી દિલ્હીથી ટ્રેન મારફત પઠાણકોઠ જાય છે, ને ત્યાંથી મોટર દ્વારા જમ્મુ થઈને કાશ્મીરના મુખ્ય શહેર શ્રીનગરમાં પહોંચે છે. દિલ્હીથી શ્રીનગર વિમાન મારફત પણ જઈ શકાય છે. સમય બહુ થોડો હોવાથી અને શ્રાવણ સુદ પૂનમે અમરનાથના દર્શનની ઈચ્છા હોવાથી દિલ્હીથી શ્રીનગરનો પ્રવાસ અમે વિમાનમાં જ કર્યો. એ પહેલાં પાસપોર્ટની પણ જરૂરી વ્યવસ્થા કરી લીધેલી. જીવનમાં મારી ને માતાજીની આ સૌથી પહેલી વિમાની મુસાફરી હતી. દિલ્હીથી શ્રીનગર પહોંચતા અમને આશરે સાડા-ચાર કલાક લાગ્યા. રસ્તામાં અમૃતસર તથા જમ્મુમાં વિમાન થોડોક વખત માટે રોકાયેલું.

શ્રીનગરની ભૂમિ આજુબાજુનાં અસંખ્ય ચિનાર વૃક્ષોને લીધે તથા લીલાંછમ ખુલ્લાં મેદાનોને લીધે ઘણી રમણીય લાગે છે. એ ભૂમિ પર પગ મૂકતાંવેંત જાણે કોઈક જુદી જ દુનિયામાં આવ્યા હોઈએ એવો અનુભવ થાય છે. અમરનાથ જવા મોટરમાર્ગે પહેલગાંવ જવું પડે છે.

પહેલગાંવ હવા ખાવાનું સુંદર પર્વતીય સ્થળ છે. શ્રીનગરથી તે લગભગ ૫૯ માઈલ દૂર છે. રસ્તામાં હજારોની સંખ્યામાં ઊભેલાં ચિનાર, ચીડ અને દેવદારનાં સુંદર વૃક્ષો પ્રવાસીનું મન હરી લે છે. સમુદ્રસપાટીથી ૭,૨૦૦ ફૂટ જેટલી ઊંચાઈએ આવેલા પહેલગાંવમાં ઠંડીનો અનુભવ પણ સૌથી પહેલો અને સારા પ્રમાણમાં થાય છે. ત્યાંની હરિયાળી, નદી, ઝરણાં તથા ઉત્તુંગ આકાશને અડવાની હરીફાઈ કરતી પર્વતમાળા એ સઘળુંય રમણીય છે. ત્યાં આવેલી નંદભવન ધર્મશાળામાં અમે રાતવાસો કર્યો.

અમરનાથનો પગરસ્તો પહેલગાંવથી જ શરૂ થાય છે. એ રસ્તો જરા વિકટ અને યાત્રીઓની કસોટી કરનારો છે. રસ્તામાં ધર્મશાળાની વ્યવસ્થા ના હોવાથી પહેલગાંવથી માર્ગમાં મુકામ માટે ભાડે મળતા તંબુ લઈ જવા પડે છે. તે ઉપરાંત, પ્રવાસ માટેની કેટલીક જરૂરી સામગ્રી પણ ત્યાંથી મળે રહે છે. પદયાત્રા

કરવાની અશક્તિવાળા માણસો માટે દંડી તથા ઘોડાની વ્યવસ્થા પણ ત્યાંથી જ થઈ શકે છે. રસ્તામાં કાશ્મીર સરકાર તરફથી યાત્રીઓને માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં ફરતા દવાખાનાનો પણ સમાવેશ થાય છે.

પહેલગાંવથી ચંદનવાડી સુધીનો માર્ગ જરા સારો છે, પરંતુ પછીથી થોડું ચઢાણ શરૂ થાય છે. રસ્તામાં એક સરોવર આવે છે. તેનું દૃશ્ય અત્યંત મનોહર છે. ચારેબાજુ સુંદર હિમાચ્છાદિત પર્વતમાળા અને એની વચ્ચે, કોઈક ઈશ્વરકૃપાપાત્ર યોગીના હૃદયની નિર્મળતા તથા રસમયતાની યાદ આપતું, જમા થયેલું બરફનું પાણી ઘણું સુંદર લાગે છે. આ માર્ગમાં એવાં સરોવર એકથી વધુવાર જોવા મળે છે. કેટલીકવાર તો બરફના વિશાળ પટની નીચેથી પાણીનો વિશાળ પ્રવાહ વહેતો દેખાય છે, ત્યારે અંતર એક પ્રકારના અવર્ણનીય આનંદથી ઊભરાઈને નાચી ઊઠે છે. આ માર્ગમાં હિમાચ્છાદિત પર્વતો પણ દેખાય છે, તથા બરફ પરથી પસાર થવાનો દુર્લભ અવસર પણ અનાયાસ પ્રાપ્ત થાય છે.

પહેલગાંવથી નીકળ્યા પછી પહેલો મુકામ ચંદનવાડીમાં ને બીજો મુકામ શેષનાગમાં કરવો પડે છે. શેષનાગ પહેલગાંવથી સોળેક માઈલ દૂર છે. શેષનાગનું સ્થાન ચારે બાજુ હિમાચ્છાદિત પર્વતોથી ઢંકાયેલું હોવાથી ખૂબ જ ઠંડુ અને ચિત્તાકર્ષક છે. ત્યાંની જમીનમાં કલકલ કરતાં ઝરણાં વહ્યા કરે છે. ઠંડીને વધારવામાં એ ઓછો અગત્યનો ભાગ નથી ભજવતાં.

સવારે ઊઠીને અમે શેષનાગથી આગળ પ્રયાણ કર્યું. હવેનો માર્ગ ખૂબ જ કપરો હતો. ખૂબ જ સંભાળપૂર્વક, માર્ગમાં છવાયેલા બરફમાં થઈને ઘોડા આગળ વધતા હતા. ઊંચાઊંચા હિમાચ્છાદિત સફેદ પર્વતો પર થોડીકવારમાં તો ઊગતા સૂર્યના સોનેરી કિરણો ફરી વળ્યાં. સૂર્ય જગતનો આત્મા છે એવું વેદમાં કહેલું છે, ને નિત્યકર્મ કરનાર પ્રત્યેક માનવ તેવા વિધાનનો મંત્ર રોજ સવારે બોલી જાય છે પણ ખરો; પરંતુ એનો સાચો મર્મ અમને અત્યારે સમજાયો. ભીષણ ઠંડી તથા બરફમિશ્રિત હવાને લીધે યાત્રીઓ થરથરતાં હતાં. સૂર્યનાં કિરણ એમને માટે આશીર્વાદરૂપ થઈ પડ્યાં. યાત્રીઓના હરખનો પાર રહ્યો નહિ.

હવે અમે લગભગ ૧૩,૬૦૦ ફૂટની ઊંચાઈ પરથી આગળ વધી રહ્યાં હતાં. ચારે બાજુ બરફ દેખાઈ રહ્યો હતો. એટલામાં તો એક સ્ત્રી ઠંડીથી બેશુદ્ધ થઈને પર્વત પર ઢળી પડી. કેટલાક પ્રવાસીઓ અને સાથીઓ તેની સેવાશુશ્રુષા કરીને તેને ભાનમાં લાવવાના પ્રયાસો કરવા માંડ્યા. એ વિકટ યાત્રામાં ઉઘાડે પગે ચાલનારા યાત્રી પણ ઘણા હતા. ભગવાન શંકરના દર્શન માટેની તેમની શ્રદ્ધાભક્તિ ઘણી ભારે હતી.

શેષનાગથી આઠેક માઈલનો પ્રવાસ પૂરો કરીને અમે પંચતરણી પહોંચ્યાં. એ સ્થળે નદીના પાંચ ભાગ થાય છે, તેથી તેનું પંચતરણી નામ સાર્થક ઠરે છે. તંબુમાં સામાન મૂકીને અમે ભોજનનો પ્રબંધ કરવા માંડ્યો. આ યાત્રામાં લાકડાં તો મળતાં જ નથી, છતાં કેટલાક યાત્રી પ્રાયમસની મદદથી કે તદ્દન લીલાં લાકડાં સળગાવીને જેમતેમ કરીને રસોઈ બનાવી લે છે. મોટા ભાગના યાત્રીઓ તો યાત્રામાં સાથે રહેતા દુકાનદારો પાસેથી પુરીશાક મેળવીને જ ચલાવી લે છે.

પંચતરણીથી અમરનાથનો પાંચ માઈલનો માર્ગ ચઢાણવાળો ને જરા વધારે વિકટ છે. અમરનાથમાં રહેવાની વ્યવસ્થા ન હોવાથી યાત્રીઓ દર્શન તથા પૂજન કરીને પાછા વળી જાય છે. હિમાલયના બીજા

પ્રદેશ કરતા યાત્રાના આ પ્રદેશની મુસાફરી વિકટ હતી. એ યાત્રાનો છેલ્લો દિવસ હજી બાકી હતો. સંતમહાત્માઓ, સ્ત્રીઓ ને પુરુષો અમરનાથના દર્શન માટે ઉત્સાહપૂર્વક આગળ વધવા માંડ્યા.

આખરે અમે અમરનાથ પહોંચી ગયા. 'અમરનાથ કી જય ! ભગવાન શંકર કી જય !' લોકોએ પોકારો પાડ્યા. અમારા અંતરમાં પણ આનંદ ફરી વળ્યો. અમરનાથનું સ્થળ એકાકી, શાંત છતાં અલૌકિક અને સુંદર છે. ત્યાં વહેતી નદીની બાજુના પર્વતમાં એક વિશાળ પ્રાકૃતિક ગુફા છે. સામેનાં પર્વતશિખરો બરફથી ઢંકાયેલાં છે. ગુફાવાળા પર્વત પર પણ બરફ દેખાતો હોવા છતાં અમે અમારા આશ્ચર્ય વચ્ચે જોયું કે, ગુફામાં એક ખૂણામાં બરફ જામી ગયો હતો, ને ત્યાં બરફના ચારેક ફૂટ ઊંચા લિંગનું સ્પષ્ટ દર્શન થતું હતું. બાજુમાં બીજી પણ બરફની બે રચનાઓ હતી, જે ગણેશ ને પાર્વતીના નામે ઓળખાવાઈ. ભગવાન શંકરના એ અવિસ્મરણીય, અનુપમ, અલૌકિક દર્શનથી અમને આનંદ થયો. અમને થયું કે ગુફામાં બીજે ક્યાંય નહિ ને આ સ્થળમાં બરફ ક્યાંથી ? અને એ પણ લિંગાકાર જ કેમ ધારણ કરે છે ? ભાવિક યાત્રીઓને બૌદ્ધિક ખણખોદમાં કોઈ જ રસ નહોતો. એ તો અસાધારણ દર્શનથી વિસ્મય પામી, પોતાને કૃતાર્થ માની, ભગવાનના પૂજનભજનમાં મગ્ન બની ગયાં. જુદાજુદા પ્રદેશમાંથી આવેલાં સર્વ દર્શનાર્થીઓ બાહ્ય ભેદભાવ ભૂલીને ભગવાનના ચરણોમાં પોતપોતાની રીતે આત્મનિવેદન કરી રહ્યાં. આખુંયે વાતાવરણ અત્યંત અદ્દભુત બની રહ્યું. યાત્રીઓની અવરજવર માટે ગુફામાં દરવાજા બનાવેલા હતા, જ્યાં પહેરેગીરની વયવસ્થા હતી.

એક બાજુ કેટલાક સાધુ ધૂણી ધખાવીને બેઠા હતા. એમની પાસે ભાવિકોની ભીડ જામેલી. લોકો એમના દર્શનથી કૃતાર્થ થતા. એમનામાંના કેટલાકે તો એકાદ કૌપીન કે કટિવસ્ત્ર જ પહેરેલું. બીજી બાજુ અસહ્ય ઠંડીનો સામનો કરવા, કામળા ઓઢીને ઊભેલા લોકો બાર આને અને રૂપિયે કપ મળતી ચા પીતા હતા. ગુફામાં કબૂતરનાં દર્શન પણ ઉપરના ભાગમાં થયા કરતાં. કબૂતરો ગુફાના પોલાણમાંથી બહાર નીકળતાં તે જોઈને યાત્રીઓ આનંદ પામતાં. એમના સંબંધી જાતજાતની દંતકથાઓ સાંભળવા મળી. યાત્રીઓમાંના કેટલાક એમને શિવપાર્વતી કે મૃત્યુંજય અમર યોગીનું સ્વરૂપ માનતા.

ગુફામાં એક બાજુ બેસીને અમે પણ ભગવાન શંકરની સ્તુતિ કરી. થોડોક વખત એ દિવ્ય વાતાવરણનો લાભ લઈને આખરે અમે પાછાં વળ્યાં. ભગવાન શંકરના દિવ્ય સ્વરૂપદર્શનથી યાત્રાનો થાક અને પરિશ્રમ સફળ થયો લાગ્યો. એ દર્શન અત્યંત અદ્દભુત અને અજબ હતું. પાછા વળતાં રસ્તામાં ભારે વરસાદ તૂટી પડ્યો. એને લીધે રસ્તો ચીકણો બની ગયો. ભીંજાતાભીંજાતા અમે પંચતરણી આવી પહોંચ્યાં. એ દિવસે પહેલગાંવ તરફ આવવા માટે પ્રસ્થાન કર્યું.

શ્રીનગરમાં લશ્કરી પ્રવૃત્તિ સારા પ્રમાણમાં હતી. ત્યાં અમે શીખોની ગુરુદ્વારા ધર્મશાળામાં ઊતર્યાં. બીજે દિવસે ત્યાંના જોવા જેવાં સુંદર સ્થળોની મુલાકાત લીધી. એ સ્થળોએ ડાલ સરોવર, શંકરાચાર્યની ટેકરી તથા નિશાતબાગ ને શાલીમાર જેવા વિખ્યાત બાગોનો સમાવેશ થાય છે. શ્રીનગરના એ બાગોમાં ફૂલની સાથે ફળ પણ પુષ્કળ પ્રમાણમાં ઉગાડવામાં આવતાં હોવાથી બાગોની જમીનનો સદ્દુપયોગ થાય છે અને એ આર્થિક રીતે બોજારૂપ નથી બનતા. બાગોની જમીનનો એવો ઉપયોગ બીજાઓ માટે અનુકરણીય છે. કાશ્મીરમાં ફળ ઘણાં સસ્તાં મળે છે. શ્રીનગરમાં આવતા કેટલાય પ્રવાસીઓ જેલમ નદીમાં નાવમાં જ

રહેવાનું પસંદ કરે છે. એ નાવો સારી પેઠે શણગારેલી અને આધુનિક સાધનોથી સજ્જ હોય છે. નાવ પ્રવાસીની પસંદગી પ્રમાણે ગમે ત્યાં લઈ જવાય છે.

શ્રીનગરથી મોટરમાર્ગે પઠાણકોટ આવ્યાં. એ માર્ગ આશરે ર૭૦ માઈલ લાંબો છે. પર્વતીય પ્રદેશમાંથી પસાર થતો એ માર્ગ ભારત સરકારે ભારે ખર્ચ ને પરિશ્રમ ઊઠાવીને બંધાવ્યો છે. તે ખૂબ કપરો છે. રસ્તામાં ૯,૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈએ મોટરે પસાર થવું પડે છે.

અમરનાથના યાત્રી માટે કેટલીક સૂચનાઓ યાદ રાખવા જેવી છે. અમરનાથની યાત્રા ધાર્યા કરતાં વધારે વિકટ હોવાથી, પહેલગાંવથી ઘોડા પર જવું સારું છે. ખૂબ હિંમત ને પર્વતીય પ્રવાસના અનુભવવાળાએ જ પગે ચાલીને જવું. માર્ગમાં તંબૂમાં નીચે પાથરવા માટે પહેલગાંવથી ચટાઈ લઈ લેવી. પાછાં ફરતાં સુધીનું જરૂરી સીધું પણ ત્યાંથી જ લઈ લેવું. તૈયાર નાસ્તો કે ફળ પણ લેવાં. ગરમ કામળા, હાથ-પગનાં મોજાં, કાનટોપી, છત્રી, વરસાદી કોટ, ગરમ કપડાં તથા પ્રાયમસ પણ લેવાનું ધ્યાન રાખવું. અમરનાથની યાત્રા માટે શ્રાવણ સુદ આઠમ-નોમે શ્રીનગર પહોંચી જવું જોઈએ. પહેલગાંવથી અમરનાથનો રસ્તો પૂરા ત્રણ દિવસનો છે. પ્રત્યેક ધર્મપ્રેમી, સૌન્દર્યરસિક વ્યક્તિએ અમરનાથની યાત્રા જીવનમાં એકવાર તો અવશ્ય-અવશ્ય કરવા જેવી છે.

શ્રીનગરમાં તથા એની આજુબાજુના વિસ્તારમાં બીજાં દર્શનીય સ્થાનો પણ કેટલાંક છે. શ્રીનગરમાં શંકરાચાર્ય નામે એક પર્વત છે. તેના પર મંદિર છે. ત્યાંનું શિવલિંગ શંકરાચાર્ય દ્વારા સ્થપાયેલું હોવાનું કહેવાય છે. પર્વતની ઉપર પહોંચતી વખતે જરાક વધારે કપરા ચઢાણનો સામનો કરવો પડે છે. પરંતુ ત્યાં પહોંચ્યા પછી જે આનંદનો અનુભવ થાય છે તે ખરેખર અનેરો અને અવર્ણનીય હોય છે. ત્યાંથી આજુબાજુ જોવા મળતી શ્રીનગરની શોભા જોઈને પ્રવાસનો સઘળો પરિશ્રમ લેખે લાગ્યો જણાય છે.પર્વત પરનું મંદિર ઘણું પ્રાચીન છે. શંકરાચાર્ય પર્વતની નીચે શ્રી શંકરાચાર્ય દ્વારા સ્થાપિત શંકરમઠ છે.

કાશ્મીરમાં ક્ષીરભવાની, અનંતનાગ અને માર્તંડ મંદિર પણ જોવાલાયક છે. શ્રીનગરથી ક્ષીરભવાની મોટરમાં જઈ શકાય છે. ત્યાં દર વરસે જેઠ સુદ આઠમે મેળો ભરાય છે. અનંતનાગ શ્રીનગરથી મોટરમાર્ગે જતાં રસ્તામાં આવે છે. રસ્તામાં મટન નામે ગામ આવે છે. ત્યાં સરોવર છે. પંડાઓ તેને માર્તંડતીર્થ કહી બતાવે છે. જોકે માર્તંડતીર્થની એક બીજી જગ્યા પણ છે. મટનથી ત્રણેક માઈલ દૂર શ્રીનગર-માર્ગ પર આવતી એક નાની પર્વતમાળા પર માર્તંડ મંદિરના ભગ્નાવશેષો જોવા મળે છે.

**અમરનાથ યાત્રાની ઝાંખી**

| ક્રમ | સ્થાન | અગાઉના પડાવથી અંતર | સમુદ્રસપાટીથી ઊંચાઈ(ફૂટ) |
|---|---|---|---|
| ૧ | શ્રીનગર | - | ૫,૩૦૦ |
| ૨ | અનંતનાગ | ૩૪ માઈલ | ૫,૨૪૦ |
| ૩ | પહેલગાંવ | ૨૫ માઈલ | ૭,૨૦૦ |
| ૪ | ચંદનવાડી | ૮ માઈલ | ૯,૫૦૦ |
| ૫ | શેષનાગ | ૭ માઈલ | ૧૧,૭૩૦ |
| ૬ | વાયુજન | ૧ માઈલ | ૧૩,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | મહાગુનસ | ૩ માઈલ | ૧૪,૭૦૦ |
| ૮ | પંચતરણી | ૫ માઈલ | ૧૨,૦૦૦ |
| ૯ | અમરનાથ | ૪ માઈલ | ૧૨,૨૭૯ |

શ્રીનગરથી અમરનાથનો માર્ગ : ૮૭ માઈલ

પહેલગાંવથી અમરનાથનો માર્ગ : ૨૮ માઈલ

**કાશ્મીરનાં અન્ય દર્શનીય સ્થળો**

કાશ્મીર પુરાણકાળમાં વિદ્યા અને સંસ્કૃતિનું ધામ હતું. હજારો વર્ષ પૂર્વે આર્યોએ કાશ્મીર અને તેની આસપાસની ગિરિકંદરાઓને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. તે સમયે દુનિયાના દૂરદૂરના ખૂણામાંથી લોકો એ પાવન શાંત પ્રદેશમાં શાંતિ અને પ્રકાશની ઈચ્છાથી આવતા હતા. પ્રખ્યાત ડૉ. આર્થર નીવેએ કહ્યું છે કે, 'ભારત પાસે, તેની પુરાતન સંસ્કૃતિના સૂચક એવા કાશ્મીરના ભવ્ય અવશેષો સિવાય વધુ યોગ્ય પુરાવાઓ અન્ય કોઈ નથી.'

**અવંતીપુરનાં મંદિરો :** જમ્મુ-બનીહાલ માર્ગે શ્રીનગર તરફ આગળ ધપીએ તો એક ટેકરી ઉપર પ્રાચીન અવશેષોના વિનાશનાં ચિહ્નો નજરે પડે છે. અવંતીપુરનાં પ્રાચીન મંદિરોના આ અવશેષો છે. આ સ્થળ શ્રીનગરથી ૧૮ માઈલ દૂર, જેલમ નદીના કિનારે આવેલું છે. આ સ્થળનું મૂળ નામ વિશ્વઐક્ય-સાર હતું. ઈ.સ. ૮૮૩-૮૫૫ દરમિયાન થયેલા રાજા અવંતીવર્માએ અહીં એક શહેર વસાવ્યું હતું અને તેણે ત્યાં બે ભવ્ય મંદિરો પણ બાંધ્યા હતાં. તેમાંનું એક તેના રાજ્યારોહણ પહેલાં, ને બીજું તે પછી બાંધ્યું હતું. પહેલાનું નામ અવંતીસ્વામી-વિષ્ણુસમર્પિત હતું.

આ બંને મંદિરો, જેમાંનું એક અવંતીપુરમાં અને બીજું જોબરાથી વાયવ્યમાં આવેલું હતું તે આજે પણ સૌનું ધ્યાન દોરે છે. જો કે મંદિરો તો ભાંગીને ભુક્કા થયેલ છે, છતાં આ બંને મંદિરોના ભવ્ય પ્રવેશદ્વારો, વિનાશથી ખડકાયેલી ઈમારતો વચ્ચે હજુ પણ ડોકિયાં કરે છે. કાશ્મીરનાં અન્ય પ્રાચીન મંદિરોની જેમ આ મંદિરો પણ પોતાની ભવ્યતાનો ખ્યાલ આપે છે. તાજેતરમાં ખોદકામ કરતાં હાથ લાગેલું એક નાનું મંદિર શિલ્પકળાના ઉત્તમ નમૂનાની યાદ આપે છે.

**માર્તંડ મંદિર:** માર્તંડનું સુવિખ્યાત મંદિર અનંતનાગથી ૪ માઈલ દૂર અને શ્રીનગરથી ૩૯ માઈલ દૂર પહેલગાંવ જતા માર્ગે આવેલું છે. આ મંદિરનાં ખંડિયેરો કાશ્મીરમાં સૌથી મોટાં છે. 'કાશ્મીરની શિલ્પકળાનો સિંહ'નું બિરુદ માર્તંડ મંદિરને મળેલું છે તેમાં કાંઈ નવાઈ નથી.

આ મંદિર પ્રાચીન કાશ્મીરનું સ્મારક છે. તેની નક્કર દીવાલો અને મજબૂત બાંધણી તેની ભવ્યતાનો ખ્યાલ આપે છે. તે કઈ સાલમાં બંધાયું તે ચોક્કસ રીતે કહી શકાતું નથી. સૂર્ય ભગવાનને સમર્પિત થયેલ આ મંદિર ઈ.સ. ૫૦૦ થી ૩૭૦ ના અરસામાં બંધાયાનું કહેવાય છે. આ મંદિર ખગોળવિદ્યાને લગતાં સાધનોવાળી વિશાળ પ્રયોગશાળા ધરાવતું હતું એમ પણ કહેવાય છે.

**પટ્ટણ :** બારામુલ્લા માર્ગે શ્રીનગરથી ૧૭ માઈલ દૂર શંકરવર્મા અને તેની પ્રિયતમા સુગંધાએ (ઈ.સ. પૂ. ૯૦૧-૮૮૩) બંધાવેલાં પથ્થરનાં બે મંદિરોનાં ખંડિયેરો જોવા મળે છે. 'રાજતરંગિણી'માં જણાવ્યા

મુજબ, આ મંદિરો ગૌરીશા અને સુગંધેશ્વર નામે પ્રચલિત હતાં અને તે મહાદેવને અર્પણ કરાયેલાં. તેમની શિલ્પકળા માર્તંડ મંદિર જેવી જ છે, પરંતુ તેના જેટલી વિસ્તૃત નહીં.

પન્દરેન્થનનું મંદિર શ્રીનગરથી ચારેક માઈલ દૂર આવેલું છે. આ સ્થળે મહારાજા અશોકે પુરાણું શ્રીનગર બાંધ્યું હોવાનું મનાય છે. પન્દરેન્થનનું આધુનિક નામ સંસ્કૃતમાં કહેવાતા પુરાણાવિસ્થાન (એટલે કે પુરાણું પાટનગર) પરથી ઊતરી આવેલ છે. પાછળથી એ રાજધાની રાજા પર્વસેને હાલના સ્થળે ફેરવી હતી.

પથ્થરમાંથી કોતરી કાઢેલ ને સંભાળપૂર્વક રખાયેલ આ મંદિર તળાવની મધ્યમાં આવેલું છે. તેની આસપાસ સ્થળને અનુરૂપ એવું કુદરતી લાલિત્ય છવાયેલું છે. આ મંદિરનો ઘુમ્મટ ખૂબ જ આકર્ષક છે. આ મંદિર, ઈ.સ. પૂ. ૯૨૧-૯૦૮ના ગાળામાં, રાજા પાર્થના સમયમાં તેના વડાપ્રધાન મેરુવાહને બંધાવી, ભગવાન શ્રી વિષ્ણુને, મેરુવર્ધનસ્વામી નામ આપીને અર્પણ કર્યું હતું.

**પરીમહાલ :** શ્રીનગરમાં ડાલ સરોવરની દક્ષિણે આવેલ પરીમહાલ આજે પણ આપણને મોગલ શાહજાદા દારા શિકોહની યાદ આપે છે. તેણે આ સ્થળ ખગોળનિરીક્ષણ અને પુસ્તકાલય માટે બંધાવ્યું હતું. તેના નામ મુજબ, આ પરીઓના મહેલની આસપાસ એક પછી એક એમ ચઢ-ઊતર બગીચાઓ છે. એ બગીચાઓ અને છેક તળિયે રહેલું સરોવર આંખને ટાઢક આપી રહે છે.

**શંકરાચાર્યનું મંદિર :** ડાલ સરોવરની સામે શંકરાચાર્યનું પથ્થરનું સુંદર મંદિર આવેલું છે. આ મંદિર સપાટ મેદાન કરતાં ૧,000 ફૂટ ઊંચાઈવાળી એક ટેકરીના શિખર પર છે. તે ટેકરીનું નામ પણ આ મંદિરના નામ ઉપરથી પાડવામાં આવ્યું છે. તે ટેકરી ઘણે દૂરથી જોવામાં આવે છે. મંદિર પુરાતનકાળનું છે. ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં રાજા ગોપાદિત્યે એ મંદિર બંધાવ્યું હતું અને પાછળથી તેનું સમારકામ રાજા લલિતાદિત્યે અને તે પછી ઝેન-ઉલ-અલ્દીન નામના એક મુસ્લિમ બાદશાહે કરાવ્યું હતું. એકેશ્વરવાદનો પ્રચાર કરવા ઈ.સ.ની નવમી સદીમાં છેક કાશ્મીર સુધી પહોંચેલા શ્રી શંકરાચાર્યની યાદગીરીમાં આ મંદિરનું નામ 'શંકરાચાર્ય મંદિર' રાખવામાં આવ્યું હોવાનું મનાય છે. આજે તમે શ્રીનગર જાઓ તો સૌથી પ્રથમ તમારું ધ્યાન ટેકરીના ઉચ્ચ શિખર પર ભવ્યતાથી ઊભેલા આ મંદિર તરફ દોરાયા વિના ન જ રહે. નક્કર પથ્થર ઉપર, અષ્ટકોણાકારના વીસ ફૂટ ઊંચા એવા, એક ઉપર બીજો એમ પથ્થરના તેર થરના થાળા ઉપર આ મંદિર બાંધવામાં આવ્યું છે. બંને બાજુ શીળી છાયા આપતાં વૃક્ષોવાળો એક માર્ગ યાત્રીઓને મંદિર ભણી લઈ જાય છે. યાત્રી એના દર્શનથી હરખઘેલો બની જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. વૈષ્ણવી દેવી

ઉત્તર ભારતમાં અને ખાસ કરીને પંજાબ તથા કાશ્મીરમાં તો વૈષ્ણવી દેવીનું નામ સારી પેઠે જાણીતું છે. નવરાત્રીના દિવસો દરમિયાન ત્યાં મોટો મેળો ભરાય છે ત્યારે ભાવિક લોકો એટલા બધા વિશાળ પ્રમાણમાં ઊમટી પડે છે કે, એમની વ્યવસ્થા કરવાનું કામ પણ કઠિન બની જાય છે. નવરાત્રીના દિવસો ખાસ કરીને દેવીદર્શન ને દેવીપૂજનના ગણાતા હોવાથી, લગભગ પ્રત્યેક દેવીના ધામમાં ભાવિક ભક્તો ભેગા થાય છે. તેમ છતાં કેટલાંક સ્થળોએ એમનો ધસારો વધારે રહે છે. વૈષ્ણવી દેવીનું સ્થળ એવું જ વિશેષ મહત્તાવાળું હોઈ, દૂરદૂરના અંતરના ભાવિક લોકો એ દેવીની કૃપાની કામના કરે છે, બાધા રાખે છે અને એના દર્શનથી ધન્યતાનો અનુભવ કરીને પૂજા કરે છે.

**યાત્રાનો માર્ગ :** વૈષ્ણવી દેવી જવા માટે દિલ્હીથી પઠાણકોટ થઈને જમ્મુ જવું પડે છે. જમ્મુથી કટરા સુધી લગભગ ૩૧ માઈલનો મોટર-રસ્તો છે. તે પછી લગભગ ૧૫ માઈલ યાત્રામાર્ગ છે. કટરામાં કુલી એજન્સી દ્વારા યાત્રા માટે મજૂરની વ્યવસ્થા થઈ શકે છે. કટરા મોટું સ્થળ હોવાથી, ત્યાંનું બજાર પણ મોટું છે. યાત્રા દરમિયાન ત્યાં નવીનવી કેટલીય દુકાનો મંડાય છે. પર્વતીય પ્રદેશની આગળની યાત્રા માટે લાકડી, રબરનાં તળિયાંવાળા બૂટ વગેરે આવશ્યક વસ્તુઓ ત્યાંથી લેવામાં આવે છે.

યાત્રામાં ઉત્સાહી લોકોનાં ટોળેટોળાં ચાલતાં હોય છે. એટલે રસ્તામાં સંગાથનો સવાલ નથી રહેતો. નવીનવી ઓળખાણો થતી જાય છે. અને એમની સાથે વાતો કરતાં કરતાં આનંદપૂર્વક આગળ વધાય છે. રસ્તામાં ચરણપાદુકા નામે સ્થાન આવે છે. ત્યાં માતાના ચરણનાં ચિહ્ન જોવા મળે છે. તે પછી આદિકુમારી નામે સ્થાન આવે છે. ત્યાં પહેલો પડાવ કરવામાં આવે છે. ત્યાં ધર્મશાળા અને એક નાનીસરખી ગુફા છે.

આદિકુમારીથી આગળનો માર્ગ ઘણો કઠિન છે. એ માર્ગે ‘હાથીમત્થા’નું સખત ચઢાણ આવે છે. તે દરમિયાન ભાવિક સ્ત્રીપુરુષોની શ્રદ્ધાભક્તિની પૂરી ને ખરેખરી કસોટી થાય છે. તેમ છતાં કોઈ નિરાશ નથી થતું કે નથી હિંમત હારતું. હાથીમત્થાના ચઢાણ પછી ત્રણેક માઈલનું ઉતરાણ આવે છે. ઉતરાણ વખતે પણ પર્વતીય રસ્તા પરથી સંભાળીને ચાલવું પડે છે. ઉતરાણ પૂરું થતાં દેવીનું સ્થાન આવે છે. એ સ્થાનામાં કોઈ દેવીનું મંદિર નથી જણાતું, પરંતુ ગુફાનું દર્શન થાય છે. દેવીએ પોતાના ત્રિશૂળના પ્રહારથી પથ્થરની અંદર ગુફા નિર્માણ કરેલી એવું કહેવામાં આવે છે. ગુફામાં ક્રમેક્રમે જવું પડે છે. અંદર મહાલક્ષ્મી, મહાસરસ્વતી ને મહાકાલીની મૂર્તિઓના દર્શનનો લાભ મળે છે. ગુફાનું પ્રવેશદ્વાર એટલું બધું સાંકડું છે કે શરૂઆતમાં થોડાક અંતર સુધી ઊંધા પડીને સૂતાંસૂતાં જવું પડે છે. અંદર એકસાથે ચારેક દર્શનાર્થી રહી શકે છે. પૂજારી ત્યાં પૂજા કરાવવા હાજર રહે છે. મૂર્તિઓના ચરણમાંથી નિરંતર પાણી નીકળે છે. તેને બાણગંગા કહેવામાં આવે છે.

દેવીના એ સ્થળમાં દેવીના ભક્તો મોટે ભાગે કુમારીઓને દાન આપે છે. નાનીનાની બાલિકાઓ ત્યાં મોટી સંખ્યામાં એકઠી થાય છે. તેઓ યાત્રીઓ પાસેથી કોઈ ને કોઈ વસ્તુની કામના કરે છે, ને શ્રદ્ધાભક્તિવાળા યાત્રીઓ એમને દેવીના પ્રતીક કે સ્વરૂપ સમજીને તેમની કામના પૂરી કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. નૃમુંડ

નૃમુંડ, સિમલાથી તિબેટ જતા માર્ગે મોટરમાં ૯૦ માઈલ જતાં રામપુર ખુશહર સ્થાનથી સતલજ પાર કરીને સાતેક માઈલ આગળ જતાં આવે છે. ત્યાં અંબિકા દેવીનું મંદિર તથા ધર્મશાળા છે. કહે છે કે, ત્યાં પરશુરામે તપ કરીને દેવીની સ્થાપના કરેલી. એ સિદ્ધપીઠ મનાય છે.

શહેરમાં લક્ષ્મીનારાયણ, ચંડીદેવી, ઈશેશ્વવર મહાદેવ તેમ જ વિશ્વેશ્વરનાં તથા બીજાં મંદિર છે. ત્યાંની એક ગુફામાં પરશુરામની રજતમૂર્તિ છે. ગુફાની આગળ મંદિર છે. બહાર હિડિંબાની વિકરાળ મૂર્તિ છે.

નૃમુંડથી ચારેક માઈલ દૂર માર્કંડેય મુનિનો આશ્રમ છે. શહેરથી બે માઈલ પરની પર્વતીય ગુફામાંની અંધારી કંદરામાં પથ્થર નાખવાથી ડમરુ વાગતું હોય એવો અવાજ સંભળાય છે. ગુફામાં શંકર ભગવાનના લિંગ પર આપોઆપ જલબિંદુ પડ્યાં કરે છે. અંદર હનુમાનજી તથા પર્વતની પ્રતિમા પણ જોઈ શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. અયોધ્યા

શ્રીમદ્ ભાગવતમાં ગોપીગીતના વર્ણનમાં ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણને કહે છે :

**जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ॥**

"હે પ્રભુ, તમારા જન્મથી વ્રજની ભૂમિનો જયજયકાર થઈ ગયો છે. તે ભૂમિ તમારા અલૌકિક અવતરણથી વિજયવતી તથા સુશોભિત બની ગઈ છે, ને લક્ષ્મીદેવીનો કાયમનો વાસ થયો છે."

એ શબ્દો શ્રીરામના સંબંધમાં પણ લાગુ પાડી શકાય છે કે, એમના જન્મથી અયોધ્યાની ભૂમિ પણ વધારે મહિમાવંતી બની છે. મહાપુરુષો જ્યાં જન્મે છે તે ભૂમિને વધારે ગૌરવવંતી કરે છે. એ ગૌરવ દેશ તથા કાળની અસરથી અતીત હોઈ કાયમને માટે જીવંત રહે છે. એ વાતની પ્રતીતિ કરાવતાં ભાવિક સ્ત્રીપુરુષોનાં ટોળાં આજે પણ અયોધ્યાના દર્શન માટે ઊમટે છે, ને રામચંદ્રજીની ધૂન બોલાવતાં, સીતારામનો જયજયકાર કરતાં અયોધ્યાના માર્ગો પર ફરી વળે છે. અયોધ્યામાં પ્રવેશતાંવેંત, રામ-સીતાએ લોકહૃદયમાં જે સ્થાન જમાવ્યું છે એનો પરિચય થાય છે.

મહાકવિ કાલિદાસે એમના મહાકાવ્ય 'રઘુવંશ'માં રઘુકુળના રાજાઓનું રસમય વર્ણન કર્યું છે. અયોધ્યા એ પ્રતાપી રાજાઓની રાજધાનીનું નગર હતું. એની શોભા અને સમૃદ્ધિ અપાર હતી. ઈક્ષ્વાકુ, દીલીપ અને અજ જેવા ચક્રવર્તી રાજાઓએ અયોધ્યાને સંપત્તિમાં સ્વર્ગ સમાન કરી દીધેલી. શ્રીરામનો જન્મ થવાથી એ ખૂબ જ મહિમાવંતી બની ગઈ. એમ, એને ભારતની મોક્ષ આપનારી સાત પ્રધાન પુરીઓમાં સ્થાન મળ્યું. ભારતનાં લોકપ્રિય તીર્થધામોમાં એની આગળ પડતી ખાસ ગણના થવા લાગી. કહે છે કે, ભગવાન રામના સ્વધામગમન વખતે અયોધ્યાના નાનામોટા બધા જ જીવો એમની સાથે દિવ્યધામમાં જવાથી, અયોધ્યાપુરી વેરાન બની ગઈ, એટલે રામના પુત્ર કુશે એને ફરી વસાવી.

એ વાતને પણ લાંબો વખત વીતી ગયો. કાળદેવતાના દરબારમાં કશું એકસરખું નથી રહેતું. એમાં પરિવર્તન પર પરિવર્તન થયા જ કરે છે. મોટાંમોટાં સામ્રાજ્યોનો ઉદય અને અસ્ત થયા કરે છે, તો પછી સામાન્ય કે અસામાન્ય એવાં શહેરોનું તો પૂછવું જ શું ? સર્જન-વિસર્જનની સોગઠાંબાજી રમતો કાળદેવતા પોતાનું કામ કર્યા જ કરે છે. અયોધ્યાપુરી પણ એનાથી અસ્પૃશ્ય કેવી રીતે રહી શકે ? કહે છે કે, એકવાર પરદુઃખભંજન રાજા વીર વિક્રમાદિત્ય સંજોગોવશાત્ ફરતાં ફરતાં અહીં સરયૂ નદીના તટ પર આવી પહોંચ્યા. એમની સેનાએ ત્યાં મુકામ કર્યો. એ વખતે ત્યાં જંગલ હતું. મહારાજને એ ભૂમિમાં રસ પડ્યો. ત્યાં રહેતા કેટલાક સિદ્ધપુરુષો દ્વારા એમને જાણવા મળ્યું કે એ ભૂમિ પ્રાચીનકાળમાં અયોધ્યાની ભૂમિ હતી. એ સિદ્ધપુરુષોની સૂચના પ્રમાણે રાજાએ ત્યાં મંદિરની રચના કરીને જળાશયો બંધાવ્યા. એ દૃષ્ટિએ જોતાં આજની અયોધ્યાપુરી રાજા વિક્રમાદિત્યે બંધાવેલી છે. આક્રમણકારી અને અધર્મી માનવોએ આજ સુધી અનેકવાર એનો નાશ કર્યો છે. એથી એણે ઘણું સોસવું પડ્યું છે. તેમ છતાં મૃત્યુંજય બનીને એ સૌની સામે સ્મિત કરતી આજે પણ ઊભી છે. એની રચના બદલાતી રહી છે, પરંતુ એની ભૂમિ અને એમાં પ્રવાહિત સરયૂ તો એની એ જ છે.

શ્રીરામને એમના જીવનકાળ દરમિયાન વાનરોએ ઘણી મદદ કરેલી, એ હકીકતનું સ્મરણ કરાવતા હોય તેમ અયોધ્યામાં ઘણા વાનરો છે. એમનાથી સુરક્ષિત રહેવા માટે દુકાનો તથા મકાનો પર જાળીઓ રાખવામાં આવે છે. સરયૂતટે પણ વાનરો ફર્યા કરે છે. નદીમાં સ્નાન કરવા જાઓ ને જરાક ગફલતમાં પડો તો તે કપડાં લઈને નાસી જાય. અમારું કપડું લઈને એક વાંદરું એવી રીતે જ સરયૂતટના એક વૃક્ષ પર ચઢી ગયેલું. એની આગળ ચણા નાખ્યા ત્યારે જ એણે રાજી થઈને કપડું છોડી દીધું.

અયોધ્યામાં સરયૂ નદીનો પટ ઘણો નયનાભિરામ ને વિશાળ છે. તટ પર કેટલાંક મંદિરો છે. એથી એની શોભામાં વધારો થાય છે.

અયોધ્યાની પુણ્યભૂમિમાં જેમ રામ, સીતા ને હનુમાનની સ્મૃતિ તાજી થાય છે તેમ, એમના એકનિષ્ઠ ભક્ત તુલસીદાસ પણ દૃષ્ટિ સમક્ષ હાજર થાય છે. શ્રીરામની પ્રેમભક્તિમાં તરબોળ બની એમની સાથે એ એકાકાર થઈ ગયા હતા. પોતાના જીવનના ઉત્તરાર્ધનો બહુમૂલ્ય વખત એમણે અહીં વિતાવેલો અને એમના અમર ગ્રંથ રામાયણની રચના પણ આ જ પુણ્યભૂમિમાં રહીને એમણે કરેલી. રામાયણમાં મુખમાં એમણે જે શબ્દો મૂક્યા છે તે અયોધ્યા પ્રત્યેના એમના પ્રેમ ને ભક્તિભાવનો પડઘો પાડે છે :

જદ્યપિ સબ વૈકુંઠ બખાના, વેદપુરાનવિદિત જગુ જાના;
અવધપુરી સમ પ્રિય નહીં સોઊ, યહ પ્રસંગ જાનઈ કોઉ કોઊ;

"વેદ ને પુરાણ તથા જગતમાં સૌએ વૈકુંઠને વખાણ્યું છે ને શ્રેષ્ઠ માન્યું છે, તોપણ એ વાતની ખબર કોઈકને જ છે કે વૈકુંઠ મને અયોધ્યા જેવું વહાલું નથી."

ઉપરાંત, શ્રી તુલસીદાસે અયોધ્યાનગરીનું પરમ મહાત્મ્ય આ રીતે ગાયું છે :

અવધપ્રભાવ જાનઈ તબ પ્રાની, જબ ઉર બસહિં રામ ધનુપાની;
કવનિઉ જનમ અવધ બસ જોઈ, રામપરાયન સો પરિ હોઈ.

"ધનુર્ધારી રામ જ્યારે હૃદયમાં વાસ કરે છે ત્યારે જ જીવ અયોધ્યાના પ્રભાવને જાણી શકે છે. કોઈ પણ જન્મમાં અયોધ્યામાં રહેનાર વ્યક્તિ રામપરાયણ બની જાય છે."

સંત તુલસીદાસે એ શબ્દોમાં જરૂરી સંકેત પણ કરી લીધો છે કે, અયોધ્યામાં રહીને રામપરાયણ બનવું, રામના ચરણમાં પ્રેમ કરવો એ જ કરવા જેવું કર્તવ્ય છે. તીર્થોની યાત્રાનું ફળ એ જ છે કે, જીવ પરમાત્મામાં પ્રીતિ કરે. અયોધ્યામાં રહીને પણ જેના હૃદયમાં રામની મંગલ મૂર્તિ નથી વસી તેનો અયોધ્યાવાસ નિષ્ફળ છે. એ શબ્દોના મર્મને સમજીને અયોધ્યામાં આવનારે જીવનને ઈશ્વરપરાયણ બનાવવાનું વ્રત લેવાનું છે.

**દર્શનીય સ્થળો :** અયોધ્યા ઉત્તરપ્રદેશનાં બનારસ, લખનૌ, પ્રયાગ, ગયા ને ગોરખપુર સાથે પાકી સડકથી સંકળાયેલું છે. એનાં જોવા જેવાં સ્થળોમાં લક્ષ્મણઘાટ, સ્વર્ગદ્વાર, નયાઘાટ અને અહલ્યાબાઈઘાટ જેવા થોડાક ઘાટ છે. લક્ષ્મણઘાટના મંદિરમાં પાંચેક ફૂટ ઊંચી લક્ષ્મણજીની મૂર્તિ છે. સ્વર્ગદ્વારની બાજુમાં નાગેશ્વરનું મંદિર છે, જેની માહિતી મેળવીને રાજા વિક્રમાદિત્યે અયોધ્યાને ફરી વસાવી, એવી કથા પણ પંડાઓ તરફથી કહેવામાં આવે છે. યાત્રી ત્યાં પિંડદાન કરે છે. અહલ્યાબાઈઘાટથી થોડે દૂર ત્રેતાનાથજીનું

મંદિર છે, જેમાં શ્રીરામ ને સીતાજીની મૂર્તિનું દર્શન થાય છે. નયાઘાટની બાજુમાં સંત તુલસીદાસજીનું મંદિર છે, અને થોડેક દૂર મહાત્મા મનીરામનો આશ્રમ છે.

એ ઉપરાંત, બીજાં દર્શનીય સ્થળોમાં મણિપર્વત, જન્મસ્થાન, કનકભવન, હનુમાનગઢી વગેરે છે. મણિપર્વત અયોધ્યાના સ્ટેશનની પાસે અને તુલસીચૌરાથી એકાદ માઈલ દૂર આવેલી ટેકરી છે. એના પર મંદિર છે. સમ્રાટ અશોકના ૨૦૦ ફૂટ ઊંચા સ્તૂપનો અવશેષ પણ ત્યાં જોવા મળે છે. કનકભવન સૌથી સુંદર, વિશાળ તથા ભવ્ય એવું, ઓડછાના રાજાએ બનાવેલું, અયોધ્યાનું મુખ્ય મંદિર છે. એને 'સીતાનો મહેલ' અથવા 'રામનું અંતઃપુર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

કનકભવનથી આગળ જતાં શ્રીરામનું જન્મસ્થાન આવે છે. એની તદ્દન પાસે જ મસ્જિદ છે. કહે છે કે, ત્યાંના પ્રાચીન મંદિરોનો બાબરે વિધ્વંસ કરાવેલો અને તે સ્થળે મસ્જિદ સ્થાપેલી. ધાર્મિક અસહિષ્ણુતા અને કટ્ટરતાની ઝાંખી કરાવતી એ આજે પણ ત્યાં ઊભી છે. મુલસમાન રાજાઓનું એવું ઝનૂન ઈતિહાસમાં બીજે ક્યાંય જોવા નથી મળ્યું. એમણે ધર્મને નામે કરેલી ભાંગફોડ અજોડ છે.

હનુમાનગઢી સરયૂતટથી એકાદ માઈલ દૂર શહેરમાં છે. એ સ્થાન ઊંચે ટેકરી પર છે. ત્યાં હનુમાનજીનું મંદિર છે. એક બીજી છ ફૂટ જેટલી ઊંચી હનુમાનજીની મૂર્તિ પણ ત્યાં જોવા મળે છે. તે ફૂલથી ઢંકાયેલી રહે છે. ત્યાં મંદિરની આજુબાજુ સાધુસંતોને માટે રહેવાની જગ્યા છે.

અયોધ્યાની દક્ષિણે સોળ માઈલ ને ફૈઝાબાદથી લગભગ દસ માઈલ નંદિગ્રામ છે. રામ વનમાં રહ્યા ત્યારે ભરતે એ સ્થાનમાં રહીને તપસ્વીનું જીવન વિતાવેલું. ત્યાં ભરતનું મંદિર તથા ભરતકુંડ છે. એ સ્થાનની મુલાકાત લેતાં ભરતના બંધુપ્રેમની ત્યાગ ને તપની છબી આપણી નજર આગળ હાજર થાય છે. એ ત્યાગભાવની સાથે આધુનિક કાળના મનુષ્યની સ્વાર્થખોરી, લોભવૃત્તિ, ભોગલાલસા ને કૌટુંબિક અવદશાની સરખામણી કરતાં કાળજું કરુણ ને ખિન્ન બને છે.

અયોધ્યામાં રામનવમીને દિવસે મોટો મેળો ભરાય છે. બીજો મેળો શ્રાવણ સુદમાં ભરાય છે. ઊતરવા માટે ત્યાં કેટલીય ધર્મશાળાઓ છે. તેમાં સ્વર્ગદ્વારઘાટ પર મુંબઈવાળા કરમીદાસની ધર્મશાળા પણ છે. રામનવમીના મેળામાં યાત્રીઓ ઘણી મોટી સંખ્યામાં ભેગા થઈને રામ ને સીતાનાં ગુણગાન ગાય છે. આખુંય વાતાવરણ ભક્તિભાવથી ભરપૂર બની જાય છે. બપોરે બાર વાગ્યે શ્રીરામ-જન્મનો સમય થતાં મંદિરોમાં ઘંટાનાદ થાય છે ને નગારાં વાગે છે, ત્યારે કોઈ કોઈ ભાવિક સ્ત્રીપુરુષો ભગવાન રામને અંતરના અનુરાગની અંજલિ આપતાં ગાઈ ઊઠે છે :

"જય જય સુરનાયક જનસુખદાયક પ્રનતપાલ ભગવંતા,
ગોદ્વિજહિતકારી જય અસુરારિ સિંધુસુતા પ્રિય કંતા;
પાલન સુર ધરની અદ્દભુત કરની, મરમ ન જાનઈ કોઈ,
જો સહજ કૃપાલા દીનદયાલા, કરઉ અનુગ્રહ સોઈ.

જય જય અવિનાશી સબ ઘટ બાસી વ્યાપક પરમાનંદા,

અબિગત ગોતીતં ચરિત પુનીતં માયારહિત મુકુંદા;
જેહિ લાગિ બિરાગી અતિ અનુરાગી બિગતમોહ મુનિવૃંદા,
નિસિબાસર ધ્યાવહિ ગુનગુન ગાવહિ જયતિ સચ્ચિદાનંદા.

જેહિ સૃષ્ટિ ઉપાઈ ત્રિવિધ બનાઈ, સંગ સહાય ન દૂજા,
સો કરઉ અઘારી ચિંત હમારી, જાનિઅ ભગતિ ન પૂજા;
જો ભવભયભંજન મુનિમનરંજન ગંજન બિપતિરૂથા,
મનબચનક્રમબાની છાંડિ સયાની સરન સકલ સુરજૂથા.

સારદશ્રુતિસેષા રિષય અસેષા જા કહું કોઈ નહિ જાના,
જેહિ દીન પિઆરે વેદ પુકારે દ્રવઉ સો શ્રીભગવાના,
ભવબારિધિમંદર, સબબિધિસુંદર, ગનુમંદિર સુખપુંજા,
મુનિસિદ્ધ સકલ સુર પરમભયાતુર નમત નાથ પદકંજા.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. પ્રયાગરાજ

**મહિમા:** ભારતમાં નાનાં મોટાં અનેક તીર્થો છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમમાં જ્ઞાત-અજ્ઞાત કેટલાંય તીર્થો છે. એ તીર્થો આદરણીય અને વંદનીય છે. પરંતુ કોઈ જો એવો પ્રશ્ન પૂછે કે, 'એ બધાં તીર્થોમાં તીર્થરાજ કોણ ?', તો એના ઉત્તરમાં આપણે પ્રયાગરાજ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવો પડે છે. પ્રયાગને પ્રાચીનકાળથી 'તીર્થરાજ'ની પદવી આપવામાં આવી છે. મોક્ષ આપનારી સાત પુરીઓને એની સહચરીઓ માનવામાં આવી છે. એનો મહિમા એ પુરીઓ કરતાંય વધારે ગવાયો છે. એ બધી પુરીઓ દ્વારા જે ફળની પ્રાપ્તિ થાય છે તે ફળ એક તીર્થરાજના સેવનથી સહેલાઈથી મળી રહે છે. એ સંબંધમાં, 'બધાં પગલાં હાથીના પગલામાં સમાઈ જાય છે' એ ઉક્તિ સાચી ઠરે છે.

પ્રયાગની પ્રસિદ્ધિ એક બીજા કારણને લીધે પણ છે. ભારતમાં દર બાર વરસે જે જુદાં જુદાં ચાર સ્થળોમાં કુંભમેળો ભરાય છે તે સ્થળોમાં પ્રયાગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરાપૂર્વથી ચાલ્યા આવતાં, કુંભમેળાનાં એ પવિત્ર લોકપ્રિય સ્થળોની પસંદગી પણ બહુ વિચારપૂર્વક કરવામાં આવી છે. એમાં દેશના ચારે ખૂણાને બને તેટલું મહત્વ તથા પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. ઉત્તરમાં હરિદ્વાર, પૂર્વોત્તરમાં પ્રયાગ, મધ્ય ભારતમાં ઉજ્જૈન, ને દક્ષિણમાં નાસિક. એ વ્યવસ્થા બધી રીતે વિચારતાં બરાબર લાગે છે. બૃહસ્પતિ જ્યારે વૃષભ રાશિમાં અને સૂર્ય મકર રાશિમાં આવે છે ત્યારે પ્રયાગમાં બારમે વરસે કુંભમેળો ભરવામાં આવે છે. કુંભ પછીના છઠ્ઠા વરસે અર્ધ-કુંભમેળો ભરાય છે. એ બંને અવસર પર મહા મહિનામાં તીર્થદર્શન, સંતસમાગમ, દાનપુણ્ય અને સરિતાસ્નાનની ઈચ્છાથી લાખો લોકો ત્યાં ભેગા થાય છે. આમ તો સામાન્ય રીતે પ્રયાગમાં પ્રત્યેક વર્ષે મહા મહિનામાં મેળો ભરાય છે, જેને કલ્પવાસ કહેવામાં આવે છે. તે વખતે પણ ગંગાયમુનાની વચ્ચે રહેવા તથા ધર્મકાર્ય કરવા માટે ઘણા લોકો એકઠા થાય છે. છતાં, કુંભમેળાની તો વાત જ જુદી છે. એ વખતનું દૃશ્ય અજબ હોય છે. એ અવસર પર ઊમટી પડતા લાખો લોકો તથા સંતસાધુઓ માટે ખાસ વ્યવસ્થા કરવી પડે છે. તોપણ, લોકોનો ધસારો એટલો બધો હોય છે કે, કેટલીકવાર એ વ્યવસ્થા પૂરતી નથી થતી. કુંભમેળામાં ભારતના લગભગ બધી જ જાતના સંતસાધુઓ એકઠા થાય છે.

પ્રયાગથી બનારસ, ફૈજાબાદ, લખનૌ, રીવા તથા જૌનપુર જવા માટે પાકા રસ્તા છે. મોટા ભાગના પ્રવાસીઓ અલ્હાબાદ સ્ટેશને ઊતરે છે. ત્યાંથી ત્રિવેણીસંગમ આશરે ચાર માઈલ દૂર છે. ત્રિવેણીસંગમના સ્નાનનું માહાત્મ્ય વધારે છે. એનું આકર્ષણ પણ અસાધારણ હોવાથી, કેટલાય ભાવિકો ત્રિવેણીસ્નાન માટે જ પ્રયાગરાજમાં આવતા હોય છે. અમે પણ પ્રયાગમાં, ત્રિવેણીસંગમમાં સ્નાન કરવાની અનુકૂળતા રહે એ માટે સંગમ પાસેની ધર્મશાળામાં ઊતરવાનું પસંદ કર્યું. એ વખતે મેળાના દિવસો ન હોવાથી શાંતિ હતી. યાત્રીઓની સંખ્યા એકદમ ઓછી હતી. ખરી રીતે તો કોઈ પણ તીર્થસ્થાનમાં મેળા જેવા ખાસ દિવસે જવાને બદલે સામાન્ય દિવસોમાં જવું એ વધારે સારું છે. કેમ કે, તેથી ભીડમાંથી બચાય છે, શાંતિથી હરીફરી શકાય છે, ને ધર્મશાળાની સગવડ પણ સારી મળે છે.

**ત્રિવેણીસંગમ :** ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને અમને સંતોષ થયો. સંગમના સુંદર સ્થળમાં એક બાજુથી ગંગાનો નિર્મળ પ્રવાહ આવે છે અને બીજી બીજુથી યમુનાનો જરાક વધારે પડતો શ્યામ પ્રવાહ આવે છે. બંને પ્રવાહો ઉમળકા સાથે આલિંગન કરતા હોય એમ ભેગા થતા અને એકમેકમાં મળી જતા દેખાય છે. એ દૃષ્ય ખૂબ જ અસાધારણ સુંદરતા ધારણ કરી રહે છે. એ સંગમ-સ્થળમાં પ્રત્યેક યાત્રીને ગંગા ને યમુના એ બે નદીનાં જ દર્શન થાય છે, છતાં એને 'ત્રિવેણીસંગમ'ના નામે શા માટે ઓળખવામાં આવે છે ?--એવી જિજ્ઞાસાના જવાબમાં પંડાઓએ કહી બતાવ્યું કે 'ત્રીજી સરસ્વતી, અહીંની બે નદીઓને ગુપ્ત રીતે મળી રહી છે.' એ ગુપ્ત રીતે મળતી હોય ભલે, પણ એનું દર્શન તો નથી જ થતું. એટલે દર્શનાર્થીઓએ તો એ બે નદીઓના દર્શન-સ્પર્શનથી જ સંતોષ માનવાનો રહે છે. હા, સંગમની પાસેના કિલ્લાની દક્ષિણે, યમુનાના તટ પર આવેલા એક કુંડને સરસ્વતી નદીનું સ્થાન કહીને પંડાઓ એનું પૂજન કરાવે છે ખરા. પ્રાચીનકાળમાં અહીં સરસ્વતી નદી સાચેસાચ વહેતી હોય અને કાળક્રમે લુપ્ત થઈ ગઈ હોય એ બનવાજોગ છે. ગંગા ને યમુનાના પાણીનો ભેદ સંગમ આગળ સાફ દેખાઈ આવે છે. કેટલાક લોકો નાવમાં બેસીને, તો કેટલાક પગપાળા ચાલીને સંગમસ્નાન કરતા હોય છે. મોટા ભાગના લોકો સ્નાન કરવામાં જ કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. 'પદ્મપુરાણ'માં ત્રિવેણીસંગમના સ્નાનનો અને એમાં પણ માઘ-સ્નાનનો મહિમા બતાવતાં કહ્યું છે :

प्रयागे तु नरो यस्तु माघस्नानं करोति च ।
न तस्य फलसंखायास्ति श्रृणु देवर्षिसत्तमः ॥

"હે દેવર્ષિ ! પ્રયાગરાજમાં માઘસ્નાન કરનારને જે ફલ મળે છે તે એટલું બધું અનંત હોય છે કે તેની કોઈ ગણતરી નથી કરી શકતું."

પ્રયાગમાં જોવા જેવાં મુખ્ય સ્થળોમાં ત્રિવેણીસંગમ ઉપરાંત અક્ષયવટ, બિંદુમાધવ, સોમેશ્વર, શેષ અથવા બલદેવજી છે.

**બિંદુમાધવ :** બિંદુમાધવ જવા માટે ત્રિવેણીસંગમથી ગંગાના સામા કિનારે જવું પડે છે. એ સ્થળથી એકાદ માઈલ આગળ જતાં ઝૂસી આવે છે. એને પ્રતિષ્ઠાનપુર કહેવામાં આવે છે. પ્રાચીનકાળમાં એ રાજા પુરુરવાની રાજધાની હતી એમ કહેવાય છે. ઝૂસીમાં શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજીનો આશ્રમ છે.

બિંદુમાધવથી એકાદ માઈલ દૂર નાગવાસુકિનું મંદિર છે. ત્યાં નાગપંચમીએ મોટો મેળો ભરાય છે. ત્યાંથી બલદેવજી અથવા શેષનું મંદિર ગંગાકિનારે લગભગ બે માઈલ દૂર છે.

બલદેવજી મંદિરથી બે માઈલ દૂર ગંગાકિનારે શિવકુટિતીર્થ છે. ત્યાંથી પાછા આવતાં શહેરમાં કરનલગંજમાં ભરદ્વાજ આશ્રમ છે. ત્યાં ભરદ્વાજેશ્વર મહાદેવ છે. એક મંદિરમાં હજાર ફેણવાળા શેષનાગની મૂર્તિ છે. સામે જ જવાહરલાલ નહેરુનું મકાન આનંદભવન છે.

પ્રયાગમાં લલિતાદેવી નામે શક્તિપીઠ પણ છે. તે ઉપરાંત, સંતપુરુષોના આશ્રમો છે. આત્મવિકાસ માટે ત્યાં રહેનારને ખરેખર લાભ થાય તેમ છે. જીવનશુદ્ધિ તથા શાંતિ માટે ત્યાં પર્યાપ્ત સામગ્રી પડી છે.

**સત્પુરુષનો સમાગમ:** કોઈ કોઈવાર કોઈ સત્પુરુષનો સમાગમ પણ ત્યાં થઈ જાય છે. સંગમની પાસે એક વૈરાગી સાધુ બંધ આંખે બેસી રહેતા. એમની આંખમાંથી અશ્રુપ્રવાહ વહ્યા જ કરતો. એકવાર અવસર

મળતાં અમે એમને રડવાનું કારણ પૂછયું, તો એમણે જમીન પર લખીને કહ્યું કે, ‘એ પ્યારાની મંગલ મનહર મૂર્તિ જોઈને મારાથી રડ્યા વિના નથી રહી શકાતું.’

‘એનું દર્શન કેવી રીતે થાય ?’ એવો પ્રશ્ન પૂછ્યો, ત્યારે એમણે કહ્યું : ‘રડવાથી. હૃદયના ઊંડાણમાંથી બાળકની પેઠે પ્રેમપૂર્વક રડવાથી.’

એવા અનુભવી સત્પુરુષો જંગમ તીર્થરાજ જેવા હોય છે. કોઈક ધન્ય ક્ષેત્રે એમનો સમાગમ થવાથી યાત્રા સફળ થઈ લાગે છે.

પ્રયાગરાજમાં સંગમનું સ્થળ દૂર હોવાથી નદીના તટ પરથી નાવમાં બેસીને આગળ વધવું પડે છે. કપડાં જેવી વસ્તુઓ નાવમાં રાખીને જળપ્રવાહમાં સ્નાન કરવા માટે ઊતરવું પડે છે.

ચિત્રકૂટ ને પ્રયાગ વચ્ચે મોટર ચાલે છે. પ્રયાગમાં ગૌઘાટ પર ચમેલીબાઈની તેમજ ગોકળદાસ તેજપાલની ધર્મશાળા આવેલી છે.

**હનુમાન મંદિર:** સંગમની બહાર કિલ્લા પાસે વિશાળ મૂર્તિવાળા હનુમાનજીનું સુંદર મંદિર ખાસ જોવા જેવું છે. એ મૂર્તિ ઘણી ચમત્કારિક મનાય છે. કહે છે કે, સરકારે એ મૂર્તિને કાઢવા માટે જેમ જેમ પ્રયાસ કર્યો તેમ તેમ મૂર્તિ જમીનમાં અંદર ને અંદર જતી ગઈ. છેવટે એને કાઢવાનો વિચાર પડતો મુકાયો. એના દર્શન માટે અસંખ્ય લોકો એકઠા થાય છે. એ સ્થાનની મુલાકાત અવશ્ય લેવા જેવી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. રામવન

ઉત્તરપ્રદેશમાં સતના જિલ્લામાં રામવન નામનું સુંદર તીર્થ છે. પ્રયાગ અથવા અલ્હાબાદથી ત્યાં જઈ શકાય છે. રામવન 'માનસસંઘ' નામે રજિસ્ટર્ડ સંસ્થાનું કેન્દ્રસ્થાન છે. એ સ્થાનમાં રામાયણને મૂર્તિમંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હિંદુ ધર્મની લગભગ બધી શાખાઓ ને બધા સંપ્રદાયોનાં પ્રતીક એ સ્થાનમાં રાખવામાં આવ્યાં છે.

રામવનના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતાં પહેલાં દ્વારની આગળ વાણી અને વિનાયક એટલે કે સરસ્વતી અને ગણપતિનાં દર્શન થાય છે. ગોળાકાર ધરતી પરના સ્થંભ પર એ બંને મૂર્તિઓ સ્થાપિત કરેલી છે, અને એની નીચે તુલસીકૃત રામાયણના મંગલાચરણનો પ્રથમ શ્લોક લખ્યો છે :

वर्णानामर्थसंघानां रसानां छन्दसामपि ।
मंगलानां च कर्त्तारौ वन्दे वाणी विनायकौ ॥

"અક્ષર અર્થાત્ શબ્દોના અર્થસમૂહ, રસ તથા છંદો, તેમ જ સર્વ મંગલોના રચનાર સરસ્વતી અને ગણપતિને હું વંદન કરું છું."

દ્વારમાં પ્રવેશ કરીને ડાબી તરફ વળીએ તો કૃષ્ણકુંજ આવે છે. ત્યાં જમનાજી તેમજ ગોવર્ધન અને એમના અધિદેવતા શ્રીકૃષ્ણ છે. એમની મુખમુદ્રા આશીર્વાદાત્મક છે. એમની પાછળ ગાય છે. ઉપરાંત, ત્યાં ગોપાલના વેશમાં લાકડી લઈને ગાય ચરાવતા, વાંસળી વગાડતા શ્રીકૃષ્ણની મૂર્તિ પણ જોવા મળે છે. કૃષ્ણકુંજમાં બીજા અવતારોની મૂર્તિઓ પણ ક્રમેક્રમે સ્થાપિત કરવામાં આવનાર છે.

કૃષ્ણકુંજની જમણી બાજુએ ભાગવત ભવન છે. રામવનમાં ભાગવતની વિભિન્ન ટીકાઓ તેમ જ જુદાંજુદાં સંસ્કરણોની ૧૧૪ પ્રતો સંગ્રહવામાં આવી છે. એમાં ૨૬ હસ્તલિખિત પ્રતો પણ છે. કુંજની બહારના પ્રાંગણમાં એક નૌકાકાર હોજ છે. એમાં સાત્વિકતા તથા જ્ઞાનના પ્રતીકરૂપ સફેદ કમળ છે.

પ્રાંગણના પૂર્વભાગમાં વાલ્મિકી આશ્રમ છે. એમાં શિવ તથા પાર્વતીની મૂર્તિ, મનુ-શતરૂપાની મૂર્તિ, લોમશ મુનિ તથા ભરતની મુર્તિ, અયોધ્યાવાસીઓની પ્રતીક મૂર્તિ, દેવર્ષિ નારદજીની, સનકની, તેમ જ સનંદન, સનાતન અને સનત્કુમાર આદિની મૂર્તિઓ છે. આગળ જતાં હનુમાનજી, શત્રુઘ્ન, વિભીષણ, સુગ્રીવ, સુતીક્ષ્ણ મુનિ ને નિષાદરાજના મૂર્તિઓ છે. એથી આગળ અયોધ્યાનું રાજભવન છે.

રામવનમાં તુલસી સંગ્રહાલય છે. જેમાં પુસ્તકો, હસ્તલેખો, ચિત્રો, મૂર્તિઓ, સિક્કાઓ અને ટિકિટોનો સંગ્રહ જોવા મળે છે.

જૈન કક્ષમાં મહાવીર સ્વામી તથા બીજા તીર્થંકરોની મૂર્તિઓ છે.

વૈષ્ણવ કક્ષમાં વિષ્ણુસ્વામી સંપ્રદાય, સ્વામી હરિદાસજી સંપ્રદાય, મધ્વ સંપ્રદાય તથા ચૈતન્ય સંપ્રદાયના કેટલાક કીમતી ગ્રંથોનો સંગ્રહ છે. એમાં એક અલગ સ્થાનમાં તુલસીદાસજીની પ્રતિમા સ્થાપેલી છે. એ ઉપરાંત, વેદ અને ઉપનિષદ તથા બીજું ધાર્મિક સાહિત્ય એકઠું કર્યું છે.

તુલસીઘાટ પર માનસ મંદિર છે, જ્યાં તુલસીદાસની મૂર્તિ છે. ભરદ્વાજઘાટ પર જે મંદિર છે તેમાં વક્તારૂપે મહર્ષિ યાજ્ઞવલક્ય તથા શ્રોતારૂપે ભરદ્વાજ મુનિનું દર્શન થાય છે. શિવઘાટ પરના મંદિરમાં શિવ-

પાર્વતીની મૂર્તિ છે. તે ઉપરાંત, અત્રિ આશ્રમ, મારુતિ મંદિર, શરભંગ આશ્રમ, ચિત્રકૂટની પંચવટી, દેવીમંદિર, ગાંધીઘર, અતિથિશાળા, ગુરુદ્વારા (જેમાં ગુરુ ગ્રંથસાહેબ વિરાજમાન છે) આદિ સ્થાનો ખાસ જોવાલાયક છે. રામવનમાં ગોશાળા પણ છે. એકાંતમાં રહીને સાધના-ભજન કરવાની ઈચ્છાવાળા માનવો માટે રામવનમાં સાધક કુટિરો બનાવવામાં આવી છે. પાણી માટે કૂવાની વ્યવસ્થા છે. સંસ્થાની થોડીક જમીનમાં ખેતી કરવામાં આવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. વિંધ્યાચલ

શક્તિના ઉપાસકોને વિંધ્યાચલના દર્શનનો લાભ નહિ મળ્યો હોય તોપણ એના દર્શનની ઈચ્છા તો એમના મનમાં હશે જ. દેવીભાગવતમાં દેવીના મહિમાનો પરિચય સારી પેઠે આપવામાં આવ્યો છે. એ આખોયે ગ્રંથ જુદીજુદી રીતે દેવીના મહિમાનું જયગાન કરે છે, ને જગદંબાની સર્વોત્તમ શક્તિને અંજલિ આપે છે. વિંધ્યાચલની યાત્રા કરતી વખતે, એમાં વર્ણવેલી દેવીની વીરતાની વાતો સ્વાભાવિક રીતે જ યાદ આવે છે, અને ત્યારે આપણું અંતર ગુંજી ઊઠે છે:

या देवी सर्वभुतेषु शक्तिरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यैय नमो नमः ॥
या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यैय नमो नमः ॥

"જે દેવી સર્વ જીવોમાં શક્તિરૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને નમું નમું.
જે દેવી સર્વ જીવોમાં માતારૂપે વસી રહી,
નમું તેને, નમું તેને, નમું તેને નમું નમું."

**મહિમા:** માર્કંડેયપુરાણમાં વિંધ્યાચલવાસિની દેવીનો ઉલ્લેખ છે :

वैवस्वतेऽन्तरे प्राप्ते अष्टाविंशतिमे युगे
शुम्भो निशुम्भश्चैवान्यावुत्पत्येते महासुरौ ।
नन्दगोपगृहे जाता यशोदागर्भसम्भवा
ततस्तौ नाशयिष्यामि विन्धयाचलनिवासिनी ॥

"હે દેવતાઓ, વૈવસ્ત મનવન્તરના યુગમાં શુંભ અને નિશુંભ નામના બે બીજા મહાન અસુરો પેદા થશે; એ વખતે નંદગોપના ઘરમાં યશોદાના ગર્ભ દ્વારા પ્રગટ થઈને વિંધ્યાચલમાં જઈને વાસ કરનારી હું એ બંને અસુરોનો નાશ કરીશ."

એ વિંધ્યવાસિની દેવી વિશે દેવી ભાગવતમાં દસમા સ્કંધમાં કહેવામાં આવ્યું છે કે, સ્વયંભુવ મનુએ એકવાર દેવીના દર્શનની ઈચ્છાથી પ્રેરાઈને ક્ષીરસમુદ્રના પ્રશાંત તટપ્રદેશ પર કઠોર તપશ્ચર્યા કરી. સો વરસની તીવ્ર તપશ્ચર્યાને અંતે દેવી પ્રસન્ન થયાં અને દર્શન આપીને વરદાન માગવાની સૂચના કરી. મનુએ દેવીમંત્રના જપ કરનારને ભોગ તથા મોક્ષ, જન્માંતરજ્ઞાન તથા વક્તૃત્વકળા જેવી બીજી શક્તિઓની પ્રાપ્તિ થાય એવું વરદાન માગ્યું. દેવીએ એ વરદાન આપવા ઉપરાંત એમને શત્રુરહિત રાજ્ય ભોગવવાનું પણ વરદાન આપ્યું, અને વિંધ્યાચલ પ્રતિ પ્રયાણ કર્યું. એ વિંધ્યવાસિની દેવીનું કથાશ્રવણ, દર્શન તથા પૂજનસેવન પરમ મંગલકારક મનાય છે. ભક્તો તથા શરણાગતના બધા મનોરથોને પૂરા કરવાની એમનામાં શક્તિ છે. એમનું સ્મરણ, મનન, શ્રવણ કે નિદિધ્યાસન સર્વપ્રકારે કલ્યાણકારક થઈ રહે છે. તેઓ સર્વ મંગલના મંગલરૂપ, સર્વ ઈચ્છાની પૂર્તિ કરનારાં, તથા ભક્તોની રક્ષા કરનારાં છે.

**યાત્રાનો માર્ગ** : ઉત્તર રેલવેના મુગલસરાય સ્ટેશનથી ૪૦ માઈલ જેટલે દૂર આવેલા મિરજાપુરથી વિંધ્યાચલ ચારેક માઈલ દૂર છે. મિરજાપુરથી વિંધ્યાચલ મોટરમાર્ગે પણ જઈ શકાય છે. ઉપરાંત, મિરજાપુરથી ટાંગા કે રીક્ષા પણ મળે છે. વિંધ્યાચલ નાનું ગામ છે. સ્ટેશનથી થોડેક દૂર, લગભગ એકાદ માઈલ દૂર ગંગા છે. ત્યાં વિંધ્યાચલનું બજાર પણ જોવા મળે છે. ગંગાના તટપ્રદેશથી વિંધ્યવાસિની દેવીનું મંદિર નજીકમાં છે.

ધર્મશાળાઓમાં શિવનારાયણ બલદેવદાસ સિંધાનિયાની ધર્મશાળા, શેઠ ગિરધારીલાલની ધર્મશાળા તથા ચુનમુન મિશ્રની ધર્મશાળા, ને સારસ્વત ખત્રીઓની ધર્મશાળા મુખ્ય છે.

**દર્શનીય સ્થળો** : વિંધ્યાચલમાં વિંધ્યવાસિની, મહાકાલી અને અષ્ટભુજા દેવીનાં મંદિરો મુખ્ય મનાય છે. યાત્રીઓ એમના દર્શનથી પોતાને ધન્ય માને છે. એ ત્રણે દર્શનયાત્રાને ત્રિકોણયાત્રા કહે છે.

વિંધ્યવાસિની દેવીનું મંદિર ઊંચાઈ પર તથા વસતિની વચ્ચે આવેલું છે. એ દેવીને કૌશિક દેવી પણ કહેવામાં આવે છે. એ મંદિરમાં સિંહ પર ઊભેલાં દેવીની સુંદર મૂર્તિ છે. મંદિરના ચોકમાં બારભુજા દેવી, ખર્પરેશ્વર મહાદેવ તેમજ મહાકાલીની મૂર્તિ જોવા મળે છે. ઉત્તર તરફ ધર્મધ્વજા દેવી છે. ખાસ કરીને નવરાત્રીમાં ત્યાં મોટી મેદની જમા થાય છે.

મહાકાલીનું સ્થાન કાલીખોહ એ નામે ઓળખાય છે. વિંધ્યાચલથી તે બે માઈલ દૂર છે. એ સ્થાનની બાજુમાં ભૈરવજીનું સ્થાન છે. ત્યાંથી સૌથી વધારે પગથિયાં ચઢીએ એટલે ગેરુઆ તળાવ આવે છે, જેનું પાણી ગેરુઆ રંગનું છે. કેટલાક લોકો તે પાણીથી કપડાં રંગે છે. ત્યાં ભગવાન કૃષ્ણનું મંદિર છે, તથા નીચે સીતાકુંડ છે. એની નજીકમાં એક ઝરણું છે અને એની સામી બાજુએ અષ્ટભુજા મંદિર છે. એની પાસે મહાયોગી મચ્છંદરનાથની સ્મૃતિ કરાવતો મચ્છંદરકુંડ છે. અષ્ટભુજાથી થોડેક દૂર જંગલમાં મંગલા દેવીનું મંદિર છે, જેની સ્થાપના શ્રીરામે કરી હોવાનું કહેવાય છે.

અષ્ટભુજાનું મંદિર મહાકાલી મંદિરથી એકાદ માઈલ જેટલું દૂર છે. યશોદાની પુત્રીને લઈને વસુદેવ મથુરામાં આવ્યા તે પછી કંસે એ કન્યાને પથ્થર પર પછાડી. તે વખતે કન્યા આકાશમાં ચાલી ગઈ. ત્યાં એણે પોતાનું અષ્ટભુજારૂપ પ્રકટ કરીને કંસને કહ્યું કે, 'તારો નાશ કરનાર તો ક્યારનો જન્મી ચૂક્યો છે.' એ જ અષ્ટભુજા દેવી વિંધ્યાચલના આ મંદિરમાં વિરાજી રહી છે, એવી કથા છે.

યાત્રીઓ ત્યાં જયપુરિયા ભવન ધર્મશાળામાં ઊતરશે તો તેમને ઘણો સંતોષ થશે. વિંધ્યાચલ કાશી તથા પ્રયાગની વચ્ચે આવેલું હોવાથી એ બંને સ્થળેથી ટ્રેન કે મોટર દ્વારા ત્યાં પહોંચી શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. કાશી

યોગી ભર્તૃહરિએ પોતાના 'વૈરાગ્યશતક'માં કહ્યું છે :

कदा वाराणस्याममरतटिनीरोधसि वसन्
वसानः कौपीनं शिरसि निदधानोऽञ्जलिपुटम् ।
अये गौरीनाथ त्रिपुरहर शम्भो त्रिनयन
प्रसीदेत्याक्रोशन्निमिषमिव नेष्यामि दिवसान् ॥

"ગંગાના તટ પર કાશીમાં વાસ કરતો હું, કેવળ કૌપીન પહેરીને, મસ્તક પર હાથ જોડીને, 'હે ગૌરીનાથ, હે ત્રિપુરહર, હે શંભુ, હે ત્રિનયન, હવે મારા પર પ્રસન્ન થાઓ' એવા પોકાર પાડતાં, મારા દિવસોને એક ક્ષણની જેમ ક્યારે પસાર કરીશ ?"

उद्यानेषु विचित्रभोझनविधिस्तीव्रातितीव्रं तपः
कौपीनावरणं सुवस्त्रमभितो भिक्षाटनं मणडनम् ।
आसन्नं मरणं च मंगलसमं यस्यां समुत्पद्यते
तां काशीं परिहृत्य हन्त विबुधैरन्यत्र किं स्थीयते ॥

"જ્યાં ઉદ્યાનોમાં ફળફૂલનાં ભાતભાતનાં ભોજન મળે છે, જ્યાં તીવ્રમાં તીવ્ર તપ કરવાની અનુકૂળતા છે, જ્યાં કૌપીનના એકમાત્ર વસ્ત્રથી ચલાવી શકાય તેમ છે, જ્યાં ભિક્ષા માટે ફરવાનું ભૂષણરૂપ મનાય છે, અને જ્યાં મરણ પાસે આવે તોપણ મંગલ થઈ પડે છે, તે કાશીને છોડીને વિદ્વાનો બીજે શા માટે વાસ કરે છે ?"

'નારદપુરાણ'માં ઉલ્લેખ આવે છે :

वाराणसी तु भुवनत्रयसारभूता
रम्या नृणां सुगतिदा किल सेव्यमाना ।
अत्रागता विविधदुष्कृतकारिणोऽपि
पापक्षये विरजसः सुमनः प्रकाशाः ॥

"કાશી ત્રિભુવનના સારરૂપ છે, સુંદર છે, ને સેવન કરનાર મનુષ્યોને સદા ઉત્તમ ગતિનું દાન દેનારી છે. જુદાંજુદાં કુકર્મ કરનાર પણ અહીં આવીને નિર્મળ બને છે તથા પાપમાંથી મુક્તિ મેળવીને દેવતાની પેઠે પ્રકાશી ઊઠે છે."

સંતશિરોમણિ તુલસીદાસે પોતાની લોકભાગ્ય ભાષામાં લખ્યું છે :

મુક્તિ જન્મ મહિ જાનિ, ગ્યાનિ ખાન અઘ હાનિ કર,
જહં બસ શંભુભવાનિ, સો કાશી સેઈઅ કસ નર.

"જન્મમરણથી મુક્ત કરનારી, જ્ઞાનના ભંડારરૂપ, પાપ-વિનાશિની, શંકર અને પાર્વતીનું નિવાસસ્થાન એવી કાશીને શા માટે ન સેવવી ?"

જેના મહિમાનું મહાપુરુષો ને શાસ્ત્રોએ આમ મુક્ત રીતે વર્ણન કર્યું છે અને જેને અનુરાગની અનેકવિધ અંજલિઓ આપી છે, તે વારાણસી અથવા કાશીના દર્શનની ઈચ્છા પ્રત્યેક ભારતવાસી રાખતો

હોય છે. પ્રત્યેક સમજુ અને સંસ્કૃતિપ્રિય ભારતવાસીને એકવાર એની મુલાકાત લેવાનું મન જરૂર થાય છે. એ માટેનાં સ્વપ્ન મોટા ભાગના માણસો સેવતા હોય છે, અને એ સ્વપ્નું સિદ્ધ થતાં એમને અપાર આનંદ થાય છે. કાશીએ લોકહૃદયમાં એવું સ્થાન મેળવ્યું છે. એ ભગવાન શંકરની નિવાસભૂમિ તો ગણાય છે જ, વધુમાં પંડિતો, વિદ્વાનો, તપસ્વીઓ તથા ત્યાગીઓની પણ આશ્રયભૂમિ મનાય છે. એ ભૂમિનો સંબંધ ચિરકાળથી જેમ ધર્મની સાથે છે, તેમ વિદ્યાની સાથે પણ એટલો જ ગાઢ છે. એનાથી આકર્ષાઈને દર વરસે કેટલાય લોકો એની યાત્રા કરે છે. કેટલાંક તો ત્યાં આજીવન રહેવા માટે આવી પહોંચે છે. काश्यां हि मरणात्मुक्तिः - અર્થાત્ 'કાશીમાં મરણ-મુક્તિ મળે છે.' એ શાસ્ત્રવચનમાં વિશ્વાસ રાખીને મરણની અને એના દ્વારા વિના પરિશ્રમે મળનારી તાત્કાલિક મુક્તિની પ્રતીક્ષા કરતા કેટલાક લોકો ત્યાં જીવન વિતાવે છે. મરણનો કાળ લંબાતાં કેટલીકવાર કોઈક કંટાળે છે ને સ્થળપરિવર્તન કરે છે, છતાં મરણની કામના કરતા કેટલાક ત્યાં રહે છે પણ ખરા. કાશીનું એવું અજોડ આકર્ષણ છે. મોક્ષ આપનારી સાત પુરીઓમાં એ મુખ્ય છે. 'કાશીખંડ'માં કહ્યા પ્રમાણે કાશીનાં બાર નામ છેઃ કાશી, વારાણસી, અવિમુક્ત, આનંદકાનન, મહાસ્મશાન, રુદ્રાવાસ, કાશિકા, તપઃસ્થલી, મુક્તિભૂમિ, શ્રીશિવપુરી, મુક્તિક્ષેત્ર તથા ત્રિપુરારિરાજનગરી.

કાશીનગરીમાં પ્રવેશ કરતાંવેંત આપણું અંતર એક પ્રકારના અનેરા આનંદથી નાચી ઊઠે છે. એના મહિમાનું વર્ણન ઋગ્વેદ તેમજ શતપથ બ્રાહ્મણમાં પણ જોવા મળે છે. એના પરથી પ્રતીતિ થાય છે કે, એ એક અત્યંત પ્રાચીન નગરી છે. પુરાણોમાં તો એનો ઉલ્લેખ છે જ. સ્કંદપુરાણમાં કહ્યું છે :એકવાર શંકરે બ્રહ્માજીનું મસ્તક કાપી નાખ્યું. એ મસ્તક એમની હથેળી સામે જોડાઈ ગયું. એ બદરીનારાયણ તથા કુરુક્ષેત્ર જેવાં તીર્થોમાં બાર વરસ ફરતાં રહ્યા, છતાં એ મસ્તક હાથથી છૂટું ના પડ્યું. પરંતુ કાશીની સીમમાં પ્રવેશતાંવેંત જ બ્રહ્મહત્યામાંથી એમને મુક્તિ મળી. મસ્તક છૂટું પડી ગયું. મસ્તક જે સ્થળે છૂટયું તે સ્થળ કપાળમોચન-તીર્થ કહેવાયું. ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરીને એમણે એ સ્થળવાળી કાશીને પોતાના નિત્યનિવાસ તરીકે માગી લીધી. પ્રભુની આંખના આનંદાશ્રુ જ્યાં પડ્યાં તે સ્થાન બિંદુસરોવર નામથી પ્રસિદ્ધિ પામ્યું, અને પ્રભુ પોતે બિંદુમાધવ કહેવાયા. આધુનિક દૃષ્ટિએ વિચારીએ તો, એટલું તો જરૂર સમજી શકાય કે, પોતાના ધાર્મિક ને પવિત્ર વાતાવરણથી ઈશ્વરની ઝાંખી કરવાની પ્રેરણા પૂરી પાડનારી એ ભૂમિમાં યમનિયમપૂર્વક રહીને માણસ ગમે તેવાં મોટા પાપોમાંથી મુક્તિ મેળવીને કલ્યાણસ્વરૂપ બની શકે છે.

વખતના વીતવાની સાથે કાશીના બાહ્ય સ્વરૂપમાં ફેર પડ્યો છે, પરંતુ એની ધરતી તથા ગંગા તો એ જ છે. વ્યાસ, શંકરાચાર્ય અને ભર્તૃહરિ જેવા મહાપુરુષોએ આ ભૂમિને પવિત્ર પદરજથી પવિત્ર કરી છે; અને આજે પણ એ ભૂમિમાં વિદ્વાનો ને મહાપુરુષોની કમી નથી.

વરણા અને અસિ નામની બે નદીઓની વચ્ચેના પ્રદેશમાં કાશી વસેલું હોવાથી એ વારાણસી પણ કહેવાય છે. ભગવતી ભાગીરથીના તટ પર વસેલા નગરનો વિસ્તાર દિવસે દિવસે વધતો જાય છે. એમાં એટલા બધાં મંદિરો છે કે એને 'મંદિરોનું નગર' કહીએ તોપણ કોઈ જાતની અતિશયોક્તિ નથી થતી. કાશીમાં મઠો, સદાવ્રતો ને ધર્મશાળાઓ પણ સારા પ્રમાણમાં છે. સ્નાન કરવા માટે મણિકર્ણિકાઘાટ અને દશાશ્વમેધઘાટ પ્રખ્યાત છે. ત્યાંથી નજીકમાં ભગવાન વિશ્વનાથનું મંદિર તથા અન્નપૂર્ણાનું મંદિર આવેલાં છે.

**વિશ્વનાથ મંદિર** : ભગવાન વિશ્વનાથનું મંદિર નાનું, સાંકડું ને જરાક ગંદુ હોવા છતાં કાશીનું મુખ્ય મંદિર છે. એની બાજુમાં જ મસ્જિદ છે. ભગવાન શંકરના દર્શન માટે યાત્રીઓ સારા પ્રમાણમાં એકઠા થાય છે. ભીડ અને એનાં અનિષ્ટોથી બચવું ભારે થઈ પડે છે. મંદિર પરનો સોનાનો કળશ પંજાબના વીર રાજા રણજીતસિંહે અર્પણ કર્યો છે. એ રાજા વીર હોવાની સાથેસાથે ધર્મપરાયણ હતો. એ સાંપ્રદાયિક સંકુચિતતાથી મુક્ત હતો એની પ્રતીતિ કરાવવા દેવમંદિરોને શણગારવાનાં આવાં કેટલાંય કામો એણે કરી બતાવ્યાં છે. સામે સભામંડપ છે, જેમાં વિશાળ ઘંટ અને અનેક દેવમૂર્તિઓ છે. મંદિરના પ્રાંગણની એક બાજુ સૌભાગ્યગૌરી તથા ગણેશજીનાં, ને બીજી બાજુ શૃંગારગૌરી, અવિમુક્તેશ્વર તથા સત્યનારાયણ ભગવાનનાં મંદિર છે. વિશ્વનાથ મંદિરના વાયવ્ય ખૂણામાં લગભગ દોઢસો શિવલિંગ છે. મંદિરની બાજુમાં જ્ઞાનવાપિ નામે કૂવો છે. ઔરંગઝેબે જ્યારે મંદિર તોડવાની પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે વિશ્વનાથ એમાં જતા રહ્યા. પછી એમાંથી એમને બહાર કાઢીને વર્તમાન મંદિરમાં એમની સ્થાપના કરવામાં આવી. યાત્રીઓ જ્ઞાનવાપિના જળનું આચમન કરીને સાનંદ ધન્યતા અનુભવે છે.

**વિશ્વવિદ્યાલય** : કાશીમાં મહામના માલવીયજીએ સ્થાપેલી સંસ્થા હિંદુ વિશ્વવિદ્યાલય ખાસ દર્શનીય છે. શ્રી બિરલાની મદદથી એમાં વિશ્વનાથનું વિશાળ મંદિર રચવામાં આવ્યું છે. ભારતમાતાનું સુંદર મંદિર પણ જોવા જેવું છે. વિદ્યાર્થીઓ અને જનતા એને માટે પ્રેમ જગાવીને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાનું વ્રત લે તો કેવું સારું ? પ્રત્યેક વ્યક્તિનું હૃદય ભારતમાતાનું મંગલ મંદિર બને તો દેશ અવશ્ય સુખી બને. ભારતની પ્રજા ભારતમાતાના જીવતાજાગતા મહામૂલા મંદિરરૂપ છે. તેની સેવાપૂજાનું વ્રત ધારણ કરવાની જરૂર છે.

આ નગરી હરિશચંદ્રની જીવનકથા સાથે સંકળાયેલી છે. સત્યવાદી રાજા હરિશચંદ્ર પાસેથી જ્યારે ઋષિ વિશ્વામિત્રે સમસ્ત રાજ્ય દાનમાં લઈ લીધું ત્યારે રાજાએ આ જ શહેરનું શરણ લીધેલું. અહીં જ એમણે એક બ્રાહ્મણને ત્યાં પોતાની પત્નીને દાસી તરીકે વેચેલી અને ઋષિને દક્ષિણા આપવા માટે પોતે ચંડાળને ત્યાં રહેવાનું પસંદ કરેલું. મહાન સંત કબીરે પણ કાશીમાં વાસ કરેલો, જેની સ્મૃતિરૂપે ત્યાં કબીરચૌરાની જગ્યા છે. ત્યાં કબીરની ગાદી તથા ટોપી છે.

**તુલસીદાસની સ્મૃતિ** : રામાયણ જેવા મહાન ગ્રંથના રચયિતા સંત તુલસીદાસે તો કેટલાંય વરસો કાશીમાં વિતાવેલાં. એમની સ્મૃતિમાં ગંગાતટ પર તુલસીઘાટનું દર્શન થઈ શકે છે. એ પ્રતાપી સંતપુરુષે અહીં રહીને ભાતભાતની કાવ્યરચનાઓ કરી, અને સમાજને ચરણે ધરી. ત્યાં એમના દ્વારા સ્થપાયેલી હનુમાનજીની મૂર્તિ છે. એ મંદિરમાં એમની ચરણપાદુકા, રામાયણની પ્રતિલિપિ તથા બીજાં સ્મારકો છે. એ મંદિરમાં ભગવાન કપિલની મૂર્તિ પણ જોવા મળે છે. તુલસીદાસે એ જ સ્થાનમાં સંવત ૧૬૮૦માં શરીર છોડ્યું, એ હકીકત ઘાટના પથ્થર પર અંકિત છે :

"સંવત સોલહસેં અસી, અસિગંગ કે તીર,
શ્રાવણ શ્યામા તીજ શનિ, તુલસી તજ્યો શરીર."

ભગવાન વિશ્વનાથની કાશીનગરીમાં અસિ ઘાટની બાજુએ આવેલા તુલસીઘાટ પર, ત્યાંના પૂજારીએ એક સાચી બનેલી કથા કહી બતાવી. એ કથાને સંત તુલસીદાસના જીવન સાથે સંબંધ છે. સંત તુલસીદાસ

જ્યારે તુલસીઘાટ પર નિવાસ કરતા, એ વખતે કાશીમાં રાજા ટોડરમલ રહેતા અને સંત તુલસીદાસ પ્રત્યેના પ્રેમાદરથી પ્રેરાઈને એમના સત્સંગ માટે અવારનવાર આવ્યા કરતા. બંને વચ્ચે જ્ઞાનસંબંધી રસભરી ચર્ચા થતી.

તુલસીઘાટથી થોડેક દૂર લીલોતરી જેવું દેખાય છે, ત્યાં રાજા ટોડરમલની પુષ્કળ જમીન હતી. એ જમીનમાં, કોણ જાણે કેમ પણ, કશું નોંધપાત્ર પાકતું નહિ. આથી ટોડરમલને ચિંતા થતી. એક વરસ તો એમાં કશું જ ના પાક્યું. ટોડરમલને થયું કે ભગવાનના પ્યારા ભક્ત કે સંતપુરુષના આશીર્વાદ ઊતરે તો જમીનમાં પલટો આવે ને કાંઈક પાકે. ટોડરમલે સંત તુલસીદાસને પોતાના અંતરની વ્યથા વર્ણવી બતાવી અને આશીર્વાદ આપવાની પ્રાર્થના કરી.

તુલસીદાસે કહ્યું : 'મારામાં કશો ચમત્કાર કરવાની શક્તિ તો નથી, પરંતુ એ જમીનમાં ભગવાનનું નામ લઈને રાઈ વાવો. ભગવાન બધું સારું કરશે.'

ટોડરમલને એમના વચનમાં વિશ્વાસ હતો. એમણે જમીનમાં રાઈ વાવી. પરિણામે, રાઈ એટલા બધા મોટા પ્રમાણમાં પાકી કે વાત નહિ. રાજા ટોડરમલને એ રાઈ વેચવાથી હજારો રૂપિયાની પ્રાપ્તિ થઈ. એ રૂપિયા લઈને તેઓ તુલસીદાસજીની સેવામાં હાજર થયા ને બોલ્યા : 'આ ધન તમારા કહેવાથી કમાયો છું એટલે મારું નથી, પણ તમારું છે. તમારા આશીર્વાદના પરિણામે જ જે પ્રાપ્ત થયું છે તેનો તમે સ્વીકાર કરશો.'

તુલસીદાસે કહ્યું : 'હું ધનની સાથે સંબંધ નથી રાખતો. મારે આ ધન નથી જોઈતું. હું તો ભગવાન શ્રીરામના કૃપાધનથી જ સંતુષ્ટ છું.'

ટોડરમલે વારંવાર વિજ્ઞપ્તિ કરી જોઈ, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા. તુલસીદાસજીએ એ ધનનો સ્વીકાર કરવાની સાફ શબ્દોમાં ના જ પડી.

હવે શું થાય ? ટોડરમલ તો એ ધન રાખવા ઈચ્છતા જ ન હતા. એમણે એ ધન તુલસીદાસજીના ચરણોમાં સમર્પિત કરી દીધું હતું. !

આખરે એમણે એક વચગાળાનો રસ્તો કાઢ્યો. એને માટે તુલસીદાસજીની સમંતિ પણ મેળવી લીધી. એ સમગ્ર ધનનો ઉપયોગ કરીને એમણે તુલસીઘાટ પર સંત તુલસીદાસ માટે પથ્થરનું મજબૂત વિશાળ મકાન બનાવી દીધું. એ મકાન તુલસીદાસજીને અર્પણ કર્યું, એટલે તુલસીદાસજી એમાં રહેવા માંડ્યા. જીવનના છેલ્લા દિવસો સંત તુલસીદાસે ત્યાં જ પસાર કર્યા. ત્યાં એમણે હનુમાનજીની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ કરી.

આજે ત્યાં સંત તુલસીદાસ અને રાજા ટોડરમલ તો નથી, પરંતુ ભગવતી ભાગીરથીના પ્રશાંત તટ પર ઊભેલું એ ભવ્ય સ્મારક છે. એમાં તુલસીદાસજીનું એકાંત નિવાસસ્તાન તથા હનુમાનજીની મૂર્તિ પણ છે. એ જોઈને બધી ઈતિહાસ-કથા આપણી આંખ સામે તાજી થાય છે.

કાશીના ઘાટોમાં પાંચ ઘાટ મહત્વના મનાય છે : મણિકર્ણિકા ઘાટ, દશાશ્વમેધ ઘાટ, અસિસંગમ ઘાટ, પંચગંગા ઘાટ અને વરણાસંગમ ઘાટ. બધા મળીને ત્યાં ૫૦ થી ૬૦ ઘાટ છે.

**રહેવાનાં સ્થળો :** કાશીમાં રહેવા માટે અનેક ધર્મશાળાઓ છે. તેમાં રેવાબાઈની ગુજરાતી ધર્મશાળા ખાસ ઉલ્લેખનીય છે. ભારતવર્ષનું સૌભાગ્ય છે કે, પશ્ચિમી સભ્યતાની અસર નીચે આવીને એણે ધર્મશાળાઓને બદલે હોટલોની ખર્ચાળ વ્યાપારી પ્રથાની શરૂઆત નથી કરી. નહિ તો, તીર્થોની યાત્રા ઘણી મોંઘી થાત અને એ યાત્રા ગરીબોની કે મધ્યમ વર્ગની નહિ, પરંતુ એકલા અમીરોની જ બની જાત. તીર્થોમાં ક્યાંક ક્યાંક હોટલોનો આરંભ થવા માંડ્યો છે ખરો, પરંતુ જનતાના જીવનસંસ્કાર સાથે સંબંધ ધરાવતી ધર્મશાળાઓ પણ વધતી જાય છે. ભારતીય સંસ્કૃતિએ શીખવેલા અતિથિસત્કારના સંદેશનો સાક્ષાત્કાર કરાવનારી એ ધર્મશાળાઓ ખરેખર આશીર્વાદરૂપ છે.

**બીજાં સ્થળો:** કાશીમાં અનેક મંદિરો અને કુંડો છે. ભાવિક લોકો એમના દર્શનનો તથા સ્નાનાદિનો લાભ લે છે. વિશ્વનાથ તથા જ્ઞાનવાપિનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. તે ઉપરાંત અક્ષયવટ, અન્નપૂર્ણા, ગોપાલ મંદિર, કાશીકરવત, સિદ્ધિદા દુર્ગા, દુર્ગાજી, સંકટમોચન (જેની હનુમાનજીની મૂર્તિ સંત તુલસીદાસે સ્થાપેલી છે), કપાલમોચન(સરોવર), ગોરખનાથ મંદિર જેવાં સ્થળો જોવાલાયક છે. કાશીમાં જૈનોનાં તીર્થો પણ છે. ત્યાંના ભદૈની લત્તામાં જૈનોના સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથજી તથા ભેલપુર લત્તામાં ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથજી જન્મેલા. એમની સ્મૃતિમાં ત્યાં મંદિરો બાંધવામાં આવ્યાં છે. કાશી, એવી રીતે કોઈ સાંપ્રદાયિક શહેર નથી. એણે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૌને સમાવી લીધા છે અને સૌને આશ્રય આપ્યો છે.

**પરિક્રમા :**પંડાઓના કથન પ્રમાણે, કાશીની પરિક્રમા ૪૭ માઈલ જેટલી છે. એમાં કેટલીય ધર્મશાળાઓ ને દુકાનો આવે છે. પરિક્રમા ગમે ત્યારે થઈ શકે છે, છતાં માગશર તથા ફાગણમાં એનો લાભ વધારે લેવાય છે. અધિક માસમાં લોકો ખાસ પરિક્રમા કરે છે. સામાન્ય રીતે પાંચ દિવસમાં પૂરી થનારી એ પરિક્રમા અત્યંત આનંદદાયક થઈ પડે છે. મણિકર્ણિકાઘાટ પર ગંગાસ્નાન કરી, પહેલે દિવસે છ માઈલ ચાલી, યાત્રી કંડવા સ્થાને વિશ્રામ કરે છે, જ્યાં કર્દમેશ્વર મંદિર છે. બીજે દિવસે ત્યાંથી ચાલી, દસ માઈલ દૂર સીમચંડીમાં રોકાય છે. ત્રીજે દિવસે વરણા નદી પર ચૌદ માઈલ દૂર આવેલા સ્થાન રામેશ્વરમાં પહોંચે છે. ચોથે દિવસે ત્યાંથી ચૌદ માઈલ દૂર આવેલા કપિલધારામાં, અને પાંચમે દિવસે ત્યાંથી છ માઈલ ચાલી, મણિકર્ણિકાઘાટ પર સ્નાન કરી, દેવદર્શન કરીને પરિક્રમા પૂરી કરે છે:

કાશીમાં મણિકર્ણિકાઘાટ પર તૈલંગ સ્વામી જેવા સમર્થ પુરુષ વાસ કરતા. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે એમને જોઈ કહેલું કે, તૈલંગ સ્વામીના રૂપમાં મેં સાક્ષાત્ વિશ્વનાથનાં દર્શન કર્યાં. કાશીમાં ફરતી વખતે એવી કેટલીય સ્મૃતિઓ તાજી થાય છે. કાશી સિદ્ધોની, સાધકોની તથા વિદ્વાનોની ભૂમિ છે. એણે અનેક આર્ત્ત અને અનાથોને આશ્રય આપ્યો છે, અને સંતપ્તોને શાંતિ ધરી છે. આજે પણ ત્યાં કેટલાય લોકો શાંતિ મેળવવા વસી રહ્યા છે. એ જોઈને શ્રી આદ્ય શંકરાચાર્યે આપેલી અંજલિ સાથે સૂર પુરાવવાનનું મન થાય છે:

यत्र देवपतिनाङपि देहिनां मुक्तिरेव भवतीति निश्चितम् ।
पूर्वपुण्यनिचयेन लभ्यते विश्वनाथनगरी गरीयसी ॥
स्वर्गतस्सुखकरी दिवौकसां शैलराजतनयातिवल्लभा ।
ढुण्ढिभैरवविदारिताशुभा विश्वनाथनगरी गरीयसी ॥

"દેવોના સ્વામી શંકર દ્વારા જ્યાં માનવોની મુક્તિ ચોક્કસ થાય છે અને જે પૂર્વનાં પુણ્યો વિના નથી મળતી તે, ભગવાન શંકરની કાશીનગરી ખરેખર ઉત્તમ છે."

"દેવતાઓને સ્વર્ગથી પણ વધારે સુખદ લાગતી, હિમપુત્રી પાર્વતીને અત્યંત પ્રિય, ઢુંઢિ તથા ભૈરવ જેવા દેવો જ્યાં સમસ્ત પ્રકારનાં અશુભનો નાશ કરે છે તે, ભગવાન શંકરની કાશીનગરી ખરેખર ઉત્તમ છે."

કાશીમાં તાજેતરમાં સત્યનારાયણ માનસ મંદિર બંધાયું છે. તેમાં તુલસીદાસની મૂર્તિ પણ છે અને ઉપર તથા નીચેની દીવીલો પર તુલસીકૃત રામાયણ પણ લખવામાં આવ્યું છે. એ મંદિર કાશી હિંદુ વિશ્વવિદ્યાલય જતાં રસ્તામાં આવે છે.

વિશ્વનાથ મંદિરની બાજુના જયપુરિયા સ્મૃતિભવનમાં યાત્રીઓને ઊતરવાની ઘણી સારી વ્યવસ્થા છે. એ સ્થળ ઘણું સરસ ને સ્વચ્છ છે. ત્યાં રૂમ દીઠ રોજના બે રૂપિયા ચાર્જ લેવાય છે. ત્યાં તૈયાર જમવાનું પણ મળી શકે છે. એ ઉપરાંત, વારાણસી સ્ટેશન તરફ જતાં રસ્તામાં બીજી કેટલીય ધર્મશાળાઓ પણ છે.

☼ ☼ ☼ ☼ ☼

### ૪૨. સારનાથ

સારનાથ બૌદ્ધ ધર્મનું પ્રમુખ તીર્થ છે એ તો ખરું જ, પરંતુ બીજા ધર્મમાં રસ લેનારી જનતા પણ એના પ્રત્યે આદરભાવથી જુએ છે. ભગવાન બુદ્ધના જીવન સાથે એ સ્થાન ખાસ સંબંધ ધરાવતું હોવાથી એના દર્શન માટે ભારતમાંથી ને જુદાજુદા દેશોમાંથી અનેક લોકો આવે છે અને ભગવાન બુદ્ધને પોતાના અનુરાગની અંજલિ ધરે છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ એ સ્થાન ઘણું મહત્વનું મનાય છે. ભગવાન બુદ્ધને ગયાના બોધિવૃક્ષ નીચે શાંતિ મળી અને સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ તે પછી, પોતાના જીવનનો સૌથી પ્રથમ ઉપદેશ એમણે અહીં જ આપીને, ધર્મચક્રપ્રવર્તનનો પ્રારંભ કરેલો. એની પાછળ એમની પ્રખર નિઃસ્વાર્થ કરુણાવૃત્તિ કામ કરી રહેલી. એમને થયું કે, મને તો શાંતિ મળી છે, પરંતુ અશાંતિનો અંત આણવા માગતા બીજા અનેક જીવો આ જગતમાં જીવી રહ્યા છે એમનું શું ? એમના જીવનને પણ શાંતિમય કરવા ને જ્ઞાનના પવિત્ર પ્રકાશથી પ્રકાશિત બનાવવા મારે બનતો પ્રયાસ કરવો જોઈએ. એવી સદ્દભાવનામાંથી એમની સાધના શરૂ થઈ. એ સેવારૂપી સરિતાને વહેતી કરનારી ભૂમિ તરીકે સારનાથનું મહત્વ ધાર્યા કરતાં ઘણું વધારે છે.

સારનાથ બનારસ સિટી સ્ટેશનથી ત્રણ માઈલ, બનારસ છાવણી સ્ટેશનથી પાંચ માઈલ, અને સડકના રસ્તે ચાર માઈલ દૂર છે. એ સ્ટેશન છે તથા બનારસથી ટાંગા કે રીક્ષા દ્વારા પણ ત્યાં જઈ શકાય છે. ત્યાં રહેવા માટે ધર્મશાળા છે.

**દર્શનીય સ્થળો** : અહીંનું બુદ્ધ ભગવાનનું મંદિર ખાસ દર્શનીય છે. એની રચના સુંદર છે. પહેલાં એ સ્થાન બૌદ્ધ ધર્મનું મોટું કેન્દ્ર હતું, પરંતુ એમ કહેવાય છે કે, મહમદ ઘોરીએ આક્રમણ કરીને બીજાં કેટલાંક સ્થળોની સાથે એની પણ દુર્દશા કરી દીધી. તેણે અહીંની કેટલીક કલાત્મક મૂર્તિઓનો નાશ કર્યો, ને સોનાની મૂર્તિઓ લઈ લીધી. સારનાથ નષ્ટભ્રષ્ટ બની ગયું. ત્યાંનો ધમેખસ્તૂપ જીર્ણ દશામાં બાકી રહી ગયો એટલું જ. જોકે આખરે એ સ્થાનનો ભાગ્યોદય થયો. ઈ.સ. ૧૯૦૫ માં પુરાતત્વ વિભાગ તરફથી ત્યાં ખોદકામ કરવામાં આવ્યું. એને લીધે ઘણી મહત્વની માહિતી મળવાથી ઘણા ધર્મપ્રેમી અને વિદ્વાન પુરુષોનું ધ્યાન એના પ્રત્યે ખેંચાયું. પરિણામે, એ પ્રાચીન મહત્વ ધરાવતા તીર્થસ્થાનનો જીર્ણોદ્ધાર થયો. ત્યારથી એની ચઢતી કળા શરૂ થઈ છે.

જૈન ધર્મીઓ માટે પણ એ ભૂમિનું મહત્વ ઓછું નથી મનાયું. જૈન ગ્રંથોમાં એને સિંહપુર તરીકે ઓળખાવાયું છે. શ્રેયાંસનાથના જન્મ ને તપને લીધે એ ભૂમિ વિશેષ મહિમાવતી મનાય છે. ત્યાંના જૈન મંદિરમાં એમની મૂર્તિ છે. એ મંદિરની સામે સમ્રાટ અશોકે તૈયાર કરાવેલો અશોકસ્થંભ જોવા મળે છે.

સારનાથનાં જોવા જેવાં સ્થળોમાં સારંગનાથ મહાદેવ, મૂલગંધકુટિવિહાર, સીતારસોઈ તથા મ્યુઝિયમ છે. મૂલગંધ વિહારમાં બુદ્ધની સોનેરી મૂર્તિ છે. ત્યાંની દીવાલો પર જાપાન સરકારની સંમતિથી ચાર વરસના પરિશ્રમથી ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં છે. એ ચિત્રો અત્યંત આકર્ષક છે. એનાથી થોડે દૂર પ્રાચીન વિહારો ને કૂવાઓના ભગ્નાવશેષો છે. એના પરથી અનુમાન થાય છે કે, એક સમયે એ સ્થળ ખૂબ જ સમૃદ્ધ હશે. બાજુના મ્યુઝિયમમાં ત્યાથી મળી આવેલી મૂર્તિઓ અને બીજી સામગ્રી છે, જે અભ્યાસીઓ માટે

અત્યંત ઉપયોગી થઈ પડે તેમ છે. ટેકરી પર આવેલું સીતારસોઈનું સ્થળ એક સ્મૃતિસ્થળ છે એટલું જ, બાકી ત્યાં ખાસ જોવા જેવું કાંઈ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩. ચિત્રકૂટ

**તીર્થનો મહિમા :** ચિત્રકૂટ નામ સાંભળાતાવેંત જ પેલી પ્રસિદ્ધ પ્રેમભરપૂર પંક્તિઓનું સ્મરણ થાય છે :

"ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ સંતન કી ભીર;
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર."

એ પંક્તિઓનો અર્થ સ્પષ્ટ છે. કહે છે કે, રામભક્ત તુલસીદાસજી રામના કૃપાપાત્ર હનુમાનજીના આદેશાનુસાર, રામના દર્શનની એકમાત્ર ઈચ્છાથી પ્રેરાઈને, ચિત્રકૂટ આવ્યા. ત્યાં આવીને એમણે તીવ્ર તપ કરવા માંડ્યું. રામના દર્શન માટેની એમની આતુરતા અત્યંત અસાધારણ હતી. એ આતુરતાને લક્ષમાં લઈને રામ અને લક્ષ્મણ એક દિવસ એમની સામે પ્રકટ થયા. એ વખતે ચિત્રકૂટમાં મેળો ભરાયો હતો, ને ઘાટ પર બેસીને તુલસીદાસજી ચંદન ઘસતા હતા. સુંદર રાજકુમારોના રૂપમાં આવીને એમણે કહ્યું : 'બાબા, હમેં તિલક કરો.' રાજકુમારોની અદ્દભુત સ્વરૂપવાન મંગલ મુખાકૃતિ જોઈને મુગ્ધ બની તુલસીદાસજી ભાન ભૂલી ગયા. એ વખતે, કહે છે કે, એમને સાચી વસ્તુસ્થિતિથી વાકેફ કરવા માટે હનુમાનજીએ પેલી પ્રેમભરપુર પંક્તિઓ કહી હતી.

સંત તુલસીદાસે ચિત્રકૂટમાં સારો સમય પસાર કર્યો હતો. એના પરિણામરૂપે એમને ચિત્રકૂટ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. એ પ્રેમના પ્રતિભાવો એમણે રચેલા રામાયણમાં પડી ચૂક્યા છે. રામાયણના અયોધ્યાકાંડમાં મહર્ષિ વાલ્મીકિ રામને ચિત્રકૂટમાં રહેવાની સૂચના કરતાં કહે છે :

સૈલુ સુહાવન કાનન ચારૂ, કરિ કેહરિ મૃગબિહગ બિહારુ;
નદી પુનીત પુરાન બખાની, અત્રિપ્રિયા નિજ તપ બલ આની;
સુરસરિ ધાર નાઉં મંદાકિની, જો સબ પાતક પોતક ડાકિની;
ચલહુ સફલ શ્રમ સબ કર કરહૂ, રામ દેહુ ગૌરવ ગિરિવરહૂ.

"હે રામ, ચિત્રકૂટ પર્વત ઘણો સુંદર છે. ત્યાં સુંદર વન છે. તેમાં હાથી, વાઘ, હરણ તથા જુદાંજુદાં પંખીઓ વિહાર કરે છે. અનસૂયાએ પોતાના તપના પ્રભાવથી પ્રકટાવેલી પુરાણપ્રસિદ્ધ મંદાકિની નામની, સમસ્ત પાપોનું નિવારણ કરવારી નદી પણ ત્યાં વહી રહી છે. અત્રિ જેવા અસંખ્ય મુનિઓ શરીરને સંયમમાં રાખીને ત્યાં યોગ અને જપતપ કરી રહ્યા છે. તેમનો શ્રમ તમે ત્યાં જઈને સફળ કરો, ને ચિત્રકૂટને ગૌરવ આપો."

પછી રામચંદ્રજી જ્યારે ચિત્રકૂટ ગયા ત્યારે તુલસીદાસજી રામાયણમાં એનું વર્ણન કરતાં કહે છે કે, "લક્ષ્મણ અને સીતાની સાથે રામચંદ્રજી, મદન જાણે મુનિવેશમાં ઋતુરાજ વસંત અને રતિની સાથે હોય તેવા લાગતા હતા." આ રહ્યા એ વર્ણનના મૂળ શબ્દો :

લખન જાનકી સહિત પ્રભુ રાજત રુચિર નિકેત,
સોહ મદનુ મુનિવેશ જનુ રતિ રિતુરાજ સમેત.

ભગવાન રામ જ્યારે એ પવિત્ર પર્વત પર રહેતા હશે ત્યારે એની શોભા કેટલી બધી અપાર હશે ! એનું સૌભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું હશે. રામની પહેલાં પવિત્ર પાણી આદેશાનુસાર ભરતકૂપમાં નાખવામાં આવેલું એવી દંતકથા છે. તેથી એ કૂપને સર્વે તીર્થોના સારસ્વરૂપ કહેવામાં આવે છે. ત્યાં મંદિર છે. કૂપથી થોડે દૂર ભરતજીનું મંદિર છે.

ચિત્રકૂટ જેવા સરસ સ્થળનો સાચો આનંદ એની એકાદ-બે દિવસની ઊડતી મુલાકાત લેવાથી નહિ મળે. એનો સાચો આનંદ અને લાભ લેવા માગનારે તો રોજના વ્યવસાયી જીવનમાંથી લાંબો સમય કાઢીને ત્યાં રહેવું પડે. એના મહિમાનો સાચો અનુભવ પણ ત્યારે જ થઈ શકે.

ચિત્રકૂટની આજુબાજુ પણ જુદાંજુદાં કેટલાંય તીર્થો છે. એમાં વાલ્મીકિ આશ્રમ, વિરાધકુંડ, શરભંગ આશ્રમ, સુતીક્ષ્ણ આશ્રમ મુખ્ય છે. તુલસીકૃત રામાયણમાં એ ઋષિમુનિઓ તથા સ્થાનોનું વર્ણન કરેલું છે. વખતના વીતવાની સાથે એ બધાં સ્થાનોમાં ફેરફાર થયો હોય એ બનવા જોગ છે, છતાં એમની કથાવાર્તામાં રસ લેનાર ભાવિક સ્ત્રીપુરુષો આજે પણ એમનું, જેવી છે તેવી સ્થિતિમાં, દર્શન કરીને આનંદ પામે છે.

વાલ્મીકિ મુનિના આશ્રમનું એક સ્થાન કામતાનાથથી પંદર માઈલ દૂર પશ્ચિમે લાલપુર ડુંગર પર બેછોઈ ગામમાં છે અને બીજું સ્થાન સીતાપુરની બાજુમાં છે. પ્રયાગથી ચિત્રકૂટ તરફ જતી વખતે ભગવાન શ્રીરામ રસ્તામાં વાલ્મીકિના આશ્રમમાં રહેલા. મહર્ષિએ જ એમને ચિત્રકૂટમાં રહેવાની સૂચના કરેલી.

અનસૂયા આશ્રમથી ત્રણેક માઈલ દૂર એક ઝરણું છે. ત્યાં ગુફામાં હનુમાનજીની મૂર્તિ છે. ત્યાંથી દોઢ માઈલ પર વિરાધકુંડ છે. ભગવાન રામ ચિત્રકૂટથી એ જ માર્ગે આગળ ગયેલા. એ માર્ગ ભયંકર છે. અનસૂયાથી શરભંગ આશ્રમ સુધીના અરણ્યમાં જંગલી જનાવરોનો ભય રહેતો હોવાથી, ભોમિયા વિના આગળ વધવું જોખમભરેલું છે. વિરાધકુંડની જગ્યામાં વિરાધ રાક્ષસનો નાશ કરી, ખાડો ખોદીને તેને દાટી દીધેલો. લક્ષ્મણે ખોદેલો એ ખાડો ઘણો મોટો છે. ઘોર વનમાં આવેલા એ સ્થળને શોધતાં ભારે મુશ્કેલી પડે છે.

વિરાધખુંડથી ટિકરિયા ગામ થઈને જંગલના રસ્તે દસેક માઈલ જતાં શરભંગ આશ્રમ આવે છે. ત્યાં કુંડ તથા રામમંદિર છે. શરભંગ ઋષિએ શ્રીરામના દર્શનથી ધન્ય બનીને ચિતા તૈયાર કરીને પોતાનું શરીર બાળી નાખેલું.

સુતીક્ષ્ણ મુનિ અગસ્ત્ય મુનિના શિષ્ય તથા રામના એકનિષ્ઠ ભક્ત હતા. એમની સ્મૃતિ આપનારો સુતીક્ષ્ણ આશ્રમ શરભંગ આશ્રમથી દસેક માઈલ દૂર છે. ત્યાંના લોકોનું કહેવું છે કે, અહીં શ્રીરામે થોડો વખત નિવાસ કરેલો. પર્યટનપ્રેમી, શ્રદ્ધાભક્તિવાળા યાત્રીઓ એ એકાંત સુંદર સ્થાનની મુલાકાત લઈ શકે છે.

ચિત્રકૂટની પ્રખ્યાતિ એક મહાન તીર્થ તથા તપોભૂમિ તરીકે હતી જ. રામાયણના વર્ણન પરથી એ સંબંધી કશી શંકા નથી રહેતી. રામના વખતમાં પણ એ ભૂમિમાં અનેક વીતરાગ, પરમાત્મપરાયણ ઋષિમુનિઓ નિવાસ કરતા. વનમાં એમના આશ્રમો હતા. અત્રિ મુનિનો આશ્રમ એ સૌમાં અગ્રગણ્ય હતો. એ પછી પણ, વખતના વીતવાની સાથે એ સુંદર તીર્થપ્રદેશમાં તુલસીદાસ જેવા બીજા કેટલાય સંતપુરુષો અને ભક્તોએ નિવાસ કર્યો છે. આજે પણ એ ભૂમિ ભક્તો કે સંતોથી રહિત નથી જ. એના મહિમાથી મુગ્ધ બની કેટલાય સાધકો ને સિદ્ધો ત્યાં વાસ કરે છે. કેટલાય દર્શનાર્થી દર વરસે એના દર્શન માટે આવી પહોંચે છે.

ચિત્રકૂટમાં હિમાલય જેવી ભવ્યતા તથા વિવિધતા નહીં હોવાથી, હિમાલયનો પ્રવાસ કરી ચૂકેલો પ્રવાસી એમાં એટલા બધા આકર્ષણનો અનુભવ નહિ કરે; છતાં પ્રત્યેક તીર્થ, પર્વત ને દેવસ્થાનને પોતાની આગવી વિશેષતા અને પોતાનું આગવું આકર્ષણ હોય છે. એ દૃષ્ટિએ જોઈએ તો, ચિત્રકૂટની યાત્રા અત્યંત આનંદદાયક થઈ પડે છે. એ ભૂમિનો પ્રવાસ કરતાં ભગવાન શ્રીરામનાં સંસ્મરણો આપણા અંતરની આંખ આગળ પ્રત્યેક પગલે તાજાં થાય છે, અને અંતર એક પ્રકારના ઊંડા, અનિર્વચનીય આનંદનો અનુભવ કરે છે.

ચિત્રકૂટની તીર્થભૂમિ સાથે શ્રીરામ ઉપરાંત બીજા પ્રતાપી મહાપુરુષોનાં નામ પણ સંકળાયેલાં છે. મહાભારતમાં કહ્યું છે કે, ભગવાન રામનાં ચરણકમળના સ્પર્શથી સુશોભિત ચિત્રકૂટમાં ધર્મરાજ યુધિષ્ઠિરે વિધિપૂર્વક શાસ્ત્રોક્ત રીતે તપશ્ચર્યા કરી, તેમજ દમયંતીના વીર પતિ મહારાજા નળે પણ પોતાનાં અશુભ કર્મોનો નાશ કરીને પોતાનું ખોવાયલું રાજ્ય પાછું મેળવ્યું. એવી રીતે આપણે પણ આ પવિત્ર તીર્થમાં તપશ્ચર્યા કરી, સમસ્ત પ્રકારના અમંગલમાંથી મુક્તિ મેળવી, ખોવાયેલા આત્મિક રાજ્યને આજે પણ પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. વાલ્મીકિકૃત રામાયણમાં મહર્ષિ વાલ્મીકિ પણ એ વાતની પુષ્ટિ કરતાં કહી ગયા છે કે, ચિત્રકૂટનાં સુંદર શાંત શિખરોનું જ્યાં સુધી માણસ નિરીક્ષણ કરે છે ત્યાં સુધી તે કલ્યાણની કેડી પર ચાલ્યા કરે છે અને એના મનમાં ઈશ્વર સિવાય બીજા કોઈ સાંસારિક વિષયોનો મોહ પેદા થતો નથી.

**માર્ગ :** ચિત્રકૂટ માનિકપુર-ઝાંસી લાઈન પર આવતું રેલવે સ્ટેશન છે. પ્રયાગથી ચિત્રકૂટ જઈ શકાય છે. પ્રયાગથી ૬૩ માઈલ ને ત્યાંથી ચિત્રકૂટ સ્ટેશન ૨૪ માઈલ છે. ચિત્રકૂટ સ્ટેશને વાહનનો અભાવ હોવાથી, પ્રવાસીઓ એની પાસેના કરવી સ્ટેશને ઊતરીને, ત્યાંથી બસ કે ટાંગા દ્વારા ચિત્રકૂટ જઈ શકે છે.

ચિત્રકૂટમાં સંત તુલસીદાસ જ્યાં રહ્યા હતા તે બે સ્થાનો ખાસ જોવા જેવાં છે. એક સ્થાન છે રામઘાટ પાસે ગલીમાં, ને બીજું સ્થાન છે કામતાનાથ કે કામદગિરિની પ્રદક્ષિણા કરતી વખતે આવતી ચરણપાદુકા પાસે. ચિત્રકૂટમાં વહેતી નદી નાનકડી છતાં નિર્મળ ને સુંદર છે.

ચિત્રકૂટમાં કામદગિરિની પરિક્રમાનો તથા બીજાં નાનાંમોટાં તીર્થોનું દર્શન કરવાનો મહિમા ઘણો મોટો છે. ત્યાનાં તીર્થોના દર્શનનો ઉપક્રમ પાંચેક દિવસમાં પૂરો થાય છે. ચિત્રકૂટની મુખ્ય વસતિ ત્યાં છે. ત્યાં પયોષ્ણી કે પયસ્વિની પર ચોવીસ ઘાટ છે, જેમાં રામઘાટ, કૈલાસઘાટ, રાઘવપ્રયાગ ને ધૃતકુલ્યાઘાટ મુખ્ય છે. વનવાસ દરમિયાન શ્રીરામ રામઘાટની બાજુમાં પર્ણકુટિ બાંધીને નિવાસ કરતા હતા, એમ કહેવાય છે.

સીતાપુરથી દોઢેક માઈલનો દૂર કામતાનાથ કે કામદગિરિ નામનો ડુંગર ખૂબ જ પવિત્ર મનાય છે. રસ્તો પાકો હોવાથી યાત્રીઓને પરિક્રમા કરવામાં કાંઈ મુશ્કેલી નથી પડતી. પરિક્રમામાં જુદાંજુદાં અનેક મંદિરો આવે છે. ચરણપાદુકા, જાનકીકુંડ તથા સ્ફટિકશિલા જેવાં થોડાંક સ્થળોમાં ચરણચિહ્ન પણ જોવા મળે છે. સ્ફટિકશિલાથી પાંચેક માઈલ દૂર ડુંગર પર અત્રિ અને અનસૂયાનો આશ્રમ છે. એ સ્થાન એકદમ એકાંત છે. એની આજુબાજુ જંગલ હોવાથી યાત્રીઓ દર્શન કરીને પાછા વળી જાય છે.

**બાલાજી મંદિર :** ચિત્રકૂટમાં આવેલા બાલાજીના મંદિર વિશે એક કથા સાંભળવા મળી : ઔરંગઝેબ આજુબાજુનાં બીજાં દેવમંદિરો તોડતો તોડતો એ મંદિર પાસે આવી પહોંચ્યો, ને એને તોડવાની તૈયારી

કરવા લાગ્યો. એ વખતે એવો ચમત્કાર બન્યો કે એની સાથેના બધા માણસોને ઝાડા થઈ ગયા, એથી માણસો ગભરાઈ ગયા. ત્યાંના લોકોએ ઔરંગઝેબને મંદિરના પૂજારીની સલાહ લેવાનું સૂચન કર્યું. પૂજારીએ ઔરંગઝેબને મંદિર તોડ્યા વિના પાછા જવા કહ્યું. ઔરંગઝેબે એ સૂચનાનો અમલ કર્યો ત્યારે એના માણસોના ઝાડા આપોઆપ મટી ગયા. એ ઘટનાની અસર એના પર એવી ભારે થઈ કે દિલ્હીથી એણે ખાસ ફરમાન બહાર પાડ્યું, ને તે મુજબ એ મંદિરને થોડાંક ગામ ભેટ કર્યાં. અંગ્રેજ સરકારના શાસનકાળ દરમિયાન પણ મંદિર એ ગામડાંની આવકનો ઉપયોગ કરતું હતું.

ચિત્રકૂટમાં જાનકીકુંડ, ગુપ્તગોદાવરી, રામશય્યા તથા ભરતકૂપ પણ જોવાલાયક છે. ભરતકૂપ સીતાપુરથી લગભગ ચાર માઈલ અને ભરતકૂપ સ્ટેશનથી એકાદ માઈલ દૂર છે.

ચિત્રકૂટમાં જયપુરિયા ભવન, આગ્રાવાળી ધર્મશાળા, માજીની ધર્મશાળા તથા કલકત્તાવાળાની ધર્મશાળામાં રહી શકાય છે. જાનકીકુંડ, સ્ફટિકશિલા, અનસૂયા તથા ગુપ્તગોદાવરીમાં ઊંડી, અંધારી ને મોટી ગુફાઓ તથા કુંડ છે.

**હનુમાનધારા :** હનુમાનધારા નામે એક બીજું સુંદર સ્થળ પણ ઉલ્લેખનીય છે. એ સ્થળે પહોંચવા માટે ૩૬૦ જેટલાં પગથિયાં ચઢવાં પડે છે. વધારે વૃદ્ધ, અશક્ત અને શ્વાસરોગવાળાએ ત્યાં જવાનું સાહસ ન કરવું. ઉપર હનુમાનજીની મૂર્તિ ને ઝરણું છે. પંડાઓ કહે છે કે, લંકાને બાળ્યા પછી હનુમાનજીના શરીરમાં પેદા થયેલા દાહને શાંત કરવા માટે શ્રીરામે એ ઝરણું પ્રકટાવેલું. એનાથી થોડે ઉપર સીતારસોઈ નામે સ્થળ છે. હનુમાનધારા જવા માટે ચઢવાનું શરૂ થાય છે ત્યાં એક અત્યંત વિશાળ, પુરાતન, ઊંડો કૂવો છે. તેમાં નીચે ઊતરવાનાં ને બીજી બાજુ ઉપર ચઢવાનાં પગથિયાં બાંધેલા છે. એ કૂવો એક અજાયબી જેવો હોઈ ખાસ દર્શનીય છે.

મંદાકિની નદીના તટ પર પાકા ઘાટ બાંધેલા છે. તેમાંના કોઈ પણ ઘાટ પર બેસીને ઈશ્વરસ્મરણમાં મન પરોવવાથી પુષ્કળ આનંદ આવે છે. મંદાકિનીના ઘાટ પરની તથા જાનકીકુંડ પરની કુદરતી સુંદરતા કોઈને પણ મુગ્ધ કરશે અને આનંદ આપશે. ચિત્રકૂટમાં સંતસાધુઓના ઘણાય આશ્રમો છે. જાનકીકુંડ પર રણછોડદાસજી મહારાજનો આશ્રમ છે. ત્યાં રહેવાની વ્યવસ્થા પણ થઈ શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૪. મહોબા અને ખજુરાહો

મહોબાનું રેલવે સ્ટેશન માનિકપુર-ઝાંસી લાઈન પર માનિકપુરથી ૯૫ માઈલ અને બદૌસાથી ૫૯ માઈલ દૂર છે.

મહોબાની જાહોજલાલી એક વખત ઘણી ભારે હતી. એ પ્રખ્યાત વીર રાજા આલ્હા અને ઊદલની રાજધાનીનું શહેર હતું. એ બન્ને પૈકી આલ્હાને પાછળથી યોગસાધના પર પ્રીતિ થઈ અને એ અમર બની ગયા. એમ કહેવામાં આવે છે કે, આજે પણ કોઈ કોઈ ભાગ્યશાળી સ્ત્રીપુરુષોને એમના પ્રત્યક્ષ દર્શનનો લાભ મળે છે. લોકોમાં એવી વાત પણ પ્રચલિત છે કે, મૈહરની શારદાદેવી એમની ઈષ્ટદેવી છે અને આલ્હા દ્વારા એ દેવીના કંઠમાં દરરોજ તાજાં પુષ્પોની માળા પહેરાવવામાં આવે છે.

મહોબામાં ઘણાં મંદિરો છે. રેલવે સ્ટેશનથી થોડે દૂર કીર્તિસાગર નામના સરોવરની પાસે મદનસાગર છે. તેની ચારે તરફ દેવમંદિરો છે. મદનસાગરની વચ્ચેના બે ટાપુ પૈકીના એક પર ખખરામઠ નામે શિવાલય છે. એ સરોવરની એક બાજુએ કંઠેશ્વર મહાદેવ તથા ચંડિકા દેવીનાં સ્થાનો છે. કંઠેશ્વર મહાદેવનું સ્થાન એક ગુફામાં છે. એની બાજુમાં શંકરાચાર્ય ગુફા છે. ચંડિકા દેવીની મૂર્તિ લગભગ બાર ફૂટ ઊંચી અને અષ્ટાદશ ભુજાવાળી છે. ભક્તો દૂરદૂરથી દર્શન તથા સાધના માટે આવે છે.

મદનસાગરની પશ્ચિમે આવેલા ગોખાર પર્વત પર રહીને કેટલાય તપસ્વીઓએ તપશ્ચર્યા કરી છે. એ પર્વત પરની અંધારી ગુફા તથા ખીણમાંની ઓરડીઓનું અવલોકન કરવાથી ખાતરી થાય છે કે, પહેલાંના વખતમાં ત્યાં એકાંતપ્રેમી. સાધનાપરાયણ પ્રતાપી સાધકો કે સિદ્ધપુરુષો નિવાસ કરતા હશે. પર્વત આગળથી વસતિ તરફ જતાં લશ્કર-રાવણ નામના સ્થાનમાં બાર ફૂટ ઊંચી, દંડવાળી, ભૈરવની મૂર્તિનું દર્શન થાય છે. મહોબાથી પશ્ચિમે એક ડુંગર પર વનખંડીશ્વરનું સ્થાન છે. મોટાં પગથિયાં ચઢીને ત્યાં જઈ શકાય છે.

**ખજુરાહો :** મહોબાથી ૩૩ માઈલ દૂરના હરપાલપુર સ્ટેશનથી ખજુરાહો જઈ શકાય છે. પન્ના, સતના, છત્રપુર તથા મહોબાથી પણ બસ દ્વારા જઈ શકાય છે. છેલ્લે થોડુંક પગે ચાલવું પડે છે.

ખજૂરાહોનાં પ્રાચીન ભવ્ય મંદિરો પોતાની કલાત્મકતા માટે વખણાય છે. ચંદેલનરેશોની રાજધાની મહોબા રહેતી. કલિંજરમાં એમનો કિલ્લો હતો, ને ખજૂરાહોમાં એમણે મંદિરો બંધાવ્યા. ખજૂરાહોમાં ત્રીસેક મંદિર છે, જેમાં આઠ તો જૈનમંદિર છે. પ્રત્યેક મંદિરની રચના ઊંચા ઓટલા પર કરેલી છે. મંદિરોમાં કંડરિયા મહાદેવનું મંદિર સૌથી વધારે વિખ્યાત છે. જોકે બીજાં થોડાં મંદિરો પણ એટલાં જ મોટાં, સુંદર અને આકર્ષક છે. એ મંદિરોમાં અસંખ્ય મૂર્તિઓ છે. એકલા કંડરિયા મહાદેવમાં જ, બે ફૂટથી ઊંચી મૂર્તિઓની ગણના કરવામાં આવે તો ૮૭૨ થાય છે, એમ કહેવાય છે. તો પછી, બધાં મંદિરોની નાનીમોટી મૂર્તિઓ તો કેટલી બધી હશે તેની કલ્પના જ કરવી રહી.

ત્યાંના કેટલાંક પ્રસિદ્ધ મંદિરોનાં નામ આ પ્રમાણે છે : વારાહ મંદિર, લક્ષ્મણ મંદિર, જગદંબા મંદિર, નંદિ મંદિર, વિશ્વનાથ મંદિર, ચિત્રગુપ્ત મંદિર, મતંગેશ્વર મહાદેવનું મંદિર. મતંગેશ્વરનું લિંગ અત્યંત વિશાળ ને મોટું છે. મંદિરોની વચ્ચેના ભાગમાં બાગ બનાવવામાં આવ્યો હોવાથી, એ આખુંયે સ્થાન ઘણું રમણીય લાગે છે.

ખજૂરાહોમાં યાત્રીઓના રહેવા માટે મધ્યપ્રદેશની સરકારે હોટલની વ્યવસ્થા કરી છે. તે ઉપરાંત બીજી સગવડો પણ મળી શકે છે. નાની ડુંગરમાળાઓ, લીલાંછમ ખેતરો અને અસંખ્ય વૃક્ષોવાળો એ પ્રદેશ પ્રવાસીઓનાં મનને મુગ્ધ કરે છે. ભારતીયો જ નહિ, પરંતુ વિદેશીઓ પણ ખજૂરાહોનાં મંદિરોનું અવલોકન કરવા આવતા હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૫. કાન્યકુબ્જ અને બિથૂર

**કાન્યકુબ્જ :** કાન્યકુબ્જને કનૌજ પણ કહેવામાં આવે છે. પ્રાચીનકાળમાં એ એક અત્યંત સમૃદ્ધ શહેર હતું, ને એની ઘણી પ્રસિદ્ધિ હતી, પરંતુ હવે તો એની સમૃદ્ધિ ને જાહોજલાલીનો અંત આવ્યો છે. કાળના પરિવર્તનની સાથે એ ભૂમિની ભવ્યતામાં પણ મોટું પરિવર્તન થયું છે.

કાનપુરથી પચાસેક માઈલ ટ્રેનમાં જઈએ તો એ સ્ટેશન આવે છે. પહેલાં ગંગા એને અડીને વહેતી હતી, પરંતુ હવે તો એ ચાર-પાંચ માઈલ દૂર જતી રહી છે.

કાન્યકુબ્જને અશ્વતીર્થ પણ કહે છે. એની પાછળનો ઈતિહાસ એવો છે કે, ત્યાંના મહારાજા ગાધિની પુત્રી સાથે મહર્ષિ ઋચિકે લગ્ન કરેલું. રાજાએ વિવાહના બદલામાં હજાર શ્યામ કર્ણવાળા ઘોડાઓની માગણી કરી. વરુણદેવને પ્રાર્થના કરીને મહર્ષિએ એમની કૃપાથી ઘોડા ત્યાં પ્રકટ કરી દીધા. મહારાજા ગાધિના પુત્ર વિશ્વમિત્ર થયા, ને મહર્ષિ ઋચિકના પુત્ર જમદગ્નિ ઋષિ થયા.

કાન્યકુબ્જમાં સિંહવાહિની દેવી, ગૌરીશંકર, ક્ષેમકરી દેવી તથા ફૂલમતી દેવીનાં મંદિર છે.

**બિઠૂર :** કાનપુરથી ૨૨ માઈલ દૂર અને કનૌજથી આશરે ૩૮ માઈલ દૂર આવેલા મંધના સ્ટેશનથી બિઠૂર માટેની ટ્રેન મળે છે. બિઠૂર સ્ટેશન પાસે પહેલાં નવી વસતિ, ને પછી જૂની વસતિ જોવા મળે છે. બિઠૂર એક સરસ તીર્થસ્થાન છે. ત્યાં બ્રહ્માઘાટ જેવા ગંગાના કેટલાય ઘાટ અને અનેક મંદિરો છે. મંદિરોમાં વાલ્મીકેશ્વર મહાદેવ મુખ્ય છે. કેટલાકનું માનવું છે કે, સ્વાયંભુવ મનુની રાજધાની અહીં જ હતી અને ધ્રુવનો જન્મ પણ આ જ સ્થળે થયેલો.

બિઠૂરથી સાતેક માઈલ દૂર વૈલારુદ્રપુર ગામ છે. એનું પ્રાચીન નામ દ્રૈલવ કહેવાય છે. મહર્ષિ વાલ્મીકિની જન્મભૂમિ તરીકે એનો ઉલ્લેખ કરવામાં આવે છે. વનવાસનાં વરસો દરમિયાન સીતા અહીં જ વાલ્મીકિ મુનિના આશ્રમમાં રહેલાં. લવકુશનો જન્મ પણ આ જ સ્થળે થયેલો, એમ ત્યાંના લોકો તરફથી કહેવામાં આવે છે. ત્યાં એક જૂના જમાનાનો વાલ્મીકિ કૂવો પણ જોવા મળે છે.

બિઠૂરનું ઐતિહાસિક મહત્વ ખાસ યાદ રાખવા જેવું છે. મહર્ષિ વાલ્મીકિએ રચેલા રામાયણના ઉત્તરકાંડમાં આવે છે કે, શોકમગ્ન બનેલા લક્ષ્મણે સીતાને મસ્તક નમાવીને કહ્યું : 'ગંગાતટ પરનું આ બ્રહ્મર્ષિઓનું શાંત સુંદર તપોવન છે. આ સ્થળ અત્યંત પવિત્ર મનાય છે. તમે વિષાદમુક્ત થઈને આ સ્થળમાં વાસ કરો એવી શ્રીરામની આજ્ઞા છે. પિતા દશરથના પરમ મિત્ર યશસ્વી ઋષિ વાલ્મીકિનો અહીં આશ્રમ છે. એમાં તમે સુખપૂર્વક નિવાસ કરજો.'

**સીતાની નિર્વાસનભૂમિ :** લક્ષ્મણે ત્યજાયેલી સીતાને જે સ્થળે છોડેલી તે સ્થળ બિઠૂર, સીતાની નિર્વાસનભૂમિ કહેવાય છે. એનું બીજું નામ બ્રહ્માવર્ત પણ છે. ત્યાં સીતાજીનો ત્યાગ કરવામાં આવ્યો હોવાથી તે 'પરિહર ક્ષેત્ર' ગણાયું. આજે ગ્રામભાષામાં એ 'પરિમલ' નામથી પ્રખ્યાત છે. કાનપુરથી ઉત્તર-પૂર્વ દિશામાં દસેક માઈલને અંતરે ગંગાકિનારે બ્રહ્માવર્ત નામનો કસ્બો છે, જે બિઠૂર નામથી જાણીતો છે. ગંગામાં સ્નાન કરવાના ઉદ્દેશથી ત્યાં ભાવિક સ્ત્રીપુરુષો મોટી સંખ્યામાં એકઠાં થાય છે.

મહર્ષિ વાલ્મીકિએ પોતાના આશ્રમમાં સીતાને આશ્રય આપ્યો હતો ને કાળક્રમે ત્યાં લવકુશનો જન્મ થયો હતો, એ વાત જાણીતી છે. રામે અશ્વમેઘ યજ્ઞ કર્યો ત્યારે લવ અને કુશે એ યજ્ઞના ઘોડાને વાલ્મીકિના આશ્રમ પાસે પકડીને બાંધી દીધેલો. પરિણામે આશ્રમથી થોડેક દૂર ભયંકર યુદ્ધ થયું. લવ અને કુશે એ ભીષણ યુદ્ધમાં અદ્દભુત વીરતાથી મોટામોટા મહારથીઓને હરાવીને વિજય મેળવ્યો. છેવટે રામ પોતે યુદ્ધભૂમિ પર હાજર થયા. લવ-કુશની સાથે શ્રીરામનો મેળાપ નિર્દેશતા એ ઐતિહાસિક સ્થળને રણમેલ કહેવામાં આવે છે. એમાંથી અપભ્રંશ થયેલ ‘રમેલ’ શબ્દનો પ્રયોગ આજે થઈ રહ્યો છે. ત્યાં રહેતી પ્રજાને પણ રમેલ કહેવામાં આવે છે.

**ધ્રુવજીની સ્મૃતિ** : બિઠૂરની પવિત્ર ભૂમિનો સંબંધ પ્રાતઃસ્મરણીય મહાન ભક્ત ધ્રુવની જીવનકથા સાથે પણ જોડાયેલો છે. અહીં આવેલા બ્રહ્મેશ્વરથી અડધો માઈલ દૂર દક્ષિણ દિશાએ ધ્રુવટીલા નામે ટેકરી છે. ત્યાં ધ્રુવેશ્વર નામનું મંદિર છે. એમાં ભક્ત ધ્રુવની કાળા પથ્થરની નાનકડી મૂર્તિ છે. એ ટેકરી પર ધ્રુવના પિતા રાજા ઉત્તાનપાદનો મહેલ હતો અને એમાં ધ્રુવનો જન્મ થયેલો, એવી વાત પ્રચલિત છે.

**પુરાણ કથા** : પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે, બ્રહ્માએ બિઠૂરમાં બેસીને જગતની રચના કરેલી. એ વિરાટ કાર્યને સાંગોપાંગ પાર ઉતારવા માટે એમણે બ્રહ્મેશ્વર નામના શિવલિંગની સ્થાપના કરીને એની પ્રેમપૂર્વક પૂજા કરી હતી. બ્રહ્માએ ત્યાં કરેલા સૃષ્ટિરચનાના કાર્યની અને એમણે ત્યાં કરેલા દીર્ઘકાળના નિવાસની સ્મૃતિમાં આ સ્થળમાં ‘બ્રહ્માની ખૂંટી’ કરવામાં આવી છે. યાત્રીઓ એનું દર્શન કરી શકે છે.

બ્રહ્મેશ્વરથી એકાદ માઈલ દૂર મહર્ષિ વાલ્મીકિનો આશ્રમ આવેલો છે. એ સ્થળે રહીને જ વાલ્મીકિએ રામાયણની રચના કરી હતી.

**દેશભક્તોની આશ્રયભૂમિ:** તીર્થ તરીકેના મહિમાની સાથેસાથે આ ભૂમિને ઊછળતા રાષ્ટ્રપ્રેમથી ભરેલા હૃદયવાળા મહાન આત્માઓની પુણ્યભૂમિ તરીકેનો યશ પણ પ્રાપ્ત થયો છે. ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં મહત્વનો ભાગ ભજવનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે અને નાનાસાહેબને આ ભૂમિનો લાભ બાલ્યાવસ્થાથી પ્રાપ્ત થયેલો.

ઈ.સ. ૧૮૫૧માં પોતાનું મૃત્યુ થયું તે પહેલાં ઈ.સ.૧૮૩૯માં બાજીરાવ પેશ્વાએ અંગ્રેજોને લખી જણાવેલું કે ‘મારા મોટા પુત્ર ધોંડોપંત નાનાસાહેબને આ લેખ દ્વારા હું પેશવાઈ પદનો અધિકારી બનાવું છું. બ્રહ્માવર્તની વ્યવસ્થા તથા રાજ્યલક્ષ્મી હું એના હાથમાં સુપરત કરું છું.’

પરંતુ બાજીરાવનું ભાગ્ય વાંકું હોવાથી, અંગ્રેજ સરકારે એના લેખને કબૂલ ના રાખ્યો, અને એથી આગળ વધીને એમને મળતી આઠ લાખ રૂપિયાની નિવૃત્તિરકમ પણ બંધ કરી દીધી. નાનાસાહેબથી એ અપમાન ના સહી શકાયું. એવા અન્યાયી અંગ્રેજ શાસકોને દેશમાંથી હાંકી કાઢવાનો અને એમની સત્તાનો અંત આણવાનો એમણે નિર્ણય કર્યો. કહે છે કે, ઈ.સ. ૧૮૫૭ ના આઝાદી જંગના ફણગા એમાંથી જ ફૂટયા હતાં. એ પ્રસંગના પરિણામરૂપે જ એ જંગની યોજના બની. એ યોજના તૈયાર કરવામાં નાનાસાહેબનો તથા તાત્યા ટોપેનો મુખ્ય હાથ હતો. એ યોજના બ્રહ્માવર્તમાં નાનાસાહેબના રાજપ્રાસાદમાં તૈયાર થયેલી. દેશની આઝાદીના એ યાદગાર ઐતિહાસિક જંગમાં પ્રાણને હાથમાં લઈને લડનારા એ વીરપુરુષોની સ્મૃતિમાં એ

ભૂમિમાં દર વરસે મેની દશમી તારીખે ઉત્સવ થાય છે. તે વખતે પ્રજા એમને અનુરાગભરી શ્રદ્ધાંજલિ અર્પે છે અને એમનાં જીવનમાંથી પ્રેરણા મેળવે છે.

ઈતિહાસના કથન પ્રમાણે, બાજીરાવ પેશ્વા ઈ.સ. ૧૮૧૮માં બિઠૂરમાં રહેવા આવ્યા અને અંગ્રેજો દ્વારા અપાતી પેન્શનની રકમ પર જીવન ચલાવવા લાગ્યા. એમણે પોતાની અંગત મિલકતનો સદ્દુપયોગ કરીને આ ભૂમિમાં મંદિરો તથા ઘાટોની રચના કરી. એમણે પોતાના આશ્રયે આવેલા મહારાષ્ટ્રના માધવ નારાયણ ભટ્ટ નામના બ્રાહ્મણ પુત્રને, પોતાને સંતાન ના હોવાથી દત્તક લીધો. પાછળથી એ પુત્રની પ્રસિદ્ધિ નાનાસાહેબ પેશ્વા તરીકે થઈ.

બાજીરાવની સાથે બિઠૂરમાં પાંડુરંગ ભટ્ટ યેવલેકર પણ પોતાના કુંટુંબ સાથે આવેલા. તે ભારે મોટા પંડિત હતા. તેમની પહેલી પત્નીથી રામચંદ્ર ને ગંગાધર નામના જે બે પુત્રો હતા તેમાંના રામચંદ્રને તાત્યા ટોપે તરીકે પ્રસિદ્ધિ મળી.

પેશવાઈના અંત પછી, કાશીમાં પોતાના શેષ જીવનના અંતિમ દિવસો પસાર કરી રહેલા બાજીરાવ પેશ્વાના ભાઈ ચિમણાજી અપ્પાના આશ્રયે મોરોપંત તાંબે રહેતા હતા. ચિમણાજી અપ્પાનું અવસાન થતાં મોરોપંત તાંબે પોતાના પરિવાર સાથે બિઠૂરમાં બાજીરાવના આશ્રયે આવી પહોંચ્યાં. મોરોપંતની પુત્રી મનુ બાજીરાવને ઘણી પ્રિય હોવાથી તેને તે છબીલી કહીને બોલાવતા. તેનું લગ્ન બાજીરાવ પેશ્વાની વગને લીધે ઈ.સ. ૧૮૪૨માં ઝાંસીના રાજા ગંગાધરરાવની સાથે કરવામાં આવેલું. એ છબીલી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ નામથી અમર બનીને અનેકની પ્રેરણાદાત્રી બની ગઈ.

બિઠૂરની યાત્રા એવી રીતે ધાર્મિક ને રાષ્ટ્રીય બંને જાતનાં સંસ્મરણોથી ભરેલી છે. એટલા માટે જ બિઠૂર ગંગા ને યમુનાના સુખદ સંગમ જેવું લાગે છે. એ ભૂમિમાં ફરતી વખતે ભારતીય ઈતિહાસનાં અતીતકાળનાં સંસ્મરણો અંતરઆંખ આગળ ઊભાં થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૬. સોરો (વારાહક્ષેત્ર)

સોરો એટા જિલ્લામાં આવેલું છે. પૂર્વ-ઉત્તર રેલવેના કાસગંજ સ્ટેશનથી તે નવેક માઈલ દૂર છે. ત્યાં રેલવે દ્વારા જઈ શકાય છે. એને વારાહક્ષેત્ર કહેવામાં આવે છે. દેશમાં કેટલાંક બીજાં સ્થાનો પણ વારાહક્ષેત્ર નામે ઓળખાય છે.

સોરો મોટું શહેર છે. પ્રાચીનકાળમાં ત્યાં શહેરની તદ્દન પાસે થઈને ગંગા વહેતી હશે એવું અનુમાન એનું નિરીક્ષણ કરતાં સહેજે કરી શકાય છે. આજે તો વખતના વીતવાની સાથે ગંગા આ શહેરથી ઘણે દૂર જતી રહી છે, તોપણ એના પ્રાચીન પ્રવાહના કિનારે બાંધેલા જુદાજુદા ઘાટ આજે પણ જોઈ શકાય છે. ઘાટની પાસે કેટલાંય મંદિરો છે. એમાં વારાહ ભગવાનનું મંદિર ખાસ જોવા જેવું છે. તેમાં શ્વેતવારાહની ચતુર્ભુજ મૂર્તિ વિરાજે છે.

અહીં જે હરિપદીગંગા નામે કુંડ છે તેમાં સ્વજનોનાં અસ્થિવિસર્જન કરવા લોકો આવે છે. અહીં પ્રત્યેક વરસે માગશર સુદ અગિયારસના દિવસે મેળો ભરાય છે, ને તે આઠ દિવસ સુધી ચાલુ રહે છે. ત્યાંના ગૃદ્ધવટની નીચે બટુકનાથનું મંદિર છે. નંદદાસજીએ સ્થાપેલું શ્યામાયન કે બલદેવજીનું મંદિર પણ જોવા જેવું છે. તે ઉપરાંત, યોગમાર્ગ તથા સૂર્યકુંડના સ્થળો પણ અહીંના તીર્થો તરીકે જાણીતાં છે.

સોરોના કેટલાંક લોકો એમ માને છે કે, સંત તુલસીદાસનો જન્મ આ જ સ્થળે થયેલો. એ માન્યતાને વિદ્વાનો અને બહારના અભ્યાસીઓ દ્વારા પુષ્ટિ નથી મળતી. તુલસીદાસજીના જન્મસ્થાન તરીકે તો રાજાપુરની જ ખ્યાતિ વધારે છે અને ત્યાં એમની સ્મૃતિમાં સ્મારક પણ રચાયેલું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭. ગોલા ગોકર્ણનાથ

ગોલા ગોકર્ણનાથનું તીર્થ પણ ઉત્તર ભારતમાં ખૂબ વખણાય છે. એ સ્થાન રેલવે-લાઈન પર છે, અને કાસગંજ-લખનૌ લાઈન પરના લખીમપુર ખીરી નામના સ્ટેશનથી લગભગ ૨૨ માઈલ દૂર છે. એને ઉત્તર ગોકર્ણક્ષેત્ર કહેવામાં આવે છે. દક્ષિણ ગોકર્ણક્ષેત્રનું તીર્થ દક્ષિણ ભારતમાં છે.

એક વિશાળ સુંદર સરોવરની બાજુમાં ગોકર્ણનાથ મહાદેવનું મોટું મંદિર છે. યાત્રીઓના રહેવા માટે ત્યાં ધર્મશાળા પણ છે. શિવરાત્રીએ તથા ચૈત્ર સુદમાં ભરાતા મોટા મેળા દરમિયાન એ તીર્થસ્થાનમાં ઘણા માણસો ભેગા થાય છે.

આ તીર્થ સંબંધી 'વારાહપુરાણ'માં એક કથા છે : ભગવાન શંકર આ ક્ષેત્રમાં એકવાર મૃગનું રૂપ લઈને ફરી રહ્યા હતા. દેવતાઓ એમને શોધવાની ઈચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. એમાંથી બ્રહ્મા, વિષ્ણુ ને ઈન્દ્રે એમને ઓળખીને એમને પકડવા માટે એમનાં શિંગડાં પકડ્યાં. શંકર ભગવાન એકાએક અદૃશ્ય થઈ ગયા, પરંતુ એમનાં શિંગડાં દેવોના હાથમાં રહી ગયાં. એમાંથી એક શિંગડું દેવોએ આ સ્થળમાં સ્થાપ્યું, બીજું બિહારના ભાગલપુર જિલ્લાના શૃંગેશ્વર નામે સ્થળમાં અને ત્રીજું ઈન્દ્રે સ્વર્ગમાં સ્થાપ્યું. રાવણે ઈન્દ્રને યુદ્ધમાં હરાવીને ગોકર્ણલિંગને સ્વર્ગમાંથી હાથ કર્યું. રસ્તામાં એને એક જગ્યાએ રાખીને પોતે નિત્યક્રમમાં પ્રવૃત્ત થયો. નિત્યકર્મ પૂરું કરીને એણે મૂર્તિને ઉપાડવાનો પ્રયત્ન કર્યો, પણ મૂર્તિ ઉપાડી ના જ શકાઈ. રાવણે સ્વર્ગમાંથી આણેલી એ લિંગમૂર્તિ દક્ષિણ ભારતના ગોકર્ણતીર્થમાં છે, ને દેવતાઓએ સ્થાપેલી મૂર્તિ અહીં છે, એમ કહેવાય છે.

ગોકર્ણની આજુબાજુ કેટલાંક અન્ય તીર્થો છે. યાત્રી તે તીર્થોનું પણ દર્શન કરે છે. ગોકર્ણમંદિરથી અડધા માઈલ અંતરે ભદ્રકુંડ છે. મંદિરની પાસે ગોકર્ણતીર્થ છે. કોણાર્કકુંડ હિંદુસ્તાન સુગર મિલથી ઉત્તરમાં છે. ગોકર્ણથી ચારેક માઈલ દૂર માણ્ડકુંડ છે. પુનર્ભૂકુંડ સ્ટેશનથી ઉત્તરમાં આવેલા પુનર્ભૂ નામના ગામમાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૮. ગોરખપુર

ગોરખપુરનું નામ સાંભળતાવેંત નાથ સંપ્રદાયના મહાપ્રતાપી ને સમર્થ સંતપુરુષ શ્રી ગોરખનાથનું સ્મરણ આપોઆપ થાય છે; અને એની સાથે જિજ્ઞાસા થાય છે કે, એ સમર્થ સંતપુરુષના નામ સાથે ગોરખપુર શહેરની ભૂમિને કોઈ સીધો કે આડકતરો સંબંધ છે કે કેમ. સહેજ સંશોધન કરવાથી એ જિજ્ઞાસા વાજબી ઠરે છે. કારણ કે, આપણને જાણવા મળે છે કે, ગોરખનાથની તપોભૂમિ આ જ હતી. ગોરખનાથે પોતાના જીવનની સાધના અને સિદ્ધિનો ઘણો કાળ ત્યાં જ વીતાવેલો. એમની સ્મૃતિમાં ત્યાં આજે પણ ગોરખનાથની ગાદી અને ગોરખનાથનું મંદિર છે. ગોરખનાથનાં સ્થાન દેશમાં કેટલાંય છે, પરંતુ એમાં જે ચાર મઠ મુખ્ય માનવામાં આવે છે તેમાં ગોરખપુરનો મઠ મહત્વનો છે. બીજાં સ્થળોમાં જૂનાગઢ, પેશાવર ને દક્ષિણ ભારતનું ભડંગનાથ છે.

ગોરખપુરના ગોરખનાથ મઠને બાબા દિગ્વિજયનાથ તથા બાબા ગંભીરનાથને લીધે વિશેષ ગૌરવ તથા ખ્યાતિ મળ્યાં છે. એમને લીધે એનો વિકાસ પણ સારો થયો છે. ગંભીરનાથજી નાથ સંપ્રદાયની ઉજ્જવળ પરંપરાના એક સારા ને સાચા સંતપુરુષ હતા, એ હકીકત એમના જીવનચરિત્રનું અધ્યયન કરવાથી સહેજે સમજી શકાય છે. ગોરખનાથનું મંદિર વિશાળ, સ્વચ્છ ને સુંદર છે, અને એમાં વિરોજેલી ગોરખનાથની ચિત્તાકર્ષક મૂર્તિ જોઈને અંતર અવનવા ભાવોથી ભરાઈ જાય છે. સ્ટેશનથી ત્રણેક માઈલ દૂર આવેલા એ મંદિર સુધી જવા પાકી સડક બનેલી છે.

શહેર મોટું છે. એ શહેરનું નામ આજે તો વરસોથી લોકજીભે ચઢી ગયું છે, તેનું એક ખાસ મહત્વનું બીજું કારણ ત્યાંની સુપ્રિદ્ધ સંસ્થા 'ગીતાપ્રેસ' છે. શહેરના શેખપુર લત્તામાં ગીતા પ્રેસ રોડ પર એ સંસ્થા છે. એનું પ્રવેશદ્વાર ખૂબ જ કલાપૂર્ણ છે. એ સંસ્થાએ ધાર્મિક માસિક 'કલ્યાણ' તથા બીજાં ધાર્મિક-સાંસ્કૃતિક લોકોપયોગી પ્રકાશનો દ્વારા ભારતીય જનતાની, ખાસ કરીને હિંદીભાષી જનતાની મહામૂલી સેવા કરી છે. એ સેવા યજ્ઞ આજે પણ ચાલી રહ્યો છે. એવી અનેક સંસ્થાઓની આજે આવશ્યકતા છે, જે ઓછામાં ઓછા મૂલ્યે વધારેમાં વધારે સારું સાહિત્ય નિયમિત રીતે પ્રજાને પૂરું પાડે.

શહેરમાં ઉતરવા માટે ધર્મશાળા-બજારમાં ધર્મશાળા છે. તે ઉપરાંત, હિંદી બજારમાં સ્વ. મહાવીરપ્રસાદ પોદ્દારની તથા હરબંસરામ ભગવાનદાસની ધર્મશાળાઓ છે. સ્ટેશનથી એકાદ માઈલ દૂર સુંદર પ્રાચીન વિષ્ણુમંદિર છે, જે ખાસ જોવા જેવું છે.

ગોરખપુરની આજુબાજુના વિસ્તારમાં પણ કેટલાંક મહત્વનાં તીર્થસ્થાનો છે. મગહર, કુશીનગર, લુમ્બિની અને શ્રાવસ્તી ઉલ્લેખનીય છે.

**મગહર** : ગોરખપુરથી લખનૌ જતી રેલવેમાં મગહર સ્ટેશન આવે છે. તે ગોરખપુરથી લગભગ સત્તર માઈલ દૂર છે. એ સ્થળની પ્રખ્યાતિ ખાસ કરીને મહાત્મા કબીરને લીધે છે. કબીરદાસે સરળ ગૂઢ ભાષામાં ઉપદેશ આપીને લોકોના નૈતિક ને ધાર્મિક જીવનસ્તરને ઊંચે લાવવાનો પ્રખર અને પ્રામાણિક પ્રયાસ કરેલો. એવા ઉજ્જવળ પ્રયાસ પછી આ સ્થળમાં એમણે શરીર છોડ્યું. એમની સ્મૃતિમાં અહીં સમાધિની રચના કરવામાં આવી છે. એ સમાધિનું નિરીક્ષણ કરતાં, એ મહાપુરુષના જીવન તથા કવનની

વિશેષતા આપણી આંખ આગળ તાદૃશ થાય છે, અને એમના પ્રત્યે આપણા મનમાં માન પેદા થાય છે. કબીર પંથમાં માનનારાં ને રસ લેનારાં સ્ત્રીપુરુષો માટે એ સ્થાન ખરેખર દર્શનીય મનાય છે. મહાત્મા કબીરની સમાધિ ઉપરાંત, એમના પ્રતાપી પુત્ર કમાલની સમાધિ પણ શહેરમાં જોવા મળે છે.

**કુશીનગર :** પોતાનું ધર્મચક્ર-પ્રવર્તન પૂરું થયે, ભગવાન બુદ્ધના મહાનિર્વાણનો અથવા શરીરત્યાગનો સમય પાસે આવ્યો ત્યારે કુશીનગરમાં બે શાલ વૃક્ષોની વચ્ચે આડા પડીને એમણે શાંતિથી શરીર છોડ્યું. એ વખતે એમની ઉંમર ૮૦ વરસની હતી, એમ કહેવાય છે. એમના નિર્વાણનો નિશ્ચય સાંભળીને દુઃખી થઈ ગયેલા શિષ્ય આનંદને એમણે કહ્યું : 'જગતનો કોઈ પણ પદાર્થ અમર નથી. જે જન્મે છે તે જાય છે. જે શરીર ધારણ કરે છે તેણે શરીર છોડવું જ પડે છે. એમાં હર્ષશોકને સ્થાન ના હોય.' વરસો વીતી ગયાં, છતાં આજે પણ એ વચનો અમર છે.

કુશીનગરના એ પ્રાચીન સ્થાનમાં આજે કસિયા નામે સ્થળ વસ્યું છે. ગોરખપુરથી એ લગભગ ૩૬ માઈલ દૂર છે, અને ત્યાં બસમાં બેસીને જઈ શકાય છે. ત્યાં ભગવાન બુદ્ધનું સ્મારક છે. બિરલાની ધર્મશાળા છે. ત્યાંના પરિનિર્માણસ્તૂપ ને વિહારસ્તૂપ પણ જોવા લાયક છે. બૌદ્ધ ધર્માવલંબી પ્રજા માટે એ સ્થળ અત્યંત અગત્યનું તીર્થધામ છે.

**શ્રાવસ્તી :** ગોરખપુરથી ગોંડા જતી રેલવેમાં વચ્ચે આવતા બલરામપુર સ્ટેશનથી બારેક માઈલ દૂર સહેરમહેઠ ગામ છે. વિદ્વાનોની માન્યતા મુજબ, પ્રાચીનકાળનું સુપ્રસિદ્ધ શ્રાવસ્તી શહેર એ જ છે. એ શહેર કોશલદેશની રાજધાનીનું હતું. શ્રીરામના પુત્ર લવે ત્યાં પોતાની રાજધાની કરેલી. મહાભારતના ભીષણ યુદ્ધ પછી યુધિષ્ઠિરે કરેલા અશ્વમેધ યજ્ઞના ઘોડાની રક્ષા કરતી વખતે ત્યાંના રાજકુમાર સુધન્વા સાથે ગાંડીવધારી વીર અર્જુને લડવું પડેલું, એવી દંતકથા પણ ચાલી આવે છે.

ગામમાં ભગવાન બુદ્ધનું મંદિર છે. બૌદ્ધ મઠ અને ધર્મશાળા પણ છે. બુદ્ધને આ સ્થળ વિશેષ ગમતું હોવાથી, પોતાના જીવનનાં કેટલાંય વરસો એમણે અહીં પસાર કરેલાં.

જૈનોના ત્રીજા તીર્થંકર સંભવનાથજીનો જન્મ ત્યાં થયો હોવાથી જૈનો માટે પણ એ સ્થળની મહત્તા વિશેષ ગણાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯. ગયા

**મહિમા :** ભારતવર્ષનાં મુખ્ય તીર્થો પૈકીનું એ એક મનાય છે. એમાં પણ, શ્રાદ્ધ સાથે સંબંધ ધરાવતાં તીર્થસ્થાનોમાં તો એ સર્વશ્રેષ્ઠ છે. માતૃશ્રાદ્ધ માટે જેમ સિદ્ધપુર સર્વોત્તમ મનાય છે, તેમ પિતૃશ્રાદ્ધ માટે ગયા કહેવાય છે. ત્યાં જેમનું શ્રાદ્ધ કરવામાં આવે છે તે પિતૃઓ સનાતન શાંતિ પ્રાપ્ત કરે છે ને સદ્દગતિ મેળવી લે છે. આવી શ્રદ્ધાથી પ્રેરાઈને કેટલાક ધર્મપ્રેમી લોકો એ મહાન તીર્થની મુલાકાત લે છે, અને પોતાના પિતૃઓને અંજલિ આપીને એક આવશ્યક કલ્યાણકારી કર્તવ્ય કર્યાનો સંતોષ મેળવે છે. પિતૃની પાછળના શ્રાદ્ધકર્મ કરવા માટે ગયાના એ પુણ્યક્ષેત્રમાં દેશના દૂરદૂરના ખૂણેથી લોકો આવતા હોય છે. એમનામાંના ઘણા ગોરોનાં મકાનોમાં રહે છે, તો કેટલાંક ધર્મશાળામાં ઊતરે છે. બીજાં બધાં જ તીર્થોની જેમ ગયામાં પણ ધર્મશાળાઓની વ્યવસ્થા છે. તેમાં સ્ટેશન પાસે શેઠ શિવપ્રસાદ ઝૂનઝૂનવાળાની, એ જ શેઠની ચાંદગૌરા પાસેની બીજી ધર્મશાળા, ચોકમાં ગુલરાજ રામનિવાસ, અને ભારત સેવાશ્રમ સંઘની ધર્મશાળા, તેમજ સ્ટેશનથી દોઢેક માઈલ દૂર આવેલી જૈન ધર્મશાળા, એટલી ખાસ ઉલ્લેખનીય છે.

ગયામાં પ્રવેશ કરતી વખતે શ્રી રામકૃષ્ણ પરમહંસના જન્મ પહેલાંની એક કથાનું સ્મરણ થયા વિના નથી રહેતું. કહે છે કે, પરમહંસદેવના જન્મ પહેલાં એમના પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાય તીર્થોની યાત્રાએ નીકળેલા. ફરતાંફરતાં તેઓ ગયામાં આવી પહોંચ્યા. ત્યાં તેમને ગદાધર ભગવાન વિષ્ણુએ સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, 'તમારી શ્રદ્ધાભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમારી યાત્રા સફળ થઈ છે. માટે વહેલી તકે ઘરે જાઓ. થોડા જ વખતમાં હું તમારે ત્યાં પુત્રરૂપે જન્મ લઈશ.'

એ પ્રસંગ પછી ખુદીરામ તીર્થયાત્રાની પૂર્ણાહુતિ કરીને ઘેર આવ્યાં. પોતાની ધર્મપરાયણ પત્ની ચંદ્રામણીને એમણે એ સ્વપ્નપ્રસંગની વાત કહી સંભળાવી, અને તે બંને એ પવિત્ર પ્રસંગને યાદ કરી આનંદ પામ્યાં. તે પછી શ્રી રામકૃષ્ણદેવનો જન્મ થયો. એમનું નામ ગદાધર પાડ્યું. રામકૃષ્ણદેવના રૂપમાં પ્રકટેલી વિભૂતિ કોઈ સાધારણ વ્યક્તિ નહોતી. ગયાના સુવિખ્યાત તીર્થના શ્રાદ્ધદેવતા ભગવાન ગદાધર પોતે જ, ભારતના ભૂતકાલીન પ્રાતઃસ્મરણીય ઋષિવરોનું સાંસ્કૃતિક શ્રાદ્ધ કરવા, તેમને સંતૃપ્તિ આપવા, અને દેશ તેમજ દુનિયાની પ્રજાને આત્મશ્રદ્ધા, આત્મોન્નતિ અને શાંતિનો માર્ગ બતાવવા માનવરૂપે પ્રકટ થયા હતા. દેશમાં એમણે જે આધ્યાત્મિક નવજાગૃતિની લહર જગાડી તે ખરેખર અને ખૂબ જ મોટા પ્રમાણમાં ચિરસ્થાયી બનીને આશીર્વાદરૂપ નીવડી છે.

ગયા નામ ગય નામના અસુરની સ્મૃતિમાં પડેલું છે. એ બાબતે પંડાઓ તરફથી કહેવાતી ને પરંપરાગત વહેતી આવતી પૌરાણિક કથા જાણવા જેવી છે. [તીર્થોના સંબંધમાં પુરાણોમાં વિશદ વર્ણન કરવામાં આવ્યું છે, ને ભાતભાતની કથાઓ કહેવાઈ છે. એ પાછળ એમનો મુખ્ય ઉદ્દેશ તીર્થોનું મહત્વ બતાવવાનો અને તીર્થો પ્રત્યે પૂજ્યભાવ પેદા કરવાનો છે.] ધર્મની પુત્રી ધર્માવતીનું લગ્ન મહર્ષિ મરીચ સાથે થયેલું. એકવાર તે પોતાના પતિના પગ દબાવી રહી હતી, તે વખતે એકાએક બ્રહ્માજી પધાર્યા, એટલે એણે ઊઠીને એમનો સત્કાર કર્યો. મહર્ષિ મરીચે એમ માન્યું કે એણે વચ્ચેથી ઊઠીને પતિસેવાનો ત્યાગ કરીને દોષ કર્યો છે. પરિણામે એમણે શાપ આપ્યો, એટલે ધર્માવતી શિલા બની ગઈ. પરંતુ એ શિલા બની તે

પહેલાં એણે કરેલા કઠોર તપથી પ્રસન્ન થયેલા દેવોએ તથા ભગવાન નારાયણે એને વરદાન આપેલું કે, તારા શિલારૂપમાં બધા જ દેવો વાસ કરશે. એ સંદર્ભમાં કથા આગળ ચાલે છે કે, ભગવાન નારાયણે તેને વરદાન આપ્યું કે તારું શરીર બધાં તીર્થો કરતાં પવિત્ર થઈ જાય. વરદાન મળવા છતાં એણે તપ ચાલુ જ રાખ્યું. છેવટે બ્રહ્માજીએ એની પાસે જઈને યજ્ઞ કરવા માટે એના શરીરની માગણી કરી. ગય સૂઈ ગયો અને એના શરીર પર પેલી ધર્મવતી શિલા મૂકી દીધી. તે છતાં એ અસુર ઊઠવા લાગ્યો, ત્યારે બધા દેવતાઓ સાથે ભગવાન વિષ્ણુ પોતે ગદાધર બનીને એના પર ઊભા રહ્યા.

દસેક માઈલના વિસ્તારવાળું ગય રાક્ષસનું એ શરીર જ ગયા કહેવાય છે. એ એટલું બધું પવિત્ર છે કે, તેના પર કરેલું પુણ્યકર્મ કે શ્રાદ્ધ પરમ મંગલ કરનારું સાબિત થાય છે.

પંડાઓ દ્વારા કર્ણોપકર્ણો કહેવાતી એ આખ્યાયિકાનો સૂક્ષ્મ ભાવાર્થ એવો હોઈ શકે કે, ગયાનો દસેક માઈલનો વિસ્તાર પ્રાચીનકાળમાં ધર્મમય હોવા છતાં, કાંઈક અંશે આસુરી વૃત્તિથી ભરેલો હતો. એ રહીસહી આસુરી વૃત્તિનો અંત આણવાના આશયથી એના પર અનેક પ્રકારનાં ધર્માનુષ્ઠાન કરવામાં આવ્યાં. તે છતાં આસુરી વૃત્તિ પૂરેપૂરી ના મટી, ત્યારે તેને મટાડવા માટે બ્રહ્મવિદ્યાનો પ્રયાગ કરવામાં આવ્યો. એથી પણ ધારેલો હેતુ ના સર્યો, ત્યારે પરમાત્મા પોતે કોઈક એકનિષ્ઠ ભક્તની ભક્તિભાવનાને માન આપીને એ પ્રદેશ પર પ્રકટ થયા. આથી એની આસુરી વૃત્તિનો અંત આવ્યો અને એ પ્રદેશ પરિપૂર્ણરૂપે પવિત્ર થયો. આજે પણ એ ભૂમિ સૌકોઈને પવિત્ર કરવાની શક્તિ ધરાવે છે. પૌરાણિક કથાને એવી રીતે સમજીશું તો કોઈ હરકત નહિ થાય.

એ આસુરી વૃત્તિ ફરી પાછી બેઠી થઈને વિસ્તરવાને બદલે તદ્દન નામશેષ બની જાય અને નામશેષ દશામાં જ કાયમ રહે એ જોવાનો તેમજ એ પ્રમાણે વર્તવાનો પ્રત્યેક ગયાવાસીનો તેમજ ત્યાં જતા સૌનો ધર્મ છે. પરંપરિત કથાની ફળશ્રુતિ એ જ હોઈ શકે.

મહાભારતના વનપર્વમાં કહેવામાં આવ્યું છે કે :

ततो गयां समासाद्य ब्रह्मचारी समाहितः ।
अश्वमेघमवाप्नोति गमनादेव भारत ॥
यत्राक्षय्यवटो नाम त्रिषु लोकेषु विश्रुतः ।
पितृणां तत्र वै दत्तमक्षंय भवति प्रभो ॥
महानद्यामुपस्पृश्य तर्पयेत्पितृदेवताः ।
अक्षयाना प्नुल्लोकान्कुलं चैव समुद्धरेत् ॥

"ગયા જઈને બ્રહ્મચર્યના પાલન સાથે મનને સ્થિર કરવા સાધના કરનાર અશ્વમેધ યજ્ઞના ફળની પ્રાપ્તિ કરે છે. ત્યાં ત્રણે લોકમાં પ્રખ્યાત એવો અક્ષયવટ છે, જ્યાં પિતૃને અર્પણ કરેલું સર્વકાંઈ અક્ષય બની જાય છે. ત્યાં મહાનદીમાં સ્નાન કરીને જે પિતૃ તથા દેવતાનું તર્પણ કરે છે તેને અવિનાશી લોકની પ્રાપ્તિ થાય છે તથા તેના કુળનો પણ ઉદ્ધાર થાય છે."

પદ્મપુરાણમાં પણ આવો જ નિર્દેશ કરવામાં આવેલો છે.

ગયામાં શ્રાદ્ધ કરવાનો કોઈ નિશ્ચિત સમય ઠરાવવામાં નથી આવ્યો. મોટા ભાગના લોકો ભાદરવા મહિનામાં શ્રાદ્ધ માટે ત્યાં જતા હોય છે, એથી એ મહિનામાં જ શ્રાદ્ધ થાય છે એવું નથી સમજવાનું. પોતાની અનુકૂળતા પ્રમાણે ત્યાં ગમે ત્યારે શ્રાદ્ધ કે યાત્રા માટે જઈ શકાય છે.

**માર્ગ :** દિલ્હીથી કલકત્તા જતી ગાડીમાં પહેલાં અયોધ્યા, પછી કાશી, અને પછી ગયા સ્ટેશન આવે છે. પટના જવા માટે પણ ગયાથી ગાડી મળે છે. એવી રીતે આસપાસનાં મહત્વ ધરાવતાં મોટાં શહેરો સાથે ગયા સંકળાયેલું છે.

**દર્શનીય સ્થાનો :** ગયાનાં દર્શનીય સ્થાનોમાં વિષ્ણુપદ મુખ્ય છે. એ ત્યાંનું મુખ્ય મંદિર ગણાય છે. એ મંદિર રેલવે સ્ટેશનથી બે માઈલ દૂર છે, પરંતુ ત્યાં જવા-આવવા માટે સ્ટેશનથી સાધન મળી રહે છે. મંદિર ફલ્ગુ નદીના કાંઠે આવેલું છે. એમાં અષ્ટકોણ વેદી છે, અને એના પર ભગવાનનું ચરણચિહ્ન છે. બહારના ભાગમાં સુંદર સભામંડપ છે. શ્રાદ્ધ કરનારાઓ માટે ત્યાં બીજા બે મોટા મંડપ પણ બાંધેલા છે. મથુરાની જેમ અહીં પણ પંડાઓ યાત્રીઓ માટે ઉત્સુક હોય છે, ને યાત્રીઓ પાછળ ફરતા દેખાય છે. કેટલાય યાત્રીઓ એમની મદદથી શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરતા હોય છે.

ફલ્ગુ નદી ઘણી નાની હોવાથી ફક્ત ચોમાસામાં સજીવન દેખાય છે. બાકી, બીજી ઋતુઓમાં તદ્દન સુકાઈ જાય છે. ગયાની પૂર્વે આવેલી નગકૂટ ટેકરીની દક્ષિણે જતાં ફલ્ગુ નદી મહાના નદીના નામે ઓળખાય છે. ગયાની દક્ષિણે ત્રણેક માઈલ દૂર નીલાંજન નદી ને મહાના નદીનો સંગમ થાય છે. એ સંગમથી એકાદ માઈલ સુધી એ નદી સરસ્વતી નામે ઓળખાવાય છે. એ ઉપરાંત, મધુશ્રવા નામની એક બીજી નાની નદી પણ મહાના નદીમાં મળે છે.

વિષ્ણપદ મંદિરથી થોડેક દૂર ફલ્ગુ નદીના તટ પર ભગવાન ગદાધરની ચતુર્ભુજ મૂર્તિનું દર્શન થાય છે.

આદિગયા ગયાનું સૌથી પ્રાચીન સ્થાન મનાય છે. તે વિષ્ણુપદ મંદિરથી થોડેક દૂર છે. ત્યાંની શિલા પર પિંડદાન દેવાની પરીપાટી છે.

વિષ્ણુપદથી થોડે જ દૂર ઉત્તરમાં સૂર્યકુંડ નામે સ્થાન છે. તે કુંડનો ઉત્તર ભાગ દધીચિતીર્થ, મધ્યભાગ કનખલતીર્થ તથા દક્ષિણનો ભાગ દક્ષિણ માનસતીર્થ કહેવાય છે. એ કુંડની પશ્ચિમે એક મંદિર છે. તેમાં સૂર્યનારાયણ ભગવાનની ચતુર્ભૂજ મૂર્તિ જોવા મળે છે.

વિષ્ણુપદ મંદિરની સામેની બાજુએ ફલ્ગુ નદીની સામેના કિનારે સીતાકુંડ છે. ત્યાંના મંદિરમાં દશરથ રાજાનો કાળા પત્થરનો હાથ છે. ત્યાં એક શિલા છે, જેને ભરતના આશ્રમની વેદી કહેવામાં આવે છે. તેને રામગયા પણ કહે છે. ત્યાં કેટલીક મૂર્તિઓ અને મતંગ ઋષિનું ચરણચિહ્ન જોવા મળે છે.

વિષ્ણુપદથી એકાદ માઈલ ઉત્તરે ઉત્તરમાનસ સરોવર છે. એમાં ચારે તરફ પગથિયાં છે. ત્યાં એક ધર્મશાળા છે તથા સૂર્ય ને શીતલાદેવીની મૂર્તિઓવાળું મંદિર છે. ત્યાં શંકર ભગવાનનું મંદિર પણ બાંધેલું છે.

વિષ્ણુપદથી ત્રણેક માઈલ દૂર ફલ્ગુ નદીના તટ પર રામશિલા પર્વતમાળા છે. તેની નીચેના ભાગમાં રામકુંડ સરોવર છે. ત્યાં શંકરનું મંદિર પણ છે. તે ઉપરાંત, રામનું મંદિર ને ધર્મશાળા છે. ત્યાં 300 થી વધારે પગથિયાં ચઢતાં રામશિલાતીર્થ છે. ત્યાં પણ શંકર ભગવાનનું મંદિર છે. રામ આ સ્થળે આવ્યા તે

પહેલાં એ પર્વતમાળા પ્રેતશિલા નામે ઓળખાતી. રામસિલાની પાસે એક વટવૃક્ષ છે, જ્યાં કાકબલિ, શ્વાનબલિ, તથા યમબલિ આપવામાં આવે છે. તે સ્થાન કાકબલિ કહેવાય છે.

ગયાના દક્ષિણ ફાટકની પાસે વૈતરણી સરોવરની બાજુમાં બ્રહ્મસરોવર નામે બીજું સરોવર છે. એમાં પડેલા ગદાના ટુકડાની લોકો પ્રદક્ષિણા કરે છે. એની બાજુમાં એક મોટા આંગણામાં અક્ષયવટ નામે વડનું ઝાડ છે. ત્યાં બાજુમાં વટેશ્વર મહાદેવનું મંદિર, રુકમણી સરોવર તથા વૃદ્ધ પ્રપિતા મહેશ્વરનું મંદિર છે.

ગયાથી બુદ્ધગયા જતાં આશરે બે માઈલ દૂર બ્રહ્મયોનિ નામે પર્વત છે. ત્યાં બ્રહ્માજીનું મંદિર છે. નીચે બ્રહ્મકુંડ નામે સરોવર છે. બાજુમાં સાવિત્રીકુંડ તથા સરસ્વતીકુંડ છે. સાવિત્રીનું મંદિર તેમ જ કર્મનાશા સરોવર પણ ત્યાં જ છે.

એ ઉપરાંત પણ કેટલાંક જોવા જેવાં બીજાં સ્થળો ગયામાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦. નૈમિષારણ્ય

**તીર્થનો મહિમા :** પુરાણોનું પારાયણ કરનારાઓ નૈમિષારણ્યના નામને સારી પેઠે જાણે છે. નૈમિષારણ્યનો નિર્દેશ પુરાણોમાં સારી રીતે કરેલો છે. પુરાણોના અમર પાત્ર સૂતજીએ એ જ પુણ્યક્ષેત્રમાં શૌનકને અઢાર પુરાણોનો ઉપદેશ આપેલો. એ વખતે નૈમિષારણ્ય એક મહાન સત્સંગભૂમિ બનીને તીર્થશિરોમણિના ઊંચા પદ પર પહોંચી ગયેલું. સૂત પુરાણી પુરાણોની કથા સંભળાવતા ત્યારે કેટલાય લોકો ત્યાં એકઠા થતા. મોટામોટા સંતમહાત્માઓ, ભક્તો તથા વીતરાગ યોગીઓ પણ એમની આગળ કથા સાંભળવા શાંતિપૂર્વક બેસી જતા. એ વખતનું વાતાવરણ કેટલું બધું સુંદર, ઈશ્વરપરાયણ ને અદ્દભુત હશે ! સૂત પુરાણીને વક્તા બનાવીને પ્રાચીન ભારતના શાસ્ત્રકારોએ સૂચવ્યું છે કે, **ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ** ન ચ લિંગં ન ચ વયઃ -'માણસની પૂજા એના ગુણ અથવા એની લાયકાત જોઈને કરાવી જોઈએ, એની ઉંમર કે જાતિ જોઈને નહિ.' કોઈ ગમે તે જાતિમાં જન્મ્યો હોય અથવા ગમે તેટલી વયનો હોય તે વાતનું મહત્વ વધારે નથી આંકવાનું. મુખ્ય મહત્વ તો એની અંદરની લોકોત્તર યોગ્યતાનું છે. એ જોઈને જ એનું સન્માન કરાવું જોઈએ. ભારતવર્ષમાં એવી પ્રથા પ્રચલિત હતી, અને સૂતજી એ પ્રથાના જ ઉજ્જવળ ઉદાહરણરૂપ હતા. એમના અસાધારણ જ્ઞાન તથા અનુભવના ગુણોને લીધે જ એ જમાનામાં એમનો એટલો આદર કરવામાં આવેલો અને એમનું લોકોત્તર સન્માન કરવામાં આવેલું. સૂત પુરાણીએ એમના જમાનામાં જાણે કે જ્ઞાનની તેમજ પ્રેમભક્તિની પરબ માંડેલી. શૌનક જેવા બીજા કેટલાય બડભાગી ધર્મપરાયણ આત્માઓ એ પરબનું પ્રશાંતિદાયક પવિત્ર પાણી પીતા ને કૃતાર્થ બનતા. પુરાણોના કથામય વિવિધરંગી રૂપમાં ચાલુ થયેલી, પ્રાણને પુલકિત કરનારી ને પરિતૃપ્તિ પહોંચાડનારી એ પરંપરાગત પ્રાચીન પરબ આજે પણ એવી જ ચાલુ છે, ને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. આજ સુધી એણે શૌનક જેવા બીજા કેટલાય જિજ્ઞાસુ જીવોને શાંતિ આપી છે, ને પ્રેરણાની સામગ્રી પૂરી પાડી છે. સૂત પુરાણીની એ સેવા ઓછી મહત્વની કે ઓછી મૂલ્યવતી નથી સમજવાની.

નૈમિષારણ્યની પુણ્યભૂમિમાં પ્રવેશતાંવેંત એ પ્રતાપી મહાપુરુષની મૂર્તિ આપણી અંતરની આંખ આગળ હાજર થયા વગર નથી રહી શકતી. સુંદર સરિતાતટે વિશાળ વટવૃક્ષની નીચે જાણે કે એ જ્ઞાનવૃદ્ધ, તપસ્વી મહાપુરુષ સુખાસનમાં બેઠા છે; એમની સામે શૌનક છે, અને આજુબાજુ ઋષિઓનો વિશાળ, શાંત સમુદાય છે; સૌ ભગવદ્દભાવમાં લીન છે; નૈમિષારણ્યની ભૂમિ એ અનેરા અનુભવથી પોતાને પરમ સૌભાગ્યશાળી સમજી રહી છે. એ આખુંયે દૃશ્ય કેટલું બધું અદ્દભુત ને ધન્ય લાગે છે. એના અલૌકિક આનંદથી અંતર ખરેખર નાચી ઊઠે છે.

**માર્ગ :** ઉત્તર રેલવેના બાલામઉ સ્ટેશનથી ટ્રેન બદલીને નૌમિષારણ્ય જવા માટે આગળ વધવું પડે છે. બાલામઉથી નૈમિષારણ્ય લગભગ સોળ માઈલ દૂર છે. નૈમિષારણ્ય રેલવે સ્ટેશન છે. કાનપુરથી બાલામઉની ટ્રેન મળી શકે છે.

**શાસ્ત્રોના નિર્દેશ :** નૈમિષારણ્ય નામકરણના સંબંધમાં પ્રકાશ પાડતા કેટલાક નિર્દેશો શાસ્ત્રોમાં મળી આવે છે. વારાહપુરાણમાં કહેવામાં આવ્યું છે કે, એ ભૂમિમાં ભગવાન દ્વારા એક નિમિષમાત્રમાં રાક્ષસોનો

સંહાર કરવામાં આવ્યો, એથી એનું નામ નૈમિષારણ્ય પડ્યું. વાયુપુરાણમાં નૈમિષારણ્યના નામકરણનો ઉલ્લેખ કરતાં એક બીજી કથામાં કહેવામાં આવ્યું છે કે, મહર્ષિ શૌનકના મનમાં એકવાર લાંબા વખત સુધી જ્ઞાનયજ્ઞ કરવાની ઈચ્છા થઈ. એમણે એ ઈચ્છાથી પ્રેરાઈને આરાધના કરી. આખરે એમની આરાધના ફળી. એના પરિણામે બ્રહ્માએ પ્રસન્ન થઈને એમને એક ચક્ર આપ્યું અને કહ્યું : 'આ ચક્રને ચલાવતા આગળ વધો. જે સ્થળે એની નેમિ અથવા પરિધિ પડે તે સ્થળને સૌથી પવિત્ર માનીને ત્યાં રોકાઈ જજો. ત્યાં આશ્રમ કરીને જ્ઞાનયજ્ઞનું આયોજન કરજો.' શૌનકઋષિની સાથે બીજા ૨૮,૦૦૦ ઋષિઓ પણ હતા. તે બધા બ્રહ્માજીની સૂચના પ્રમાણે ચક્રની સાથેસાથે ચાલવા લાગ્યા. આખરે એક દિવસ ગોમતી નદીના તટપ્રદેશ પર એકાંત અરણ્યમાં એ ચક્ર પણ જમીનમાં ઊતરી ગયું. એટલે એને પવિત્ર પ્રદેશ માનીને શૌનકાદિ ઋષિઓ ત્યાં રોકાઈ ગયા. એ તીર્થ ચક્રની નેમિ પડવાથી નૈમિશ કહેવાયું, તથા જ્યાં ચક્રે ભૂમિમાં પ્રવેશ કર્યો તે સ્થળ ચક્રતીર્થ નામથી ઓળખાયું. મહર્ષિ શૌનકે એ જ તીર્થમાં બ્રહ્માની સૂચનાનુસાર જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યું, અને એમના સદ્દભાગ્યે એમને સૂત પુરાણી જોવા પ્રખર વીતરાગ વ્યાખ્યાતા મળી ગયા. વક્તા તથા શ્રોતા બંનેનો સુમેળ થયો.

પુરાણોમાં નૈમિષારણ્યનો મહિમા મોટા શબ્દોમાં કહી બતાવવામાં આવ્યો છે. એ મહિમાથી પ્રેરાઈને કેટલાક લોકો એ પવિત્ર ને પ્રાચીન તીર્થધામના દર્શન માટે આવે છે, ને ભૂતકાળની પૌરાણિક વાતોને યાદ કરીને શાંતિ અનુભવે છે. સાધકો એ શાંત ભૂમિમાં શાંતિથી સાધના પણ કરતા હોય છે. એ ભૂમિનું વાયુમંડળ પરમ પવિત્ર હોવાથી મનને પ્રસન્ન કરે છે ને પ્રેરણા ધરે છે. એ ભૂમિમાં રહીને નિયમિત સ્વાધ્યાય કરનારને વહેલી તકે, ઓછા પ્રયાસે પ્રકાશ મળે છે. એની નાનીમોટી સઘળી શંકાઓનું સમાધાન થાય છે. એ પછી એ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે તલપાપડ બને છે.

**દર્શનીય સ્થળો** : નૈમિષારણ્યમાં જોવા જેવાં સ્થાનોમાં સૌથી પહેલાં તો ચક્રતીર્થ આવે છે. ચક્રતીર્થનો આછોપાતળો ઉલ્લેખ અગાઉ આવી ગયો છે. એ તીર્થ ગોમતી નદીના તટ પર છે. સોમવતી અમાસના દિવસે ત્યાં મેળો ભરાય છે. બલરામજી સમસ્ત ભારતવર્ષની યાત્રા કરીને જ્યારે નૈમિષારણ્યમાં આવ્યા ત્યારે આ સ્થળમાં એમણે યજ્ઞ કરેલો, એમ કહેવાય છે. આ તીર્થ નૈમિષારણ્ય સ્ટેશનથી એકાદ માઈલ દૂર છે. એ એક સરોવર છે અને એની અંદર પાણી નિરંતર નીકળ્યા કરે છે. એના તટ પર ભૂતનાથ મહાદેવનું મંદિર છે. બીજાં પણ થોડાંક મંદિરો છે. એ પછી, પંચપ્રયાગ સરોવર પણ જોવા જેવું છે. એના તટે અક્ષયવટ નામે વડનું વૃક્ષ છે. ત્યાંના એક બીજા સરોવર પર કાશીતીર્થ છે. જ્યાં અન્નપૂર્ણા તથા વિશ્વનાથનાં મંદિર છે. ત્યાં પિંડદાન કરવાની પરિપાટી છે. નૈમિષારણ્યમાં વ્યાસ તથા શુકદેવનાં સ્થાન પણ જોવા મળે છે. ત્યાં મંદિરમાં શુકદેવની તથા મંદિરની બહાર મહર્ષિ વ્યાસની ગાદી છે. એની બાજુમાં મનુ તથા શતરૂપાના ઓટલા છે. બીજું સ્થાન 'દશાશ્વમેઘ ટીલા' કહેવાય છે. ત્યાંના મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણની તેમજ પાંડવોની મૂર્તિઓ છે. પાંડવકિલામાં પણ એ જ મૂર્તિઓ જોવા મળે છે.

નૈમિષારણ્યનું મુખ્ય મંદિર લલિતાદેવીનું મંદિર પણ યાત્રીઓએ જોવા જેવું છે. ત્યાં આવેલું સૂતજીનું સ્થાન ખાસ ધ્યાન ખેંચે છે. ત્યાંના એક મંદિરમાં સૂતજીની ગાદી છે. સૂતજી ત્યાં સદેહે વિરાજતા હશે ત્યારે વાતાવરણ કેટલું બધું અદ્દભુત અને આનંદદાયક લાગતું હશે !

નૈમિષારણ્યમાં બીજાં મંદિરો તથા ઘણા કુંડ પણ છે. એ ઉપરાંત, નારદાનંદ સ્વામીનો આશ્રમ પણ ત્યાં આવેલો છે, જ્યાં સાધકો રહી શકે છે. ત્યાંના બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વિદ્યાર્થીઓ શિક્ષણ પણ મેળવે છે. દેશમાં એવા આશ્રમો જેટલા વધારે થાય તેટલું લાભદાયક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૧. કૈલાસ માનસરોવર

**મહિમા :** કૈલાસ માનસરોવરનું નામ સાંભળતાં જ ભગવાન શંકર તથા પાર્વતીનું સ્મરણ થઈ આવે છે. યોગીઓના યોગી, ત્યાગીશિરોમણિ ભગવાન શંકરને કૈલાસપતિ પણ કહેવામાં આવે છે. કૈલાસના ઠંડા પ્રદેશમાં સમર્થ યોગી વિના બીજું કોણ રહી શકે ? ભાગવતના ચોથા સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં કરાયેલું કૈલાસ-વર્ણન વાંચવા જેવું છે.

"દેવતાઓને એ પ્રમાણે કહીને બ્રહ્માજી એમને, પ્રજાપતિઓને તથા પિતરોને લઈને પોતાના લોકમાંથી ભગવાન શંકરના પ્રિય ધામ પર્વતશ્રેષ્ઠ કૈલાસ પર ગયા. એ કૈલાસ પર ઔષધિ, તપ, મંત્ર તથા યોગ દ્વારા સિદ્ધ બનેલા દેવતા નિત્યનિવાસ કરે છે, તથા ત્યાં કિન્નર, ગંધર્વ, અપ્સરાદિનો વાસ છે. એનાં મણિમય શિખરો જુદીજુદી ધાતુઓને લીધે રંગબેરંગી લાગે છે. એના પર છવાયેલાં વૃક્ષો અને લતાઓમાં ભાતભાતનાં જંગલી જનાવરો ફર્યા કરે છે. ત્યાં પવિત્ર જલપ્રવાહો વહ્યા કરે છે. ઊંચી ખીણો ને ઉત્તુંગ શિખરોને લીધે એ પર્વત, પોતાના પ્રિયતમો સાથે વિહાર કરતી સિદ્ધપત્નીઓનું ક્રીડાસ્થાન બન્યો છે. એની ચારે બાજુનો વિસ્તાર મોરના સ્વર, મદાંધ ભ્રમરના ગુંજાર, કોયલના ટહુકાર તથા બીજાં પક્ષીઓના કર્ણમધુર કલરવથી ગાજી રહ્યો છે. એના પરનાં કલ્પવૃક્ષ પોતાની ડાળીઓને હલાવી હલાવીને પંખીઓને નિમંત્ર્યા કરે છે. એ પર્વત ત્યાંના હાથીઓના હલનચલનને લીધે હાલતો, ને ઝરણાંના સ્વરથી જાણે કે વાતો કરતો લાગે છે."

"મંદાર, પારિજાત, સરલ, તમાલ, શાલ, તાડ અને અર્જુન વૃક્ષોથી એ પર્વત સુશોભિત લાગે છે. એનાં સરોવરોમાં કુમુદ, ઉત્પલ, કલ્હાર અને શતપત્ર જેવાં બધી જાતનાં કમળ જોવા મળે છે. એની ચારે તરફ નંદા નામે નદી છે, જેનું પવિત્ર પાણી પાર્વતીના સ્નાનને લીધે વિશેષ પવિત્ર ને સુવાસિત બનેલું છે. ત્યાં અલકા નામની એક સુરમ્ય નગરી તથા સૌગન્ધિક વનને પણ દેવતાઓ જોઈ શક્યા. તે વનમાં બધે સુગંધ ફેલાવનારાં સૌગન્ધિક કમળ ખીલેલાં હતાં. ભગવાન ભૂતનાથના નિવાસસ્થાન કૈલાસપર્વતની એવી રમણીયતા જોઈને દેવતાઓને ભારે નવાઈ લાગી."

શ્રીમદ્ ભાગવતના એ કથન પ્રમાણે, દેવતાઓને તો નવાઈ જરૂર લાગી હશે, પરંતુ આપણને પણ કૈલાસનું એ વર્ણન વાંચીને આશ્ચર્ય સાથે આનંદ થાય છે. એવા સુંદર કૈલાસધામની યાત્રા કરવાનું મન કોને ના થાય ? ત્યાંના સરસ માનસરોવરના સંબંધમાં વાલ્મીકિ રામાયણના બાલકાંડમાં વિશ્વામિત્રના મુખે કહેવામાં આવ્યું છે કે -

कैलासपर्वते राम मनसा निर्मितं परम् ।
ब्रह्मणा नरशार्दूल तेनेदं मानसं सरः ॥

વિશ્વામિત્રે કહ્યું : "હે મનુષ્યોમાં સિંહ સમાન રામ, કૈલાસ પર્વત પર બ્રહ્માજીની ઈચ્છાથી તૈયાર થયેલું એક સરોવર છે, જે મનથી નિર્મિત થયું હોવાથી માનસરોવર નામે ઓળખાય છે."

કૈલાસ માનસરોવરના એ અલૌકિક મહિમાવાળા પવિત્ર પ્રદેશનો પુણ્યપ્રવાસ કરવાની ઈચ્છા પ્રત્યેક સ્ત્રીપુરુષના મનમાં પેદા થાય એ સ્વાભાવિક છે. પરંતુ એ હકીકત લક્ષમાં લેવા જેવી છે કે, એ પ્રવાસ ધાર્યા

જેટલો સહેલો નથી. હિમાલયના પર્વતીય પ્રદેશની યાત્રાઓમાં એ યાત્રા સૌથી કપરી ને લાંબી છે એમ કહીએ તો ચાલે. તેને માટે તૈયારી પણ સારી એવી કરવી પડે છે. મનોબળને મજબૂત કરીને ઉત્સાહ, હિંમત, ધીરજ ને સહનશક્તિ તો વધારવાં જ પડે છે, પરંતુ બીજી કેટલીક સામગ્રી પણ તૈયાર કરવી પડે છે, પર્વતીય પ્રદેશના પ્રવાસના લેશ પણ અનુભવ વિના, સૌથી પહેલાં સીધા કૈલાસ માનસરોવરની યાત્રાએ નીકળી પડવું તેના કરતાં પહેલાં બદરી-કેદારની યાત્રાનો અને ગંગાત્રી-જમનોત્રી તથા અમરનાથની યાત્રાનો અનુભવ લેવો આવશ્યક છે. કેમ કે, તેથી પર્વતીય મુશ્કેલીઓનો ખ્યાલ આવે છે, એથી ટેવાતાં આવડે છે, ને પરિણામે તે પછીની બીજી કઠિન યાત્રા સહેલી બને છે.

**યાત્રાની તૈયારી :** એક વખત એવો પણ હતો કે જ્યારે કૈલાસ માનસરોવરની યાત્રા લગભગ અશક્ય જેવી મનાતી, અને કોઈક વિરક્ત સાધુપુરુષો જ એનો લાભ લેતા. તિબેટમાં લૂંટાવાનો અને જાન ખોવાનો એમ બંને જાતનો ભય રહેતો. વાહનવ્યવહારનાં બીજાં સાધનોનો પણ સર્વથા અભાવ હતો. પરંતુ વખતના વીતવાની સાથે પરિસ્થિતિ પલટાતી ગઈ, ને પછી તો એ યાત્રા પ્રમાણમાં સહેલી થઈ. એને માટે ખાસ વ્યવસ્થિત મંડળીઓ પણ નીકળવા માંડી, ને માર્ગદર્શકો પણ મળવા માંડ્યા. તોપણ એ બીજી પર્વતીય યાત્રા કરતાં વધારે વિકટ તો છે જ. હમણાં તો છેલ્લા કેટલાક વખતથી રાજકીય પરિસ્થિતિને લીધે એ યાત્રા લગભગ બંધ જેવી થઈ ગઈ છે, અને ઘણી જોખમકારક બની છે. એ પરિસ્થિતિ જ્યારે સુધરે ત્યારે ખરી; પરંતુ એટલું તો સાચું કે પ્રત્યેક ભાવિક ભારતવાસીઓના પૂજ્ય દેવ હોવાથી, એમના એ અલૌકિક આવાસના દર્શનની ભાવના સૌ કોઈ સ્વાભાવિક જ સેવતા હોય છે.

કૈલાસ માનસરોવરની યાત્રામાં સારા સાથની ઘણી આવશ્યકતા છે. એ યાત્રા એકસરખી રુચિવાળાં માણસોની સાથે કરવામાં આવે તો ઘણો લાભ થાય છે અને રાહત રહે છે. મંડળી સાથે મોટે ભાગે કોઈ ને કોઈ સાધુસંતને રાખવાની પરિપાટી ચાલી આવે છે. કેટલાંય લોકો તેનું પાલન કરતાં દેખાય છે. તેના કારણમાં એવું કહેવામાં આવે છે કે, તિબેટમાં લોકો સામાન્ય રીતે યાત્રીઓને લૂંટી લે છે, પરંતુ યાત્રામંડળી સાથે કોઈ સાધુસંત હોય છે તો તેઓ તે મંડળીના સભ્યોને નથી લૂંટતા. સાધુસંતો પ્રત્યે એમને પુષ્કળ પ્રેમ ને પૂજ્યભાવ હોવાથી જ એવું બનતું હોય છે. જેમને તિબેટવાસીઓના એ સ્વભાવની ખબર હોય છે તેઓ કોઈક સાધુસંતને સાથે લઈને જ યાત્રા કરે છે.

**માર્ગો :** કૈલાસ માનસરોવર જવાના ઘણા માર્ગો છે. એમાં કાશ્મીરમાં લડાખ થઈને જતો માર્ગ, નેપાલમાં મુક્તિનાથ થઈને જતો માર્ગ, તથા ગંગોત્રીમાંથી જતા માર્ગની ગણતરી પણ કરી શકાય છે. છેલ્લે ગણાવેલો માર્ગ ભારે વિકટ છે, નિર્જન છે, ને બરફથી આચ્છાદિત ભીષણ પર્વતોના ચઢાણવાળો છે. કોઈ હિંમતવાળા સાધુસંતો કે એ બાજુના નિવાસીઓ એ માર્ગનો આધાર લઈને જાય એ જુદી વાત છે, બાકી સામાન્ય યાત્રીઓ માટે તો ઉત્તર ભારતના ત્રણ માર્ગો જ શેષ રહે છે, અને એ ત્રણે માર્ગોમાંથી કોઈ એક માર્ગે આગળ વધી શકાય છે. સૌથી પહેલો માર્ગ, કાઠગોદામથી મોટર દ્વારા અલ્મોડા જઈને ત્યાંથી આગળનો માર્ગ પકડવાનો છે. બીજો માર્ગ, કનકપુર સ્ટેશનથી મોટર દ્વારા પિથૌરાગઢ જઈને પગપાળા આગળ જવાનો માર્ગ છે. ત્રીજો માર્ગ બદરીનાથ તરફથી નીતીઘાટમાંથી પસાર થઈને આગળ જતો માર્ગ છે. એ ત્રણે માર્ગોમાંથી મોટા ભાગના યાત્રીઓ અલ્મોડા થઈને જવાનું વધારે પસંદ કરે છે.

એ ત્રણે માર્ગે જનારે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી પડે છે. એ માર્ગે જતાં ભારતની હદમાં જે છેલ્લું સ્થળ આવે છે ત્યાં સુધી તો ધર્મશાળા, ભોજનની સામગ્રી, વાસણ જેવી ઉપયોગી વસ્તુઓ સહેલાઈથી મળી રહે છે, પરંતુ ત્યાંથી આગળ વધ્યા પછી તિબેટમાં એમાંનું કશું જ નથી મળતું. એટલા માટે ભારતીય હદના એ અંતિમ સ્થાનેથી રસ્તા માટે તંબુ, રસોઈ બનાવવાનાં વાસણ, પાછા આવતાં સુધીનું સીધું, ખાંડ, ચા, દૂધના તૈયાર ડબા, ગ્યાસતેલ, મસાલા, ફાનસ, મીણબત્તી, બટાટા એવી બધી જરૂરી સામગ્રી સાથે લઈ લેવી પડે છે. યાત્રામાં સરળતા ખાતર તિબ્બતી ભાષા જાણનાર ગાઈડ કે ભોમિયો પણ ત્યાંથી જ સાથે લેવો પડે છે. નીતીઘાટ સિવાયના બીજા બે માર્ગોની યાત્રા માટે મળતાં ખચ્ચર, ઘોડા, મજૂર વગેરે વચ્ચેવચ્ચે બદલવાં પડે છે. કેમ કે તે પૂરી યાત્રા માટે સળંગ નથી મળતાં. તિબેટમાં મોટે ભાગે સામાન ઊંચકવા તથા સવારી માટે યાકનો ઉપયોગ કરવો પડે છે.

**જરૂરી સૂચનો :** કૈલાસયાત્રા મોટે ભાગે જૂનની મધ્યમાં કે આખરે શરૂ થાય છે. હવે તો અલ્મોડાથી મોટર દ્વારા સોમેશ્વર, ગરુડ, બાગેશ્વર તથા કપકોટ જવાય છે. કાઠગોદામથી તે ૧૩૮ માઈલ દૂર છે. કૈલાસયાત્રામાં દોઢથી બે મહિના લાગે છે, તથા ઠંડીનો પણ સારો એવો સામનો કરવો પડે છે. એ ઉપરાંત રસ્તામાં વરસાદ પડવાનો પણ સંભવ રહે છે. એટલે એનાથી બચવા માટેનાં સાધનો પણ સાથે રાખવાં પડે છે. પર્વતીય યાત્રામાં બીજી પણ અમુક વસ્તુઓ લેવી જ પડે છે. જેવી કે ગરમ કપડાં, સ્વેટર; માથાના રક્ષણ માટે મફલર કે ગરમ ટોપી, હાથપગનાં મોજાં, છત્રી, વરસાદી કોટ કે ટોપી, બરફ કે પથ્થર પર ચાલવા માટે રબરના જાડા તળિયાવાળા જોડા, લાકડી, વરસાદમાં ભીંજાય નહિ તેવું સામાન પર વીંટવા કામ લાગે તેવું મીણીયું, ઓઢવાના જાડા ગરમ કામળા, ઠંડીમાં ચામડી ફાટે ત્યારે લગાડવા માટે વેસેલીન, બેટરી, કામચલાઉ દવાઓ, સ્ટવ, શેતરંજી અથવા નાનાં આસન.

પર્વતની યાત્રા દરમિયાન પાણી પીવાની ઈચ્છા થાય ત્યારે ગમે ત્યાં ગમે તેવું પાણી પીવાથી નુકસાન થાય છે. દૂરથી વહી આવતાં પાણીનાં ઝરણાં પોતાની સાથે ભાતભાતની વનસ્પતિઓની અસરો તથા ગંદકીને લઈને આવતાં હોય છે. સ્વાસ્થ્ય માટે એમનું એવું પાણી ખૂબ જ હાનિકારક થઈ પડે છે. એટલે જે પાણી તદ્દન પાસેથી નીકળતું હોય તેનો જ ઉપયોગ કરવો અને એ પણ ગરમ કરીને કે ગાળીને, એ વાત યાત્રીઓએ ખાસ ધ્યાનમાં રાખવાની છે. ખાલી પેટે વધારે પાણી ના પિવાય તેનું પણ ધ્યાન રાખવું જોઈએ.

બરફના પ્રદેશમાં ચાલવાનું થાય ત્યારે શરીરના રક્ષણ માટે મોઢા પર તથા હાથે વેસેલીન લગાડવાથી ઘણી રાહત રહે છે. તે ઉપરાંત, સૂર્યોદય પછી તાપ પ્રખર થતાં બરફ નરમ થઈ જાય છે, એટલે સવારે બરફ પરથી પસાર થવાનું હોય ત્યારે જેટલો પણ વહેલો પ્રવાસ શરૂ કરી શકાય તેટલો વહેલો શરૂ કરવો વધુ સરળ ને સલામત રહે છે.

**લીપૂ માર્ગ :** ટનકપુરથી કૈલાસ જતો લીપૂ માર્ગ બીજા માર્ગો કરતાં ટૂંકો છે. એ માર્ગે યાત્રા કરનાર યાત્રીએ જૂનના પહેલા અઠવાડિયામાં ટનકપુર પહોંચી જવું પડે છે. વરસાદમાં એ માર્ગ વચ્ચે વચ્ચે બગડી જાય છે.

## લીપૂમાર્ગનું વર્ણન

| ક્રમ | સ્થળ | અગાઉના | સવલતો તથા અન્ય માહિતી |
|---|---|---|---|

| | | મુકામથી અંતર (માઈલ) | |
|---|---|---|---|
| ૧ | ટનકપુર | - | પ્રસ્થાન-સ્થળ |
| ૨ | પિથૌરાગઢ | ૯૫ | મોટર દ્વારા આવી શકાય છે. બજાર, ડાકબંગલો જેવી વ્યવસ્થા છે. |
| ૩ | કનાલીછાના | ૧૪ | ડાકબંગલો છે. આ સ્થળથી એક માઈલ દૂર સાત છે, જ્યારે બે માઈલ દૂર મલાન છે. |
| ૪ | આસ્કોટ | ૯ | ધર્મશાળા તથા ડાકબંગલો છે. આ સ્થળથી પાંચ માઈલ દૂર જૌલજેબી છે, જ્યાં કાલી તથા ગૌરી એ બે નદીઓનો સંગમ થાય છે. એ સંગમ પવિત્ર મનાય છે. ત્યાં નાનું બજાર પણ છે. |
| ૫ | બલવાકોટ | ૬.૫૦ | ડાકબંગલો છે. અહીંથી પાંચ માઈલ દૂર કાલકા છે. ધર્મશાળા ને ડાકબંગલો છે. અહીંથી મજૂર તથા સવારીનું પ્રાણી બદલી શકાય છે. |
| ૬ | ધારચૂલા | | અહીંથી પાંચ માઈલ દૂર કાલકા છે. ધર્મશાળા ને ડાકબંગલો છે. અહીંથી મજૂર તથા સવારીનું પ્રાણી બદલી શકાય છે. |
| ૭ | ખેલા | ૧૨ | - |
| ૮ | પાંગુ | ૭ | માર્ગમાં ત્રણેક માઈલનું ચઢાણ છે. ધર્મશાળા છે. આ સ્થળથી ત્રણ માઈલ દૂર નારાયણસ્વામીનો આશ્રમ છે, જ્યાંથી કૈલાસ જતા યાત્રીઓને માર્ગદર્શન મળી રહે છે. અહીંથી બે માઈલ દૂર સિરધંગ છે. |
| ૯ | સિરખા | ૧ | ધર્મશાળા છે. |
| ૧૦ | જુપતી | ૯ | - |
| ૧૧ | માલખા | ૮ | ધર્મશાળા છે. |
| ૧૨ | બુડ્ડી | ૮ | - |
| ૧૩ | ગરબ્યાંગ | ૫ | અહીં ભારતીય હદ પૂરી થાય છે. ધર્મશાળા, ડાકબંગલો ને બજાર છે. અહીંથી આગળની યાત્રા માટેની સામગ્રી લઈ લેવી પડે છે. અહીં માર્ગની છેલ્લી પોસ્ટઑફિસ છે. |
| ૧૪ | કાલાપાની | ૧૨ | ધર્મશાળા છે. |
| ૧૫ | સંગચુમ | ૬ | બરફથી ઘેરાયેલું સુંદર મેદાન છે. |
| ૧૬ | લીપૂધાટી | ૩ | બરફ પરનું દુષ્કર ચઢાણ છે. |
| ૧૭ | પાલા | ૫ | એકદમ ઉતરાણ કરવું પડે છે. ત્યાં મેદાન અને ધર્મશાળા છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | તકલાકોટ | ૫ | અહીં તિબેટનું પહેલું બજાર છે. અહીંથી સવારી બદલવી પડે છે. આ સ્થળથી પંદર માઈલ દૂર કોચરનાથતીર્થમાં રામ, લક્ષ્મણ અને સીતાની સુંદર મૂર્તિઓ છે. એના દર્શને, ઘોડેસવારી દ્વારા જઈને સાંજ સુધીમાં પાછા આવી શકાય છે. |
| ૧૯ | માંચા | ૧૨ | - |
| ૨૦ | રાક્ષસતાલ | ૧૨ | આ જગ્યાએ મેદાન છે. |
| ૨૧ | ગુસુલ | ૬ | માનસરોવરના તટ પર આવેલું છે. |
| ૨૨ | જયુગુમ્ફા | ૮ | માનસરોવરના તટ પર આવેલું છે. |
| ૨૩ | બરખા | ૧૦ | નાનકડું ગામ છે. |
| ૨૪ | બાંગટ્ટ | ૪ | અહીં મેદાન અને નાનું બજાર છે. |
| ૨૫ | દરચિન | ૪ | અહીં પણ મેદાન અને બજાર છે. સવારી બદલવી પડે છે. આ સ્થળેથી જ કૈલાસની પરિક્રમા શરૂ થાય છે. |

### કૈલાસ પરિક્રમાનું વર્ણન

દર્શાવેલા ક્રમ પ્રમાણે : (૧) દરચિનથી લંડીફૂ (નંદી ગુફા) : ૪ માઈલ (૨) ડેરફૂ : ૮ માઈલ. ત્યાંથી ૧ માઈલ આગળ જતાં સિંધુ નદીનો જ્યાં ઊગમ થાય છે તે સ્થાન આવે છે. (૩) ગૌરીકુંડ : ૩ માઈલ. સખત ચઢાણ છે. એ સ્થળ સમુદ્રસપાટીથી ૧૯,૦૦૦ ફૂટ ઊંચું હોઈ બરફથી છવાયેલું છે. (૪) જંડલફૂ : ૧૧ માઈલ. એમાં બે માઈલનું આકરું ઉતરાણ છે. (૫) દરચિન : ૬ માઈલ

**બીજો માર્ગ :** બદરીનાથ બાજુથી કૈલાસ જવા માટે નીતિઘાટીનો માર્ગ ટૂંકો છે. જોકે જોશીમઠથી આગળનો માર્ગ જરા વધારે કપરો છે. એ માર્ગે જનાર યાત્રીને હરિદ્વાર, હૃષીકેશ, બદરીનાથ તથા કેદારનાથ જેવાં તીર્થોની યાત્રાનો લાભ મળી રહે છે. એ માર્ગની યાત્રા જૂનના છેલ્લા અઠવાડિયામાં શરૂ થાય છે. એ માર્ગનું ક્રમાનુસાર સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે :

હૃષીકેશથી મોટર મારફત ૧૪૫ માઈલ જોશીમઠ, ત્યાંથી તપોવન ૬ માઈલ, ત્યાંથી સુરાઈ ઠોટા ૭ માઈલ, જુમ્બા ૧૧ માઈલ, મલારી ૬ માઈલ, લાંબા ૭ માઈલ, ત્યાંથી નીતીઘાટી ૩ માઈલ. એ ભારતની સીમાનું છેલ્લું ગામ છે, કે જ્યાંથી જરૂરી વસ્તુઓ લઈ લેવી પડે છે. નીતીઘાટીથી હોતીઘાટી ૫ માઈલ. ભારે ચઢાણ-ઉતરાણ. બરફમાંથી પસાર થવું પડે છે. ત્યાંથી હોતી ૬ માઈલ. ત્યાં ચીની સૈનિકોની ચોકી છે. હોતીથી એક માર્ગ શિવચુલમ-ખિંગલુંગ થઈને તીર્થપુરી જાય છે, ને બીજો માર્ગ નીચે પ્રમાણે આગળ વધે છે : જયૂતાલ ૧૧ માઈલ, જયૂંગલ ૧૧ માઈલ, ત્યાંથી અલંગતારા ૧૧ માઈલ, ગોજીમરૂ ૯ માઈલ, દેંગો ૧૧ માઈલ. ત્યાં સવારી બદલાય છે. ત્યાંથી ગુરુજ્ઞામ ૧૦ માઈલ અને તીર્થપુરી લગભગ ૬ માઈલ. ત્યાં બૌદ્ધમંદિર ને ગરમ પાણીનું ઝરણું છે. ત્યાંથી શિલચક્ર ૨૦ માઈલ, લંડીફૂ ૨૦ માઈલ, ડેરફૂ ૮ માઈલ, ગૌરીકુંડ ૩ માઈલ, જંડલફૂ ૧૧ માઈલ, બાંગટ્ટ ૮ માઈલ, ને જયૂગુંફા (માનસરોવર-તટ) ૧૨ માઈલ છે. ત્યાંથી બરખા ગામ ૧૨ માઈલ, ને જ્ઞાનિમા મંડી કે ડંચૂ ૨૨ માઈલ છે. ત્યાં સવારી બદલાય છે.

**ત્રીજોમાર્ગ :** ત્રીજો માર્ગ ક્રમશઃ આ પ્રમાણે છે : કાઠગોદામથી અલ્મોડા થઈને મોટરમાં કપકોટ ૧૩૮ માઈલ, ત્યાંથી માની ૩ માઈલ, દેવીબગડ ૪ માઈલ, શામા ૫ માઈલ, રમારી ૨ માઈલ, તેજમ ૩ માઈલ, કુઈટી ૩ માઈલ, ગિરગાંવ ૫ માઈલ, સ્થપાની ૨ માઈલ, કાલુમુનિ ૨ માઈલ, તિકસેન ૪ માઈલ (ત્યાં સવારી બદલાય છે), રાંતી ૨ માઈલ (ડાકબંગલો છે), બોગડયાર ૧૦ માઈલ (ડાકબંગલો છે), રીલકોટ ૭ માઈલ (ધર્મશાળા છે ત્યાંથી ૧૯ માઈલ દૂર નંદાદેવી પર્વત આવેલો છે, જેને જોઈને યાત્રીઓ તે જ દિવસે પાછા આવી શકે છે), મિલમ ૯ માઈલ (ધર્મશાળા છે. ભારતની સીમાનું એ છેલ્લું મુકામ-સ્થળ છે. ત્યાં બજાર તથા પોસ્ટઑફિસ છે. ત્યાંથી મજૂર તથા સવારી બદલાય છે), ત્યાંથી પુંગ ૯ માઈલ (ધર્મશાળા છે), ત્યાંથી છિરચુન ૨૦ માઈલ છે. એ માર્ગે સમુદ્રસપાટીથી આશરે ૧૮,૦૦૦ ફૂટ ઊંચે આવેલી ઊટા, જયંતી તથા કુંગરીબિંગરી નામની, બરફની ત્રણ પર્વતમાળાઓ પસાર કરવી પડે છે. ચઢાણ-ઊતરાણ કપરું છે. ત્યાંથી ઠાજાંગ ૧૦ માઈલ, માનીથંગા ૭ માઈલ, ખિગલુંગ ૨૪ માઈલ (બારેક માઈલ સુધી પાણી નથી મળતું. ત્યાં બૌદ્ધ મંદિર તથા ગંધયુક્ત ગરમ પાણીનું સુંદર ઝરણું છે), ત્યાંથી ગુરુચ્યાંગ ૧૦ માઈલ, ને ત્યાંથી તીર્થપુરી ૬ માઈલ છે. તીર્થપુરીથી આગળનો માર્ગ નીતીઘાટવાળા માર્ગ પ્રમાણે છે.

કૈલાસયાત્રા વૃદ્ધોને માટે કપરી છે જ, પરંતુ જેમનું શરીર ઘણું ભારે હોય, અથવા જે હૃદયરોગ, સંગ્રહણીરોગ અથવા શ્વાસરોગથી પીડાતા હોય તેમને માટે તો તે અશક્ય જેવી છે. બાળકોને માટે પણ વર્જ્ય જ છે.

**તિબેટના રિવાજો :** તિબેટમાં લામાઓની સંખ્યા ઘણી છે. જોકે ચીનના મોટા ભાગના લામાઓ તો ભારતમાં આવી ગયાં છે. પ્રત્યેક કુટુંબમાંથી એકથી વધારે ભાઈ સાધુ બનતા, ને તે 'લામા' કહેવાતા. એમને રહેવાના મઠો પણ ઘણા હતા, જ્યાં એમને તાલીમ મળતી. મોટા ભાગના લામાઓ મંત્ર-જપ તથા જાદુવિદ્યામાં વધારે રસ લેતા. તિબેટના પલટાયેલા રાજકારણે એમના જીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે.

તિબેટમાં કેટલાંક અવનવા રિવાજો છે. એક રિવાજ એવો પણ છે કે, ત્યાંના લોકો લાકડાના પાત્રમાં દૂધ વગરની, મીઠાવાળી ચા પીએ છે. આપણને ચા પાય ત્યારે જો આપણે તે પાત્ર ખાલી કરી દઈએ તો તેમાં ફરીવાર ચા રેડે છે. એવી રીતે જ્યાં સુધી આપણે તે પાત્રને ખાલી કરતા જઈએ ત્યાં સુધી તે તેને ચાથી ભર્યા જ કરે છે. એવું થાય છે ત્યારે આપણી મુંઝવણનો પાર નથી રહેતો. એ પરિસ્થિતિમાંથી કેવી રીતે રસ્તો કાઢવો એ આપણને નથી સમજાતું. ત્યાંની પ્રથા એવી છે કે, ચા પીધા પછી પાત્રમાં જો થોડીક ચા રાખી મૂકવામાં આવે તો જ પીનારને પૂરો સંતોષ થયો છે અને તેને હવે વધારે ચાની જરૂર નથી એવું સમજવામાં આવે છે. એટલે ચા પીનારે એ હકીકત યાદ રાખીને, ચાની જરૂર ના હોય ત્યારે પાત્રમાં થોડીક ચા છોડી દેવી પડે છે. નહિ તો, એમની ભાષા આપણે ના સમજીએ અને આપણી ભાષા એ ના સમજે, એટલે એક પ્રકારનો મીઠો ગજગ્રાહ શરૂ થાય છે.

**માનસરોવરનું દર્શન :** હિમાલયને પાર કરીને તિબેટના પ્રદેશમાં માઈલોની મુસીબતભરી મુસાફરી કર્યા પછી યાત્રીને માનસરોવરનું દર્શન થાય છે, ત્યારે અનેરો આનંદ થાય છે. માનસરોવર અને રાક્ષસતાલ બંને સરોવરો પાસપાસે છે. બંને સરોવરો પર્વતોથી ઘેરાયેલાં છે. બંનેની વચ્ચેનો પર્વતીય પ્રદેશ એ બંનેને જુદાં પાડે છે. રાક્ષસતાલનો વિસ્તાર વધારે છે. એના વિશે કહેવાય છે કે, રાક્ષસરાજ રાવણે ત્યાં કરેલી શંકર

ભગવાનની તપશ્ચર્યાને લીધે એનું નામ રાક્ષસતાલ પડ્યું છે. એવા ઠંડા સ્થાનમાં લાંબા સમય સુધી રહીને તપશ્ચર્યા કરવા માટે કેટલું મજબૂત મનોબળ ને સુદૃઢ શરીરબળ જોઈએ તે સહેજે સમજી શકાય તેમ છે. માનસરોવર અત્યંત સ્વચ્છ અને ગોળાકાર છે. તેમાં હંસપક્ષી રહે છે. એ રાજહંસ તથા સામાન્ય હંસ એમ બંને પ્રકારના જોવા મળે છે. સામાન્ય હંસ બદામી રંગના તથા થોડાક આછા સફેદ રંગના હોય છે. તેઓ અત્યંત ઊંચે ઊડી શકે છે.

માનસરોવરમાં કમળ તો નથી જ થતાં, બલકે મોતી પણ થાય છે કે કેમ એ પણ શંકાસ્પદ છે. એને શોધી કાઢવાનું કામ સંશોધકોનું છે. સામાન્ય યાત્રીઓ તો ઉપરઉપરથી જોઈને જ નિર્ણય બાંધવાના અથવા અભિપ્રાય આપવાના. માનસરોવરમાંથી કોઈ બીજી નાનીમોટી નદી નથી નીકળતી. કેટલાક વિદ્વાન સંશોધકોનું કહેવું છે કે, સરયૂ ને બ્રહ્મપુત્રા જેવી કેટલીક નદીઓ એમાંથી જ નીકળે છે. તે ઉપરઉપરથી જોતાં તો નીકળતી નથી દેખાતી, પરંતુ માનસરોવરનું પાણી જમીનની ભીતરમાં જ માઈલો સુધી વહીને છેવટે એ નદીના રૂપમાં પરિવર્તન પામે છે, એ ખરું છે. માનસરોવરના શીતળ જળમાં ભાવિકો સ્નાન કરે છે. ત્યાંની ભયંકર ઠંડીમાં કોઈ વૃક્ષ, ફૂલ કે છોડ થવાનો સંભવ જ નથી. કિનારા પર રંગબેરંગી પથ્થર દેખાય છે. કોઈ કોઈ યાત્રી તથા યોગીઓએ, એના પટ પરનાં અદૃશ્ય અલૌકિક આશ્રયસ્થાનોમાંથી વેદના ધ્વનિ સંભળાયાનું કે એવા જ કોઈ બીજા ગેબી અવાજો કાને અથડાયાનું રોચક વર્ણન કરેલું છે. ખરું જોતાં તો, આ આખોય પ્રદેશ અલૌકિક હોવાથી એમાં અનેક જાતના અવનવા અનુભવો થવાનું અશક્ય નથી જ. બાકી, કોને કેવી જાતના અનુભવો કેટલા પ્રમાણમાં થયા તે અલગ પ્રશ્ન છે.

**કૈલાસ દર્શન :** માનસરોવરથી કૈલાસ લગભગ ૨૦ માઈલ દૂર છે, પરંતુ એનું દર્શન માનસરોવર પહોંચ્યા પહેલાં જ યાત્રામાર્ગ દરમિયાન થઈ જાય છે. કુંગરીબિંગરીના પર્વત પરથી, જો આકાશ સ્વચ્છ હોય તો, એનું દર્શન સહેલાઈથી થઈ જાય છે. કૈલાસની ઝાંખી કરતાંવેંત આપણું અંતર ભગવાન શંકર પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને બોલી ઊઠે છે :

चन्द्रोदभासितशेखरे स्मरहरे गंगाधरे शंकरे
सर्पैर्भूषितकण्ठकर्णविवरे नेत्रोत्थवैश्वानरे ।
दन्तित्वकृतसुन्दराम्बधरे त्रैलोक्यसारे हरे
मोक्षार्थं कुरु चित्तवृत्तिमखिलामन्यस्तुस किं कर्मभिः ॥

"જેમના મસ્તક પર ચંદ્ર છે, જે કામદેવનો નાશ કરનારા, ગંગાને ઝીલનારા તથા કલ્યાણકારક છે, જેમના કંઠ ને કર્ણ સર્પથી શણગારેલા છે, જેમનાં નેત્ર પ્રદીપ્ત પાવક જેવાં છે, જેમણે હાથીનું ચામડું પહેર્યું છે, જે ત્રિલોકના સારરૂપ છે, ને જે દુઃખ તેમ જ બંધનનો નાશ કરનારા છે એવા શંકરમાં તું મોક્ષ મેળવવાની ઈચ્છાથી તારી બધી જ ચિત્તવૃત્તિને જોડી દે. બીજાં કર્મોથી શું વળવાનું છે ?"

કૈલાસ પર્વતની આકૃતિ સુંદર, વિશાળ શિવલિંગ જેવી છે. આજુબાજુ નાનાંનાનાં પર્વતશિખરો છે, ને એમની વચ્ચે કૈલાસનું શિખર આવેલું છે. એ શિખર બીજાં બધાં શિખરોથી ઊંચું છે. એ સફેદ દૂધ જેવા બરફથી ઢંકાયેલું છે. એની આજુબાજુનાં બીજાં પર્વતશિખરો કાચા પથ્થરનાં હોવાથી કાળક્રમે તૂટતાં જાય છે. કૈલાસનું શિખર જાણે કે મંદિર જેવું લાગે છે; અને એના મૂળ દેવતા ભગવાન શકંર શરીરે ભસ્મ લગાડીને

કરુણામૂર્તિ બનીને જાણે કે ત્યાં ઊભા રહ્યા છે. કૈલાસની ત્રણ દિવસમાં પૂરી થનારી પરિક્રમા લગભગ ૩૦ થી ૩૨ માઈલની છે. કૈલાસની ઊંચાઈ સમુદ્રસપાટીથી લગભગ ૧૯,૦૦૦ ફૂટ છે.

**આદિબરી :** તિબેટમાંના ધુલિંગમઠ સ્થાનને આદિબદરી પણ કહેવામાં આવે છે. તે સ્થાન સુંદર છે. કહે છે કે, બદરીનાથની મૂર્તિ પહેલાં ત્યાં હતી, જેને શંકરાચાર્યે ત્યાંથી લઈને બદરીનાથમાં સ્થાપેલી. ગમે તેમ પણ, તિબેટના એ પર્વતીય પ્રદેશનો પ્રવાસ ખેડીને અને કૈલાસ માનસરોવરનાં અલૌકિક સ્થળોની ઝાંખી કરીને હૃદય ગદ્દગદ્દ ને ભાવવિભોર બની જાય છે; ને જીવન જાણે કે સફળ થાય છે. માણસ જો વિવેકી હોય તો તેનું જીવન કે માનસ એકદમ ફરી જાય છે. તેનું હૃદય શંકરપરાયણ બનીને મહર્ષિ વાલ્મીકિજીના રામાયણની પેલી પ્રખ્યાત પંક્તિઓમાં બોલવા માંડે છે :

नमामीशमीशान निर्वाणरूपं विभुं व्यापकं ब्रह्म वेदस्वरूपम् ।
निजं निर्गुणं निर्विकल्पं निरीहं चिदाकाशमाकाशवासं भजेऽहम् ॥
निराकारमोङ्कारमूलं तूरीयं गिराज्ञानगोतीतमीशं गिरीशम् ।
करालं महाकालकालं कृपालं गुणागारसंसारपारं नतोऽहम् ॥

કૈલાસ માનસરોવરની તે લાંબી, કષ્ટયુક્ત છતાં અત્યંત આનંદદાયક યાત્રા જીવનની એક યાદગાર યાત્રા છે. એના ઉપસંહારમાં, આપણે શંકર ભગવાનની કૃપાયાચના કરતાં પ્રેમપૂર્વક પ્રાર્થીશું :

સુહાયે મસ્તકે ગંગા, વળી મધુ ચંદ્ર માણે છે,
શરીરે પુષ્પની માળા સમા સર્પે સુહાયે છે,
પરમ શોભા બની જેની, લજાયે કામ જ્યાં લાખો;
નમું એવા સદાશિવને, હૃદયમાં રૂપને રાખો.

મહાકૈલાસના વાસી, વળી આત્મા તણા રાગી,
ભર્યા કરુણા થકી ત્યાગી છતાંયે ખૂબ વરણાગી,
ઘણાયે સિદ્ધ ને યોગીન્દ્ર જેને પૂજતાં લાખો;
નમું એવા સદાશિવને ચરણ માંહે મને રાખો.

તમે ના હોત તો ગંગા મળત ના મર્ત્ય આ જગને,
તમે ઝીલી શક્યા તેને જટામાં દિવ્યશક્તિએ,
લભી તે દિવસથી ગંગા કરે છે પુણ્યમય લાખો;
નમું એવા સદાશિવને, હૃદયમાં રૂપને રાખો.

કરી મજ્જન અને જલપાન લોકો પુણ્ય મેળવતાં,
બને ઐશ્વર્યશાળી ને સુખી ને વૈભવી બનતાં,
બને છે દૂત યમના તેમની પાસે ખરે માખો;
નમું એવા સદાશિવને ચરણ માંહે મને રાખો.

જગતને રક્ષવા માટે હસીને નીલકંઠ થયા,
અનંગ કર્યો રતિસ્વામી, ઉમાની સાથે તોયે રહ્યા,
ચરણ એ દેવ મારા મસ્તકે મધુરા સદા રાખો;
નમું એવા સદાશિવને, હૃદયમાં રૂપને રાખો.

અમારી જિંદગીમાં હો કૃપા એ એક આશા છે,
ઉમાશંકર તમારા દૃષ્ટિસુખની ફક્ત આશા છે,
સુણી પોકાર મારો આવજો પ્રેમે કરી પાંખો;
નમું એવા સદાશિવને ચરણ માંહે મને રાખો.

☼ ☼ ☼ ☼

**(સમાપ્ત)**

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*